ચાલો ગુજરાતના પ્રવાસે

પ્રવીણ શાહ









VISIT…

LANZAROTE

Caliente.COM

ચાલો ગુજરા

પ્રવીણ



અર્પણ

મીનાક્ષી,
વિરેન

અને

મિલન ને

પ્રસ્તાવના

ફરવાનું અને જુદાં જુદાં સ્થળો જોવાનું કોને ના ગમે? ભગવાને આ પૃથ્વી એટલી વિશાળ બનાવી છે, અને એના પર એટલી બધી વિવિધતા ઉભી કરી છે કે ના પૂછો વાત ! વળી, પૃથ્વી પર, માણસોએ કરેલુ સર્જન પણ એટલું જ અદભૂત છે. આ બધું જોવા માણવા માટે આખી જિંદગી પણ ઓછી પડે. ઘણા પ્રવાસશોખીનો તક શોધીને દુનિયાનાં જોવાલાયક સ્થળોએ ફરતા જ રહે છે અને પોતાના શોખને પોષતા રહે છે. આપણા ગુજરાતી લોકો તો ફરવાના જબરા શોખીન છે. તેઓ તક મળતાં જ ફરવા નીકળી પડે છે અને નવી નવી જગ્યાઓએ પહોંચી જાય છે.

આપણા ગુજરાત રાજ્યની વાત કરીએ તો, ગુજરાતમાં ફરવા લાયક ઘણી જગાઓ છે. નદીઓ, ધોધ, મંદિરો, જંગલો, બંધ, મહેલો અને અન્ય બાંધકામો – એમ ઘણું બધું અહીં છે. ગુજરાતનો ડાંગ જીલ્લો એ અનોખું સૌન્દર્ય ધરાવતો પ્રદેશ છે. પણ બહુ ઓછા લોકોને એની જાણ છે. ટ્રાવેલર્સ કંપનીઓ ડાંગમાં ફરવાની ટુરો ગોઠવાતી નથી. આથી બહુ ઓછા લોકો અહીં ફરવા આવે છે. પણ જાતે બાઈક કે ગાડી ચલાવીને અહીં ફરો તો તેનો આનંદ અદભૂત છે. અહીં હિમાલય જેવી ખળ ખળ વહેતી નદીઓ છે, ડુંગરાઓ છે, જંગલો વચ્ચે વાંકાચૂકા, ઉંચાનીચા રસ્તા છે, ધોધ તો પુષ્કળ છે, ચેકડેમ છે, ઝૂંપડાં બાંધીને રહેતા ગ્રામ્ય લોકો છે, સરકારે ઉભી કરેલી કેમ્પ સાઈટો છે, અહીં કોઈ મોટાં બાંધકામ નથી, ટ્રાફિક નથી અને પ્રદૂષણ નથી, આવા પ્રદેશમાં ફરવાની કેટલી બધી મજા આવે ! વળી, ગુજરાતમાં મોટાં જાણીતાં ધાર્મિક સ્થળો પણ ઘણાં જ છે. થોડાં નામ ગણાવું? સોમનાથ જ્યોતિર્લીંગ, અંબાજી, દ્વારકાધીશ, ડાકોરમાં રણછોડજી, વડતાલ અને પોઈચાનાં સ્વામીનારાયણ મંદિરો, પાલીતાણાનાં જૈન તીર્થો, માતાનો મઢ, બહુચરાજી, સાળંગપુરના હનુમાન, ઉંઝાનાં ઉમિયામાતા વગેરે. આ બધું જ ગુજરાતમાં છે. ગુજરાતમાં ઘરઆંગણે ફરવા જેવું ઘણું છે.

આ પુસ્તકમાં ગુજરાત રાજ્યનાં જોવા જેવાં બધાં સ્થળોની માહિતી આપી છે. દરેક સ્થળે શું જોવા જેવું છે, તે સ્થળ ક્યાં આવેલું છે, તે જગાએ ક્યાંથી, કેવી રીતે જવાય, જરૂર હોય ત્યાં તે સ્થળની ઐતિહાસિક માહિતી વગેરે વિગતો ટૂંકમાં રસદાયક રીતે આલેખી છે. મોટા ભાગનાં સ્થળોની તસ્વીરો પણ મૂકી છે. વાંચકને વાંચવાની ઇંતેજારી રહે, અને તે સ્થળે ફરવા ઉપડી જવાનું મન થઇ જાય, એવી રજૂઆત કરવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રકરણો જીલ્લાવાર લખ્યાં છે. ગુજરાતમાં કુલ ૩૩ જીલ્લા છે. દરેક જીલ્લામાં આવેલાં જોવાલાયક સ્થળો વિષે જાણકારી આપી છે. નજીક નજીકના બે જીલ્લા નાના હોય તો તેઓને એક જ પ્રકરણમાં ભેગા લઇ લીધા છે. વળી, અમદાવાદ, વડોદરા જેવાં મોટાં શહેરો માટે અલગ પ્રકરણો ફાળવ્યાં છે. કચ્છ જીલ્લો ગુજરાતનો સૌથી મોટો જીલ્લો છે, તેમાં આવેલી જોવાલાયક જગાઓનું લીસ્ટ પણ ઘણું મોટું છે, એટલે કચ્છ જીલ્લા માટે બે

પ્રકરણો ફાળવ્યાં છે. પ્રકરણોનો ક્રમ, જોડે આવતા જીલ્લાઓ એક પછી એક આવે એવો રાખ્યો છે. પુસ્તકની શરૂઆતમાં ગુજરાતના જીલ્લાઓ દર્શાવતો નકશો પણ મૂક્યો છે.

ગુજરાતમાં પ્રવાસને લગતાં લખાયેલાં પુસ્તકોની સરખામણીએ કંઇક વધુ અને નવું આપવાનો પ્રયત્ન આ પુસ્તકમાં કર્યો છે. મોટા ભાગનાં સ્થળોએ હું જાતે ફર્યો છું, અને નજરે જોઇને માહિતી એકત્ર કરી છે. આશા છે કે વાંચકોને ગુજરાતમાં ફરવા માટે આ માહિતી ગમશે. હજુ કોઈ જાણીતું-અજાણ્યું સ્થળ આ પુસ્તકમાં લેવાનું રહી ગયું હોય તો ધ્યાન દોરવા વિનંતિ છે. કોઈ માહિતીદોષ દેખાય તો પણ આપનો પ્રતિભાવ આપશો.

આ પુસ્તક લખવાની પ્રેરણા આપનાર મારી પત્ની મીનાક્ષી, મારા પુત્રો વિરેન અને મિલન તથા મારા પ્રવાસના શોખના સેંકડો ચાહકોનો હું આ પ્રસંગે આભાર માનું છું. જેઓ મારી સાથે સાથે ફર્યા છે, એવા બધાને આ પુસ્તક લખતી વખતે યાદ કર્યા છે. તેઓનો પણ આભારી છું. પુસ્તકમાં મૂકેલી ઘણી તસ્વીરો મેં ગુગલ તથા અન્ય જગાએથી લીધી છે, તસ્વીરો પૂરી પાડનાર એ બધાનો આભાર માંનું છું. પુસ્તક પ્રસિદ્ધ કરવા બદલ એમેઝોનની વેબસાઈટને તો ભૂલાય જ કેમ? પ્રત્યક્ષ-પરોક્ષ રીતે સહકાર આપનાર સર્વેનો હું ઋણી છું.

અમદાવાદ **પ્રવીણ શાહ**

૨૯ માર્ચ, ૨૦૧૭.

અનુક્રમણિકા



Kutch Desert
Banas Kantha
GJ-8
Patan
GJ-24
Mahesana
GJ-2
Sabar Kantha
GJ-9
Arvalli
GJ-18
Gandhinagar
GJ-35
Mahisagar
Kutch
GJ-12 & GJ-31
Surendra Nagar
GJ-13
GJ-36
Morbi
Ahmedabad
GJ-1 & GJ-27
Kheda
GJ-7
Panch Mahal
GJ-17
Dahod
GJ-20
GJ-23
Anand
GJ-6 & GJ-29
Vadodara
GJ-33
Chhota Udepur
Devbhumi Dwarka
GJ-34
Jamnagar
GJ-10
Rajkot
GJ-3
Botad
Porbandar
GJ-25
Bharuch
GJ-16
Narmada
GJ-22
Junagadh
GJ-11
Amreli
GJ-14
Bhavnagar
GJ-4
Gir Somnath
Surat
GJ-26
Tapi
GJ-21
Navsari
Dang
GJ-30
Valsad
ગુજરાત નો
નવો નકશો દરેક જીલ્લા ના
R.T.O. નંબર સાથે

૧. આપણું અમદાવાદ

ગુજરાતને જોવામાણવાની શરૂઆત આપણે અમદાવાદ શહેરથી કરીએ. અમદાવાદની સ્થાપના સુલતાન અહમદશાહે ઈ.સ. ૧૫૧૧માં કરી હતી. તેણે સૌ પ્રથમ ભદ્રનો કિલ્લો બાંધ્યો. તેના પૌત્ર મહમદ બેગડાએ અમદાવાદ ફરતે ૧૦ કી.મી. લાંબી અને ૧૨ દરવાજા ધરાવતી દિવાલ પૂરી કરી. આમાંના મોટા ભાગના દરવાજા હાલ મોજૂદ છે. અમદાવાદે પેશવા અને અંગ્રેજોનો જમાનો જોયો છે. ગાંધીજીએ ઉપાડેલી સ્વતંત્રતાની ચળવળનું મુખ્ય કેન્દ્ર અમદાવાદ જ હતું. અમદાવાદ એક જમાનામાં સુતરાઉ કાપડની મીલોથી ધમધમતું હતું. સમયના વહેણ સાથે અમદાવાદમાં ઘણું પરિવર્તન આવી ગયું છે. ચાલો, જોઈએ આજના અમદાવાદની જોવા જેવી જગાઓની એક ઝલક.

ગાંધી આશ્રમ: મહાત્મા ગાંધીજીએ ૧૯૧૭ની સાલમાં વાડજમાં સાબરમતી નદીના કિનારે આ આશ્રમની સ્થાપના કરી હતી અને તેનું નામ હૃદયકુંજ રાખેલું. આ એક સાદું મકાન જ હતું. ગાંધીજીએ ૧૯૩૦માં દાંડીકૂચની યાત્રા અહીંથી શરુ કરી હતી. આજે આ આશ્રમ એક રાષ્ટ્રીય સ્મારક છે. દેશવિદેશના અનેક લોકો આ આશ્રમની મુલાકાતે આવે છે અને ગાંધીજીની રહેણીકરણીથી પ્રભાવિત થાય છે. ગાંધીજીનાં ચશ્માં, લાકડી, થાળીવાટકી, રેંટીયો તથા તેમના વપરાશની ઘણી ચીજો અહીં પ્રદર્શનમાં મૂકેલી છે. લાયબ્રેરી પણ છે. રોજ સાંજે લાઈટ અને સાઉન્ડ શો યોજાય છે.



ગાંધી આશ્રમ



ભદ્રનો કિલ્લો

ભદ્રનો કિલ્લો: સુલતાન અહમદશાહે બાંધ્યો હતો. અંદર રાજમહેલ અને બીજાં મકાનો પણ બંધાવેલાં. કિલ્લો શહેરના રક્ષણ માટે બાંધ્યો હતો. અહીં ભદ્રકાળી માતાનું મંદિર છે, એના પરથી આ કિલ્લાનું નામ ભદ્રનો કિલ્લો પડ્યું છે. કિલ્લા પરનું ટાવર ઘડિયાળ, અંગ્રેજોએ ૧૮૫૯માં લંડનથી મંગાવીને ગોઠવ્યું હતું. કિલ્લાથી સહેજ આગળ પ્રખ્યાત ત્રણ દરવાજા છે. અહમદશાહના જમાનામાં રોયલ (મૈદાની) ચોકનું તે પ્રવેશદ્વાર હતું. આ દરવાજા સ્થાપત્યનો એક સુંદર નમૂનો છે.

કાંકરિયા તળાવ: અમદાવાદમાં ફરવા માટે આ એક સરસ જગા છે. આ તળાવ સુલતાન કુતુબદ્દિને ૧૫૪૧માં બંધાવેલું અને તેનું નામ હોજ-એ-કુત્બ રાખેલું. રાજકુટુંબના સભ્યોને નહાવા માટે તે બાંધેલું. આજે આ તળાવની ફરતેનો રસ્તો જાહેર વાહનો માટે બંધ કરેલો છે. અંદર ચાલતા ફરવાની મજા આવે એવું છે. લોકો તળાવને કિનારે બેસી આનંદ માણે છે. તળાવમાં બોટીંગની વ્યવસ્થા છે. કિનારે ટોય ટ્રેન આખા તળાવનું ચક્કર મરાવે છે, નાનામોટા બધા આ ટ્રેનમાં બેસી ખુશ થઇ જાય છે. અહીં તીથર્ડ બલુન તમને આશરે ૫૦૦ ફૂટ જેટલું ઉંચે લઇ જાય છે, તેમાંથી નીચેનાં દ્રશ્યો જોવાની બહુ મજા આવે છે. આ બધું જોઇને એવું લાગે કે કાંકરિયા તળાવ એટલે મનોરંજન નગરી. તળાવને કિનારે પ્રાણી સંગ્રહસ્થાન છે. એમાં વાઘ, સિંહ, હિપોપોટેમસ વગેરે પ્રાણીઓ અને ઘણી જાતનાં પક્ષીઓ જોવા મળે છે. એની સામે બાલવાટિકા એ બાળકો માટે આનંદપ્રમોદનું સ્થળ છે. ઘોડેસવારી, અરીસાઓ, પ્લેનેટોરીયમ – આ બધું જોઇને બાળકો ખુશ ખુશ થઇ જાય છે. રાત્રે તળાવની ચારે બાજુ થતી રંગબેરંગી લાઈટોથી તળાવ ઝળહળી ઉઠે છે. તળાવની વચ્ચેના નાના બેટ પર એક સરસ બાંધકામ છે, તે નગીનાવાડી કહેવાય છે. ત્યાં બગીચો, માછલીઘર અને સંગીતમય ફુવારા છે. કાંકરિયા પર ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં કાંકરિયા કાર્નીવલ ઉજવાય છે, તેમાં ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિની ઝાંખી જોવા મળે છે.



કાંકરિયા તળાવ



રીવર ફ્રન્ટ

રીવરફ્રન્ટ: રીવરફ્રન્ટ એ કાંકરિયા તળાવ જેવું જ આકર્ષક સ્થળ છે. શહેરની વચ્ચેથી પસાર થતી સાબરમતી નદીના બંને કિનારે પાંચેક કિલોમીટરના અંતરમાં સરસ રસ્તા, બગીચા અને લાઈટોની વ્યવસ્થા ઉભી કરી છે. એને જ રીવરફ્રન્ટ કહે છે. નદીમાં આગળ બંધ બાંધીને નદીમાં પાણી ભરેલું રાખ્યું છે. આથી જાણે કે સરોવરને કિનારે ફરવા નીકળ્યા હોઈએ એવો માહોલ લાગે છે. અહીં પણ બોટીંગ અને વોટર સ્પોર્ટ્સની સગવડ છે.

ઇસ્કોન મંદિર: ભારતનાં ઘણાં શહેરોની જેમ, અમદાવાદમાં પણ ઇસ્કોન મંદિર છે. મંદિરમાં રાધાકૃષ્ણની ભવ્ય મૂર્તિ છે. રોજ હજારો લોકો અહીં દર્શને આવે છે. હોલની કલાત્મક રચના જોવાની ગમે એવી છે.

હોલમાં ભવ્ય ઝુમ્મરો છે. ચોખ્ખાઈ તો ખૂબ જ છે. શાંતિ અને ધ્યાન ધરવા માટે આ સરસ જગા છે. જન્માષ્ટમી અને અન્ય ઉત્સવો અહીં ધામધૂમથી ઉજવાય છે.




ઇસ્કોન મંદિર જુમા મસ્જીદ

જુમા મસ્જીદ: ભારતની સુંદર મસ્જીદોમાંની તે એક છે. સુલતાન અહમદશાહે તે ૧૫૨૩માં બંધાવેલી. તે ભદ્રના કિલ્લાની નજીક જ આવેલી છે. આ મસ્જીદ હિંદુ, જૈન અને મુસ્લિમ સ્થાપત્યનું મિશ્રણ છે. મસ્જીદમાં ૨૬૦ થાંભલા અને ૧૪ ઘુમ્મટ છે. થાંભલાઓ પરનું કોતરકામ અદભૂત છે. તેના બે મુખ્ય ટાવરોના ઉપરના ભાગ ધરતીકંપમાં તૂટી ગયા છે. દેશવિદેશના હજારો લોકો આ મસ્જીદ જોવા આવે છે.

સાયન્સ સીટી: સામાન્ય લોકોને વિજ્ઞાનથી માહિતગાર કરવા માટે ગુજરાત સરકારે આ સાયન્સ સીટી ઉભું કર્યું છે. તે સોલા વિસ્તારમાં આવેલું છે. સામાન્ય માણસો પણ સહેલાઈથી સમજી શકે એવાં સાધનો અને પ્રયોગો અહીં મૂકેલા છે. અહીં રાખેલો મોટો પૃથ્વીનો મોટો ગોળો દૂરથી જ આપણું ધ્યાન ખેંચે છે. અહીં ૩ડી આઈમેક્સ થીયેટર, ઉર્જા પાર્ક, સિમ્યુલેશન રાઈડ, ડાન્સીંગ ફુવારા અને લાઈફ સાયન્સ પાર્ક મુખ્ય આકર્ષણો છે.




સાયન્સ સીટી સંસ્કાર કેન્દ્ર

સંસ્કાર કેન્દ્ર: પાલડીમાં આવેલું સંસ્કાર કેન્દ્ર, મહાન સ્થપતિ લા કાબુઝીયરે ૧૯૪૫માં સ્થાપ્યું હતું. અહીં કલા, ઈતિહાસ અને શિલ્પોનો સંગ્રહ છે. આ મકાનમાં જ ભાનુ શાહે કરેલો પતંગોનો સંગ્રહ છે. દુનિયાભરના જાતજાતના પતંગો અહીં જોવા મળે છે.

હઠીસીંગનાં દહેરાં: દિલ્હી દરવાજાની નજીક આવેલું આ એક જૈન મંદિર છે. શેઠ હઠીસીંગે તે ૧૮૫૮માં બંધાવેલું. તેના બાંધકામમાં સફેદ આરસ વાપર્યો છે. આ મંદિર પંદરમા તીર્થંકર શ્રીધર્મનાથને સમર્પિત છે. આ મંદિરનું શિલ્પકામ જોવા જેવું છે.



હઠીસીંગનાં દહેરાં

સોલા ભાગવત મંદિર અને વિદ્યાપીઠ: વૈષ્ણવ ધર્મના આ મંદિરમાં રસરાજ પ્રભુ શ્રીનાથજી બિરાજમાન છે. તેમની જમણી બાજુ શ્રી યમુનાજી અને ડાબી બાજુ શ્રી મહાપ્રભુજી બિરાજે છે. વિશાળ હોલમાં ઉભા રહીને દર્શન કરવાની સારી સગવડ છે. અહીં આ ઉપરાંત, બીજાં મંદિરો, બેઠક મંદિર, પાઠશાળા, બગીચો અને અન્ય સુવિધાઓ છે. રોજ અનેક ભક્તો દર્શને આવે છે.



સોલા ભગવત મંદિર



સરદાર પટેલ નેશનલ મેમોરીયલ

સરદાર પટેલ નેશનલ મેમોરીયલ: શાહીબાગમાં આવેલા મોતીશાહી મહેલમાં આ રાષ્ટ્રીય સ્મારક ઉભું કરાયું છે. અહીં લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈને લગતું મ્યુઝીયમ અને પ્રદર્શન છે. એમાં સરદારશ્રીએ કરેલાં કાર્યો, તેમનાં ચિત્રો, રાષ્ટ્રધ્વજ વગેરે પ્રદર્શિત કરેલાં છે. આ મહેલ મુગલ બાદશાહ શાહજહાંએ બંધાવ્યો હતો. ૧૯૬૦ થી ૧૯૭૮ સુધી આ મકાનનો ઉપયોગ ગુજરાત સરકારના રાજભવન તરીકે થતો હતો. રવીન્દ્રનાથ ટાગોર આ મહેલમાં રહ્યા હતા. તેમની યાદમાં, મહેલના પહેલા માળે એક રૂમમાં તેમનું સ્ટેચ્યુ, ચિત્રો વગેરે મૂકેલાં છે.

એલ.ડી. ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી: આ, કલા અને શિલ્પોનું મ્યુઝીયમ છે. તે ગુજરાત યુનીવર્સીટીની નજીક આવેલું છે. અહીં મુગલકાલીન પેઈન્ટીંગ્સ, રામની મૂર્તિ, જૈન

તીર્થંકરોની મૂર્તિઓ અને અન્ય શિલ્પો મૂકેલાં છે.

સ્વામીનારાયણ મંદિર, કાલુપુર: અમદાવાદમાં સ્વામીનારાયણ પંથનું આ પહેલું મંદિર છે. આ મંદિરની કમાનો, શિખરો, કોતરણી અને રંગો ખાસ જોવા જેવાં છે. સાધુઓ અને ભક્તોને રહેવા માટે સરસ સુવિધા છે. સ્ત્રીઓ માટે જુદું મંદિર અને હોલ છે. અમદાવાદની પોળોનો વારસો જોવા માટેની 'હેરીટેજ વોક' આ મંદિરથી શરુ થાય છે. આ મંદિરની નજીક લંબેશ્વરની પોળમાં કવિ દલપતરામ રહેતા હતા. તેમના ઘરના ઓટલાની ધારે તેમનું સ્ટેચ્યુ મૂકેલું છે, તે જોવા જેવું છે.





સ્વામીનારાયણ મંદિર, કાલુપુર   સીદી સૈયદની જાળી

સીદી સૈયદની જાળી: લાલ દરવાજાની નજીક આવેલી સીદી સૈયદની મસ્જીદ, સીદી સૈયદે ૧૪૭૩માં બંધાવી હતી. આ મસ્જીદને દસ બારીઓ છે. દરેક બારી પર ખૂબ જ કલાત્મક ગૂંથણીવળી જાળી છે, જે સીદી સૈયદની જાળી તરીકે પ્રખ્યાત છે. દેશ વિદેશના લાખો પર્યટકો અ જાળી જોવા આવે છે.

હુસેન દોશી ગુફા: ગુજરાત યુનીવર્સીટી વિસ્તારમાં આવેલી આ ગુફાને અમદાવાદની ગુફા પણ કહે છે. આર્કિટેક્ટ બી.વી. દોશી અને પેઈન્ટર હુસેને સંયુક્તપણે કામ કરીને આ ગુફા બનાવી છે. અહીં મોડર્ન આર્ટ

અને કુદરતી ડીઝાઈનનું મિશ્રણ કર્યું છે. ગુફાના ઘુમ્મટો એકબીજા સાથે જોડાયેલા છે. તેમના પર મોઝેક ટાઈલ્સ લગાડેલી છે. અહીં ગુફાને લગતી આર્ટ ગેલેરી છે.

કોમ્યુનીટી સાયન્સ સેન્ટર: સામાન્ય પ્રજા, વિજ્ઞાન અને ગણિતથી માહિતગાર થાય તે હેતુથી આ સેન્ટર ઉભું કરાયું છે. વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈએ ૧૯૬૦માં આ કેન્દ્રની સ્થાપના કરી હતી. અહીં લોબીઓમાં વિજ્ઞાનને લગતા સાદા પ્રયોગો મૂકેલા છે. લોકો પોતાની જાતે તે પ્રયોગો કરી શકે છે. અહીં ભૌતિક અને રસાયણ વિજ્ઞાનની પ્રયોગશાળાઓ છે. સ્કુલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો અહીં જાતે પ્રયોગો કરી શકે છે. અહીં સરસ મજાની વર્કશોપ છે, ફોટોગ્રાફી શીખવાની સગવડ છે, અવકાશવિજ્ઞાન શીખવા મળે છે, લાયબ્રેરી પણ છે. આ

ઉપરાંત, વિજ્ઞાનને લગતું બીજું ઘણું છે. ખાસ વાત એ છે કે આ બધું જોવાનું-શીખવાનું મફતમાં છે. અહીં એક વાર જજો, પછી વારંવાર જવાનું મન થશે. આ સેન્ટર હુસેન દોશી ગુફાની નજીક જ છે.

સરખેજના રોજા: મુસ્લિમ સ્થાપત્યનો આ એક સુંદર નમૂનો છે. આ રોજા એક તળાવને કિનારે બાંધેલા છે. અહીં મસ્જીદ અને મકબરા બંને છે. મહમદ બેગડાની કબર અને ગંજ બક્ષનો મકબરો અહીં છે. સરખેજના રોજા દેશવિદેશમાં પ્રખ્યાત છે.





સરખેજના રોજા   વસ્ત્રાપુર તળાવ

વસ્ત્રાપુર તળાવ: પશ્ચિમ અમદાવાદનું આ એક સરસ મનોરંજક સ્થળ છે. અહીં તળાવને કિનારે બગીચા, લોન અને બાળકો માટે ચગડોળ, લપસણી વગેરે રાઈડો છે. તળાવમાં એક ઉંચો ફુવારો છે. સાંજના સમયે આ જગા લોકોથી ભરચક રહે છે. અહીં બાજુમાં જ વૈષ્ણવ સંપ્રદાયની કલ્યાણ પુષ્ટિ હવેલી આવેલી છે.

ઝુલતા મિનારા: રેલ્વે સ્ટેશનની નજીક આવેલા આ બે મિનારાની રચના એવી છે કે એકને હલાવતાં, બીજો મિનારો પણ હાલવા લાગે છે. એ માટેની રચનાનું રહસ્ય હજુ સુધી જડ્યું નથી. મિનારાની જોડે સીદી બશીરની મસ્જીદ છે. હાલ આ મિનારા પબ્લીકને જોવા માટે બંધ છે.

કેમ્પ હનુમાન મંદિર: હનુમાનજીનું આ મંદિર શાહીબાગના કેન્ટોન્મેન્ટ વિસ્તારમાં આવેલું છે. સોએક વર્ષ પહેલાં પંડિત ગજાનન પ્રસાદે આ મંદિરની સ્થાપના કરી હતી. હનુમાનજી ભગવાન શ્રીરામના પરમ ભક્ત હતા. એવી માન્યતા છે કે કેમ્પના હનુમાન ભક્તોની બધી ઈચ્છા પરિપૂર્ણ કરે છે. ચૈત્ર સુદ પૂનમે હનુમાનની જન્મજયંતિ અહીં ધામધૂમથી ઉજવાય છે. આ ઉપરાંત, ઉતરાયણ, કાળીચૌદસ, દેવદિવાળી વગેરે તહેવારો પણ ઉજવાય છે. મંદિરમાં સવારસાંજ પ્રાર્થના થાય છે. મંગળ અને શનિવારે અહીં ખૂબ ભીડ થાય છે. પાર્કીંગ મંદિરથી થોડે દૂર છે. પણ વૃધ્ધો માટે પાર્કીંગથી મંદિર સુધી આવવા માટે બેટરીથી ચાલતી કારની વ્યવસ્થા છે. અટલબિહારી બાજપેયી અને ઇન્દિરા ગાંધી આ મંદિરની મુલાકાતે આવ્યા હતા.

દાદા હરિની વાવ: પહેલાંના જમાનામાં, રસ્તેથી પસાર થતા મુસાફરોને પાણી અને આરામ મળી રહે તે માટે લોકો વાવ બંધાવતા. અસારવા વિસ્તારમાં આવેલી દાદા હરિની વાવ સુલતાન બાઈ હરીરે ૪૦૦ વર્ષ પહેલાં બંધાવેલી. તે સાત માળ જેટલી ઉંડી છે. તેની દિવાલો પર સંસ્કૃત અને અરબી ભાષામાં લખાણો લખેલાં છે. આ વાવની નજીક જ શ્રી ગુસાઈજીની બેઠક આવેલી છે.

રાણી સિપ્રીની મસ્જીદ : મહમદ બેગડાની પત્ની રાણી સિપ્રીએ આ મસ્જીદ ૧૪૧૫માં બંધાવેલી. બાંધકામમાં હિંદુ અને મુસ્લિમ સ્થાપત્યની છાંટ જોવા મળે છે. ૪૦ ફૂટ ઉંચી આ મસ્જીદ પરનું કોતરકામ બહુ જ કલાત્મક છે. ઝાડપાનની કોતરણીવાળી જાળીઓ સરસ લાગે છે. આસ્ટોડિયા દરવાજાની નજીક આવેલી આ મસ્જીદને મસ્જીદ-એ-નગીના પણ કહે છે.

ગાયકવાડની હવેલી: રાયખડમાં આવેલી ગાયકવાડની હવેલી અમદાવાદમાં મરાઠાઓના રાજ વખતે ૧૭૩૮માં બંધાઈ હતી. બ્રિટીશ રાજ વખતે, આ હવેલી સૈનિકોની બેરેક તરીકે વપરાતી હતી. ૨૦૧૫માં એને મઠારવામાં આવી છે. તેના મુખ્ય મકાનમાં પોલિસ સ્ટેશન છે. પાછળના ઉંચા વોચટાવરમાં પોલિસ મ્યુઝીયમ અને વસંત-રજબ મેમોરીયલ બનાવવામાં આવ્યું છે. આ મેમોરીયલ બંધુત્વ સ્મારક તરીકે ઓળખાય છે.



ગાયકવાડની હવેલી



ગુરુદ્વારા ગોવિંદધામ

ગુરુદ્વારા ગોવિંદધામ: સત શ્રી અકાલ. શીખોનું આ પવિત્ર મંદિર થલતેજમાં એસજી હાઈવેની બાજુમાં આવેલું છે. સફેદ કલરનું આ મંદિર બહારથી બહુ જ આકર્ષક લાગે છે. શીખો તથા અન્ય ઘણા લોકો આ મંદિરનાં દર્શને આવે છે અને સેવા આપે છે. મંદિર ઘણું જ સુઘડ છે. શાંતિ અને ધ્યાન માટે આ સરસ જગા છે. ગુરુ નાનક જયંતિ અહીં ભવ્ય રીતે ઉજવાય છે. લંગરમાં જમવાની સરસ સગવડ છે. આ મંદિરમાં જાવ ત્યારે માથું કપડાથી ઢાંકેલું રાખવું પડે છે.

જૂનાં વાસણોનું મ્યુઝીયમ: સરખેજમાં વિશાલા નામના રીસોર્ટના સ્થાપકે અહીં, જૂના જમાનાનાં વાસણોનું મ્યુઝીયમ ઉભું કર્યું છે. તાંબા, પિત્તળ અને કાંસાનાં બનેલાં તપેલાં,

ઘડા, દેગડા, થાળી, વાટકી, ગ્લાસ, સૂડી વગેરે જોઇને જૂના જમાનાનો આપણો સાંસ્કૃતિક વારસો યાદ આવી જાય છે.

સ્વામીનારાયણ મ્યુઝીયમ: નારણપુરામાં આવેલા આ મ્યુઝીયમમાં સ્વામીનારાયણ ભગવાને ઉપયોગમાં લીધેલી ૪૦૦૦ જેટલી ચીજોનો સંગ્રહ છે. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદ મહારાજે આ મ્યુઝીયમ ઉભું કર્યું છે અને શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે માર્ચ ૨૦૧૧માં ખુલ્લું મૂકાયું છે. મ્યુઝીયમની જોડે ઓફિસ અને ગેસ્ટ હાઉસ છે. મ્યુઝીયમમાં સ્વામીનારાયણ ભગવાનનાં કપડાં, લખવાનું પેડ, પગલાંની છાપ, ઘરેણાં, થાળી, લાકડી, વાળ વગેરે ચીજો લોકોના દર્શનાર્થે મૂકેલી છે. આ ઉપરાંત, અહીં થીયેટર, દ્રશ્ય-શ્રાવ્ય સીસ્ટીમ, લાયબ્રેરી, કેન્ટીન વગેરે પણ છે. મ્યુઝીયમમાં વીજળી બચાવવાના હેતુથી સૂર્યશક્તિથી ચાલતાં ઉપકરણો, ચારે બાજુ ઝાડો, અવાહક બારીઓ, વરસાદનું પાણી સંઘરવા ભૂગર્ભ ટાંકીઓ વગેરે વ્યવસ્થા કરેલી છે. એક વાર આ મ્યુઝીયમ જોવા જેવું છે.

શ્રેયસ ફોલ્ક મ્યુઝીયમ: શ્રેયસ ફાઉન્ડેશન સંચાલિત આ મ્યુઝીયમ આંબાવાડીમાં માણેકબાગ હોલ પાસે આવેલુ છે. મ્યુઝીયમમાં જૂના જમાનાનાં શસ્ત્રો, સિક્કા, સંગીત ફુવારા, મુખવટા, રમકડાં વગેરે છે. ગુજરાતની જુદી જુદી જાતિઓ જેવી કે ચારણ, કણબી, કોળી, ભણસાલી, વાણીયા, મેમણ, મિયાણા, બ્રાહ્મણ વગેરેની ગ્રામ્ય કલા અહીં પ્રદર્શિત કરેલી છે. મ્યુઝીયમમાં ચાર વિભાગ છે, લોકાયતન ગ્રામ્ય કલા, કલ્પના બાલાયતન, કથની અને શ્રેયસ સંગીત વાદ્યખંડ. લોકાયતન વિભાગમાં ભરતકામ, લાકડા પરનું કોતરકામ, ધાતુકામ વગેરે રાખેલું છે. કલ્પના મ્યુઝીયમમાં દેશનાં અનેક શહેરોની કલા છે, અહીં ૩.૧૯ મીટર ઉંચું હાથીનું હાડપીંજર છે, એ ખાસ જોવા જેવું છે. કથની એ આર્ટ ગેલેરી છે. એમાં ગુજરાતમાં ઉજવાતા ઉત્સવોના ફોટા મૂકેલા છે. સંગીત વિભાગમાં સંગીતનાં જાતજાતનાં સાધનો છે. મ્યુઝીયમ સોમવારે બંધ રહે છે. જોવાનો સમય મંગળથી શનિ ૩ થી ૪-૩૦, રવિવારે ૧૦-૩૦થી ૧-૩૦ અને ૩થી ૪-૩૦ છે. જાહેર રજાઓ તથા ઉનાળુ અને દિવાળી વેકેશનમાં અમુક દિવસોએ મ્યુઝીયમ બંધ રહે છે.

રાણી અને બાદશાહનો હજીરો: બંને હજીરા માણેકચોકમાં આવેલા છે. રાણીના હજીરામાં, અહમદશાહ તથા બીજા સુલતાનોની રાણીઓના ૮ મકબરા છે. મુખ્ય મકબરો, અહમદશાહના પુત્રની રાણી મુગલાઈ બીબીનો છે. બાદશાહના હજીરામાં અહમદશાહનો મકબરો છે. અત્યારે આ સ્થળો આગળ પુષ્કળ દુકાનો લાગી ગયેલી છે.

ઓટો વર્લ્ડ મ્યુઝીયમ: અહીં જૂના જમાનાની કારોનો મોટો સંગ્રહ કરેલો છે. દાસ્તાન તરીકે ઓળખાતા આ મ્યુઝીયમમાં ૧૧૪ જેટલી કાર છે. એમાં રોલ્સ રોઇસ, બેન્ટલે, ડેઇમલર જેવી યુરોપ-અમેરીકાની કારો છે. તમારે ચલાવવી હોય તો અમુક ગાડીઓ ચલાવવા માટે પણ આપે છે.

કોટેશ્વર મહાદેવ: કોટેશ્વર મહાદેવ, અમદાવાદના મોટેરા વિસ્તારમાં સાબરમતી નદીના કિનારે કોટેશ્વર ગામમાં આવેલું છે. મોટેરા સ્ટેડીયમથી તે લગભગ ૩ કી.મી. દૂર છે. આ મંદિર લગભગ ૬૦૦ વર્ષ જૂનું છે, અને અવારનવાર તેનો જીર્ણોધ્ધાર કરાયો છે. છેલ્લે આ મંદિર ૨૦૧૧માં સુધારાયું છે. આખું મંદિર પત્થરનું બનેલું છે. તેના પરની કોતરણી બહુ જ સુંદર છે. આ મંદિર દેખાવમાં સોમનાથ મંદિરની યાદ અપાવી જાય છે.

મંદિરનું વાતાવરણ ઘણું જ પવિત્ર છે. રોજ ચારસોપાંચસો જેટલા લોકો દર્શને આવે છે. ભક્તો શીવજીને બિલી પત્રો, ફૂલ અને દૂધ ચડાવે છે. શીવરાત્રિના દિવસે અહીં બહુ જ ધામધૂમ હોય છે. આ દિવસે હજારોની સંખ્યામાં ભક્તો અહીં આવે છે અને શીવનો પૂજાપાઠ કરે છે. ૨૦૧૨માં અહીં અતિરુદ્ર મહાયજ્ઞ યોજાયેલો.

શીવજીના મુખ્ય મંદિર ઉપરાંત, બાજુમાં રામ મંદિર પણ છે. મંદિરની સામે વિશાળ બગીચો અને લોન કરેલી છે. બગીચાને છેડેથી સાબરમતીનો વિશાળ પટ નજરે પડે છે. અહીંથી દેખાતું દ્રશ્ય બહુ જ રમણીય છે.

કોટેશ્વરનું જૂનું મંદિર, અહીંથી નજીકમાં જ છે.

કેલિકો મ્યુઝીયમ ઓફ ટેક્સટાઈલ: શાહીબાગમાં સારાભાઇ ફાઉન્ડેશનમાં આ મ્યુઝીયમ આવેલું છે. અહીં સત્તરમી સદીથી આજ સુધીની ટેક્સટાઇલને લગતી વસ્તુઓનો સંગ્રહ છે.

અમદાવાદમાં આ ઉપરાંત, અમૃત વર્ષિણી વાવ, રાણી રૂપમતીની મસ્જીદ, અખા ભગતનું સ્ટેચ્યુ, અહમદશાહની મસ્જીદ, કરાઈ ડેમ, ભાડજનું રાધા-માધવ મંદિર વગેરે જોવા જેવાં છે. અમદાવાદની નજીક આવેલાં થોડાં સ્થળની વાત કરીએ.

અડાલજની વાવ: અમદાવાદથી ૧૮ કી.મી. દૂર અડાલજ ગામમાં આવેલી આ વાવ રાણી રૂડાબાઈએ ૧૫૯૯માં બંધાવેલી. કલા અને સ્થાપત્યનો આ ઉત્તમ નમૂનો છે. તેની રચના અને કોતરણી જોઇને લોકો ખુશ થઇ જાય છે. ઉનાળામાં અંદર ખૂબ ઠંડક રહે છે. એટલે એ જમાનામાં આ રસ્તેથી પસાર થનારા લોકો તેનાં પગથિયાં પર આરામ ફરમાવતા. આજે દેશપરદેશથી હજારો લોકો આ વાવ જોવા આવે છે.

વૈષ્ણોદેવી મંદિર: અમદાવાદથી દસેક કી.મી. દૂર, એસજી હાઈવે પર, ઉંચી ટેકરી બનાવી તેના પર આ મંદિર બાંધ્યું છે. જમ્મુની નજીક આવેલા વૈષ્ણોદેવી મંદિરની આ નાની આવૃત્તિ છે. રોજ સેંકડો ભક્તો અહીં દર્શને આવે છે. લોકો માતાજીને શ્રીફળ, કંકુ, ચુંદડી વિગેરે ધરાવે છે. ઉપરથી જોતાં, નીચેના રોડનું દ્રશ્ય બહુ જ સુંદર લાગે છે. નવરાત્રિમાં અહીં ખાસ્સી ભીડ થાય છે.



અડાલજની વાવ



વૈષ્ણોદેવી મંદિર

ત્રિમંદિર: અમદાવાદથી ૨૦ કી.મી. દૂર અડાલજની નજીક દાદા ભગવાનનું ત્રિમંદિર આવેલું છે. દાદા ભગવાન માનતા કે 'દુનિયામાં શાંતિ સ્થાપવા માટે, બધા ધર્મોને એક જ પ્લેટફોર્મ પર લાવવા જોઈએ.' તેમના વિચારોને અનુરૂપ, અહીં ત્રણ મુખ્ય ધર્મનાં ત્રણ અને બીજાં નાનાં મંદિરો એક જ જગાએ બાંધ્યાં છે. વચ્ચે જૈન ધર્મના શ્રી સીમંધર સ્વામી, જમણી બાજુએ વૈષ્ણવોના શ્રીકૃષ્ણ અને ડાબે શીવ મંદિર છે. ત્રણે મંદિર ઉપરના માળે છે. ભોંયતળિયે સત્સંગ હોલ, મ્યુઝીયમ, થીયેટર, બુક સ્ટોલ, રેસ્ટોરન્ટ વગેરે છે. આગળ વિશાળ ખુલી જગા છે. રહેવાની સગવડ પણ છે.



ત્રિમંદિર

૨.અમદાવાદ જીલ્લાનાં દર્શનીય સ્થળો

અહીં આપણે અમદાવાદ જીલ્લામાં આવેલી જોવાલાયક જગાઓની વાત કરીશું.

નળ સરોવર: આ સરોવર એક પક્ષી અભ્યારણ્ય છે. તે ૧૨૩ચોરસ કિલોમીટર જેટલા વિસ્તારમાં ફેલાયેલું છે. શિયાળામાં અહીં દેશવિદેશથી અસંખ્ય પક્ષીઓ ઉતરી પડે છે. તેમાં ફલેમીન્ગો, પેલીકન, સારસ, બતક, સ્ટોર્ક અને હંસ ઉપરાંત બીજાં અનેક પક્ષીઓ જોવા મળે છે. પક્ષીઓના ચાહક લોકો માટે આ જગા બહુ જ આકર્ષક છે. સામાન્ય રીતે વહેલી સવારે અને સાંજે પક્ષીઓની સંખ્યા ખૂબ જ હોય છે. શિયાળામાં અહીં નળ સરોવરની સુંદરતા અને પક્ષીઓ જોવા ઘણા પ્રવાસીઓ આવે છે. વાહન, સરોવરથી એક કી.મી. દૂર પાર્ક કરવાનું હોય છે. પછી ત્યાંથી ટીકીટ લઇ, ચાલતા અથવા તો રીક્ષામાં સરોવરના કિનારે જવાય છે. કિનારે જાતજાતની દુકાનો લાગેલી છે. સરોવરમાં બોટીંગ કરી શકાય છે. પાણી આશરે ૫ થી ૪ મીટર જેટલું જ ઉંડું છે. સરોવરની વચ્ચે એક બેટ પણ છે. એના પર ઉંચો વોચ ટાવર ઉભો કરેલો છે. ટાવર પર ચડી આજુબાજુનું દ્રશ્ય જોવાની મજા આવે છે. બેટ પર અને કિનારે ગરમાગરમ કાઠિયાવાડી રોટલા અને ગુજરાતી વાનગીઓ મળે છે. એ ખાવાની મજા કોઈ ઓર છે.

કિનારે બગીચો બનાવ્યો છે. આરામ ફરમાવવા માટે રૂમો છે. ઘોડેસવારી કરવાની વ્યવસ્થા છે. એક દિવસના પ્રવાસ માટે આ સરસ જગા છે. નળ સરોવર અમદાવાદથી ૬૫ કી.મી. દૂર છે. અમદાવાદથી સાણંદ થઈને જવાય છે.



નળ સરોવર

મુનસર તળાવ: આ તળાવ વિરમગામમાં આવેલું છે. પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહનાં માતા મીનળદેવીએ તે ૧૦૯૦ના અરસામાં બંધાવ્યું હતું. પહેલાં તે માનસરોવર તરીકે ઓળખાતું હતું, તેમાંથી તે માનસર કે મુનસર થઇ ગયું. તળાવની બધી બાજુ પગથિયાં છે, થોડાં તૂટી ગયાં છે. કિનારા પર મુનસર માતાનું મંદિર છે. આ ઉપરાંત, કિનારા ફરતે, બીજાં નાનાં આશરે ૩૦૦ જેટલાં મંદિરો છે. તેમાંથી મોટા ભાગનાં શીવ મંદિરો અને બાકીનાં

કૃષ્ણનાં મંદિરો છે. દક્ષિણ કિનારે બીજાં બે મોટાં મંદિરો છે, તે સાસુ અને વહુનાં મંદિરો કહેવાય છે. મંદિરો પરની કોતરણી સરસ છે. જૂના જમાનામાં આ બધાં મંદિરોના ઘંટને એક દોરીથી બાંધેલા હતા, એટલે પૂજાઆરતી વખતે દોરી ખેંચતાં બધા મંદિરોના ઘંટ એકસાથે વાગતા. આ દ્રશ્ય કેટલું સરસ લાગે ! તમને એમ થશે કે આ જગા તો ખાસ જોવા જેવી છે. પણ અફસોસ, આજે આ માહોલ રહ્યો નથી. મંદિરો સાવ અવાવરૂ છે. ચોખ્ખાઈ બિલકુલ નથી. તળાવમાં ગંદકી ખૂબ જ છે. આવી સરસ જગા જોવા જેવી રહી નથી. ત્યાં જાવ તો ભૂતકાળના એક સરસ સ્થાપત્ય પર એક નજર કરીને પાછા અવાય, બસ એટલું જ. અમદાવાદથી વિરમગામ ૪૮ કી.મી. દૂર છે.

ગણેશ મંદિર, ગણપતપુરા: આ એક જોવા જેવી જગા છે. આ ગામનું મૂળ નામ કોઠ છે. અહીં ગણપતિજીનું પ્રખ્યાત મંદિર આવેલું હોવાથી, આ ગામ ગણપતિપુરા કે ગણપતપુરા તરીકે ઓળખાય છે. અહીં આશરે ૧૦૦૦ વર્ષ પહેલાં, ખોદકામ કરતાં જમીનમાંથી ગણપતિની મૂર્તિ મળી આવી હતી. તેની સ્થાપના કરીને ગણપતિજીનું મંદિર બનાવ્યું છે. આ મંદિરનું રીનોવેશન કરીને હાલ ખૂબ જ સગવડો ઉભી કરવામાં આવી છે. આ ગણપતિની એક ખાસ વિશેષતા છે. સામાન્ય રીતે, ગણપતિની સૂંઢ ડાબી બાજુ વળેલી હોય છે જયારે આ ગણપતિની સૂંઢ જમણી તરફ વળેલી છે. મૂર્તિ બહુ જ આકર્ષક છે. તે ૬ ફૂટ ઉંચી છે.

અહીં ઘણા લોકો દર્શને આવે છે. દરેક મહિનાની વદ ચોથના દિવસે અહીં ખૂબ જ ભીડ હોય છે. લોકો પૂજાહવન કરતા હોય છે. ભક્તો માટે અહીં ચા, જમવાની અને રહેવાની સગવડ છે. મંદિરનું ટ્રસ્ટ પૂર, દુકાળ અને ભૂકંપ જેવી આફતો વખતે મદદે દોડી જાય છે. ગરીબોનાં બાળકોને ચોપડીઓ, નોટો વગેરેની સહાય કરે છે. રાહત દરે મેડીકલ કેમ્પ યોજે છે અને મફતમાં દવાઓ આપે છે.

ગણપતપુરા, અમદાવાદથી ૪૦ કી.મી. અને ધોળકાથી ૧૦ કી.મી. દૂર છે. ગણપતપુરાથી અરણેજનું બૂટભવાની માતાનું મંદિર માત્ર ૪ કી.મી. દૂર છે.





ગણેશ મંદિર, ગણપતપુરા

બૂટભવાની માતા, અરણેજ

બૂટભવાની માતા, અરણેજ: અરણેજનું આ બહુ જાણીતું મંદિર છે. માતાજી એટલે શક્તિનો સ્ત્રોત. મુસીબતોમાંથી પાર ઉતરવા અને માતાજીના આશીર્વાદ મેળવવા ઘણા શ્રદ્ધાળુઓ અહીં દર્શને આવે છે. વળી, ઈચ્છાઓ પૂરી થયા પછી પણ લોકો માતાજીને પગે લાગવા અહીં આવે છે. નવરાત્રિમાં અહીં મોટો ઉત્સવ ઉજવાય છે. આ મંદિરનું હમણાં જ ૨૦૧૫માં સમારકામ થયું છે.

લોથલ: મોહેન-જો-દડો અને હડપ્પાની સિંધુ ખીણ સંસ્કૃતિ વિષે આપણે બધા જાણીએ છીએ. ઈ.સ. પૂર્વે ૩૭૦૦ના અરસાની આ સંસ્કૃતિ ગુજરાતમાં પણ ફેલાયેલી હતી. એ બાબતનું પ્રમાણ, લોથલ ગામે ખોદકામ કરતાં મળી આવેલા અવશેષો પરથી મળે છે. લોથલ, અમદાવાદથી ૮૪ કી.મી. દૂર આવેલું છે. લોથલ એટલે મરેલાંનો ઢગલો. લોથલમાં ખોદકામ ૧૯૪૪થી ૧૯૬૦ના સમયગાળા દરમ્યાન કરવામાં આવ્યું હતું. અહીં મળેલા અવશેષો પરથી એ જમાનાના લોકોના જીવનનો ચિતાર જાણવા મળે છે. ત્યારે લોથલ એક બંદર હતું. અહીં આખું શહેર વસેલું હતું. બંદર આગળ વહેતી નદી અરબી સમુદ્રને મળતી હતી. બંદરથી દરિયામાં થઈને વહાણો, બીજાં શહેરો અને આફ્રિકા સુધી જતાં. લોથલમાં મણકા, મોતી, ઘરેણાં, ધાતુની ચીજો, ઓજારો વગેરે વસ્તુઓ બનતી. માટીકામ અને વાસણો પણ બનતાં. આ બધી વસ્તુઓનો વેપાર બીજાં શહેરો જોડે ચાલતો. અહીંની વસ્તુઓની એ શહેરોમાં સારી માંગ હતી.

લોથલમાં મોટું બજાર હતું. ગોદી અને વખારો પણ હતી. રહેવા માટેનાં મકાનો સરસ હતાં. બાંધકામમાં ઇંટો વપરાતી. બાથરૂમ, જમીનની અંદર ગટરો, પાણી માટે કૂવા વગેરે વ્યવસ્થા પણ હતી. શહેરનું પ્લાનીંગ સરસ હતું. લોથલમાં ખોદકામ દરમ્યાન આ બધું મળી આવ્યું છે. પુરાતત્વ ખાતાએ લોથલમાં એક મ્યુઝીયમ ઉભું કર્યું છે અને આ બધા અવશેષો એમાં મૂક્યા છે. આજે ઘણા મુલાકાતીઓ અહીં મુલાકાતે આવે છે. લોથલ, અરણેજથી ૭ કી.મી. અને બગોદરાથી ૧૪ કી.મી. દૂર છે.



લોથલ

તગડી: અમદાવાદથી ભાવનગરના રૂટ પર આવેલું તગડી ગામ અમદાવાદથી ૧૨૦ કી.મી. અને ધંધુકાથી ૧૪ કી.મી. દૂર છે. તગડી મહાપ્રભુજીની બેઠક માટે જાણીતું છે. આશરે ૪૦૦ વર્ષ પહેલાં થઇ ગયેલા શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ સ્થાપ્યો હતો. તેમણે ભારતભ્રમણ કરી, અમુક સ્થળોએ રોકાઈ, ત્યાં ભાગવત કથાઓ કરી હતી અને લોકોને સન્માર્ગે વાળ્યા હતા. તેઓએ જ્યાં રોકાઈને કથાઓ કરી હતી, તે સ્થળો તેમની બેઠકો કહેવાય છે. તગડી તેમાંની એક બેઠક છે. અહીં તળાવને કિનારે તેમનું બેઠક મંદિર બનાવ્યું છે. જગા શાંત અને પવિત્ર છે. ઘણા વૈષ્ણવો અહીં દર્શને આવે છે, અને પ્રસન્નતા અનુભવે છે. અહીં વૈષ્ણવોને રહેવાજમવાની વ્યવસ્થા છે.



મહાપ્રભુજીની બેઠક, તગડી

ભીમનાથ મહાદેવ: તગડીથી આગળ જતાં, પાંચેક કિલોમીટર પછી ભીમનાથ મહાદેવનું સ્થાન આવે છે. આ મંદિર પાંડવોના જમાનાનું છે. અહીં ભીમે એક ઝાડ નીચે આ મંદિર સ્થાપ્યું હતું. મંદિરની બાજુમાં નદી વહે છે. પાંડવકાલીન ઘણા અવશેષો અહીં છે. અહીં મુલાકાતે આવતા પ્રવાસીઓ શીવલીંગની પૂજા કરતા હોય છે.

કુંડળ: બરવાળાથી બોટાદના રસ્તે ૪ કી.મી. દૂર કુંડળ ગામ આવેલું છે. અહીં ઉતાવળી નદીને કાંઠે, સ્વામીનારાયણ મંદિર, મ્યુઝીયમ અને શનિદેવનું મંદિર આવેલાં છે. સ્વામિનારાયણ મંદિર જોવાલાયક છે. મંદિરનું પ્રવેશદ્વાર ઘણું જ સરસ છે. આગળ બાળકોને રમવા માટે બગીચો છે. જગા ઘણી વિશાળ છે. ભગવાન સ્વામીનારાયણ અહીં સ્વયં પધાર્યા હતા. તેમણે અહીં કુંડળેશ્વર મહાદેવની પણ સ્થાપના કરી હતી.

મંદિરની બાજુમાં જ સ્વામીનારાયણ મ્યુઝીયમ છે. તેમાં કાષ્ટ પરની કોતરણી અને ઝુમ્મરો તરત જ ધ્યાન ખેંચે છે. અંદર, સ્વામીનારાયણ ધર્મને લગતી ચીજવસ્તુઓ પ્રદર્શનમાં મૂકેલી છે.

શનિદેવ: સ્વામીનારાયણ મંદિરથી સહેજ દૂર શનિમહારાજનું મંદિર છે. શનિદેવ દુષ્ટ તત્વોનો નાશ કરનારા દેવ છે. શનિદેવનું મંદિર હંમેશાં ખુલ્લામાં જ હોય છે. અહીં પણ સરસ બગીચો છે. ચોખ્ખાઈ ખૂબ જ છે. અહીંથી સાળંગપુર ૧૦ કી.મી. દૂર છે. બરવાળાથી સાળંગપુર જતા લોકો કુંડળ અચૂક જતા હોય છે.

કષ્ટભંજન હનુમાન અને સ્વામીનારાયણ મંદિર, સાળંગપુર: સાળંગપુરનાં આ બંને મંદિરો ખૂબ જ પ્રખ્યાત છે. વડતાલના સ્વામીનારાયણ મંદિરના સદગુરુ શ્રી ગોપાલાનંદ સ્વામીએ ૧૯૦૪માં અહીં હનુમાનની મૂર્તિની સ્થાપના કરી હતી. મૂર્તિમાં હનુમાનજી સ્ત્રી રાક્ષસીને પગ નીચે કચડે છે, આજુબાજુ વાંદરાઓ સ્વયંસેવકો તરીકે છે. કષ્ટભંજન એટલે દુખોને દૂર કરનાર. હનુમાનજીની મૂર્તિનાં દર્શન માત્રથી શરીરમાંના રોગો અને દુષ્ટ તત્વો બહાર નીકળી જાય છે. અહીં દર્શન માટે લાઈનો લાગે છે. દરરોજ સરેરાશ ૪૦૦૦ લોકો દર્શને આવે છે. શનિવારે ભીડ વધારે હોય છે. આ મંદિર બહુ જ પવિત્ર ગણાય છે. અહીં સુખડીનો પ્રસાદ મળે છે. રહેવાજમવાની વ્યવસ્થા છે. મંદિરનું વખતોવખત રીનોવેશન થયું છે. મંદિરના ગેટ આગળ ધર્મશાળા છે. બાજુમાં સ્વામીનારાયણ મ્યુઝીયમ છે.



હનુમાન મંદિર, સાળંગપુર

હનુમાન મંદિરથી થોડે દૂર BAPS નું સ્વામીનારાયણ મંદિર છે. BAPS એટલે બોચાસણવસી અક્ષરપુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા. આ મંદિર ૧૯૧૬માં બનેલું છે. ૧૦૮ ફૂટ ઉંચાઈ ધરાવતું આ શિખરબદ્ધ મંદિર છે.

સંપ્રદાયના મહારાજોને રહેવા તથા શિક્ષણ માટે અહીં સુવિધા છે. પ્રમુખસ્વામી મહારાજ મોટેભાગે અહીં જ રહે છે. ડિસેમ્બર ૨૦૧૪માં તેમનો ૯૪મો જન્મદિવસ અહીં ધામધૂમથી ઉજવાયેલો. મંદિરમાં ઘણા ઉત્સવો ઉજવાય છે. મંદિરમાં જમવાની સુંદર સગવડ છે.

વિશ્રામ તથા રહેવાની વ્યવસ્થા છે. આગળ સરસ બગીચો છે. એક વાર આ મંદિર જોવા જરૂર જજો. મનને શાંતિ મળશે.



સ્વામીનારાયણ મંદિર, સાળંગપુર

૩. ગાંધીનગર વિસ્તારની આકર્ષક જગાઓ

અક્ષરધામ: સ્વામીનારાયણ સંપ્રદાય BAPSનું આ મંદિર ગાંધીનગરમાં સેક્ટર ૨૦માં 'જ' રોડ પર આવેલું છે. આ મંદિર પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણાથી બન્યું છે. ઈ.સ. ૧૯૯૨માં તેનું ઉદઘાટન થયું હતું. આ મંદિર ખૂબ જ ભવ્ય અને સુંદર લાગે છે. દરરોજ હજારો લોકો અહીં દર્શને અને જોવા માટે આવે છે. મંદિરના ગર્ભગૃહમાં શ્રી સ્વામીનારાયણ ભગવાનની ૭ ફૂટ ઉંચી મૂર્તિ બહુ જ દેદીપ્યમાન લાગે છે. મૂર્તિ સોને મઢેલી છે. મૂર્તિની આજુબાજુ શ્રી ગુણાતીત સ્વામી અને શ્રી ગોપાલાનંદ સ્વામી, ભગવાન પ્રત્યે ભક્તિભાવ દર્શાવતા સ્વરૂપમાં બિરાજમાન છે.

આખું મંદિર રાજસ્થાની પત્થરોનું બનેલું છે. બાંધકામમાં ક્યાંય લોખંડ વપરાયું નથી. થાંભલા અને બીમ પણ પત્થરનાં બનેલાં છે. મંદિર ૨૫૦ ફૂટ લાંબુ, ૧૩૧ ફૂટ પહોળું અને ૧૦૮ ફૂટ ઉંચું છે. મંદિરને ૧૭ ઘુમ્મટ છે. થાંભલાઓ પર સુંદર કોતરકામ કરેલું છે.

મંદિરના પ્રાંગણમાં વિશાળ બગીચો છે. રસ્તાઓ ઝાડપાનથી શોભે છે. બાળકો માટે રાઇડ્સ પણ છે. મંદિરની જોડે ભોંયરામાંનું પ્રદર્શન જોવા જેવું છે. અહીં સ્વામીનારાયણ ભગવાનનું જીવન, કાર્ય અને ઉપદેશની દ્રશ્યશ્રાવ્ય રજૂઆત, આઈમેક્સ થીયેટર, ધર્મપુસ્તકો, ઉપનિષદો, મંદિરોની તસ્વીરો. સુખનો સંદેશો આપતું એનીમેશન – એમ ઘણું બધું છે.



અક્ષરધામ

મંદિરની બાજુમાં સતચિતઆનંદ વોટર શો ઉભો કર્યો છે, તે ખાસ જોવા જેવો છે. અહીં પાણી, ફુવારા, સંગીત, અગ્નિ અને લેસરની મદદથી નચિકેતાની વાત દર્શાવવામાં આવી છે. ૫૪ મિનીટનો આ શો સત્ય અને જ્ઞાનની સમજ આપે છે. શો જોઇને મન ખુશ ખુશ થઇ જાય છે.


બગીચા આગળ પ્રેમવતી રેસ્ટોરન્ટ છે. અહીં આરોગ્યપ્રદ અને સ્વાદિષ્ટ વાનગીઓ આરોગવાની મજા આવે છે. એક વાર આ મંદિર જોવા જરૂર જજો. (૨૦૦૨માં આ મંદિર પર આતંકી હુમલો થયો હતો. થોડા લોકોનાં મૃત્યુ થયાં હતાં, અને આતંકીઓ પણ માર્યા ગયા હતા.)

ચિલ્ડ્રન પાર્ક: ચિલ્ડ્રન પાર્ક એટલે બાળકો માટેનો બગીચો. ગાંધીનગરનો આ બગીચો નાનામોટા સહુને આકર્ષે છે. તે સેક્ટર ૨૮માં આવેલો છે અને બહુ વિશાળ જગામાં પથરાયેલો છે. અહીં મીની ટ્રેન, તળાવ અને ઘણીબધી રાઇડ્સ છે. મીની ટ્રેન આખા પાર્કમાં ફેરવે છે, પૂલ પરથી પણ પસાર થાય છે. તેમાં બેસવાની બહુ જ મજા આવે છે. તળાવમાં બોટીંગ થાય છે. આ ઉપરાંત, ફુવારા, લપસણી, ફ્રોગ રાઈડ, પ્લેઈન રાઈડ, કપરકાબી રાઈડ – બાળકોને આ બધું બહુ જ ગમે છે. બગીચામાં ગ્રીનરી ખૂબ જ છે. અહીં પીકનીક મનાવવાની તો બહુ જ મજા આવે. બહુ લોકો અહીં ફરવા આવે છે. પ્રવાસીઓનું આ માનીતું સ્થળ છે.



ચિલ્ડ્રન પાર્ક, ગાંધીનગર

મહાત્મા મંદિર: ગુજરાત સરકારે, મોટાં પ્રદર્શનો અને પરિષદો યોજવા માટે મહાત્મા મંદિરનું આ વિશાળ સંકુલ ઉભું કર્યું છે. ગુજરાત વાયબ્રન્ટનાં આયોજનો આ મંદિરમાં થયેલાં છે. અહીં પરિષદ માટેનો હોલ ખૂબ જ વિશાળ છે. આ મંદિર ગાંધીજીના જીવન અને સંદેશની પ્રેરણા પરથી બનાવાયું છે. ગુજરાતનાં ગામોની ધૂળ લાવીને આ મંદિરના પાયામાં નાખેલી છે. એલ. એન્ડ ટી. અને અન્ય કંપનીઓએ આ મંદિરનું બાંધકામ કર્યું છે. ગાંધીજીએ અંગ્રેજોનો મીઠાનો કાયદો તોડ્યો તેના સંદર્ભમાં અહીં મીઠાના મોટા ઢગલા જેવું મેમોરીયલ બનાવ્યું છે. મંદિર સંકુલમાં બગીચાઓ છે, એક સસ્પેન્શન બ્રીજ છે, મોટો ચરખો મૂકેલો છે, પવનચક્કી છે અને બીજું ઘણુબધું છે. સેક્ટર ૧૩માં આવેલું આ મંદિર અચૂક જોવા જેવું છે.



મહાત્મા મંદિર, ગાંધીનગર

ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન: આ પાર્કને ડાયનોસોર અને ફોસીલ પાર્ક પણ કહે છે. તે સાબરમતી નદીને કિનારે સેક્ટર ૭માં આવેલો છે. આ પાર્કમાં પ્રાણી સંગ્રહાલય, દરિયાઈ અશ્મિઓ, ડાયનોસોર પાર્ક, સ્નેક પાર્ક અને બોટાનિકલ ગાર્ડન ઉભા કરેલા છે. પ્રાણી સંગ્રહાલયમાં દીપડો, ચિત્તો, સાબર, કાળિયાર, ચિંકારા, હરણ, શિયાળ અને અનેક જાતનાં પક્ષીઓ જોવા મળે છે. દરિયાઈ વિભાગમાં વ્હેલનું હાડપિંજર અને બીજાં અશ્મિઓ છે. બોટાનિકલ ગાર્ડનમાં ઔષધિઓના ઘણા છોડ છે. પાર્કમાં એમ્ફી થીયેટર પણ છે. આ પાર્કમાં મનોરંજન અને શિક્ષણ બંને હેતુ જળવાય છે. પાર્ક સોમવારે બંધ રહે છે.

સરિતા ઉદ્યાન: આ ઉદ્યાન સેક્ટર ૯માં નદીકિનારે આવેલો છે. અહીં ઘણા ઝાડ અને ફૂલના છોડ છે. મનની શાંતિ, આરામ, કસરત અને યોગ માટે આ બહુ જ સરસ જગા છે. ઘણા લોકો અહીં ફરવા અને વ્યાયામ કરવા આવે છે. આ ઉદ્યાનની નજીકમાં હરણ પાર્ક આવેલો છે.

પુનિત વન: ઝાડોનું આ વન સેક્ટર ૧૯માં આવેલું છે. અહીં ખગોળીય ચિહ્નો, નક્ષત્ર, રાશિ, ગ્રહો અને તારા પ્રમાણે વૃક્ષો વાવેલાં છે. તે અનુસાર અહીં નક્ષત્રવન, રાશિવન, નવગ્રહવન, પંચવટીવન વગેરે વિભાગો છે. વનમાં એક તળાવ છે, તેમાં કમળો ખીલે છે. તળાવમાં ફુવારો પણ છે. વનમાં પક્ષીઓ કિલકિલાટ કરતાં નજરે પડે છે. અહીં મોરની સંખ્યા પણ ઘણી છે. અહીંનું વાતાવરણ જોઇને, જાણે કે ઋષિમુનિના કોઈ આશ્રમમાં આવી ગયા હોઈએ એવું લાગે છે.

મહુડી (મધુપુરી): મહુડી ગામ અમદાવાદથી આશરે ૬૨ કી.મી. દૂર સાબરમતી નદીને કિનારે આવેલું છે. અમદાવાદથી ગાંધીનગર થઈને મહુડી જવાય છે. મહુડીને મધુપુરી પણ કહે છે.

આ ગામ, મુખ્ય બે મંદિરો માટે જાણીતું છે, એક ઘંટાકર્ણ મહાવીર જૈન મંદિર અને બીજું કોટ્યર્ક મંદિર.

ઘંટાકર્ણ મહાવીર જૈન મંદિર: મહુડી ગામમાં પેસતામાં જ આ મંદિર આવેલું છે. આ મંદિર જૈન સાધુ શ્રીબુદ્ધિસાગર સુરીએ ૧૯૧૭માં સ્થાપ્યું હતું. મંદિરમાં ઘંટાકર્ણ મહાવીર સ્વામીની આરસની ભવ્ય મૂર્તિ છે. રોજ હજારો ભક્તો અહીં દર્શને આવે છે અને પૂજાપાઠ કરે છે. અહીં ભગવાનને સુખડીનો પ્રસાદ ધરાવવાનો મહિમા છે. લોકો કાઉન્ટર પરથી સુખડીનો થાળ ખરીદી ભગવાનને ધરાવે છે અને પછી આ પ્રસાદ અહીં પ્રસાદઘરમાં બેસીને ખાય છે, બીજાઓને પણ આપે છે. પ્રસાદ ઘેર લઇ જવાની મનાઈ છે.

ઘંટાકર્ણ મંદિરની બાજુમાં એક માળ જેટલી ઉંચાઈએ એક મોટો ઘંટ લટકાવેલો છે. લોકો પગથિયાં ચડીને આ ઘંટ વગાડે છે. પગથિયાં ચડવાનાં જરા અઘરાં છે.

મંદિરના કંપાઉન્ડમાં વચ્ચે શ્રીપદ્મપ્રભુનું મંદિર છે. અહીં દર્શન કરવા માટે ઘણી વિશાળ જગા છે. ભગવાનનાં દર્શન કરી મન પ્રસન્ન થઇ જાય છે.

મંદિરના સંકુલમાં રહેવાજમવાની સરસ સગવડ છે. ચોખ્ખાઈ પણ ખૂબ જ છે. મંદિરનું આખું સંકુલ, હંમેશાં લોકોથી ભર્યું ભર્યું લાગે છે. જૈન લોકો ઉપરાંત બીજા ઘણા લોકો અહીં દર્શને તથા ફરવા માટે આવે છે. મંદિરની બહાર વિશાળ પાર્કીંગ છે. બહાર જાતજાતની દુકાનો લાગેલી છે. આ મંદિરમાં દિવાળીના દિવસો બહુ જ ધામધૂમથી ઉજવાય છે. તે વખતે અહીં લોકોનો માનવમહેરામણ ઉમટી પડે છે.



મહાવીર જૈન મંદિર, મહુડી

કોટ્યર્ક મંદિર (નવું): પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ વણિક લોકોના ઇષ્ટદેવ શ્રીકોટ્યર્કપ્રભુનું આ પવિત્ર મંદિર છે. મહુડી ગામથી તે એક કી.મી. દૂર છે. અમદાવાદથી આવીએ તો આ મંદિર પહેલાં આવે અને પછી ગામ આવે. આશરે સોએક વર્ષ પહેલાં આ મંદિર બંધાયું છે. કોટ્યર્ક એટલે

કોટિ+અર્ક, એટલે કે કરોડો કિરણો ધરાવતા દેવ અર્થાત સૂર્યદેવ. વૈષ્ણવ સમાજ વર્ષોથી કોટ્યર્કદેવને પૂજતો આવ્યો છે.

મંદિર વિશાળ જગામાં પથરાયેલું છે. મંદિરનો દેખાવ ખૂબ જ સરસ છે. મુખ્ય મૂર્તિ શ્રી કોટ્યર્કપ્રભુજીની છે. તેમની આજુબાજુ શ્રીઘનશ્યામલાલજી અને શ્રીત્રિકમલાલજીની મૂર્તિઓ છે. મંદિરમાં સમય પ્રમાણે મંગળા, રાજભોગ વગેરે દર્શન થતાં હોય છે. મુખ્ય મંદિરની બાજુમાં કુળદેવીઓની મૂર્તિઓ છે. ખડાયતા વૈષ્ણવ લોકો, પોતાના ગોત્ર પ્રમાણેની કુળદેવીની પૂજા અહીં કરતા હોય છે.

મંદિરની બંને બાજુ તથા સામે, રહેવા માટેની રૂમોની બહુ જ સુંદર વ્યવસ્થા છે. વારતહેવારે લોકો અહીં આવીને રહે છે. જમવાની સગવડ તો બહુ જ સરસ છે. દર્શન કરવા આવનાર કોઈ પણ વ્યક્તિ સવારે તથા સાંજે, પાસ લઈને અહીં જમી શકે છે.

મંદિરના પ્રાંગણમાં અન્ય મંદિરો છે, બગીચો છે, ગિરિરાજ પર્વત અને રમણરેતી છે, પાછળ ગીશાળા તથા રહેવાની રૂમો છે. મંદિરનું વાતાવરણ ઘણું જ સરસ છે. મનની શાંતિ અને ધ્યાન માટે આ બહુ જ સરસ જગા છે.



કોટયર્ક મંદિર, મહુડી

જૂનું કોટ્યર્ક મંદિર: મહુડીમાં નવું કોટ્યર્ક મંદિર બનતા પહેલાંનું, જૂનું કોટ્યર્ક મંદિર પણ ભાંગીતૂટી હાલતમાં હજુ અસ્તિત્વ ધરાવે છે. આ જૂનું મંદિર, મહુડી ગામથી આશરે બે કી.મી. દૂર સાબરમતી નદીના કિનારે, ઉંચી ટેકરી પર આવેલું છે. અહીં ટેકરીની આજુબાજુની ઘણી જમીન નદીના પાણીથી ધોવાઈ ગઈ છે. ટેકરી માંડ ટકી રહી છે. ઘણા ભક્તો હજુ જૂના મંદિરે પણ દર્શન કરવા જતા હોય છે. ગામથી નદી સુધીનો બે કી.મી.નો

રસ્તો કાચો અને ઉંડા ચીલાવાળો છે. રીક્ષા કે ગાડી ના જઈ શકે. ટ્રેક્ટર ટ્રેલરમાં બેસીને કે ચાલતા જઈ શકાય.

નદીએ પહોંચ્યા પછી, ઢાળ ચડીને ટેકરી પર પહોંચાય છે. ચડવાનું થોડું કષ્ટદાયક છે, પણ ચડી તો જવાય. ઉપર જઈને કોટ્યર્ક પ્રભુનાં દર્શન કરીને બધો થાક ઉતરી જાય છે. મનમાં આનંદ છવાઈ જાય છે. મંદિરનું મકાન જર્જરિત થઇ ગયું છે. બાજુમાં બીજી રૂમો છે. થોડાંક શિલ્પો વેરવિખેર પડ્યાં છે. આમ છતાં, અહીં કુદરતના સાંનિધ્યમાં બેસવાનું ખૂબ ગમે એવું છે. મન જૂના મંદિરની ભવ્યતાની કલ્પનામાં ખોવાઈ જાય છે. અહીં એક શીવમંદિર પણ છે.

ઉંચાઈએથી ઘણે દૂર સુધી દેખાતી સાબરમતી નદી બહુ જ ભવ્ય અને રળિયામણી લાગે છે. દૂર હાથમતી નદી સાબરમતીને મળતી દેખાય છે. ભવિષ્યમાં આ ટેકરીનું વધુ ધોવાણ થવાની શક્યતા ખરી. ટેકરીની નીચે નદી કિનારે વડનાં થોડાંક ઝાડ છે. તેની વડવાઈઓ પર હીંચકા ખાવાની મજા પડે એવું છે. સાબરમતી નદી અહીં ખળ ખળ વહે છે. પાણી એકદમ ચોખ્ખું છે. નાહી શકાય એવું છે.

જૂનું કોટ્યર્ક મંદિર બહુ જ સરસ છે. એવી સાચવણી કરવા જેવી છે.

ગાંધીનગરથી મહુડીના રસ્તે બીજી ત્રણચાર જોવાલાયક જગાઓ છે, મીની અમરનાથ અને વોટર પાર્ક, મીની પાવાગઢ, લોદરા બાલા હનુમાન મંદિર, દેલવાડ મંદિર વગેરે.

મીની અમરનાથ: કાશ્મીરમાં પહેલગામની નજીક આવેલા અસલી અમરનાથની તો બધાને ખબર છે. એની કોપી જેવું અમરનાથનું મંદિર અહીં બનાવ્યું છે. મહુડીના રસ્તેથી ગ્રામભારતી આગળ જમણી બાજુ વળી જવાનું. આ રસ્તે ત્રણેક કી.મી. ગયા પછી અહીં પહોંચાય છે. પહેલાં તો વિશાળ પાર્કીંગ નજરે પડે છે. અહીં વાહન મૂકી દેવાનું. પછી સાબરમતી નદીના કોતરમાં ઉતરવાનું. અહીં કોતરમાં બંને બાજુ દુકાનો લાગી ગઈ છે. તેમાં ફળ, ફૂલ, શ્રીફળ, રમકડાં વગેરે મળે છે. અડધો કી.મી. જેટલું ચાલ્યા પછી આશરે ૧૪૦ જેટલાં પગથિયાં ચડીને મીની અમરનાથ પહોંચાય છે. કોતરમાં ચાલવું ના હોય તો પાર્કીંગથી જીપમાં બેસીને પણ અહીં અવાય છે.

પગથિયાં ચડીને ઉપર પહોંચો એટલે સામે જ અમરનાથની ગુફા દેખાય છે. તેમાં બરફનું શીવલીંગ મૂકેલું છે, તે તરત જ ધ્યાન ખેંચે છે. શીવલીંગનાં દર્શન કરીને મનમાં આનંદ થાય છે. જાણે કે અસલી અમરનાથની ગુફામાં આવી ગયા હોઈએ એવી લાગણી અનુભવાય છે. આ ગુફાની પાછળ બીજી બાર નાની ગુફાઓ બનાવેલી છે, દરેકમાં એક એક જ્યોતિર્લીંગ બિરાજે છે. આમ અહીં, શીવજીનાં કુલ બારે જ્યોતિર્લીંગનાં દર્શન કરવાનો લ્હાવો મળે છે. આ ગુફાઓની છત બહારથી સફેદ રંગની બનાવી છે, જાણે કે હિમાલયનાં શિખરો જ જોઈ લ્યો. આને લીધે અહીં અસલી અમરનાથનો ભાવ ઉભો થાય છે.

ગુફાઓની આસપાસ બગીચો બનાવ્યો છે. એક બાજુ અમરનાથને લગતું મ્યુઝીયમ છે. ગુફાની સામેના ખુલ્લા ચોગાનમાંથી સાબરમતીના કિનારાની ભેખડો દેખાય છે. બહુ જ મનોરમ્ય સ્થળ છે.

પાર્કીંગની સામે સ્વપ્ન સૃષ્ટિ વોટર પાર્ક છે, તે પણ જોવા જેવો છે.



મીની અમરનાથ

મીની પાવાગઢ: ગ્રામભારતીથી આગળ જતાં જમણી બાજુ અંબોડ ગામ જવાનો રસ્તો પડે છે. આ રસ્તે ત્રણેક કી.મી. જેટલું ગયા પછી મીની પાવાગઢ આવે છે. આ સ્થળ પણ સાબરમતીના કિનારે જ છે. અહીં પાવાગઢનાં મહાકાળી માતાના મંદિરની પ્રતિકૃતિ બનાવી છે. પ્રકૃતિના સાનિધ્યમાં આવેલી આ જગા બહુ જ સુંદર છે. ઘણા લોકો અહીં દર્શને આવે છે.

લોદરા બાલા હનુમાન મંદિર: મહુડી તરફ આગળ જતાં ડાબી બાજુ લોદરા ગામ જવાનો રસ્તો પડે છે. લોદરા ગામમાં હનુમાનનું આ પ્રખ્યાત મંદિર આવેલું છે. અહીં હનુમાન જયંતિનો ઉત્સવ બહુ જ ધામધૂમથી ઉજવાય છે.

શ્રી વાસનીયા મહાદેવ: વાસન ગામમાં વાસનીયા મહાદેવનું પ્રખ્યાત મંદિર અને હનુમાનજીનું સ્ટેચ્યુ આવેલાં છે. વાસન ગામ ગાંધીનગરથી માણસા જવાના રોડ પર ગાંધીનગરથી પંદરેક કી.મી. દૂર છે. રોડની એક બાજુએ વાસનીયા મહાદેવનું મંદિર છે અને બીજી બાજુ હનુમાનનું સ્ટેચ્યુ છે.

શીવજીનું આ મંદિર શ્રીવૈજનાથ ધામ તરીકે પણ જાણીતું છે. મંદિર ઘણું વિશાળ અને ભવ્ય છે. રોજ હજારો લોકો અહીં દર્શને આવે છે. અહીં ભોજનશાળા છે. દર્શને આવતા ભક્તોને અહીં જમવાની વ્યવસ્થા છે. આ મંદિર એક પ્રખ્યાત ટુરિસ્ટ આકર્ષણ છે.

સામેના મેદાનમાં આવેલું હનુમાનનું પૂતળું ૪૩ ફૂટ ઊંચું છે, તે પત્થરનું બનેલું છે. તેની ઉંચાઈને કારણે તે ખૂબ જ ભવ્ય અને રોમાંચક લાગે છે. અહીં આવનારા લોકો થોડી વાર સુધી તો તેને જોયા જ કરે છે. હનુમાનજીના હાથમાં ગદા છે, માથે છત્ર છે.

આ સ્ટેચ્યુની સામે અશોકવાટીકા છે. રાવણે સીતાજીને અશોકવાટીકામાં રાખ્યાં હતાં. અહીં ઝાડ નીચે સીતાજીની મૂર્તિ છે, અને તેમની આજુબાજુ તેમનો ચોકીપહેરો ભરતી રાક્ષસીઓની મૂર્તિઓ છે.





વાસનીયા મહાદેવ   હનુમાનનું પૂતળું

રૂપાલની પલ્લી: રૂપાલની પલ્લીનું નામ તો બધાએ જરૂર સાંભળ્યું હશે. ગાંધીનગર જીલ્લાના રૂપાલ ગામે નવમા નોરતે એટલે કે આસો સુદ ૯ની રાતે વરદાયિની માનો રથ આખા ગામમાં ફરે છે, આ રથને પલ્લી કહે છે. આ પલ્લીનું ઘણું માહાત્મ્ય છે. એકલા ગુજરાતમાં જ નહિ, વિદેશોમાં પણ રૂપાલની પલ્લી પ્રખ્યાત છે આ દિવસે દેશવિદેશથી લાખ્ખો લોકો પલ્લીનાં દર્શને આવે છે. રૂપાલ એક નાનકડું ગામ છે, પણ આ દિવસે લાખ્ખો લોકોની ભીડને કારણે ગામમાં ક્યાંય પગ મૂકવા જેટલી જગા પણ બાકી રહેતી નથી. ગામને છેડે ૨ થી ૩ કિલોમીટર સુધી વાહનો પાર્ક થયેલાં નજરે પડે છે.

પાંડવોએ ગુપ્તવાસમાં જતા પહેલાં પોતાનાં અસ્ત્ર-શસ્ત્ર ખીજડાના ઝાડ નીચે સંતાડી એની રક્ષા માટે મા વરદાયિનીને પ્રાર્થના કરી હતી. એ વખતે અહીં ખીજડાના ઝાડ નીચે માનું સ્થાનક હતું. પછી અહીં રૂપાલ ગામ વસ્યું.

પલ્લી, રાત્રે લગભગ ત્રણ વાગે પલ્લીવાળા વાસમાંથી નીકળે છે અને ગામના બધા રસ્તાઓ અને ચોરે ચૌટે ફરીને સવારે લગભગ સાતેક વાગે માતાના મંદિરે પહોંચે છે. લોકો પલ્લીનાં દર્શન માટે, પલ્લી જે રસ્તેથી પસાર થવાની હોય ત્યાં રસ્તાની બંને બાજુએ તથા ચોક વિસ્તારમાં અગાઉથી ગોઠવાઈને ઉભા રહી જાય છે. દૂર દૂરથી આવેલા લોકો પલ્લીનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે. પલ્લી એ ભાવિકોની પરિપૂર્ણ થયેલી માનતા અને ઘીનો ઉત્સવ છે. પલ્લી પર ઘી ચડાવવાનો ખૂબ મહિમા છે. પલ્લીની સાથે ટ્રકોમાં, તપેલાં અને કોઠીઓ ભરીને ઘી રાખેલું હોય છે એ ઘી પલ્લી પર ચડાવાતું જાય, એ ઉપરાંત પણ, લોકો માનતા માનેલું જે

ઘી લાવ્યા હોય તે, ચાલુ પલ્લીએ, પલ્લી પર ચડાવતા જાય. પલ્લીના આખા માર્ગે થઈને હજારો મણ ઘી પલ્લી પર ચડે છે. આ બધું ઘી છેવટે તો રસ્તા પર જ ઢોળાય છે. રસ્તા પર તો ઘીની નદી વહેતી હોય એવું લાગે. રસ્તા પર ધૂળ હોય એટલે આ ઘી ધૂળમાં રગદોળાય, એટલે તે કાદવ અને પેસ્ટ જેવું લાગે. અમુક લોકો તો આ ઢોળાયેલું ઘી ખોબા ભરીને, તપેલાં અને ડોલોમાં ભેગું કરીને પોતાને ઘેર લઇ જાય છે.



રૂપાલની પલ્લી

શેરીસા અને પાનસર તીર્થ: કલોલથી મોટી ભોયણ જવાના રસ્તે, કલોલથી માત્ર ૮ કી.મી. દૂર શેરીસા તીર્થમાં પ્રખ્યાત જૈન મંદિર આવેલું છે. તેરમી સદીમાં ગુજરાતના દાનવીર વસ્તુપાળ અને તેજપાળે અહીં ભગવાન નેમીનાથની વિધિપૂર્વક સ્થાપના કરીને સૌ પ્રથમ મંદિર બાંધ્યું હતું, આ તીર્થનું રીપેરીંગ અને રીનોવેશન ચાલતું જ રહે છે. વિ. સં. ૨૦૦૨માં અહીં આરસનું નવું મંદિર બન્યુ છે.

શેરીસા તીર્થના ભવ્ય પ્રવેશદ્વારમાંથી અંદર દાખલ થયા પછી બંને બાજુ ખુલ્લી વિશાળ જગા નજરે પડે છે. વૃક્ષોની ઘટા અને તોરણોમાં થઈને થોડું સીધું ગયા પછી, થોડાં પગથિયાં ચડવાનાં છે. ઉપર ચડી મંદિરમાં પેસતાં જ મનમાં એક પ્રકારની સાતા વળે છે. સામે જ ગર્ભગૃહમાં મૂળનાયક ભગવાન શ્રી પાર્શ્વનાથ પદ્માસન સ્થિતિમાં બિરાજમાન છે. રંગ પરથી એમને લોઢણ પાર્શ્વનાથ પણ કહે છે. અહીં દર્શન કરીને મન પ્રસન્નતા અનુભવે છે. નીચે ભોંયરામાં ભગવાન પાર્શ્વનાથની મૂર્તિ બહુ સુંદર છે.

શેરીસા એ ભવ્ય રમણીય તીર્થ છે. અહીંનું વાતાવરણ ઘણું જ સરસ છે. મંદિરની એક બાજુ રહેવા માટેની રૂમો અને ભોજનશાળા છે. બીજી બાજુ મહેમાનો માટેની ભોજનશાળા છે. રસોઈ ખૂબ જ સરસ અને પીરસનાર ખૂબ ભાવથી પીરસે છે. પ્રવેશદ્વાર આગળ ઓફિસ આવેલી છે. ખુલ્લી જગામાં પ્રસંગોપાત સભામંડપ ઉભો કરી, ત્યાં મહારાજ સાહેબનું પ્રવચન સાંભળવાની વ્યવસ્થા કરાય છે. મંદિરની આજુબાજુના બગીચામાં બેસવાની અને બાળકોને રમવાની મજા આવે એવું છે.

શેરીસા તીર્થથી આશરે ૧૬ કી.મી. દૂર આવેલા પાનસર ગામે પણ એક સુંદર જૈન તીર્થ આવેલું છે. શેરીસાથી કલોલ થઈને પાનસર જવાય છે. આ મંદિર પણ ઘણું જ મોટું અને આકર્ષક છે. ખૂબ મોટી વિશાળ જગા, બગીચો, વૃક્ષો, રસ્તા, રહેવા માટે રૂમો, જમવાની સુવિધા - અહીં બધુ જ છે. આરસનું બનેલું આ મંદિર જૂનું છે, છતાં નવું જ લાગે છે.

વામજ તીર્થ પણ કલોલની નજીક જ છે. અમદાવાદથી એક દિવસમાં શેરીસા, પાનસર અને વામજની ધાર્મિક યાત્રા સરળતાથી કરી શકાય છે. અમદાવાદથી કલોલ ગયા વગર, ઓગણજ, વડસર અને મોટી ભોયણ થઈને શેરીસા સીધું જવાય છે.

વડસરિયા ગણપતિ મંદિર, વડસર: વડસરિયા ગણપતિ મંદિર, ગાંધીનગર જીલ્લાના કલોલ તાલુકાના વડસર ગામમાં આવેલું છે. અમદાવાદથી તે ૧૭ કી.મી. દૂર છે. વડસરિયા ગણપતિ મંદિર ૧૦૦ વર્ષ જૂનું ગણેશજીનું મંદિર છે. ગણેશજી અહીં બાળ સ્વરૂપે બિરાજમાન છે. આ ગણેશજી સુંઢ વગરના છે. વડસર ગામની નજીક પશુપતિનાથનું મંદિર આવેલું છે.

કંથારપુરાનો વડ: ગુજરાતમાં કબીરવડને બધા ઓળખે છે. પણ કબીરવડ જેવો જ બીજો એક મોટો વડ કંથારપુરા ગામમાં આવેલો છે, એને બહુ ઓછા લોકો જાણતા હશે. કંથારપુરા અમદાવાદથી આશરે ૩૦ કી.મી. દૂર આવેલું છે. ત્યાં જવા માટે અમદાવાદથી હિંમતનગરના રસ્તે નીકળવાનું. આ રસ્તે નરોડા પસાર થયા પછી ચિલોડા અને ચિલોડાથી દસેક કી.મી. પછી છાલા ગામ આવે છે. છાલાથી જમણી બાજુના નાનકડા રસ્તે વળી જવાનું. આ રસ્તે સાતેક કી.મી. પછી કંથારપુરા ગામ આવે.

અહીં ભવ્ય વડ અને આજુબાજુ દૂર સુધી ફેલાયેલી તેની શાખાઓ જોઇને તમે ખુશ થઇ જશો. એવું લાગશે કે આ વડ એક જોવા જેવી ચીજ છે. વડના મુખ્ય થડ આગળ મહાકાળી માતાનું મંદિર છે. ત્યાં લખ્યું છે, “જય શ્રી રાજરાજેશ્વરી મહાકાળી માતાજી, કંથારપુરા” પૂજારી રોજ નિયમિત રીતે માતાજીની પૂજા કરે છે. વડ બધી બાજુ ખૂબ ફેલાયેલો છે. એની નીચેથી રસ્તો પણ પસાર થાય છે. એકબે નાની દુકાનો પણ છે.



કંથારપુરાનો વડ

વડ નીચે બાંકડાઓ પર બેસી રહેવાની મજા આવે છે. અહીં ભરઉનાળે પણ એસી જેવી ઠંડક અનુભવાય છે. નાનાં બાળકો વડ ઉપર ચડવાઉતરવાની રમત રમતાં હોય છે. વડ ઉપર કેટલાં યે પક્ષીઓ અને વાંદરાં જોવા મળે છે. વડની છાયામાં ગાયો અને ઢોરો આરામ ફરમાવતાં દેખાય છે.

આ વડ ૪૦૦ વર્ષ જૂનો છે. જૂન ૨૦૧૩માં ગુજરાતના ત્યારના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આ વડ જોવા આવ્યા હતા, ત્યારે તેમણે તેમના ભૂતકાળનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. દહેગામથી પણ કંથારપુરા જવાય છે. ત્યાંથી તે ૧૪ કી.મી. દૂર છે. એક વાર આ વડ જોવા જેવો ખરો.

ઉત્કંઠેશ્વર મહાદેવ: વાત્રક નદીને કાંઠે આવેલું આ શીવ મંદિર બહુ જ જાણીતું છે. તે ઉંટડીયા મહાદેવ તરીકે પણ ઓળખાય છે. આ મંદિર આશરે ૨૦૦૦ વર્ષ જૂનું હોવાનું મનાય છે. અવારનાવર તેનો જીર્ણોધ્ધાર થયો છે. મંદિર દહેગામથી કપડવંજ જવાના રસ્તે, દહેગામથી ૨૨ કી.મી. દૂર આવેલું છે.

મંદિર ઘણું જ ભવ્ય અને આકર્ષક દેખાય છે. તે આશરે ૮૪ ફૂટ જેટલું ઊંચું છે. મંદિરની આજુબાજુ દુકાનો લાગેલી છે. શ્રાવણ મહિનામાં અહીં હજારો લોકો દર્શને આવે છે. ત્યારે ‘ઓમ’ અને ‘હર હર મહાદેવ’ના નારાથી વાતાવરણ ગુંજી ઉઠે છે. ઘણા લોકો પોતાના બાળકની મુંડનવિધિ આ મંદિર આગળ કરાવતા હોય છે.



ઉત્કંઠેશ્વર મહાદેવ



દેવડુંગરી મહાદેવ

મંદિર આગળથી નદીમાં ઉતરવા માટે આશરે ૧૨૪ જેટલાં પગથિયાં છે. અહીં આવનારા લોકો નદી જોવા અચૂક જતા હોય છે. મંદિર અને નદીની આસપાસ ગીચ ઝાડી છે. નદીની રેતીમાં પણ ખાણીપીણીની ઘણી દુકાનો લાગેલી છે. છોકરાંને અહીં રમવાની મજા આવે છે. નદીની વચ્ચે પાણીમાં એક મંદિર છે. તે 'દેવડુંગરી' તરીકે ઓળખાય છે. ચોમાસામાં નદીમાં ગમે તેટલું પાણી આવે તો પણ આ મંદિર અડીખમ ઉભું રહે છે. તેને કંઇ થતું નથી. અહીં સ્થાનિક લોકો ઉંટ લઈને બેઠા હોય છે, અને અહીં આવતા પ્રવાસીઓને ઉંટસવારી કરાવે છે. ઉંટ પર બેસીને નદીકિનારે ફરવાની બહુ જ મજા આવે છે.

૫. મહેસાણા જીલ્લાની જોવા જેવી જગાઓ

સૂર્યમંદિર, મોઢેરા: ભારતમાં બે પ્રખ્યાત સૂર્યમંદિરો છે, એક કોણાર્કમાં અને બીજું મોઢેરામાં. (એક ત્રીજું સૂર્યમંદિર પણ છે, કાશ્મીરમાં આવેલું માર્તંડ મંદિર. પણ એ બહુ જાણીતું નથી.) આ મંદિરો સૂર્ય ભગવાનને સમર્પિત છે. મોઢેરાનું મંદિર પુષ્પાવતી નદીને કિનારે આવેલું છે. આ મંદિરની કલા અને સ્થાપત્ય જોવા દેશવિદેશથી ઘણા પ્રવાસીઓ આવે છે. આખું મંદિર પત્થરનું બનેલું છે. મોઢેરા, મહેસાણાથી ૨૪ કી.મી. અને અમદાવાદથી આશરે ૧૦૦ કી.મી. દૂર છે.

મોઢેરાનું સૂર્ય મંદિર આશરે ૧૦૦૦ વર્ષ જૂનું છે. સોલંકી વંશના રાજા ભીમદેવે ઈ.સ. ૧૦૨૬માં તે બંધાવ્યું હતું. આ મંદિર મુખ્યત્વે ૩ ભાગમાં વહેંચી શકાય, સૂર્યકુંડ, સભામંડપ અને મુખ્ય મંદિર. ત્રણે ભાગ એક લાઈનમાં પૂર્વ-પશ્ચિમ દિશામાં આવેલા છે. સૌથી પૂર્વમાં સૂર્યકુંડ છે. તે રામકુંડ તરીકે પણ જાણીતો છે. તે એક મોટો લંબચોરસ કુંડ છે. તેમાં ઉતરવા માટે ચારે બાજુ પગથિયાં છે. આ પગથિયાં પરની કોતરણી અદભૂત છે. તે જમાનામાં, કુંડનો ઉપયોગ પાણી ભરવા માટે થતો હતો. સભામંડપમાં ભગવાનની પૂજા કરવા જતા પહેલાં, આ કુંડમાં સ્નાન અને પૂજાવિધિ કરવાની પ્રથા હતી.

કુંડના કિનારે સભામંડપ છે. સભામંડપમાં પ્રવેશ માટે પત્થરના બે થાંભલાનું તોરણ છે. સભામંડપનો ઉપયોગ ધાર્મિક સભાઓ ભરવા માટે થતો હતો. સભામંડપ અષ્ટકોણ આકારનો છે. તે બધી બાજુ ખુલ્લો છે. તેમાં પર થાંભલાઓ છે, જે વર્ષનાં બાવન અઠવાડિયાંનું પ્રતિક છે. થાંભલાઓ પર રામાયણ, મહાભારત અને કૃષ્ણ લીલાના પ્રસંગોની સુંદર કોતરણી કરેલી છે.



સૂર્યમંદિર, મોઢેરા

સભામંડપની પાછળ મુખ્ય મંદિરનો હોલ છે. તેની ફરસ ઉંધા કમળ આકારની છે. તેના ગર્ભગૃહમાં સૂર્ય ભગવાનની મૂર્તિ માટેની જગા છે. જો કે હાલ અહીં પૂજા થતી નથી. કહે છે

કે અહીં સૂર્ય ભગવાનની સોનાની મૂર્તિ હતી, અને તેના પર હીરા લગાડેલા હતા, આ હીરાના ઝળહળાટથી આખા હોલમાં અજવાળું રહેતું હતું, પણ મહમદ ગઝનીએ અહીં ચડાઈ કરી ત્યારે સોનાની મૂર્તિ અને હીરા તે લઇ ગયો. એટલું જ નહિ, મંદિરનાં શિખરો પણ તેણે તોડી નાખ્યાં. આજે આ મંદિરને શિખરો નથી. કલ્પના કરો કે એ જમાનામાં આ મંદિરમાં થતી પૂજા, સંગીત અને નૃત્ય સહિતનો માહોલ કેવો ભવ્ય હશે ! મદિરની રચના એ પ્રકારની હતી કે, દિવસ અને રાત્રિ સરખી લંબાઈનાં થાય એ દિવસો એટલે કે ૨૧ માર્ચ અને ૨૧ સપ્ટેમ્બરે સવારે સૂર્યનું પહેલું કિરણ ભગવાનની મૂર્તિ પર પડે. એ વખતના આપણા દેશના લોકોને પૃથ્વીના ભ્રમણનું આ બધું જ્ઞાન હતું, અને એ પ્રકારનું બાંધકામ કરતાં પણ આવડતું હતું ! મંદિરની બહારની દિવાલો પરનું સ્થાપત્ય તો ખૂબ જ કલાત્મક છે. એમાં દર્શાવેલા પ્રસંગો, એ જમાનાની ધાર્મિક અને સામાજિક જીવન પધ્ધતિનું નિરૂપણ કરે છે. દેશવિદેશના લોકો આ સ્થાપત્યો જોઇને દંગ રહી જાય છે.

મદિરની આજુબાજુ વિશાળ બગીચો તથા લોન બનાવી છે. કાફેટેરિયા, મ્યુઝીયમ, ચિત્ર પ્રદર્શન અને લાયબ્રેરી પણ છે. માહોલ બહુ જ સરસ લાગે છે. દરરોજ સેંકડો લોકો આ મંદિર જોવા આવે છે, અને મંદિર તથા અહીંનું વાતાવરણ જોઇને ખુશ થઇ જાય છે.

મોઢેરાના આ મંદિરની નિશ્રામાં, જૂના ભવ્ય વારસાની સ્મૃતિમાં, દર વર્ષે જાન્યુઆરી મહિનામાં ઉત્તરાયણ પછી ત્રણ દિવસનો સંગીત અને નૃત્યનો જલસો ગોઠવાય છે. જાણીતા ભારતીય કલાકારો એમાં ભાગ લે છે. મંદિર પર તથા આજુબાજુ ભવ્ય રોશની કરાય છે. આ કાર્યક્રમ પ્રેક્ષકોને સોલંકી યુગના જમાનાની યાદ અપાવી જાય છે. ગુજરાત સરકારનું પ્રવાસન ખાતું આ કાર્યક્રમ ગોઠવે છે. આ મંદિર અત્યારે ભારતીય પુરાતત્વ ખાતાની દેખરેખ હેઠળ છે.

મોઢેશ્વરી માતા મંદિર : મોઢેશ્વરી માતાનું પ્રખ્યાત મંદિર મોઢેરામાં આવેલું છે. મોઢ વણિક, મોઢ બ્રાહ્મણ, મોઢ પટેલ એમ સમસ્ત મોઢ સમાજની આ કુળદેવી છે. મોઢેશ્વરી માતા એ દેવી પાર્વતી કે દુર્ગાનું સ્વરૂપ છે. દૈત્યોનો નાશ કરવા માતાએ જન્મ ધર્યો છે. માતાને અઢાર હાથ છે અને દરેક હાથમાં આયુધો જેવાં કે ત્રિશુલ, ખડગ, તલવાર, શંખ, ગદા, કમંડળ વગેરે ધારણ કર્યાં છે. મોઢેશ્વરી માતાને માતંગી માતા પણ કહે છે.

અહીં રોજ સેંકડો લોકો દર્શને આવે છે, માતાજીને નૈવેદ્ય ધરાવે છે. મોઢ સમાજના ઘણા લોકો, આ મંદિરમાં લગ્ન અને અન્ય પ્રસંગો ઉજવે છે, અને માતાજીના આશીર્વાદ મેળવે છે. જ્ઞાતિના મેળાવડા પણ અહીં યોજાય છે. મંદિરમાં રહેવાજમવાની સુવિધા છે. મંદિરમાં યજ્ઞ માટે યજ્ઞમંડપ છે. દર વર્ષે મહા સુદ તેરસના દિવસે અહીં માતાજીનો પાટોત્સવ યોજાય છે.

બહુચરાજી: મોઢેરાથી ૧૫ કી.મી. દૂર આવેલું બહુચરાજી એક પવિત્ર ધાર્મિક સ્થળ છે. અહીં બહુચર માતાનું પ્રખ્યાત મંદિર આવેલું છે. ગુજરાતમાં ત્રણ શક્તિપીઠોની પૂજા કરાય

છે, બહુચર માતા તેમાંની એક છે. બીજી બે શક્તિપીઠો અંબાજીનાં અંબા માતા અને પાવાગઢનાં મહાકાળી માતા છે. શ્રી બહુચર મા શ્રીબાલા ત્રિપુરસુંદરી તરીકે પૂજાય છે.

સંખ્યાબંધ લોકો રોજ બહુચર માતાનાં દર્શને આવે છે. ગુજરાતની ઘણી જ્ઞાતિઓની તે કુળદેવી છે. ઘણા ભક્તો બાળકની પ્રાપ્તિ માટે અને ઘણા બાળકની સુખાકારી માટે બહુચર માને શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરે છે. ઘણા લોકો બાળકની ચૌલ ક્રિયા (મુંડન વિધિ) પણ આ સ્થળે કરે છે. હીજડાઓ બહુચર માને માતાજી તરીકે પૂજે છે.



બહુચરાજી મંદિર

બહુચરાજીમાં દર પૂનમની રાતે બહુચર માનો વરઘોડો નીકળે છે. અહીં નવરાત્રિ ધામધૂમથી ઉજવાય છે. બહુચર માતા મંદિરના સંકુલમાં અન્ય મંદિરો પણ છે. ભક્ત કવિ વલ્લભ ભટ્ટે આદ્ય શક્તિ બહુચર માનાં ગુણગાન ગાતો આનંદનો ગરબો રચ્યો છે. કહે છે કે બહુચર માએ ઘણા ચમત્કારો બતાવ્યા છે. બહુચરાજીનું અંબાજી અને પાવાગઢ જેટલું જ મહત્વ છે. બહુચરાજીથી ૩૦ કી.મી. દૂર જૈનોનું પવિત્ર ધામ શંખેશ્વર આવેલું છે.

વડનગર: તમારે જૂના જમાનાનાં સ્થાપત્યોના થોડા અંશ જોવા હોય તો વડનગર પહોંચી જવું જોઈએ. આ નગર મહેસાણા જીલ્લામાં મહેસાણાથી ૩૦ કી.મી. દૂર ઉત્તરમાં આવેલું છે. વડનગરમાં હાટકેશ્વર મહાદેવનું મંદિર, તાના-રીરીની સમાધિ, કીર્તિતોરણ, શર્મિષ્ઠા તળાવ, શામળશાની ચોરી વગેરે જોવાલાયક જગાઓ છે.

હાટકેશ્વર મહાદેવ નદીઓળ દરવાજાની બહાર આવેલું છે. આ બહુ જ જાણીતું મંદિર છે. પથ્થરોનું બનેલું આ મંદિર આશરે ૫૦૦ વર્ષ જૂનું છે. મંદિરના મુખ્ય પ્રવેશદ્વારમાં દાખલ થયા પછી ચોક આવે છે. ચોકમાંથી ભવ્ય કોતરકામવાળી કમાનોમાં થઈને અંદર સભાગૃહમાં જવાય છે. અહીં પણ છત અને ઘુમ્મટના અંદરના ભાગનું સ્થાપત્ય આપણું તરત જ ધ્યાન

ખેંચે છે. અંદર ગર્ભગૃહમાં બિરાજેલ શીવ ભગવાનનાં દર્શન કરીને મન પ્રસન્નતા અનુભવે છે. મંદિરની બહારની દિવાલો પર દેવદેવીઓ અને પ્રસંગોની કલાત્મક કોતરણી બેજોડ છે. મંદિરની આજુબાજુના ચોકમાં પણ શીવજીનાં નાનાંમોટાં અનેક મંદિરો છે. આ બધાનાં દર્શન કરીને મન ભક્તિમય બની જાય છે.



હાટકેશ્વર મહાદેવ, વડનગર



કીર્તિતોરણ

તાના-રીરીની સમાધિ, ગામને છેડે આવેલા એક સુંદર શાંત બગીચામાં આવેલી છે. તાના અને રીરી બે નાગર બહેનો હતી. સંગીત અને ગાવામાં તેઓ નિષ્ણાત હતી. સમય અને સ્થળને અનુરૂપ, ભારતીય સંગીતના વિવિધ રાગ ગાઈને તે રાગને અનુરૂપ વાતવરણ ઉભુ કરવામાં તેઓ કુશળ હતી. કહે છે કે દિલ્હીના સમ્રાટ અકબર બાદશાહનો મહાન સંગીતકાર તાનસેન એક વાર દીપક રાગ ગાઈને ગરમી અને દાહથી પીડાઈ રહ્યો હતો, તેના દાહનું શમન કોઈ કરી શક્યું નહિ. પછી તે વડનગર બાજુ આવ્યો, ત્યારે તાના અને રીરીએ મેઘમલ્હાર રાગ ગાઈને તેની બળતરાનું શમન કર્યું હતું. આ સમાધિ આગળ દર વર્ષે સંગીત મેળાનું આયોજન થાય છે.

શર્મિષ્ઠા તળાવ એ વડનગરમાં એક ફરવા જેવી જગા છે. તળાવને કિનારે બગીચા, નાનાં બાળકો માટે મનોરંજનનાં સાધનો, બોટીંગ અને ખાણીપીણીની સુવિધા છે.

આ તળાવને કિનારે પુષ્ટિ સંપ્રદાયના ગુરુ શ્રીગુસાંઈજીની બેઠક છે. શ્રીગુસાંઈજી પોતે અહીં પધાર્યા હોવાના પુરાવા મળી આવ્યા છે. વૈષ્ણવો આ બેઠકજીનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે.

બેઠકજીની નજીક જ કીર્તિતોરણ છે. વડનગરનું જૂના જમાનાનું આ પ્રવેશદ્વાર છે. બે મોટા ઉંચા કલાત્મક થાંભલા ઉપર આડી કમાન ધરાવતું આ તોરણ સ્થાપત્યનો એક સુંદર નમૂનો છે. થાંભલા પર મૂર્તિઓની કોતરણી ખૂબ જ કલાકારીગરીવાળી છે. આ સ્થાપત્ય ગુજરાત માટે ગૌરવ સમાન છે. બાજુમાં જ આવું બીજું તોરણ છે. તળાવને કિનારે શામળશાની ચોરી પણ જોવા જેવી છે.

વડનગરમાં આ બધુ જોતાં સહેજે બે કલાક જેટલો સમય લાગે છે. આ બધી જગાઓનો દેખાવ અને માહોલ થોડો સુધારીને આકર્ષક બનાવવામાં આવે અને તે તરફ જતા રસ્તાઓ સારા બનાવી દેવાય તો ઘણા ટુરિસ્ટો અહીં આવતા થાય.

જૈન દેરાસર, તારંગા: અરવલ્લીની પર્વતમાળામાં તારંગા ટેકરી પર જૈનોનું પ્રખ્યાત દેરાસર આવેલું છે. તારંગા જવા માટે, મહેસાણાથી વડનગર થઈને અંબાજી તરફના રસ્તે જવાનું. ખેરાલુ અને સતલાસણા ગામ વચ્ચે, ટીંબા ગામ આગળથી સાઈડના રસ્તે વળી જવાનું. ટીંબાથી આઠેક કી.મી.નું અંતર કાપીને તારંગા હીલ પરના જૈન દેરાસર પહોંચાય છે.

આ જૈન મંદિર સોલંકી રાજા કુમારપાળે આચાર્ય હેમચંદ્રના માર્ગદર્શન હેઠળ ઈ.સ. ૧૧૨૧માં બંધાવ્યું હતું. મુખ્ય મંદિરમાં વચ્ચે બીજા તીર્થંકર શ્રી અજીતનાથ ભગવાનની આરસની મોટી મૂર્તિ છે. મંદિર ૫૩ મીટરની ઉંચાઈ ધરાવે છે. મંદિરની બાજુમાં એક નાનું તળાવ છે.

મંદિરની જમણી બાજુ ઋષભદેવ અને બીજા તીર્થંકરોનાં પગલાં છે. ડાબી બાજુએ ગૌમુખ, સમાવરસના અને જંબુદ્વિપનાં ચિત્રોનાં મંદિરો છે. અહીં શ્વેતાંબર જૈનોનાં ૧૫ જેટલાં મંદિરો છે. દિગંબર જૈનોનાં મંદિરો પણ છે. કારતક અને ચૈત્રી પૂનમે અહીં ઘણા લોકો આવે છે. તારંગા એ જૈનોનું સિદ્ધક્ષેત્ર કહેવાય છે.

તારંગાની ટેકરીઓ પરથી આજુબાજુનું દ્રશ્ય બહુ જ સરસ દેખાય છે. અહીંથી સાબરમતી નદી પરના ધરોઈ ડેમનું રીઝર્વોયર પણ દેખાય છે. તારંગા, અમદાવાદથી આશરે ૧૫૦ કી.મી., મહેસાણાથી ૭૬ કી.મી. અને વડનગરથી ૫૦ કી.મી. દૂર છે.



જૈન દેરાસર, તારંગા

ધરોઈ ડેમ: ધરોઈ ડેમ, ધરોઈ ગામ આગળ સાબરમતી નદી પર બાંધેલો છે. આ ડેમ ૧૯૭૮માં બંધાયો હતો. ખેરાલુથી અંબાજી જતાં વચ્ચે સતલાસણા ગામ આવે છે. આ ગામથી ધરોઈ ડેમ ૮ કી.મી. દૂર છે. ડેમ આગળ સલામતી ચેકીંગ પોઈન્ટ છે. ત્યાં નામઠામ નોંધાવીને ડેમ તરફ જવાય છે. ડેમ આગળ ઉભા રહી એક બાજુ પાણી ભરેલું સરોવર દેખાય છે અને બીજી બાજુ આગળ વહેતી નદી દેખાય છે. કિનારે ઉભા રહી ડેમનું દ્રશ્ય જોવાની મજા આવે છે. ડેમના નીચવાસમાં પીકનીક મનાવી શકાય એવી જગા છે. અહીંનો શાંત, સુંદર માહોલ મનને આનંદિત કરી દે છે.

ડેમ પર રસ્તો છે, પણ ખાસ મંજૂરી વગર તેના પર જવા દેતા નથી. ડેમમાંથી નહેરો કાઢેલી છે. આ ડેમમાંથી આજુબાજુનાં ખેરાલુ, વડનગર તથા અન્ય ગામોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. ડેમના પાણીથી વીજળી પણ પેદા કરાય છે.

ઉમિયા માતા મંદિર, ઉંઝા: ઉંઝા નગરમાં આવેલું ઉમિયા માતાનું મંદિર દેશપરદેશમાં જાણીતું છે. ઉમિયા માતા એ કડવા પાટીદારોની કુળદેવી છે. આ મંદિર આમ તો ૧૨૦૦ વર્ષ જેટલું જૂનું છે, પણ સોએક વર્ષ પહેલાં તે ગામલોકોના સહકારથી ફરીથી બંધાયું છે. ભક્તો ઉપર માતાજીની કૃપા નિરંતર વરસતી રહે છે. લોકો કહે છે કે ઉંઝા ગામની સમૃદ્ધિ ઉમિયામાતાની કૃપાને લીધે જ છે.



ધરોઈ ડેમ



ઉમિયા માતા મંદિર, ઉંઝા

ગામની વચ્ચે આવેલા આ મંદિરે દરરોજ હજારો ભક્તો દર્શને આવે છે. દર વર્ષે વૈશાખ સુદ પૂનમના દિવસે ઉમિયા માતાની ભવ્ય નગરયાત્રા નીકળે છે. આખું ગામ આ યાત્રામાં જોડાય છે. ઉંઝા અમદાવાદથી ૧૦૦ કી.મી. અને મહેસાણાથી ૨૫ કી.મી. દૂર છે.

થોળ સરોવર: કલોલની નજીક થોળ ગામમાં એક મોટું સરોવર આવેલું છે. આ સરોવર માનવનિર્મિત કૃત્રિમ સરોવર છે, તે ખેતી માટે પાણી પૂરું પાડવાના હેતુથી ૧૯૧૨માં, નીચાણવાળા ભાગમાં પાળા બાંધીને બનાવાયું હતું. તેમાં ડૂબમાં ગયેલા ઝાડ પણ ક્યાંક દેખાય છે. વચ્ચે ટાપુ પણ છે, અને તે ઝાડોથી ભરપુર છે. સરોવરની આજુબાજુ ઝાડપાન ખૂબ જ છે. સરોવરની નજીકની ભીનાશવળી જગામાં અને પાણીની સપાટી પર ક્યાંક છોડ ઉગી નીકળે છે. થોળ, અમદાવાદથી ઓઘણજ-વડસરના રસ્તે ૩૦ કી.મી. દૂર છે.



થોળ સરોવર

આ સરોવર ૧૯૮૮થી ‘થોળ પક્ષી અભ્યારણ્ય’ જાહેર કરાયું છે. શિયાળામાં દેશવિદેશથી ઘણાં પક્ષીઓ અહીં આવી પહોંચે છે. તે વખતે અહીંનું દ્રશ્ય બહુ જ સુંદર હોય છે. ઘણા પક્ષીચાહકો શિયાળામાં આ પક્ષીઓ જોવા અહીં અડ્ડો જમાવે છે. સરોવરના કિનારે પક્ષીઓનાં ચિત્રો અને તેમને લગતી માહિતી મૂકેલી છે. અહીં આવતાં આશરે ૧૪૦ જાતનાં

પક્ષીઓમાં ફ્લેમીંગો, સારસ અને બગલા મુખ્ય છે. આ પક્ષીઓ અહીં ઝાડો પર માળા બાંધે છે અને બચ્ચાંને ઉછેરે છે. રંગબેરંગી પક્ષીઓ જયારે આ ઝાડોમાં બેસીને કલરવ કરતાં હોય ત્યારે એ દ્રશ્ય કેટલું અદભૂત લાગે ! અહીં પક્ષીઓને કોઈ તકલીફ ના પડે તેની ખાસ કાળજી કરવામાં આવે છે.

થોળ સરોવરનું પાણી બહુ ઉંડું નથી. સરોવરનો કિનારો લગભગ ૬ કી.મી લાંબો છે. કિનારા પર આરામથી ફરી શકાય છે. અહીં બેસીને સરોવરનાં પાણીને નીરખવાની મજા આવે છે. કિનારે સરસ ગ્રીનરી કરવામાં આવી છે.

સરોવર આગળ પાર્કીંગની સરસ વ્યવસ્થા છે. વાહન પાર્ક કરીને પગથિયાં ચડીને કિનારા પર જવાય છે. થોળ, કલોલથી ૨૧ કી.મી. અને સાણંદથી ૩૦ કી.મી. દૂર છે.

શંકુ વોટર પાર્ક: વોટર પાર્ક એટલે પાણીની રમતો અને રાઇડ્સ દ્વારા મનોરંજન મળે એવી નગરી. શંકુ વોટર પાર્ક, અમદાવાદથી મહેસાણા જવાના રસ્તે, મહેસાણા પંદરેક કી.મી. બાકી રહે, ત્યાં આગળ છે. અહીં પાણીના ઉપયોગ વડે રચાતી ઘણી ક્રેઝી રાઇડ્સ છે, જેવી કે ઝીપ-ઝેપ-ઝૂમ, વોટરપૂલ, એકવા શટલ, વેટ ડિસ્કો, લેઝી રીવર વગેરે. બાળકો માટે એક જુદો વિભાગ છે. ખાણીપીણી માટે રેસ્ટોરન્ટ છે. રમવા માટે ઘણી સ્પોર્ટ્સ ઉપલબ્ધ છે, હેલ્થ ક્લબ છે, પાર્કમાં રહેવા માટે કોટેજો છે, પાર્કની આગળ સુંદર ગાર્ડન છે.

૪. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના દર્શને

ગળતેશ્વર મહાદેવ, પ્રાંતિજ: પ્રાંતિજમાં સાબરમતી નદીના કિનારે પ્રખ્યાત ગળતેશ્વર મહાદેવ આવેલું છે. અમદાવાદથી નરોડા થઈને હિંમતનગર તરફના રસ્તે પ્રાંતિજ ૪૮ કી.મી. દૂર છે. પ્રાંતિજ આવવાના ત્રણેક કી.મી. બાકી રહે ત્યારે ડાબી તરફ વળી જવાનું. આ રસ્તે પાંચેક કી.મી. જાવ એટલે ગળતેશ્વર મહાદેવ આવે. મંદિર બિલકુલ સાબરમતી નદીના કિનારે છે. મંદિર પ્રમાણમાં નાનું છે, પણ ગુજરાતમાં શંકર ભગવાનનું આ પ્રખ્યાત મંદિર છે. મંદિરનું પ્રવેશદ્વાર નદી તરફ છે. મંદિરના પ્રાંગણમાં બેસવાની મજા આવે છે. શીવજીનાં દર્શન કરવાનો આનંદ આવે છે. વારતહેવારે અહીં બહુ જ લોકો ઉમટતા હોય છે. મેળો ભરાયો હોય એવું લાગે. અવારનવાર હોમહવન પણ થતાં હોય છે.

મંદિરના આંગણામાંથી સાબરમતી નદી દેખાય છે. મંદિરથી નદી ઘણી નીચે છે એટલે નદીનો ઘણે દૂર સુધીનો ભાગ અહીંથી દેખાય છે. નદીનો વિશાળ પટ બહુ જ સરસ લાગે છે. મંદિરની પાછળ નદીમાં ઉતરવા માટે પચાસેક પગથિયાં છે. પગથિયાં ઉતર્યા પછી નીચે ગીચ જંગલઝાડી છે. બેસવા માટે બે બાંકડા છે. પછી ધૂળીયો ઢાળ ઉતરીને નદીમાં પહોંચાય છે. નદીની રેતીમાં થોડું ચાલીને પાણી સુધી જવાય છે. નહાવાય એવું છે. મંદિર આગળ કોઈ દુકાન નથી, કોઈ વસ્તુ મળે નહિ, પણ રહેવાની થોડી વ્યવસ્થા છે.



ગળતેશ્વર મહાદેવ, પ્રાંતિજ



બેરણા પ્રકૃતિ મંદિર

બેરણા પ્રકૃતિ મંદિર: હિંમતનગરથી શામળાજીના રસ્તે ૭ કી.મી. ગયા પછી ડાબી બાજુએ એક ફાંટો પડે છે, આ ફાંટામાં ૨ કી.મી. જેટલું ગયા પછી બેરણા ગામ આવે છે. આ ગામને છેડે બેરણા પ્રકૃતિ મંદિર નામનું એક સ્થળ વિકસાવવામાં આવ્યું છે. બહુ જ સરસ જગા છે. અહીં કંટાળેશ્વર હનુમાનજીનું ભવ્ય મંદિર છે. આ મૂર્તિ ૭૦૦ વર્ષ જૂની છે. સાંજે આરતી વખતે અહીં ઘણા લોકો દર્શને આવે છે. આ ઉપરાંત, અહીં એક શીવમંદિર, વેદમાતા ગાયત્રી, સહસ્ત્રલીંગ શીવજીની પ્રતિમા, વૈકુંઠધામ અને ટેકરી પર બિરાજમાન સાંઈબાબાની વિશાળ મૂર્તિઓ છે. તેઓનાં દર્શન કરીને મન પ્રસન્ન થઇ જાય છે. આ જગા પક્ષીઓ, વૃક્ષો,

ચોતરા, કમળતળાવ વગેરેથી ખૂબ જ શોભે છે. અહીં રહેવા જમવાની સરસ વ્યવસ્થા છે. એક દિવસની પીકનીકનો પ્રોગ્રામ કરીને અહીં આવવા જેવું છે.

રોડા મંદિરો: રોડા ગામ હિંમતનગરથી ૧૪ કિ.મી. દૂર આવેલું છે. આ વિસ્તારમાં ૧૨૪ જેટલાં મંદિરો હતાં. તેમાંથી થોડાં મંદિરોના અવશેષો અત્યારે જોવા મળે છે. ભારતનું એકમાત્ર પક્ષી મંદિર અહીં આવેલું છે. આ મંદિરના સ્તંભો, દરવાજા તેમજ દિવાલો ઉપર પક્ષીઓનાં ચિત્રો ઉપસાવેલાં જોવા મળે છે. મંદિરમાં કોઇ દેવી-દેવતાની મૂર્તિ નથી. પક્ષી મંદિરની અડોઅડ શીવજીનું મંદિર છે. આસપાસ અન્ય પ્રાચીન મંદિરો છે.

અહીથી થોડા અંતરે વિષ્ણુ અને શીવ મંદિર આવેલાં છે. આ મંદિરોના આગળના ભાગે કુંડ છે. કુંડની અંદર ચારે ખૂણે મંદિરો છે. એમાં એક ખૂણે વિષ્ણુની મૂર્તિ, બીજા ખૂણે માતાજીની મૂર્તિઓ, ત્રીજા ખૂણે ગણપતિની મૂર્તિ અને ચોથા ખૂણે લાડુચીમાતાની મૂર્તિ છે. અહીંથી થોડે દૂર નવ ગ્રહ મંદિર છે.

અહીંનાં મંદિરોના બાંધકામની વિશિષ્ટતા એ છે કે ચણતરમાં ચૂનો કે સાંધા જોડવા માટે બીજી કોઈ વસ્તુનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. માત્ર બાંધકામને અનુરૂપ પત્થરને ઘડીને ગોઠવ્યા છે. રોડા સુધીના રસ્તામાં છેલ્લા એક કી.મી.નો રસ્તો કાચો છે, પણ ગાડી છેક મંદિર સુધી જઈ શકે છે.

સપ્તેશ્વર મહાદેવ: હિંમતનગરથી ઇડર જવાના રસ્તે, વચ્ચે ડાબી બાજુ સપ્તેશ્વર મહાદેવ જવાનો ફાંટો પડે છે. અહીંથી તે ૨૩ કી.મી. દૂર છે.



સપ્તેશ્વર મહાદેવ

સપ્તેશ્વર મહાદેવ, સાબરમતી નદીને કિનારે, ડેભોલ અને સાબરમતીના સંગમ આગળ આવેલું છે. શીવજીનાં દર્શન કરી મન આનંદ અનુભવે છે. કહે છે કે સાત ઋષિઓએ અહીં

ભેગા મળીને તપશ્ચર્યા કરી હતી. આ મંદિર આગળ, કુદરતી રીતે જ પાણીની ધારા ફૂટે છે અને પાણી કુંડમાં ભેગુ થાય છે. કુંડમાં સ્નાન કરવાનો મહિમા છે. સાબરમતીના પટમાં રખડવાની મજા આવે એવું છે. મંદિર આગળ ખાણીપીણીની દુકાનો લાગેલી છે. રહેવાની પણ વ્યવસ્થા છે.

ઈડરિયો ગઢ: ઇડર શહેરને છેવાડે અરવલ્લીની પર્વતમાળામાં આવેલો ડુંગર ઈડરિયા ગઢ તરીકે ઓળખાય છે. મુગલ બાદશાહનાં આક્રમણો સામે આ ગઢને ટકાવી રાખવાનું કામ બહુ જ અઘરું લાગતું હતું. આથી તો આજે પણ જયારે અઘરું લાગતું કામ પાર પડે ત્યારે ‘ઈડરિયો ગઢ’ જીત્યા એવું કહેવાય છે. ગુજરાતમાં જયારે લાડીને પરણીને ઘેર લાવીએ ત્યારે પણ ઈડરિયો ગઢ જીત્યા, એવું કહેવાની પ્રથા છે. એક લગ્નગીત પણ બન્યું છે, ‘અમે ઈડરિયો ગઢ જીત્યા રે આનંદ ભયો.’ ઇડરને ઈલ્વાદુર્ગ પણ કહે છે.



ઈડરિયો ગઢ

ઈડરિયા ગઢ પર ઘણાં સ્મારકો અને મંદિરો છે. આ ડુંગરની લગભગ અડધી ઉંચાઇ પર, ડુંગરની તળેટીમાં મહારાજા દોલતસિંહે ૧૯૨૨માં મહેલ બંધાવ્યો છે. આશરે ૭૦૦ પગથિયાં ચડીને અહીં પહોંચાય છે. પગથિયાંમાં થોડી તૂટફૂટ થઇ છે, રીપેરીંગની જરૂર છે. મહેલની નજીક એક ઉંડું તળાવ છે. મહેલથી થોડે ઉંચે ચડ્યા પછી ખડકોનું બનેલું સપાટ મેદાન આવે છે.

મહેલ આગળથી ઉપર ડુંગરની બે ટૂંકો દેખાય છે. બંને ટૂંક પર એક એક મકાન બાંધેલું જણાય છે. ડાબી ટૂંક પરનું મકાન રણમલની ચોકી તરીકે જાણીતું છે. અહીં એક અધૂરું છોડેલું જૈન મંદિર છે. જમણી બાજુની ટૂંક પર રૂઠી રાણીનો મહેલ છે. આ ટૂંકો સુધી ચડવાનું અઘરું છે. અહીં ખડકો ઘસાઈને લીસા થઇ ગયા છે, ઘણો ભાગ ઢસડાઈને તૂટી ગયો છે. ઈડરિયા ગઢ પર આ ઉપરાંત, વજ્ર માતાની ગુફા, ખોખાનાથ મહાદેવ મંદિર, મહાકાળી માતાનું મંદિર વગેરે આવેલાં છે.

ઇડર શહેર હિંમતનગરથી 30 કી.મી. દૂર છે. જાણીતા કવિ ઉમાશંકર જોશી તથા ગુજરાતી ફિલ્મોના હીરો ઉપેન્દ્ર ત્રિવેદી અને અરવિંદ ત્રિવેદી ઇડરના વતની છે.

રાજચંદ્ર વિહાર: રાજચંદ્ર વિહાર ઇડરથી ૩ કી.મી.ના અંતરે ઘંટિયા પહાડ ઉપર આવેલો છે. જાણે કે હીલ સ્ટેશન હોય એવું લાગે છે. અહીંનું વાતાવરણ એકદમ શાંત અને રમણીય છે. ઉપર ચડવા માટે પગથિયાંની વ્યવસ્થા છે. થોડા થોડા અંતરે શ્રીમદ રાજચંદ્રના સુવિચારોની તકતી મુકેલી છે, તે વાંચતા વાંચતા ક્યારે ઉપર ચઢી જવાય તેની ખબર જ ના પડે. પગથિયાં ચઢતાં ચઢતાં પોતાને એક શુધ્ધતાનો અનુભવ થતો હોય એવું લાગે છે. ધ્યાન માટે આ શ્રેષ્ઠ સ્થળ છે.

એવું કહેવાય છે કે શ્રીમદ રાજચંદ્ર સાધના માટે અહીં રોકાયા હતા. ધ્યાન મંદિરમાં સિદ્ધશીલા છે, રાજચંદ્ર ત્યાં બેસીને સાધના કરતા હતા. રાજચંદ્ર ગાંધીજીના આધ્યામિક ગુરુ હતા.

રાજચંદ્ર વિહારમાં તમે સવારે ઉગતા સૂરજને અને સાંજે આથમતા સૂરજને માણી શકો છો. અહીંથી આજુબાજુનાં દ્રશ્યો ખૂબ જ આલ્હાદક લાગે છે. મંદિરની સામે ઉંચી ટેકરી ઉપર ચંદ્રપ્રભુની ડેરી છે, ત્યાં ટ્રેકીંગ કરવાની મજા આવે તેવું છે.

વીરેશ્વર મહાદેવ: ઈડરથી વિજયનગરના રસ્તે ૨૪ કી.મી. પછી વીરેશ્વર મહાદેવ આવે છે. અહીં અરવલ્લીનાં જંગલો વચ્ચે એક ટેકરી પર વીરેશ્વર મહાદેવ બિરાજ્યા છે. મંદિર નાનું છતાં સરસ છે. બાજુમાં નરસિંહ ભગવાનનું મંદિર છે. પાછળ એક ઝરણું છે. વરસાદની ઋતુમાં આ ઝરણામાં પાણી વહેતું હોય ત્યારે આ જગા ખૂબ જ સુંદર લાગે. વીરેશ્વર મહાદેવની બાજુમાં એક આંબાના ઝાડ નીચે આંબાવાળા હનુમાનજીનું મંદિર છે. પાછળ, રહેવા માટે રૂમો બાંધેલી છે, તથા રસોઈઘર છે. અહીં એક બે દિવસ રહેવાનો પ્રોગ્રામ કરીને આવો તો પણ મઝા આવે. વચ્ચેની ખુલ્લી જગામાં એક ફુવારો છે. રસોઈઘરની બાજુમાં અખંડ ધૂણો છે તથા તેની બાજુમાં ગૌમુખમાંથી સતત પાણી વહે છે. અહીં આવતા દર્શનાર્થીઓને મંદિર તરફથી ચા પીવડાવવાની પ્રથા છે. જમવાના સમયે અન્નઘરમાં જમવાની પણ વ્યવસ્થા છે.

આ મંદિર સંકુલની પાછળ, ઉપર આવેલાં જંગલોમાં ગુપ્તગંગા નામનું સ્થળ છે. અહીં ડુંગરમાંથી કુદરતી રીતે જ પાણીની સરવાણી ફૂટે છે અને શુદ્ધ નિર્મળ જળ નીચે મંદિર તરફ વહે છે. ખૂબ જ સુંદર જગા છે. વીરેશ્વર મંદિરની બાજુનાં પગથિયાં ચડીને, દસેક મિનિટમાં ગુપ્તગંગા આગળ પહોંચી જવાય છે. આ સ્થળે ગીચ ઝાડીમાં પથરાયેલા પથ્થરો પર બેસી કુદરતી નઝારો માણવાનું મન થઇ જાય છે. અહીંથી જંગલોમાં ટેકરીઓ પર હજુ દૂર જવું હોય તો જઈ શકાય છે અને ટ્રેકીંગની મઝા લઇ શકાય છે.



વીરેશ્વર મહાદેવ

પોળોનાં મંદિરો: પાંચસોથી હજાર વર્ષ પહેલાંના સમયગાળામાં ગુજરાતના વિજયનગર ગામની નજીક પોળો નામની નગરી વસેલી હતી. એ જમાનામાં અહીં આશરે 300 જેટલાં જૈન અને શીવ મંદિરો બન્યાં હતાં. આજે આ મંદિરોના અવશેષો અહીં જોવા મળે છે. ઇડરથી વિજયનગર તરફ જતાં 'Polo Retreat'ના બોર્ડ પછી મંદિરો શરુ થાય છે. સરકારે આ ખંડેર મંદિરોની ઓળખ માટે દરેક મંદિર આગળ બોર્ડ મારેલું છે તથા બોર્ડમાં તે મંદિરનું નામ અને તે ક્યારે બન્યું તેની આશરે તવારીખ લખેલી છે. મંદિરો છૂટાંછવાયાં છે, એટલે બધું જોવું હોય તો ચાલવું ઘણું પડે અને દિવસો વધુ લાગે.



શરણેશ્વર મહાદેવ



શીવ મંદિર, અભાપુર

પહેલાં અભાપુર ગામ આવે છે. અહીં શરણેશ્વર અને બીજાં મંદિરો છે. શરણેશ્વર મંદિર પથ્થરોનું બનેલું છે, તૂટીફૂટી હાલતમાં છે છતાં ઘણું સરસ લાગે છે.

સહેજ આગળ, પોળોનાં મંદિર જોવા આવનાર માટે, એક મોટી ઓફીસ બનાવેલ છે. અહીં સ્વાગત કક્ષમાં, મંદિરોનો ઇતિહાસ, રચના, મંદિરોનું સ્થાન વગેરેને લગતી માહિતી મળી શકે છે. ઓફીસના ગેટ આગળ, જૂના જમાનાની પથ્થરોની બે મોટી છત્રીઓ છે. એવું લાગે છે કે દસેક કિલોમીટરના પટ્ટામાં પથરાયેલા પોળોના મંદિરોની લગભગ વચ્ચેના ભાગે આ ઓફીસ

બનાવેલ છે. ઓફીસથી સહેજ આગળ જતાં, 'પોળો જૈન મંદિરો' નું બોર્ડ છે. અહીં, 'શીવ મંદિર કુંડ', 'લાખેણા મંદિર સમૂહ', 'જૈન મંદિર-૧,અભાપુર' એવાં બોર્ડની જોડે, કુંડ અને તૂટેલું મંદિર છે. મંદિર સુધી જવા માટે રસ્તો બાંધેલો છે, પણ સફાઈ થતી હોય એવું લાગતું નથી. પૂજારી નથી, બીજી કોઈ વસ્તી નથી. ફક્ત પ્રવાસીઓ આવે છે અને મંદિર જોઈને જતા રહે છે. અહીં કોઈ ચાપાણીની દુકાન પણ નથી. આ જગા જો સાફ કરીને વિકસાવવામાં આવે અને ખાવાપીવા તથા રહેવાની સગવડ ઉભી કરવામાં આવે તો કેટલા બધા લોકો અહીં ફરવા માટે આવે ! નદી, જંગલ અને મંદિરોવાળી આ જગા એટલી સરસ છે કે પ્રકૃતિપ્રેમી લોકોને તો ખૂબ જ ગમે. એક ટુરીસ્ટ સ્થળ ઉભું થાય અને આવક પણ ઉભી કરી શકાય. જયારે આ મંદિરો બન્યાં હશે ત્યારે અહીં કેટલા બધા લોકો રહેતા હશે ! અને આ સ્થળ કેવી જાહોજલાલી ધરાવતું હશે તેની કલ્પના સહેજે થઇ જાય છે.

મૂળ રસ્તે આગળ જતાં બીજા ૨ કી.મી. જેટલું ગયા પછી વનાજ ગામ આગળ હરણાવ નદી પર ડેમ બાંધેલો છે. પોળોનાં બધાં મંદિરો જોવાં હોય તો દિવસો સુધી હરણાવને કિનારે જંગલો ખૂંદવાં પડે. થાકી જવાય, પણ જોવા જેવાં તો છે જ.

પોળો કેમ્પ સાઈટ: આ કેમ્પ સાઈટ, પોળોનાં મંદિરો અને જંગલોની વચ્ચે હરણાવ નદીને કિનારે આવેલી છે. અહીં રહેવા માટે રૂમો તથા તંબૂની સગવડ છે. અહીં ગેસ્ટ હાઉસ, કીચન અને ડાયનીંગ રૂમ છે. જમવાની વ્યવસ્થા સારી છે. જંગલ ખાતાએ અહીંયાં પ્રાકૃતિક શિક્ષણ કેન્દ્ર ખોલ્યું છે. અહીં જંગલી પ્રાણીઓની જિંદગીને લગતું શિક્ષણ અપાય છે, તથા સેમિનારો યોજાય છે. અહીંથી આજુબાજુનાં પોળોનાં મંદિરો લાખેણા મંદિર, શરણેશ્વર, જૈન દેરાસર વગેરે જોવા જઇ શકાય છે. ગાઈડ પણ મળે છે. રાતે ખુલ્લા આકાશમાં તારાદર્શન કરી શકાય છે. હરણાવ નદી પરનો વનાજ ડેમ અહીંથી નજીક છે. આજુબાજુના જંગલમાં ટ્રેકીંગ કરવાની મજા આવે છે. ઈતિહાસ અને પ્રકૃતિના ચાહકોને તો આ સ્થળ ગમવાનું જ. પોળો કેમ્પ સાઈટ અમદાવાદથી ૧૪૦ કી.મી.અને ઇડરથી ૫૦ કી.મી. દૂર છે.

શામળાજી મંદિર: શામળાજીમાં, શામળાજી ભગવાનનું પ્રખ્યાત હિન્દુ મંદિર આવેલું છે. શામળાજી એ વિષ્ણુ કે કૃષ્ણ ભગવાનનું સ્વરૂપ છે. અસંખ્ય હિન્દુ લોકો શામળાજીમાં અપાર શ્રદ્ધા ધરાવે છે. મંદિર બધા જ દિવસ દર્શનાર્થીઓથી ઉભરાતું રહે છે. અહીં ભગવાનનું સ્વરૂપ કાળા રંગનું હોવાથી, તે ‘શામળો’ કે શામળિયાજી કહેવાય છે. આ મંદિર ‘ધોળી ધજાવાળા’ પણ કહેવાય છે, કેમ કે એના શીખર પર ધોળી રેશમી ધજા ફરકતી રહે છે.



શામળાજી મંદિર

શામળાજી ગામ હિંમતનગરથી કે મોડાસાથી ઉદયપુર જવાના મુખ્ય માર્ગ પર અરવલ્લીની ટેકરીઓમાં આવેલું છે. તે હિંમતનગરથી ૪૨ કી.મી. અને મોડાસાથી ૨૯ કી.મી. દૂર છે. શામળાજીથી આગળ જતાં રતનપુર પાસે ગુજરાત રાજ્યની હદ પૂરી થાય છે. શામળાજી ગામની બાજુમાં થઈને મેશ્વો નદી વહે છે. શામળાજી મંદિર, હાઈવેને અડીને બસ સ્ટેન્ડનું બાજુમાં જ આવેલું છે.

શામળાજી મંદિર ૧૧મી સદીમાં સોલંકી યુગમાં બંધાયું હોવાનું મનાય છે. અવારનવાર તેનો જીર્ણોધ્ધાર થયો છે. મંદિરના પ્રવેશ આગળ તાંબાના પતરા પર એક લખાણ છે, તેમાં ૧૭૬૨માં ટીંટોઈના ઠાકોરે મંદિર રીપેર કરાવ્યાની નોંધ છે. મંદિર રેતાળ પત્થરો અને ઇંટોનું બનેલું છે. પ્રવેશ આગળ બે બાજુ બે મોટા હાથી છે. મંદિર બે માળનું છે. અંદર પત્થરના થાંભલા છે. છત પર બધી બાજુ હાથીઓનાં શિલ્પ છે, અને નાના ઘુમ્મટો વચ્ચે એક મોટું શીખર છે. મંદિરની દિવાલો પર રામાયણ અને મહાભારતના પ્રસંગો કંડારેલા છે. મંદિર સંકુલની આજુબાજુ દિવાલ બનાવેલી છે.

કારતક સુદ પૂનમે અહીં મોટો મેળો ભરાય છે. આ મેળો બહુ જ જાણીતો છે. એના વિષે ગીતો પણ રચાયાં છે. એક જાણીતું ગીત “શામળાજીના મેળે, રમઝણીયુ રે પેંજણીયુ વાગે’ સાંભળ્યું જ હશે. શામળાજી મંદિરની આજુબાજુ બીજાં ઘણાં મંદિર આવેલાં છે.

મેશ્વો નદી પર શામળાજી આગળ જ બંધ બાંધેલો છે. ત્યાં બગીચો પણ બનાવેલ છે. ઘણા લોકો આ ડેમ જોવા જાય છે.

દરબારગઢ, પોશીના: પોશીના ગામ અંબાજીથી ૨૯ કી.મી. દૂર આવેલું છે. અહીં જૂના જમાનાના મહેલને સુધારીને હેરીટેજ હોટેલમાં ફેરવી નાખ્યો છે. તે દરબારગઢ તરીકે ઓળખાય છે. મહેલ કલાત્મક છે. મોટો ગેટ, થાંભલાઓ, કમાનો, પરસાળ, ઘુમ્મટ, બગીચા,

લોન – આ બધાથી મહેલ ભવ્ય લાગે છે. રૂમોના વરંડામાં બેસીને બગીચો અને આજુબાજુની સીનસિનારી જોવામાં આનંદ આવે છે. અહીં રાજવી કુટુંબના મહેમાન બનીને રહેવાની મજા આવે છે. જમવાનું પણ તેમના રોયલ રસોડામાં જ હોય છે. જીપ સફારીમાં આજુબાજુ ફરવા લઇ જાય છે. બાજુમાં સરોવર છે. અહીં પક્ષીઓ જોવા મળે છે. મહેલનો માહોલ ઘણો જ સરસ છે. અમદાવાદથી પોશીના ૧૭૪ કી.મી. દૂર છે.



દરબારગઢ, પોશીના

તિરુપતિ ઋષિવન: વિજાપુરથી હિંમતનગરના રસ્તે આ એક સુંદર થીમ પાર્ક વિકસાવવામાં આવ્યો છે. વિજાપુરથી સાબરમતી નદી પસાર થયા પછી ડાબા હાથે આ જગા આવે છે. અહીં સાબરમતી નદીના કિનારે વિશાળ જગામાં ઘણી બધી રાઇડ્સ, વોટરપાર્ક, દુનિયાની અજાયબીઓની પ્રતિકૃતિઓ, ખાણીપીણી વગેરે ઉભું કરાયું છે.

પ્રવેશદ્વાર આકર્ષક છે. અંદર અલગ અલગ જગાએ દુનિયાની અજાયબીઓ ચીનની દિવાલ, તાજમહાલ, એફિલ ટાવર, સ્ટેચ્યુ ઓફ લીબર્ટી, પેટ્રા, સ્ટોન હેજ વગેરે બનાવેલી છે. એ જોઇને આ બધી અસલી જગાઓ કેવી હશે, એની કલ્પના આવી જાય છે. પાર્કમાં ઘણાં બધાં પ્રાણીઓ જેવાં કે ગેંડો, હિપ્પો, ઝીબ્રા, જિરાફ વગેરેનાં પૂતળાં જોવા મળે છે. બંજરીવનમાં પક્ષીઓ છે. પ્રવેશ આગળ મોરનું સુંદર પૂતળું છે.

એક બાજુ ચગડોળ, નીચે પડતી ખુરસી વગેરે રાઇડ્સ ગોઠવેલી છે. વોટર પાર્કનો વિભાગ આખો અલગ છે. એમાં ઘણી જાતની રાઇડ્સ છે. હિંડોળાવનમાં ઝાડ પરથી દોરડાં લટકાવીને ઝૂલા ઉભા કર્યા છે. ભુલભુલામણીમાં મેંદીની ઉંચી વાડ બનાવીને અંદર આડાઅવળા રસ્તાઓ બનાવ્યા છે, એમાં પેઠા પછી ક્યાંથી બહાર નીકળશે તે જલ્દી જડતું નથી. ઝીપ લાઈનમાં ખુરસી પર બેસી તાર પરથી સરકવાની મજા આવે છે, નીચે ઉંડી ખીણ છે, થોડો ડર પણ લાગે.

વચ્ચે અશોક સ્તંભ ઉભો કરેલો છે. મરલીઓનનું સફેદ ઊંચું પૂતળું બહુ જ આકર્ષક છે. એક જગાએ મોટું ડાયનોસોર બનાવેલું છે. ક્યાંક હસતા બુદ્ધ છે, તો ક્યાંક વડના થડમાં ઋષિ. ખાણીપીણી વિભાગમાં ખાવાની મજા આવી જાય છે. ક્યારેક તિરુપતિ ઋષિવનની મુલાકાત લેજો.

ઝાંઝરી ધોધ: ઝાંઝરી ધોધ, સાબરકાંઠા જીલ્લામાં વાત્રક નદી પર આવેલો છે. ઝાંઝરી ગામ આગળ નદી પોતે ખડકોમાં થઈને ધોધરૂપે પડે છે, અને આગળ વહે છે. ધોધમાં ઉતરવું ભયજનક છે, પણ ધોધ જોવાની તો મજા આવે.



ઝાંઝરી ધોધ

ઝાંઝરી ધોધ જોવા માટે અમદાવાદથી દહેગામ થઈને બાયડના રસ્તે જવાનું. આ રસ્તેથી ઝાંઝરીના બોર્ડ આગળ જમણી બાજુ વળી જવાનું. એટલે વાત્રકને કિનારે પહોંચાય. અહીં ગાડી પાર્ક કરી દેવાની. દહેગામથી અહીં સુધીનું અંતર આશરે ૩૪ કી.મી. જેટલું છે. અહીંથી નદીમાં ઉપરવાસ તરફ ૨ કી.મી. જાવ, એટલે ધોધ આગળ પહોંચાય. નદીમાં આ ૨ કી.મી. ચાલવાનું જરા અઘરું છે, પણ ઉંટ ભાડે મળે છે. ઉંટ સવારી કરવાની મજા આવે છે.

ધોધ આગળ ખડકો છે, અને તેના પરથી નદીનું પાણી જોસભેર ૨૪ ફૂટ જેટલું નીચે પડે છે. નીચે પાણી ઘણું ઉંડું છે, તેમાં ઉતરાય એવું નથી. ધોધના ઉપરવાસમાં જરા દૂર જઈને નદીમાં નાહી શકાય. ચોમાસામાં પાણી વધુ હોય ત્યારે નહાવાનું જોખમ ખેડવું નહિ. ઉનાળામાં અહીં સખત ગરમી લાગે છે. ધોધમાં પાણી પણ ઓછું હોય છે. તે વખતે સવારના કે સાંજના આવવું, કે જેથી ગરમી ઓછી લાગે. ધોધ આગળ ક્યાંય છાંયડો નથી. ખડકો પર ક્યારેક લીલ અને શેવાળ બાઝેલી હોય છે, એટલે લપસી ના જવાય તેનો ખ્યાલ રાખવો. ખડકો પર ઉભા રહી, ધોધને નીરખવાનો આનંદ આવે છે.

ધોધ જોઇને પાર્કીંગ આગળ પાછા આવી બેઘડી આરામ કરી શકાય છે. ઘરેથી ખાવાનું લઈને આવ્યા હોઈએ તો અહીં બેસીને પીકનીક માનવી શકાય છે. અહીં થોડીક ખાવાની ચીજો મળે છે ખરી. પાર્કીંગ આગળ કેદારેશ્વર શીવ ભગવાનનું મંદિર છે. આ જગા ગમે એવી છે.

પાર્કીંગથી નદીના કિનારે કિનારે ધોધ સુધી ૨ કી.મી.નો રસ્તો બનાવી, ત્યાં જવાની વ્યવસ્થા કરી હોય તો વધુ સુગમ રહે. પ્રવાસીઓ પણ વધે. ધોધ આગળ ચોખ્ખાઈ રાખવાની જરૂર છે. કિનારે વિશ્રામસ્થાન ઉભું કરવાની જરૂર છે.

આ ધોધ જાણીતો છે, એટલે ઘણા લોકો અહીં આવે છે. આ ધોધ જોવા માટે સપ્ટેમ્બરથી ડિસેમ્બરનો સમયગાળો વધુ સારો ગણાય. અમદાવાદથી એક દિવસની પીકનીક મનાવવા માટે આ સારું સ્થળ છે. વાત્રકને કિનારે ઉત્કંઠેશ્વર મહાદેવ પણ એક સારી જગા છે. દહેગામથી ત્યાં જવાનો રસ્તો પડે છે.

૬. પાટણ જીલ્લાનો પ્રવાસ

રુદ્ર મહાલય, સિદ્ધપુર: સિદ્ધપુરનો રુદ્ર મહાલય ખૂબ જ જાણીતો છે. ઈતિહાસપ્રસિદ્ધ આ મહાલય સિદ્ધરાજ જયસિંહે અગીયારમી સદીમાં બંધાવ્યો હતો. તેના પ્રાંગણમાં સુંદર શીવ મંદિર બંધાવ્યું હતું. મહમદ ઘોરીએ ૧૨મી સદીમાં સોમનાથ પર ચડાઈ કરી ત્યારે રુદ્ર મહાલય અને શીવ મંદિરનો નાશ કર્યો. આ મહાલય અને શીવ મંદિર અત્યારે ખંડેર હાલતમાં છે. મહાલયના બે માળના થોડા ખંડિત થાંભલાઓ દેખાય છે. મંદિરમાં આગળ પોઠીયો છે અને ગર્ભગૃહમાં અંધારું જ છે. સિદ્ધરાજ જયસિંહના વખતમાં આ મહાલયની કેવી જાહોજલાલી હશે તે કલ્પી શકાય એવું છે. આ જગા અત્યારે બાબરી મસ્જિદની જેમ વિવાદાસ્પદ બની ગઈ છે. ચોકીદાર અહીં ચોકી કરે છે. અહીં રીનોવેશન થાય તો ઘણા લોકો જોવા આવે.



રુદ્ર મહાલય, પાટણ

રાણકી વાવ, પાટણ: પાટણમાં સરસ્વતી નદીના કિનારે આવેલી આ વાવ બહુ જ પ્રખ્યાત છે. દેશ અને વિદેશના લોકો પણ તે જોવા આવે છે. સોલંકી યુગના રાજા ભીમદેવની વિધવા રાણી ઉદયમતીએ, આ વાવ ઈ.સ. ૧૦૪૦ના અરસામાં બંધાવી હતી, એટલે એને રાણીકી વાવ કહે છે. ‘રાણીકી’નું અપભ્રંશ થઈને ‘રાણકી’ થઇ ગયું છે. વખત જતાં આ વાવ સરસ્વતીનાં પૂરમાં દટાઈ ગઈ. ૧૯૮૦ના દસકામાં ભારતીય પુરાતત્વ ખાતાએ ખોદકામ કરીને તે શોધી કાઢી છે. અત્યારે તે યુનેસ્કોની વર્લ્ડ હેરીટેજ સાઈટમાં સમાવેલ છે.



રાણકી વાવ, પાટણ

વાવ બહુ જ ભવ્ય છે. તે સાત માળની છે. એટલે જમીનમાં સાત માળ જેટલું ઉંડે ઉતરો ત્યારે વાવના પાણીના લેવલે પહોંચાય. તે ૨૭ મીટર ઉંડી છે. વાવમાં ઉતરવા માટે પગથિયાં છે. સાત માળનું માળખું થાંભલાઓ પર ઉભું કરેલું છે. પત્થરના થાંભલાઓ અને દિવાલો પર અદભૂત કોતરકામ કરેલું છે. એમાં વિષ્ણુ ભગવાનના દસ અવતારો તથા સોળે શણગાર સજીને તૈયાર થયેલી અપ્સરાઓની વિવિધ મુદ્રાઓ, નાગકન્યા, યોગિની વગેરેનાં શિલ્પો છે. અહીં આવતા પ્રવાસીઓ આ શિલ્પો જોઇને દંગ રહી જાય છે, એનાં વખાણ કરતાં થાકતા નથી.

સહસ્ત્રલીંગ તળાવ, પાટણ: સહસ્ત્રલીંગ તળાવ એ પાટણ શહેરની ખૂબ જ જાણીતી જગા છે. અહીં ખોદકામ કરતાં, ૧૦૦૦ વર્ષ જૂના આ તળાવના અવશેષો મળી આવ્યા છે. ભારતનું પુરાતત્વ ખાતું એની સારસંભાળ રાખે છે.

સોલંકી યુગમાં રાજા સિદ્ધરાજ જયસિંહે આ તળાવ બંધાવ્યું હતું. સરસ્વતી નદીમાંથી આ તળાવ સુધી નહેર કાઢેલી હતી, કે જેથી સરસ્વતીમાં પૂર આવે ત્યારે આ તળાવ પાણીથી ભરાઈ જાય. આ તળાવની પાળો પર શીવનાં લીંગ ધરાવતાં ૧૦૦૦ નાનાં મંદિરોની સ્થાપના કરવામાં આવી હતી, આથી તેનું નામ સહસ્ત્રલીંગ તળાવ પડ્યું હતું. તળાવમાં ઉતરવા માટે બધી બાજુ પગથિયાં બનાવેલાં હતાં. વખત જતાં તળાવ દટાઈ ગયું. આજે તેના અવશેષો જોવા ઘણા પ્રવાસીઓ આવે છે.

કહે છે કે આ તળાવ બનતું હતું ત્યારે સિદ્ધરાજને, ત્યાં કામ કરતી જસમા ઓડણ નામની એક સુંદર સ્ત્રી ગમી ગઈ. જસમા કોઈકની પત્ની હતી. તેને આ ના ગમ્યું, એટલે તેણે શાપ આપ્યો કે આ તળાવમાં પાણી નહિ રહે. કોઈકનો ભોગ આપશો તો જ એમાં પાણી આવશે. પછાત ગણાતી જાતિના કોઈ પુરુષે અહીં પોતાનું બલિદાન આપ્યું, પછી તળાવમાં પાણી

આવ્યું. સિદ્ધરાજને પસ્તાવો થયો, અને તેણે એ પછાત જાતિના લોકોને પણ મોભાદાર જગાએ રહેવાની છૂટ આપી.



સહસ્ત્રલીંગ તળાવ, પાટણ



પટોળાં, પાટણ

પટોળાં, પાટણ: પાટણનાં પટોળાં એ એવી ખાસ પ્રકારની સાડી છે કે જે ફક્ત પાટણમાં જ બને છે અને ગુજરાત તથા દેશવિદેશમાં જાણીતાં છે. આ પટોળાં લોકગીતોમાં પણ વણાઈ ગયાં છે. તમે આ ગીત સાંભળ્યું હશે, 'છેલાજી રે મારી હાટુ પાટણથી પટોળાં મોંઘાં લાવજો.' પાટણનું પટોળું પહેરનારનો એક ખાસ મોભો ગણાય છે. પાટણના સાળવી લોકોને જ આ પટોળાં બનાવતાં આવડે છે. એક જમાનામાં પાટણમાં આ ગૃહઉદ્યોગ બહુ જ ધમધમતો હતો. અત્યારે પાટણમાં માંડ ત્રણેક જ સાળવી કુટુંબો છે, જે હજુ પટોળાં બનાવે છે. તેમને ઘેર જઇ પટોળાં બનાવવાની આ કળા જોવા જેવી છે.

આ પટોળાં કોઈ મોટી કાપડની મીલમાં નથી બનતાં. પણ તે ઘેર જ શાળ પર રેશમના તારમાંથી બનાવવામાં આવે છે. પટોળા પર જે ડીઝાઈન બનાવવાની હોય, તે મૂજબના રંગોથી તારને પહેલેથી જ રંગી દેવામાં આવે છે. પછી વણીને પટોળું તૈયાર કરાય છે. આ પટોળાં બજારમાં દુકાને નથી મળતાં. પટોળું જોઈતું હોય તો પહેલેથી કારીગરને ત્યાં ઓર્ડર આપવાનો હોય છે, પછી જ કારીગરો પટોળું બનાવે છે. એક પટોળું તૈયાર થતાં સહેજે છ મહિનાથી એક વર્ષ જેટલો સમય લાગે છે. કારીગરની સૂક્ષ્મ ગણતરી, ધીરજ અને મહેનતથી પટોળું તૈયાર થાય છે. અને એક પટોળાની કિંમત કેટલી ધારો છો? એક લાખ રૂપિયાથી શરુ કરીને કેટલાક લાખ રૂપિયાનું એક પટોળું બને ! જેવું જેવું પટોળું.

પાટણના પટોળાની કેટલીક ખાસ વિશેષતાઓ છે. પટોળું બંને બાજુ પહેરી શકાય છે. બંને બાજુની ડીઝાઈન અને ચમક એકસરખી હોય છે. પટોળું ૮૦ થી ૧૦૦ વર્ષ સુધી પહેરો, તો પણ તે ફાટતું નથી, કે તેનો રંગ ઝાંખો પડતો નથી.

શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થ: શંખેશ્વરમાં પાર્શ્વનાથ ભગવાનનું જૈન તીર્થ આવેલું છે. ૧૧મી સદીમાં સજ્જન શાહે અહીં રૂપેણ નદીને કિનારે આ મંદિર બંધાવ્યું હતું, તેમાં વખતોવખત સુધારા થતા રહ્યા છે.

મંદિરના ગર્ભગૃહમાં પદ્માસન મુદ્રામાં બેઠેલા ભગવાન પાર્શ્વનાથની ૬ ફૂટ ઉંચી મૂર્તિ છે. મંદિરમાં વિશાળ ચોગાન, સભાગૃહ અને લોબીઓ છે. શંખેશ્વરમાં આ ઉપરાંત, પદ્માવતી મંદિર, ગુરુમંદિર, ઉપાશ્રય, આયંબીલશાળા, જ્ઞાનમંદિર, પાઠશાળા, ભોજનશાળા વગેરે આવેલાં છે. શંખેશ્વર બહુચરાજીથી ૩૧ કી.મી., મહેસાણાથી ૭૦ કી.મી., વિરમગામથી ૪૯ કી.મી. અને અમદાવાદથી ૧૨૩કી.મી. દૂર છે.



પાર્શ્વનાથ તીર્થ, શંખેશ્વર

૭. બનાસકાંઠા જીલ્લાની મુલાકાતે

અંબાજી મંદિર: પવિત્ર અંબાજી ધામમાં અંબા માતાનું મદિર આવેલું છે. આ મંદિર ગુજરાત તેમ જ દેશવિદેશમાં પ્રખ્યાત છે. દર વર્ષે લાખો લોકો અહીં દર્શને આવે છે. અંબા માતા આરાસુરી અંબાજી તરીકે ઓળખાય છે. ભારતની ૪૧ શક્તિપીઠોમાં અંબાજી એ મહત્વની શક્તિપીઠ છે.

અંબાજી મંદિર ઘણું મોટું અને ભવ્ય છે. પ્રવેશદ્વાર આકર્ષક છે. તેનાં સોનેરી શીખર અને ધજાનાં દૂરથી દર્શન થાય છે. તે બહુ જ મનોહર લાગે છે. મંદિરના ચોગાનમાં બેસવાની મહુ જ મજા આવે છે. મંદિરની બહાર પાર્કીંગ છે. આજુબાજુ ચુંદડી, શ્રીફળ, પ્રસાદ વગેરેની કેટલીયે દુકાનો લાગેલી છે.

અહીં મદિરમાં માતાજીની મૂર્તિ નથી. પણ પવિત્ર 'શ્રી વીસા યંત્ર' છે, અને તેની પૂજા થાય છે. આ યંત્ર દર્શનાર્થીઓને નરી આંખે દેખાતું નથી. તેનો ફોટો પડવાની મનાઈ છે. અંબા માતાની અસલ મૂર્તિ ગબ્બર પર્વત પર છે. આ પર્વત અંબાજી મંદિરથી આશરે ૪ કી.મી. દૂર આવેલો છે. અંબાજી આવતા ભક્તો ગબ્બર દર્શને પણ જતા હોય છે. ૯૯૯ પગથિયાં ચડીને ગબ્બર પર પહોંચાય છે. ઉપર જવા માટે રોપ વેની પણ વ્યવસ્થા છે.



અંબાજી મંદિર

અંબાજી મંદિરે પૂનમે બહુ જ લોકો દર્શને આવે છે. એમાં ય ભાદરવી પૂનમે અહીં દર્શન કરવાનો બહુ જ મહિમા છે. આ દિવસે આખું અંબાજી રોશનીથી ઝગમગી ઉઠે છે. ઘણા લોકો ભાદરવી પૂનમે અહીં ચાલતા આવવાની બાધા લે છે. એટલે ભાદરવી પૂનમ નજીક આવે ત્યારે ગુજરાતના બધા ભાગોમાંથી અંબાજી તરફ આવતા રસ્તાઓ પર માનવપ્રવાહ વહેતો દેખાય છે. લોકો ચાલતા, માતાજીની ધૂન ગાતા અંબાજી તરફ જતા દેખાય છે.

ભક્તિનું જાણે કે પૂર ઉમટ્યું હોય એવું લાગે છે. રસ્તે ઠેર ઠેર વિસામા ઉભા કરેલા નજરે પડે છે. લોકોને અહીં ખાવાપીવાની, આરામ કરવાની અને સૂવાની સગવડ મળી રહે છે.

અંબાજીમાં નવરાત્રિ પણ બહુ જ ધામધૂમથી ઉજવાય છે. મંદિરના વિશાળ પ્રાંગણમાં ગરબાનું ભવ્ય આયોજન થાય છે. અંબાજીમાં રહેવા માટે ઘણી હોટેલો અને ધર્મશાળાઓ છે. ખાવાપીવાનું પણ ઘણું મળે છે.

અંબાજી આબુ રોડથી ૨૦ કી.મી., દાંતાથી ૧૮ કી.મી., પાલનપુરથી ૬૪ કી.મી. અને અમદાવાદથી ૧૮૪ કી.મી. દૂર છે. રાજસ્થાનની સરહદ અહીંથી નજીક છે. અંબાજીથી ૮ કી.મી. દૂર કોટેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. આ જગાએ સરસ્વતી નદીનું ઉદગમસ્થાન છે.

કુંભારીયા જૈન તીર્થ: આ તીર્થ અંબાજી મંદિરથી ૨ કી.મી. દૂર આવેલુ છે. અહીં કુલ પાંચ જૈન મંદિરો છે. મુખ્ય મંદિર ભગવાન નેમિનાથનું છે. આ મંદિરો વિમલ શાહે બારમી સદીમાં બંધાવ્યાં હતાં. આરસનાં બનેલાં આ મંદિરોના થાંભલા અને છત પર અદભૂત કોતરણી કરેલી છે. અંબાજી જનારા લોકો આ મંદિરો જોવા અચૂક જાય છે.

હાથીધરા: હાથીધરા ગામ પાલનપુરથી ૨૦ કી.મી. દૂર આવેલું છે. પહેલાં અહીં હાથીઓ રહેતા હતા, એટલે અ જગાનું નામ હાથીધરા પડ્યું છે. અહીં એક નદી વહે છે. તેના પર ચેકડેમ બાંધેલો છે. ચેકડેમ ઓવરફ્લો થતો હોય ત્યારે તે જોવાનો બહુ જ આનંદ આવે છે. ઘણા લોકો એમાં નહાવા પડે છે. નદીને કિનારે શ્રી હરગંગેશ્વર મહાદેવનું મંદિર છે. તેમાં એક નાની ગુફામાં શંકર ભગવાન બિરાજમાન છે. બાજુમાં એક વાવ છે, પણ એમાં ઉતરાય એવું નથી. એક મોટો પ્રાર્થના હોલ છે. હોલનું નામ શ્રી નર્મદાપુરી સ્મૃતિગૃહ છે. લોકો અહીં બેસી પ્રભુસ્મરણ કરે છે. રહેવાજમવાની વ્યવસ્થા છે. અહીં આવનાર દરેક જણને મફત જમવાની સગવડ છે. શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે અહીં મોટો મેળો ભરાય છે.

અહીં પત્થરોની બનેલી એક ઉંચી ટેકરી છે. આ ટેકરી મંદિરને અડીને જ છે. ૨૦૦ પગથિયાં ચડીને ટેકરી પર પહોંચાય છે. દૂરથી જ આ ટેકરી આપણું ધ્યાન ખેંચે છે. લોકો તેના પર ચડતા દેખાય છે. આ દ્રશ્ય બહુ જ સરસ લાગે છે. ટેકરી પરથી આજુબાજુનો નઝારો જોવાની મજા આવે છે. ટેકરી પરની સમતલ જગા પર લોકો બેસે, ફોટા પડે અને કુદરતી સૌન્દર્યની મજા માણે છે.

બાલારામ મંદિર: પાલનપુરથી દસેક કી.મી. દૂર ચિત્રાસણી ગામમાં નદીકિનારે બાલારામ મંદિર આવેલું છે. ગુજરાતનું આ એક જાણીતું સ્થળ છે. હાથીધરાથી તે દસ કી.મી. દૂર છે. ડુંગરોના સાનિધ્યમાં ઝાડોની વચ્ચે આ મંદિર આવેલું છે. મંદિરમાં શંકર ભગવાનના શીવલીંગ પર, ડુંગરોમાંથી આવતા પાણીનો કુદરતી રીતે જ અભિષેક થાય છે. મંદિર ઘણું જ શોભે છે.

બાજુમાં નદી વહે છે. ઘણા લોકો નદીમાં નહાય છે. પીકનીક મનાવવા માટે આ સરસ જગા છે.

બાલારામમાં જ બાલારામ રીસોર્ટ આવેલો છે. આ એક ભવ્ય હોટેલ છે. રીસોર્ટનો દેખાવ બહુ જ સરસ છે. આગળ સરસ બગીચો છે.



હાથીધરા



બાલારામ મંદિર

વિશ્વેશ્વર મંદિર, ઇકબાલગાઢ: ઇકબાલગાઢ ગામ, બાલારામથી ૧૬ કી.મી. દૂર આવેલું છે. અહીંથી ૩ કી.મી. દૂર બનાસ નદીને કિનારે વિશ્વેશ્વર ભગવાનનું મંદિર છે. આ વિસ્તારમાં આ મંદિર ઘણું જાણીતું છે. વહેતી નદીના સામે કિનારે ગાઢ જંગલો છે. અહીંનું દ્રશ્ય બહુ જ સુંદર લાગે છે. નદીમાં નહાવાની મજા આવે છે. આ નદી પર આગળ દાંતીવાડા પાસે બંધ બાંધેલો છે.



વિશ્વેશ્વર, ઇકબાલગઢ



પાતાળેશ્વર, પાલનપુર

પાતાળેશ્વર મહાદેવ, પાલનપુર: આ મંદિર પાલનપુર ગામમાં આવેલું છે. મંદિર ત્રણેક માળ જેટલું ઉંડે ભોંયરામાં છે. અને તેનો ઘુમ્મટ જમીનથી પાંચેક માળ જેટલો ઉંચો છે. ઉંડાઈ અને ઉંચાઇને લીધે આ મંદિર વિશિષ્ટ પ્રકારનું લાગે છે. અહીં શીવ ભગવાન બધાની માનતા પૂરી કરે છે, એવું કહેવાય છે.

૮. ખેડા અને મહીસાગર જીલ્લાના પર્યટને

રણછોડજી મંદિર, ડાકોર: ડાકોરનું રણછોડજી મંદિર ગુજરાતમાં ઘરે ઘરે જાણીતું છે. ગુજરાતનું આ મુખ્ય ધાર્મિક સ્થળ છે, ભક્તોની આસ્થાનું ધામ છે. દર વર્ષે લાખો લોકો રણછોડજી ભગવાનનાં દર્શને આવે છે. રણછોડજીની ભક્તિનાં કેટલાંયે ભજનો ગુજરાતમાં પ્રચલિત છે. રણછોડજી એ કૃષ્ણ ભગવાનનું જ સ્વરૂપ છે. રણછોડજી એટલે જે રણ (યુદ્ધભૂમિ)છોડીને જતા રહ્યા હતા તે ભગવાન.

ડાકોરનું મૂળ નામ ડંકપુર હતું. ભગવાન રણછોડજી ડાકોર કઈ રીતે પધાર્યા તેની કથા બહુ જ સુંદર છે. આશરે તેરમી સદીમાં બોડાણા નામના એક કૃષ્ણ ભક્ત ડાકોરમાં રહેતા હતા. તેઓ દર છ મહીને ભગવાન દ્વારકાધીશનાં દર્શન કરવા દ્વારકા જતા હતા. દ્વારકાધીશ પણ કૃષ્ણનું જ સ્વરૂપ છે. ૭૨ વર્ષની ઉંમર સુધી બોડાણા આ રીતે દ્વારકા ગયા, પણ પછી શરીર નબળું પડ્યું. તેમની ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાન શ્રીદ્વારકાધીશે પોતે દ્વારકાથી ડાકોર પધારવાનું વચન આપ્યું, અને બોડાણાની સાથે ગાડામાં બેસી ડાકોર આવ્યા. ભગવાનની મૂર્તિ સૌ પ્રથમ ગોમતીજી તળાવમાં રાખવામાં આવી હતી, પછી ગોમતીજીને કિનારે મંદિર બનાવવામાં આવ્યું. ગોમતીજીમાં મૂર્તિ જ્યાં રાખવામાં આવી હતી ત્યાં આજે તેમનાં પગલાંનું મંદિર છે, અને કિનારેથી ત્યાં જવા પૂલ બાંધેલો છે. ભગવાન દ્વારકાથી આવ્યા, તેને લીધે ભગવાનના વજનના ભારોભાર સોનું દ્વારકાના પૂજારી બ્રાહ્મણોને આપવામાં આવ્યું હતું, જો કે ભગવાને પોતાનું વજન બહુ જ ઘટાડી દીધું હતું. ભગવાનને તોલવા માટેની તુલા પણ હાલના મંદિરમાં છે.

હાલનું મંદિર શ્રી ગોપાલરાવ તામ્બ્વેકરે ઈ.સ. ૧૭૭૨માં બંધાવ્યું છે. મંદિરને ચાર પ્રવેશદ્વાર છે. અંદર મધ્યમાં મંદિર છે, થોડાં પગથિયાં ચડી, હોલમાં ઉભા રહી, રણછોડજી પ્રભુનાં દર્શન કરી શકાય છે. દર્શન કરીને લોકો ધન્ય ધન્ય થઇ જાય છે. મનમાં એક જાતનો આનંદ અને સંતોષ થાય છે. મંદિરની બધી બાજુ ખુલ્લી જગા છે, એમાં બે મોટા દીપસ્તંભ છે. પછી ઓફિસો, સ્ટોર, પ્રસાદગૃહ વગેરે છે. મુખ્ય શીખર ૯૦ ફૂટ ઉંચું છે.

પૂનમનો દિવસ દર્શન માટે ખાસ અગત્યનો ગણાય છે, દર પૂનમે બહુ જ લોકો દર્શને આવે છે. ફાગણ માસની પૂનમ તો ખૂબ જ અગત્યની. એ દિવસે હોળીનો તહેવાર ઉજવાય છે. ઘણા લોકો આ દિવસે અહીં ચાલતા આવે છે. એ વખતે ડાકોર તરફના બધા રસ્તે લોકોનો પ્રવાહ જોવા મળે છે. ભગવાન, બોડાણા સાથે દ્વારકાથી અહીં શરદ પૂર્ણિમાને દિવસે આવ્યા હોવાનું કહેવાય છે.

અહીં જન્માષ્ટમીનો તહેવાર પણ બહુ ભવ્ય રીતે ઉજવાય છે. ડાકોર અને દ્વારકા બંને મંદિરોમાં ઉજવાતી જન્માષ્ટમીનું આકાશવાણી પરથી પ્રસારણ થતું હોય છે. બીજા ઘણા હિંદુ તહેવારો અહીં ઉજવાય છે. રણછોડજીના મંદિરની નજીક લક્ષ્મીજીનું મંદિર આવેલું છે.



રણછોડજી મંદિર, ડાકોર

ગુજરાતમાંથી તેમ જ બહારથી રોજેરોજે ઘણા લોકો ડાકોર આવતા હોય છે. એટલે અહીં મંદિરની આસપાસ ઘર ઉપયોગી ચીજોનું મોટું બજાર બન્યું છે. ખાણીપીણીની દુકાનો પણ ખૂબ જ છે. ડાકોરના ગોટા તો ખૂબ જ વખણાય છે. મંદિરની આજુબાજુના રસ્તા સાંકડા છે. પાર્કીંગ પણ દૂર છે. સાંકડા રસ્તાઓને લીધે ગાડી લઈને પાર્કીંગ સુધી પહોંચવાનું પણ અઘરું છે. મંદિરની બિલકુલ નજીક પાર્કીંગ કરાય અને પાર્કીંગ સુધી જવાના રસ્તા મોકળાશવાળા થાય તો આ મંદિરે જવાનું ઘણું જ સરળ રહે. જો કે ગુજરાત સરકાર ડાકોરના વિકાસ માટે પગલાં લઇ જ રહી છે.

મંદિરની સામે ગોમતીજીના કિનારે ખુલ્લું મેદાન છે. અહીં લોકો હરેફરે, બેસીને તળાવ જુએ, ગોટા ફાફડા વિગેરે ખાય અને જલસા કરે. બાળકના પ્રથમ મુંડન માટે ડાકોર જાણીતું છે. ગુજરાતના મોટા ભાગના લોકો બાળકનું પ્રથમ મુંડન અહીં કરાવે છે. ગોમતીજીના કિનારે મુંડન વિધિ કરાવવાની પ્રથા છે.

ડાકોરમાં રહેવા માટે ઘણી ધર્મશાળાઓ અને હોટેલો છે. જમવા માટે રેસ્ટોરન્ટસ પણ ઘણાં છે. ગુજરાતનાં લગભગ બધાં શહેરોથી ડાકોર આવવાની બસો મળી રહે છે. ડાકોર સ્ટેશન, આણંદ-ગોધરાના રેલ્વે રૂટ પર આવેલું છે. એટલે ટ્રેન દ્વારા પણ ડાકોર જઇ શકાય છે.

ગળતેશ્વર મહાદેવ: શીવ ભગવાનનું આ એક જાણીતું મંદિર છે. તે ડાકોરથી આશરે ૨૦ કી.મી. દૂર, મહી અને ગળતી નદીના સંગમ આગળ આવેલું છે. ડાકોરથી ગોધરાના રસ્તે જતાં અંબાવ ગામ આગળથી જમણી બાજુ એક રસ્તો પડે છે. આ રસ્તે ૫ કી.મી. જતાં આ મંદિરે પહોંચાય છે.

સોલંકી યુગમાં બનેલું આ મંદિર આશરે ૧૦૦૦ વર્ષ જૂનું છે. મંદિર બદામી રંગના પત્થરોનું બનેલું છે. મંદિરમાં આઠ સાઈડોવાળો હોલ છે, હોલથી ગર્ભગૃહ થોડું નીચે છે. મંદિરની

દિવાલો અને થાંભલાઓ પર દેવીદેવતાઓ, રથ, હાથી વગેરેની અદભૂત કોતરણી કરેલી છે. મંદિરની ઉપર શીખર નથી. એવું કહેવાય છે કે ભગવાન શીવે આ મંદિર જાતે બાંધ્યું હતું, પણ બાંધકામ પૂરું નહોતું કર્યું, એટલે શીખર બાકી રહી ગયું. બીજો એક મત એવો છે કે મહમદ ગઝનીએ સોમનાથ મંદિર લૂટ્યા પછી, આ મંદિરના શીખરનો નાશ કર્યો. ભારતીય પુરાતત્વ ખાતાએ આ મંદિરને પુરાણું સ્મારક જાહેર કર્યું છે.



ગળતેશ્વર મહાદેવ

ઘણા પ્રવાસીઓ દર્શન કરવા તથા મંદિરનું સ્થાપત્ય જોવા અહીં આવે છે. કહે છે કે ગળતી નદી શીવલીંગની નીચેથી વહે છે અને શીવલીંગ પર તેના પાણીનો સતત છંટકાવ થાય છે. શીવલીંગ આગળ હાથ મૂકી નીચે વહેતા પાણીનો અનુભવ કરી શકાય છે.

પીકનીક માટે આ બહુ જ સરસ જગા છે. લોકો મહી નદીમાં સ્નાન પણ કરતા હોય છે. રાતના સમયે નદીનો માહોલ બહુ જ સરસ લાગે છે. ચાંદની રાતે ખળ ખળ વહેતા પાણીના કિનારે રેતીમાં બેસી મધુર ગીતોનો આનંદ માણવાની કેવી સરસ મજા આવે ! મંદિરની આજુબાજુ ખાણીપીણીની ઘણી વસ્તુઓ મળે છે.

અંબાવથી ગળતેશ્વરના રસ્તે, ગળતેશ્વર આવવાનું ૧ કી.મી. બાકી રહે ત્યાં વૈષ્ણવ સમાજનું ‘પુષ્ટિ પ્રભુ ધામ’ ઉભું થયું છે. અહીં મહાપ્રભુજીની ૮૫ બેઠકો, મંદિર અને ગૌશાળાની સ્થાપના કરાઈ છે. વૈષ્ણવોને રહેવા માટે રૂમોની સગવડ પણ છે.


સંતરામ મંદિર, નડિયાદ: નડિયાદમાં આવેલું સંતરામ મંદિર દેશભરમાં જાણીતું છે. ગીરનારના સંતરામ મહારાજ અહીં સંવત ૧૮૭૨ (ઈ.સ. ૧૮૧૬)માં આવ્યા હતા, અને ધર્મ તથા પ્રજાની સેવાનું કામ આરંભ્યું હતું. તેમણે સંવત ૧૮૮૭માં સમાધિ લીધી હતી. તેમણે શરુ કરેલી સેવાની જ્યોત તેમના પછીના મહંતોએ ચાલુ રાખી છે, બલ્કે ઘણી વધારી છે. સંતરામ મંદિર ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે આંખની હોસ્પિટલ, ફીજીઓથેરાપી કેન્દ્ર,

દવાખાનું, પેથોલોજી લેબ વગેરે ખૂબ જ સરસ રીતે ચાલે છે. તેઓ બીજી સાંસ્કૃતિક અને સામાજિક સેવાઓ પણ કરે છે. આ ટ્રસ્ટે કુમારશાળા, કન્યાશાળા, અતિથિનિવાસ, આરોગ્ય ભવન, હોસ્ટેલ, ધ્યાન માટે હોલ વગેરે સ્થાપ્યાં છે. અહીં સાંજના સમયે નિયમિત ધાર્મિક પ્રવચનો થાય છે, કેટલાય લોકો તે સાંભળવા આવે છે. સવારસાંજ અહીં ગરીબોને મફત ભોજન આપવામાં આવે છે. અહીં સૂત્ર છે, ‘લોકોની સેવા એ ભગવાનની પૂજા છે.’ રોજ ઘણા લોકો અહીં મંદિર અને સમાધિનાં દર્શન કરવા આવે છે. એક વાર આ મંદિર જોવા જેવું છે.

ભમ્મરિયો કૂવો, મહેમદાવાદ: ભમ્મરિયો કૂવો મહેમદાવાદ ગામને છેડે, ખેડા જવાના રોડ પર આવેલો છે. અમદાવાદથી તે ૩૫ કી.મી. દૂર છે. આ કૂવો મહમદ બેગડાએ બંધાવ્યો હતો. મહેમદાવાદ ગામ પણ તેણે જ વસાવ્યું હતું. હાલ આ કૂવો અવાવરું છે. આ કૂવો સાત માળ જેટલો ઉંડો હતો, પણ ચારેક માળ પૂરાઈ ગયા છે. હાલ તે ત્રણ માળ જેટલો જ ઉંડો જણાય છે. તેમાં ઉતરવા માટે સાઈડમાં પગથિયાં હતાં, હાલ તે બંધ કરી દેવાયેલાં છે. કહે છે કે આ કૂવાના તળિયેથી, મહેમદાવાદથી અમદાવાદ જવાનો ભૂગર્ભ માર્ગ બનાવેલો હતો. આ કૂવાને ગુજરાતના સાંસ્કૃતિક વારસા તરીકે જાળવી રખાયો છે. કૂવાની અંદરની રચના અને સ્થાપત્ય બેનમૂન છે.



ભમ્મરિયો કૂવો, મહેમદાવાદ



સિદ્ધિવિનાયક મંદિર, મહેમદાવાદ

શ્રી સિદ્ધિવિનાયક દેવસ્થાન મંદિર, મહેમદાવાદ: આ મંદિર, અમદાવાદથી ખાત્રજ ચોકડી જવાના રસ્તે, મહેમદાવાદ ગામની નજીક રોડને અડીને, વાત્રક નદીને કિનારે આવેલું છે. દૂરથી જ મંદિરની ટોચ અને તેના પર ‘શ્રી સિદ્ધિ વિનાયક’ લખેલું દેખાય છે. દર્શને આવતા ભક્તો દૂરથી જ મંદિર જોઇને પ્રસન્ન થઇ જાય છે.

મંદિરનું સંકુલ ખૂબ જ વિશાળ છે. આગળ મોટું પાર્કીંગ છે. પ્રવેશદ્વાર ભવ્ય છે. પ્રવેશદ્વાર પર ‘શ્રી સિદ્ધિ વિનાયક દેવસ્થાન’ લખેલું છે. મંદિરનો આગળનો દેખાવ ગણપતિની મોટી મૂર્તિ જેવો છે. મંદિરની ઉંચાઈ ૭૧ ફૂટ છે. મંદિરની બાજુમાં ગણપતિનું વાહન એવા ઉંદરની પ્રતિમા છે. આગળ લોન, ફુવારા અને બગીચો છે. લોનમાં સફેદ અક્ષરે શુભ લાભ લખેલું છે.

મંદિરને પાંચ માળ છે. મંદિરમાં દાખલ થયા પછી, ગણેશજીની મૂર્તિ છેક પાંચમા માળે છે. આ મૂર્તિની જમીનથી ઉંચાઇ ૪૬ ફૂટ છે. ઉપર ચડવા માટે ઢાળવાળો રસ્તો છે, લિફ્ટની પણ સગવડ છે. ગણેશજીનાં દર્શન કરી ભક્તો ધન્યતા અનુભવે છે. કોઈ પણ શુભ કાર્ય માટે સૌ પ્રથમ શ્રી ગણેશજીનું પૂજન કરાય છે. ગણેશજી સુખ, સમૃદ્ધિ અને ડહાપણનું પ્રતિક છે. તે વિઘ્નહર્તા દેવ છે. અન્ય માળો પર, મુંબઈના સિદ્ધિ વિનાયક મંદિર તથા દુનિયાનાં બીજાં ગણેશ મંદિરોની વિગતો અને ફોટા જોવા મળે છે. અન્ય દેવદેવીઓનાં મંદિરો પણ છે.

મંદિરની બાજુમાં પૂજારી તથા બહારથી આવેલા મહેમાનોને રહેવા માટે રૂમો છે. બીજી બાજુ ભોજનગૃહ છે, તેમાં નાસ્તો અને જમવાની વ્યવસ્થા છે.

ગરમ ઠંડા પાણીના કુંડ, લસુન્દ્રા : ગુજરાતના લસુન્દ્રા નામના ગામમાં ગરમ અને ઠંડા પાણીના કુંડ આવેલા છે. આ ગામ અમદાવાદથી કઠલાલ થઈને બાલાસિનોર જવાના રોડ પર આવેલું છે. તે અમદાવાદથી ૬૭ કી.મી., કઠલાલથી ૨૦ કી.મી. અને બાલાસિનોરથી ૨૧ કી.મી. દૂર છે. અહીં ગરમ અને ઠંડા પાણીના કુંડ નજીક નજીક જ છે, એ એક અજાયબી છે. અહીં કુંડને કારણે, આ સ્થળનું પ્રવાસ તથા ધાર્મિક દ્રષ્ટિએ ઘણું મહત્વ છે. ઘણા લોકો આ કુંડ જોવા આવે છે.

ભાથીજી મહારાજ મંદિર, ફાગવેલ: ફાગવેલ ગામ બાલાસિનોરથી અમદાવાદના રસ્તે, બાલાસિનોરથી ૧૨ કી.મી. દૂર આવેલું છે. અહીંનું ભાથીજી મંદિર ૪૦૦ વર્ષ જૂનું હોવાનું મનાય છે. હાલ તેનો જીર્ણોધ્ધાર કરાયો છે, અને સફેદ આરસનું મંદિર બનાવાયું છે. ભાથીજી મહારાજ સફેદ ઘોડા પર બિરાજે છે. તેઓ એક સારા યોધ્ધા છે. તેઓ સંત પુરુષ છે, અને પ્રજાની સેવા કરે છે. ઘણા લોકો તેમનાં દર્શને ફાગવેલ આવે છે. કારતક માસની પૂર્ણિમાએ અહીં મેળો ભરાય છે.

ડાયનોસોર ફોસીલ પાર્ક, બાલાસિનોર: ૧૯૮૦માં બાલાસિનોરની નજીકના રૈયોલી ગામની આસપાસ ખોદકામ કરતાં ડાયનોસોરનાં ઇંડાં, હાડકાં અને અશ્મિઓ મળી આવ્યાં છે. એટલે વૈજ્ઞાનિકોએ એવું તારણ કાઢ્યું છે કે ગુજરાતમાં પણ ડાયનોસોર વસતાં હતાં. ત્યારથી અહીં જીવશાસ્ત્રીઓ અને પ્રવાસીઓ આવવા માંડ્યા છે. અહીં ડાયનોસોર ફોસીલ પાર્ક ઉભો કરવામાં આવ્યો છે. બાલાસિનોર જ એક એવી જગા છે જ્યાં તમે ૬ કરોડ વર્ષ પુરાણા ડાયનોસોરના અવશેષોને હાથથી અડકી શકો છો. રૈયોલી ગામ બાલાસિનોરથી ઉત્તર દિશામાં ૨૦ કી.મી. દૂર છે.



કુંડ, લસુન્દ્રા



ડાયનોસોર પાર્ક, બાલાસિનોર

બાલાસિનોરના રાજવીની કુંવરી આલિયા સુલતાના બાબી, ડાયનોસોરને લગતી શોધ તથા અહીં મળી આવેલી ચીજોના રક્ષણ માટે બહુ જ ઉત્સાહી છે. તેણે આ અંગે ઘણો અભ્યાસ કર્યો છે, અને તે રૈયોલીની ટુરો પણ ગોઠવે છે. તથા ગાઈડ તરીકે પણ કામ કરે છે. અહીં ભારત ઉપરાંત, બહારથી પણ લોકો આ પાર્ક જોવા આવે છે. સાઈટ પર ડાયનોસોરનાં, ખડકમાં ચોંટી ગયેલાં અંગો, ઈંડાં, અને હાડકાં જોવા મળે છે. સાઈટની બાજુમાં મ્યુઝીયમ બનાવ્યું છે.

અહીં એક ચોકીદાર ગ્રામ્ય લોકોથી અને ઢોરોથી પાર્કનું રક્ષણ કરે છે. જો કે પાર્ક બરાબર સચવાતો નથી. બાલાસિનોરમાં રાજવી કુટુંબનો ગાર્ડન પેલેસ જોવા જેવો છે. અત્યારે તે હેરીટેજ હોટેલમાં ફેરવાઈ ગયો છે. મહી નદી પરનો વણાકબોરી ડેમ પણ અહીંથી નજીક જ છે.

૯. ચાલો પંચમહાલ જીલ્લામાં

ગોધરા: ગોધરા એ પંચમહાલ જીલ્લાનું મુખ્ય મથક છે. ગોધરામાં આરણ્યક (વન સંશોધન કેન્દ્ર), કનેલાવ તળાવ, સ્વામીનારાયણ મંદિર વગેરે જોવા જેવાં છે.

આરણ્યક (વન સંશોધન કેન્દ્ર): ગોધરાથી મોડાસા જવાના રોડ પર આશરે ૧ કી.મી. દૂર આ સ્થળ આવેલું છે. અહીં જાતજાતના છોડના રોપા તૈયાર કરીને તેનું વિતરણ કરવામાં આવે છે. અહીં ઘણી જાતનાં ઝાડ ઉગાડીને વન ઉભું કર્યું છે. એમાં ફરવામાં અને ઝાડોને ઓળખવામાં આનંદ આવે છે. વનમાં મંડપ અને બેસવા માટે બેઠકો છે.



આરણ્યક, ગોધરા   નૈસર્ગિક વિહાર, સામલી

નૈસર્ગિક વિહાર, સામલી: આ જગા ગોધરાથી આશરે ૮ કી.મી. દૂર આવેલી છે. ગોધરાથી અમદાવાદ રોડ પર પાંચેક કી.મી. જેટલું ગયા પછી જમણી બાજુ 'નૈસર્ગિક વિહાર, સામલી'નું બોર્ડ આવે છે. એ ફાંટામાં ત્રણેક કી.મી. જાવ એટલે આ સ્થળે પહોંચી જવાય. અહીં ગુજરાત ટુરીઝમે એક સુંદર કુદરતી વિહાર ઉભો કર્યો છે. અહીં બગીચો બનાવ્યો છે, તેમાં જાતજાતનાં ફૂલ થાય છે. એક જગાએ વન્ય પ્રાણી ચેતના કેન્દ્ર છે. વિહારમાં પ્રાણીઓ અને પક્ષીઓ છે. એક પવનચક્કી છે. બેસવા માટે સરસ મંડપ છે. રહેવા માટે રૂમો છે. આજુબાજુ જંગલમાં ફરી શકાય છે. આમ, અહીં એક સરસ કુદરતી વાતાવરણ ઉભું કર્યું છે.

ગરમ પાણીના કુંડ, ટુવા: ટુવા ગામ, ગોધરાથી અમદાવાદના રસ્તે, ગોધરાથી આશરે ૧૪ કી.મી. દૂર આવેલું છે. ટુવા રેલ્વે સ્ટેશન પણ છે. તે ગોધરા-આણંદ રેલ્વે લાઈન પર આવેલું છે. કુદરતના સાનિધ્યમાં વસેલું આ નાનકડું ગામ, આ કુંડને લીધે ખૂબ જ પ્રખ્યાત છે. અહીં ગામને છેડે, જમીનમાંથી ગરમ પાણી નીકળે છે, ત્યાં કુંડ બનાવ્યા છે. ગરમ અને ઠંડા પાણીના કુંડ બાજુબાજુમાં જ છે, એ એક નવાઈ જેવું છે. આ કુંડ એક પવિત્ર સ્થળ મનાય છે. લોકો કુંડની પાળી પર બેસી સ્નાન કરે છે. કહે છે કે આ પાણીથી નહાવાથી ચામડીના રોગો અને સાંધાના દુખાવા મટી જાય છે. કુંડના કિનારે ટેકરી પર એક મંદિર અને થોડી દુકાનો છે. ભીમે હિડિંબા સાથે લગ્ન આ સ્થળે કર્યાં હતાં. અહીં ચોખ્ખાઈ જોઈએ એવી નથી.

કુંડમાં તથા આજુબાજુ ચોખ્ખાઈ કરી, કુંડની પાળીઓ થોડી સુધારવામાં આવે અને સરસ બગીચો, લોન, વિરામસ્થાન વગેરે ઉભુ કરવામાં આવે તો આ જગા એક સરસ ટુરિસ્ટ સ્થળ બની શકે એમ છે. એવું થાય તો લોકોનું આકર્ષણ અહીં વધે.



ગરમ પાણીના કુંડ, ટુવા

ગુપ્તેશ્વર મહાદેવ, ઘુસર: પંચમહાલ જીલ્લાના મુખ્ય મથક ગોધરાથી ૧૬ કી.મી. દૂર ઘુસર ગામમાં, ગોમા નદીને કિનારે ડુંગરો વચ્ચે ગુપ્તેશ્વર મહાદેવ આવેલું છે. આ સ્થળ ખાસ જાણીતું છે નહિ, પણ એક અદભૂત કુદરતી વાતાવરણ ધરાવતા આ મંદિરે જવાનું ગમે એવું છે. ગોધરાથી ૧૧ કી.મી. દૂર વેજલપુર ગામ અને ત્યાંથી ૫ કી.મી. દૂર સુરેલી, ત્યાંથી ગોમા નદીને કિનારે કિનારે ૧ કી.મી. જાવ એટલે ઘુસર પહોંચી જવાય. અહીં નદીકિનારે પથરાળ ડુંગરાઓ છે, તેમાંના એક ડુંગર પર પથ્થરોની બનેલી ગુફામાં ગુપ્તેશ્વર મહાદેવ બિરાજમાન છે. મંદિરના પ્રવેશદ્વારથી થોડાંક જ પગથિયાં ચડીને ગુફામાં પહોંચાય છે. ગુફા સાંકડી છે. માથું ઉપર પથ્થરની છતને અડી જાય છે. પણ સુંદર, શાંત વાતાવરણમાં થોડી વાર બેસી શીવજીનું ધ્યાન ધરવાનું મન જરૂર થઇ જાય એવું છે. ડુંગરની ટોચ પર પણ ચડાય એવું છે. આજુબાજુ પત્થરોમાં ટ્રેકીંગ કરી શકાય છે નીચે ચોગાનમાં બાંકડાઓ પર બેસી અહીંના કુદરતી સૌન્દર્યને નીરખવાની મજા આવે છે. મંદિરના પાછળના ભાગેથી ઢાળ ઉતરીને કે આગળથી થોડું ચાલીને ગોમા નદીમાં ઉતરી શકાય છે. ગોમાનો પટ ખૂબ વિશાળ છે. ચોમાસામાં ગોમા બંને કાંઠે વહેતી હોય ત્યારે તે સાગર જેવી વિશાળ લાગે.



ગુપ્તેશ્વર મહાદેવ, ઘુસર



ધાબાડુંગરી, હાલોલ

ધાબાડુંગરી, હાલોલ: આ એક બહુ જાણીતું સ્થળ છે. હાલોલથી પાવાગઢ તરફ ૩ કી.મી. જઈએ એટલે ધાબાડુંગરી આવે. વડોદરાથી હાલોલ ૫૦ કી.મી. દૂર છે. અહીં એક ટેકરી પર હોસ્પિટલ, મંદિર તથા એક સુંદર મઝાનું પીકનીક સ્થળ ઉભુ કરેલું છે. ૬૭ પગથિયાં ઉપર ચડો એટલે પહેલાં તો હોસ્પિટલ દેખાય. અહીં રાહત દરે તબીબી સારવાર પૂરી પાડવામાં આવે છે. આજુબાજુના ગામડાંના લોકો માટે આ હોસ્પિટલ આશીર્વાદરૂપ છે. હોસ્પિટલનાં પગથિયાં આગળ સિમેન્ટ કોન્ક્રીટની એક મોટી આંખ બનાવેલી છે, એ તરત જ આપણું ધ્યાન ખેંચે છે. હોસ્પિટલની આગળ માતાજીનું મંદિર છે, બાગબગીચા છે. બાજુમાં એક સાધુ મહારાજની સમાધિ છે. આ મહારાજે સૌ પ્રથમ આ જગાએ મુકામ કરી આ સ્થળ વિકસાવ્યું છે. પાછળના ભાગમાં બદરીનાથની ગુફા છે. એની બાજુમાં સહેજ નીચે દુર્ગામાતાનું મંદિર છે. હોસ્પિટલની બાજુમાં ટ્રસ્ટની ઓફિસ તથા વિશાળ ખુલ્લી જગા છે. ઝાડો વચ્ચે આવેલું આ આખું સંકુલ બહુ જ સુંદર લાગે છે. અહીં ટેકરી પરથી આખું હાલોલ ગામ દેખાય છે. બીજી બાજુ આખો પાવાગઢ પર્વત પણ અહીંથી દેખાય છે. પાવાગઢનું આવું સુંદરતમ દર્શન તો અહીંથી જ થઇ શકે.

અહીં રસોડાની પણ વ્યવસ્થા છે. અગાઉથી નક્કી કરીને આવો તો જમવાની સગવડ પણ થઇ શકે. ગૃપમાં પીકનીક મનાવવા પણ આવી શકાય. આ જગા એટલી સરસ છે કે કલાકો સુધી અહીં બેસી રહેવાનું મન થાય.

વિરાસત વન: હાલોલની નજીક જેપુરા ગામે કુદરતી માહોલ ધરાવતું વિરાસત વન નામનું એક સુંદર વન ઉભું કરવામાં આવ્યું છે. હાલોલથી પાવાગઢના રસ્તે ધાબાડુંગરી આગળ ડાબા હાથે એક રસ્તો પડે છે, તે રસ્તે આશરે ત્રણેક કી.મી. દૂર જતાં જેપુરા ગામ આવે છે. વિરાસત વનનું પ્રવેશદ્વાર ભવ્ય છે. વનમાં જાતજાતના ફૂલછોડ ઉગાડ્યા છે. અંદર રસ્તાઓ અને સુંદર સર્કલ બનાવ્યાં છે. નાનકડી નદી પર પૂલ છે. અંદર ફરવાની બહુ મજા આવે એવું છે.



વિરાસત વન, જેપુરા

ચાંપાનેર: ચાંપાનેર એક ઐતિહાસિક નગર છે. પાવાગઢ પર્વતની તળેટીમાં તે આવલું છે. તે વડોદરાથી ૫૭ કી.મી. અને ગોધરાથી પણ એટલા જ અંતરે છે. વડોદરા-ગોધરા રોડ પર હાલોલથી તે માત્ર ૭ કી.મી.ના અંતરે છે. ચાંપાનેરમાં મુસ્લિમ રાજાઓના મહેલ, મકબરા, મસ્જિદો, જૂના અવશેષો વગેરે જોવા જેવાં છે.

ચાંપાનેર, ચાવડા વંશના રાજા વનરાજ ચાવડાએ ઇ.સ.ની આઠમી સદીમાં સ્થાપ્યું હતું. વનરાજના મિત્ર અને સિપાહી એવા ચાંપાના નામ પરથી, આ નગરને ચાંપાનેર નામ આપ્યું હતું. તેના વંશજોએ ઘણાં વર્ષો સુધી અહીં રાજ કર્યું. ઇ.સ. ૧૫૮૨માં ગુજરાતના સુલતાન મહમદ બેગડાએ ચાંપાનેર પર હુમલો કર્યો અને ચાંપાનેર જીતી લીધું. આ મહમદ બેગડો, એ, અમદાવાદ વસાવનાર અહમદશાહનો પૌત્ર હતો. તેણે ચાંપાનેરને ગુજરાતનું પાટનગર બનાવ્યું. બેગડો અહીં ૨૩ વર્ષ રહ્યો તે દરમ્યાન તેણે ચાંપાનેરમાં ઘણાં બધાં બાંધકામ કર્યાં. મહમદ બેગડાની કબર અમદાવાદમાં સરખેજના રોજામાં આવેલી છે. ૧૪૩૪માં મુગલ બાદશાહ હુમાયુએ ચાંપાનેર પર હુમલો કર્યો અને બધો ખજાનો લૂંટી લીધો. ગુજરાતનું પાટનગર પાછુ અમદાવાદ જતુ રહ્યું. ચાંપાનેરની પડતી દશા થઇ. ચાંપાનેરની સ્થિતિમાં પછી યે ખાસ સુધારો થયો નહિ. અત્યારે પણ એ નાનુ નગર જ છે.

પણ અહીં સચવાયેલાં સ્મારકો અને અવશેષોને જોઈને ભારતના પુરાતત્વ ખાતાએ ખાસ રસ લઇ, તે બધાને સાફસૂફ અને વ્યવસ્થિત કરી, તેનું જતન કરવાનું શરુ કર્યું. અને યુનેસ્કોને તેની જાણ કરતાં, યુનેસ્કોએ



ચાંપાનેર

ચાંપાનેરમાં પથ્થરની મસ્જિદો અને મકબરાઓ, જૈન મંદિરો અને હિન્દુ યાત્રાધામને અનુલક્ષીને, ચાંપાનેરને ૨૦૦૫માં વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે જાહેર કર્યું. અહીં કુલ ૧૧૫ સ્મારકો શોધી કઢાયાં છે.

હાલોલથી રોડ માર્ગે જઈએ એટલે ચાંપાનેર આવતા પહેલાં રોડ પર જ એક ગેટ આવે છે. પછી રોડની ડાબી બાજુ ચાંપાનેર અને જમણી બાજુ પાવાગઢ છે. પાવાગઢ પહાડ પરનાં જંગલોનું સુંદર દ્રશ્ય અહીંથી જ દેખાય છે. ચાંપાનેર ગામ કિલ્લેબંધ છે. કિલ્લાની દિવાલ બહારથી દેખાય છે. કિલ્લાના મોટા ગેટ આગળ હેરિટેજ સાઈટનું બોર્ડ મારેલું છે. ગેટમાં પ્રવેશો એટલે એક પછી એક મુસ્લિમ સ્મારકો દેખાય છે.

આ સ્મારકોમાં સૌથી અગત્યની છે મહમદ બેગડાએ બંધાવેલી જામા મસ્જિદ કે જામી મસ્જિદ. આ મસ્જિદ ગુજરાતનાં જાણીતાં બાંધકામોમાંની એક ગણાય છે. કોતરકામવાળા સુંદર ભવ્ય પ્રવેશદ્વાર પછી મસ્જિદ આગળ ૩૦ મીટર ઉંચા બે મિનારા છે. સુશોભિત જાળીઓ છે, અંદર ૧૭૨ થાંભલા છે અને વચમાં મોટો ઘુમ્મટ છે. જામા મસ્જિદ આગળ એક વાવ પણ છે. આ ઉપરાંત, કેવડા મસ્જિદ અને તેની જોડે એક સ્મૃતિ ખંડ, નગીના મસ્જિદ અને સ્મૃતિ ખંડ, શહર કી મસ્જિદ, લીલા ગુંબજની મસ્જિદ, ખજૂરી મસ્જિદ, કામાની મસ્જિદ વગેરે મસ્જિદો અહીં આવેલી છે. નગરના કોટને નવ દરવાજા છે અને લગભગ દરેક દરવાજા આગળ એક મસ્જિદ છે.

ચાંપાનેરમાં રાજાઓ પાણીના સંગ્રહને બહુ મહત્વ આપતા. ચોમાસામાં વરસાદ પડે ત્યારે પાણીનો સંગ્રહ કરી લેવાનો કે જેથી આખું વર્ષ પાણીની તકલીફ ન પડે. આ માટે અહીં તળાવો, વાવો અને ટાંકીઓ બનાવવામાં આવ્યાં હતાં. બડા તળાવ એક આવું જ તળાવ છે. આ તળાવ પાસે કબૂતરખાના છે, એનો ઉપયોગ ધર્મશાળા તરીકે પણ થતો હતો. બેગડાનો

મહેલ બડા તળાવની નજીક જ હતો. અહીં એક કસ્ટમ હાઉસ પણ હતું, જે માંડવી તરીકે ઓળખાતું હતું.

અત્યારે ચાંપાનેરમાં રહેવા માટે સ્થાનિક ગેસ્ટ હાઉસો અને ધર્મશાળાઓ છે. ચાંપાનેરનાં સ્થાપત્યો જોવા આવો ત્યારે પાવાગઢ જોવા પણ જજો જ.

પાવાગઢ: પાવાગઢ ડુંગર, ચાંપાનેરની બાજુમાં જ છે. પાવાગઢની ટોચે કાલિકામાતાનું પ્રખ્યાત મંદિર આવેલું છે. અહીં તળાવો તથા આજુબાજુનું અદભૂત સૌન્દર્ય જોવા જેવાં છે.

હાલોલથી રોડ માર્ગે જઈએ એટલે ચાંપાનેર આવતા પહેલાં રોડ પર જ એક ગેટ આવે છે. પછી રોડની ડાબી બાજુ ચાંપાનેર અને જમણી બાજુ પાવાગઢ છે. પાવાગઢ પહાડ પરનાં જંગલોનું સુંદર દ્રશ્ય અહીંથી જ દેખાય છે

પાવાગઢ પર્વતની ઉંચાઈ સમુદ્રસપાટીથી ૮૦૦ મીટર જેટલી છે. ઉપર જવા માટે છેક સુધી પગથિયાં છે. લગભગ અડધે સુધી ચડ્યા પછી માંચી નામની સમતલ જગા આવે છે. માંચી સુધી રોડ પણ બનાવેલો છે એટલે ગાડી, ટેક્સી, રીક્ષા કે બસ દ્વારા પણ માંચી સુધી પહોંચી શકાય છે. આ અંતર સાત કી.મી. છે. આ રસ્તે પસાર થતાં, આજુબાજુ ગાઢ જંગલોનું દર્શન થાય છે. આ જંગલોમાં રખડવાનું ગમે એવું છે. અહીં ટ્રેકીંગ કરવા નીકળો તો અંદર ક્યાંક નાના ધોધ અને ઝરણાં જોવા મળી જાય. માંચીમાં ધર્મશાળાઓ, દુકાનો અને ખાવાપીવાની બજારો વગેરે છે. ગંદકી પણ છે. અહીં ગુજરાત સરકારનું એક ગેસ્ટ હાઉસ છે, તે ઘણું જ સરસ છે. રહેવા માટે આ જગા બહુ જ સારી છે. અહીં જમવાનું પણ ઘણું સરસ મળે છે.



મહાકાળી માતાનું મંદિર, પાવાગઢ

માંચીથી પાવાગઢની ઉપર જવા માટે રોપ વે (ઉડન ખટોલા)ની સગવડ છે. રોપ વે ૭૫૦ મીટર લાંબો છે. રોપ વેમાં ના જવું હોય તો પગથિયાં તો છે જ. પણ રોપ વેમાં બેસી અધ્ધર લટકતા જવાની અને આજુબાજુનો નઝારો જોતા જવાની મઝા તો આવે જ. રોપ વે પૂરો થયા પછી પણ ૨૦૦ પગથિયાં ચડવાનાં રહે છે, પછી માતાજીનું મંદિર આવે.

પગથિયાંવાળા રસ્તે એક પછી એક એમ આઠ ગેટ આવે છે. પહેલો ગેટ અટક ગેટ તરીકે ઓળખાય છે. બીજો ગેટ ત્રણ દરવાજાવાળો છે, તે બુઢિયા ગેટ તરીકે જાણીતો છે. ત્રીજો ગેટ સદનશાહ ગેટ કે મોતી ગેટ કહેવાય છે. ચોથા ગેટ આગળ, એ જમાનામાં ટંકશાળ હતી. રસ્તામાં એક જગાએ સાત કમાન આવે છે. આ એક સરસ જગા છે. અહીંથી આજુબાજુનું દ્રશ્ય બહુ જ સરસ દેખાય છે. ફોટા પાડવા લાયક જગા છે.

પાંચમો ગેટ માંચી પાસે આવેલો છે. તે ગુલનબુલન ગેટ તરીકે જાણીતો છે. ચોથા અને પાંચમા ગેટ વચ્ચે સાત મંજિલ આવેલી છે, જે મૂળ સાત માળનું મકાન હતું. તળેટીથી માંચીની વચમાં ખાપરા ઝવેરીનો મહેલ આવેલો છે. વિશ્વામિત્રી નદી પાવાગઢમાંથી નીકળે છે. ખાપરા ઝવેરીના મહેલની છત પરથી વિશ્વામિત્રીનું મૂળ દેખાય છે. માંચીની નજીક પતાઈ રાવળનો મહેલ પણ છે. તેના વંશનો છેલ્લો રાજા જયસિંહ હતો. આ મહેલના અવશેષોમાં પાણીની ટાંકી પણ દેખાય છે.

છઠ્ઠા નંબરનો ગેટ બુલંદ દરવાજા કહેવાય છે. આ ગેટની નજીક મકાઈ કોઠાર આવેલા છે. એ જમાનામાં મકાઈનો સંગ્રહ કરવા માટે આ કોઠાર બનાવેલા. આ ઉપરાંત, અનાજ સંઘરવા માટે નવલખા કોઠાર પણ હતા. સાતમા ગેટને મકાઈ ગેટ કહે છે. તેની નજીક લોખંડી દરવાજો છે. આઠમો ગેટ તારાપોર ગેટ કહેવાય છે.

રોપ વે પૂરો થયા પછીના વિસ્તારમાં સંખ્યાબંધ દુકાનો છે. રમકડાં, પૂજાપ્રસાદનો સામાન ખાણીપીણી એમ ઘણું બધું અહીં મળે છે. અહીં દુધિયા, છાશિયા અને તેલિયા તળાવો છે. દુધિયા તળાવનું પાણી દૂધ જેવું, છાશિયાનું છાશ જેવું અને તેલિયાનું તેલ જેવું દેખાય છે. એના પરથી જ આ તળાવોનાં નામ પડ્યાં છે. આ વિસ્તારમાં શીવ, ઇન્દ્ર અને અંબિકાના મંદિરોના અવશેષો છે. દુધિયા તળાવ પાસે પાર્શ્વનાથ ભગવાનનું જૈન મંદિર છે. કિલ્લાની દિવાલ પણ ક્યાંક દેખાય છે.

આ બધું જોઇ, ૨૦૦ પગથિયાં ચડી છેલ્લે, ટોચ પર પહોંચો એટલે માતા કાલિકાનાં દર્શન થાય. દર્શન કરી મન એક પ્રકારનો સંતોષ અને આનંદ અનુભવે છે અને પગથિયાં ચડીને આવ્યાનો થાક ઉતરી જાય છે. માતાજીની એ જ તો કૃપા છે. મંદિરમાં માતાજીની ત્રણ પ્રતિમાઓ છે. વચ્ચે કાલિકા માતા, જમણી બાજુ મા કાલી અને ડાબી બાજુ બહુચરમાતા છે. દર વર્ષે આશરે દશેક લાખ લોકો અહીં દર્શને આવે છે. ચૈત્રી નવરાત્રિની આઠમે અહીં મોટો મેળો ભરાય છે. તળેટીમાંથી, રાત્રે પહાડ પર ઝબૂકતી લાઈટોનું દ્રશ્ય બહુ જ મનોહર

લાગે છે. કહે છે કે જયારે ચાંપાનેર વસ્યું ન હતું ત્યારે પણ લોકો કાલિકા માતાનાં દર્શને આવતા હતા. ઉપર એક જગાએ મુસ્લિમ પીરનો મકબરો પણ છે.

પાવાગઢ ધોધ: પાવાગઢ પર મહાકાળી માતાના મંદિરની પાછળના ભાગમાં બે કે ત્રણ ધોધ પડે છે. આ ધોધ ચોમાસા દરમ્યાન જ હોય છે. આ ધોધ પબ્લીકમાં જાણીતા નથી. પણ અહીંના સ્થાનિક લોકોને તેની ખબર છે. ટ્રેકીંગ કરનારા કે જંગલમાં ફરવાવાળા લોકો આ ધોધ શોધીને પણ જોવા અને તેનો આનંદ માણવા જતા હોય છે.

હાલોલથી પાવાગઢ જવાના રસ્તે, પાવાગઢ આવતા પહેલાં, રસ્તા પર જ એક મોટો ગેટ આવે છે. આ ગેટમાં દાખલ થતા પહેલાં જમણી બાજુ એક કાચો રસ્તો પડે છે. આ રસ્તે જતાં શંકર ભગવાનનું એક મંદિર આવે છે, જે ખૂણીયા મહાદેવ તરીકે જાણીતું છે. મંદિર સુધી પહોંચવાના રસ્તામાં નાની નદી પણ આવે છે. આ નદી પેલા ધોધના પાણીની જ બનેલી છે. મંદિરમાં દર્શન કરવા ઘણા લોકો આવે છે.



પાવાગઢનો ધોધ

મંદિરથી આગળ જતાં ખડકો પર ચડાણ શરુ થાય છે. આડાઅવળા ખડકો પર ચડવાનું અઘરું છે. અહીં જૂના પુરાણા કિલ્લાના અવશેષો પણ જોવા મળે છે. થોડુક જઈએ એટલે પહેલા ધોધ સુધી પહોંચાય છે. અહીં સુધી પણ ઘણા લોકો આવે છે અને આ પહેલા ધોધની મજા માણે છે. નદી તો હજુ યે આગળથી આવતી દેખાય છે. એટલે ખડકો પર ચડવાનું અને આગળ જવાનું ચાલુ રાખો તો બીજા ધોધ સુધી પહોંચાય. ખડકોમાં ચડવાનું બહુ જ કઠિન છે. સીધા ખડકો પર એક પછી એક પગ બહુ જ સાચવીને મૂકવો પડે, લીલ બાઝેલી હોય, વાગે, ચામડી છોલાઈ જાય, પાછા કઈ રીતે ઉતરીશું તેની ફિકર થાય, પણ સાહસિક લોકો તો બીજા ધોધ પર પહોંચી, ખડકો પર બેસી નહાવાનો લ્હાવો લેતા હોય છે. અહીં એકદમ

ચોખ્ખા અને ઠંડા પાણીમાં નહાવાની કેટલી બધી મજા આવે ! સ્થાનિક લોકો આ ધોધ વિષે જાણતા હોય છે. તેમને પૂછીને રસ્તો શોધી શકાય. બીજા ધોધ આગળથી ત્રીજો ધોધ દેખાય છે. આજુબાજુ બધે જંગલ જ છે. જીવાત, સાપ કે કોઈ જાનવરનો પણ ડર લાગે. એટલે આ બધાથી પણ સાચવવું પડે.

પાવાગઢના આ ધોધ સુધી પહોંચવા માટે કોઈ જ સગવડ ઉપલબ્ધ નથી. બસ, કુદરતની સમીપ જાવ અને કુદરતને નીરખો. ધોધમાં પહોંચ્યા પછી, ઉપરથી નીચેનું દ્રશ્ય કેવું ભવ્ય લાગતું હશે, એ તો ત્યાં જનારા જ અનુભવી શકે. માનવવિહીન નિઃશબ્દ એકાંત જગાનો માહોલ જોવો હોય તો આ ધોધ પર પહોંચી જાવ.

મેંગેનીઝની ખાણો, શીવરાજપુર: શીવરાજપુર ગામમાં મેંગેનીઝની ખાણો આવેલી છે. આ ખાણો જોવા જેવી છે. મેંગેનીઝ ધાતુના ઘણા ઉપયોગો થાય છે. શીવરાજપુર હાલોલથી ૨૭ કી.મી. દૂર છે.

જાંબુઘોડા અભ્યારણ્ય અને કડા ડેમ: જાંબુઘોડા, હાલોલથી બોડેલીના રસ્તે ૫૦ કી.મી. દૂર છે. જાંબુઘોડા આવતા પહેલાં જ રોડની બંને બાજુ ગાઢ જંગલો શરુ થઇ જાય છે. આ જંગલો 'જાંબુઘોડા અભયારણ્ય' તરીકે ઓળખાય છે. અહીં તેનું બોર્ડ મારેલું છે. આ અભયારણ્ય વિસ્તારમાં જ એક નદી પર કડા ડેમ બાંધેલો છે અને એક જગાએ ઝંડ હનુમાન વસેલા છે.



જાંબુઘોડા અભ્યારણ્ય

જાંબુઘોડા અભયારણ્યમાં દીપડો, રીંછ, શિયાળ, વરુ, હરણ વગેરે પ્રાણીઓનો વસવાટ છે. અહીં સાપ અને પાયથોન પણ જોવા મળી જાય છે. આ જંગલમાં મુખ્યત્વે ટીક, મહુડો અને વાંસનાં ઝાડ છે.

કડા ડેમ જાંબુઘોડાથી ફક્ત ૩ કી.મી. દૂર છે. રસ્તો સાંકડો અને ઠીકઠીક છે પણ ગાડી જઈ શકે એવો છે. અડાબીડ ગાઢ જંગલોમાં છુપાયેલી નદી પર આ ડેમ બાંધેલો છે. અહીં બાંધેલા ડેમથી પાણીનું બહુ જ મોટું વિશાળ સરોવર રચાયું છે. સરોવરની બધી બાજુ જંગલો જ જંગલો છે. નિઃશબ્દ વાતાવરણ છે. ડેમ આગળ ઉભા રહીને કુદરતનો આ નઝારો જોવાનું ગમે એવું છે. ટેકરા પર વનવિભાગની ઓફિસ છે. નીચે કર્મચારીઓનાં રહેઠાણનાં થોડાં મકાનો છે. ડેમ જોવા માટે ટીકીટ રાખેલી છે પણ અહીં ખાસ કોઈ પ્રવાસી ફરવા આવતા હોય એવું લાગતું નથી.

ધનપરી કેમ્પ સાઈટ: આ કેમ્પ સાઈટ કડા ડેમની નજીક આવેલી છે. આજુબાજુ ગાઢ જંગલો છે. અહીં ફરવાની મજા આવે એવું છે. અહીંથી કડા ડેમ અને ઝંડ હનુમાન જોવા જઇ શકાય. કડા ડેમનું દ્રશ્ય બહુ જ સુંદર છે. ઝંડ હનુમાન પણ જોવા જેવી જગા છે.

ઝંડ હનુમાન: ઝંડ હનુમાન, જાંબુઘોડાના અભ્યારણ્યમાં જંગલોની મધ્યે બિરાજે છે. જાંબુઘોડાથી ઝંડ હનુમાન ૧૧ કી.મી. દૂર છે. આ રસ્તો બહુ સારો નથી. થોડેક સુધી પાકો રસ્તો છે, પણ પછી મેટલવાળો કાચો રસ્તો અને તે પણ ખાડાટેકરાવાળો છે. આમ છતાં ગાડી જઈ શકે તેવો છે. હા, ટાયર થોડાં ઘસાય અને ગાડીના સાંધા સહેજ હચમચી જાય. ઉપરનાં જંગલોમાંથી એક નાની નદી નીકળીને ઝંડ હનુમાન થઈને જાંબુઘોડા તરફ વહે છે, તેને સમાંતર આ રસ્તો છે. એક જગાએ તો આ નદી, તેના પાણીમાં થઈને ઓળંગવી પડે છે. પણ પાણી સાવ છીછરું હોવાથી, ગાડીને વાંધો નથી આવતો. આગળનો રસ્તો કાચો છે. એક જગાએ એક વિન્ડ મીલ ઉભી કરેલી છે. તેની તાકાતથી પાણીનો પંપ ચાલે છે.



ઝંડ હનુમાન

જંગલોની મધ્યમાં, પેલી નદીના કિનારે ઝંડ હનુમાનની સ્થાપના કરેલી છે. પચાસેક પગથિયાં ચડીને હનુમાનજીની મૂર્તિ આગળ પહોંચાય છે. મૂર્તિ વીસ ફૂટ ઉંચી છે. ખડક પર ઉપસાવેલી સિંદૂરી રંગની આ મૂર્તિ ખૂબ જ ભવ્ય લાગે છે. મૂર્તિનાં દર્શન કરી મન પ્રસન્ન થાય છે. ચારે બાજુ પહાડો અને જંગલો તથા વચ્ચે નદી અને આ મૂર્તિ – આ માહોલ ઘણો જ

મનોહર લાગે છે. નદીના વહેણમાં ઉભા રહેવાનું ગમે એવું છે. અહીં ફળ, ફૂલ પ્રસાદ અને નાસ્તાની થોડી દુકાનો પણ છે. દુકાનોવાળા રાત્રે જાંબુઘોડા જતા રહે છે. રાત્રે આ જંગલ કેવું બિહામણું લાગતું હશે? એ તો અહીં રહીએ તો જ જાણવા મળે. હનુમાનજીની કૃપા હોય તો જ અહીં સુધી પહોંચી શકાય અને હનુમાનજી દર્શન આપે.

આ જંગલમાં ઝંડ હનુમાનથી ૧ કી.મી. જેટલું ચડ્યા પછી ‘ભીમની ઘંટી’ તરીકે ઓળખાતી એક મોટી ઘંટી પડેલી છે. બે મોટા પડવાળી આ ઘંટી અહીં કેવી રીતે આવી હશે? ભીમ પોતે લાવ્યા હશે? આ જંગલ એ જ હિડિંબા વન છે. પાંડવો આ વનમાં ફર્યા હતા. આ વનમાં હિડિંબા નામની રાક્ષસી રહેતી હતી. ભીમ હિડિંબાને પરણ્યા હતા, એવી કથા છે. આ ઘંટી ભીમના જમાનાની હોય એવું બને પણ ખરું. બીજી એક કથા મૂજબ, વર્ષો પહેલાં આ વિસ્તારમાંથી ચૂનો મળતો હતો. તે વખતે ચૂનાની ખાણના માલિકો ચૂનો પીસવા માટે આ મોટી ઘંટી અહીં લાવ્યા હતા. પછી ચૂનો મળતો બંધ થઇ ગયો. પણ આ ઘંટી કોઈ પાછી લઇ ગયું નહિ.

ઝંડ હનુમાનની મૂર્તિની નજીક એક કૂવો છે. એમ કહેવાય છે કે અર્જુને દ્રૌપદીની તરસ છીપાવવા માટે આ કૂવો ખોદ્યો હતો. નદી કિનારે એક જૂનું પુરાણું શીવમંદિર છે. પણ તે બંધ હાલતમાં છે. કોઈ પૂજા કરતુ નથી. અહીં આજુબાજુના જંગલમાં ટ્રેકીંગ કરી શકાય. જંગલમાં ઘુમવાની મઝા આવે એવું છે. ઝંડ હનુમાન આગળ ઘણા પ્રવાસીઓ આવે છે. રસ્તા સારા બનાવ્યા હોય તો આ સ્થળ એક પર્યટક સ્થળ તરીકે સરસ વિકાસ પામે તેમ છે.

હાથણી માતા ધોધ: હાથણી માતા ધોધ એ ગુજરાતનો પ્રખ્યાત ધોધ છે. તે પંચમહાલ જીલ્લામાં ઘોઘંબાથી ૧૮ કી.મી. દૂર, સરસવા ગામ આગળ આવેલો છે. ઘોઘંબાથી બાકરોલ ચાર રસ્તા પહોંચવાનું, ત્યાંથી આ ધોધ ૩ કી.મી. દૂર છે. હાલોલથી પાવાગઢ અને શીવરાજપુર થઈને પણ આ ધોધ તરફ જવાય છે. ગોધરાથી આ ધોધનું અંતર ૪૬ કી.મી. અને વડોદરાથી ૮૦ કી.મી. છે.

બહુ જ લોકો હાથણી માતાનો ધોધ જોવા આવે છે. એમાં ય રવિવારે તો લોકોનો ધસારો બહુ હોય છે. વળી છેક સુધી સરસ પાકો રોડ છે, એટલે વાહન લઈને ત્યાં પહોંચવામાં પણ સરળતા રહે છે. ધોધ આગળ પાર્કીંગની સારી વ્યવસ્થા છે, એટલે વાહન પાર્ક કરવામાં તકલીફ પડતી નથી.

વાહન પાર્ક કર્યા પછી, ઢાળવાળા રસ્તે લગભગ અડધો કી.મી. ચાલીને ધોધ આગળ પહોંચાય છે. આ રસ્તે પુષ્કળ દુકાનો લાગેલી જોવા મળે છે. ભજીયાં, ઈડલી, સમોસા, શેકેલી અને બાફેલી મકાઈ, કાકડી, અમરખ એમ જાતજાતની વસ્તુઓ મળે છે. આપણે ત્યાં જોવાલાયક સ્થળોએ, બધે જ આવું વાતાવરણ હોય છે.

ધોધ આગળ ખૂબ ઉંચી ખડકાળ ટેકરીઓ છે. એમાંની એક ટેકરી પરથી આવતી નદીનું પાણી, ટેકરીની ઉભી કરાડો પર થઈને ધોધરૂપે નીચે પડે છે. સામે ઉભા રહીને, ટેકરીના વાંકાચૂકા ખડકો પરથી ઉછળતો કૂદતો અને નીચે પડતો ધોધ જોવાની મજા આવે છે. ધોધ નીચે જે જગાએ પડે છે ત્યાં પણ વાંકાચૂકા ખડકો પથરાયેલા છે તથા આજુબાજુ વૃક્ષો અને ગીચ ઝાડી છે. એટલે ત્યાં સુધી પહોંચવાનું પણ કઠિન છે. આમ છતાં, ધીરે ધીરે સાચવીને ત્યાં જરૂર પહોંચી શકાય છે. જ્યાં ધોધ પડે છે તે જગાએ એક ગુફા છે, અને તેમાં હાથણીના આકારનો મોટો ખડક છે. એટલે તો આ ધોધ, હાથણી માતાનો ધોધ કહેવાય છે. ઘણા લોકો ગુફામાં હાથણી માતાની પૂજા કરે છે અને માતાજીને નૈવેદ્ય ચડાવે છે. હાથણી માતાના આ મંદિરમાં જ શીવજીનું લીંગ પણ છે. શીવજીનો અહીં વાસ છે. ધોધ જોવા આવનારા લોકો માતાજીનાં અને શીવજીનાં દર્શન અચૂક કરે છે જ.



હાથણી માતા ધોધ

ધોધ જ્યાં પડે છે ત્યાંથી, ખડકો પર ધીરે ધીરે ચડવું હોય તો ચડી શકાય છે. ઘણા લોકો અહીં શક્ય એટલું ઉંચે ચડીને બેસે છે અને ધોધના પાણીમાં નહાવાનો આનંદ માણે છે. ગિરદી બહુ હોય ત્યારે ખડકો પર એટલા બધા લોકો ગોઠવાઈ ગયા હોય છે કે ધોધનું પાણી પણ દેખાતું નથી. જો ગિરદી ઓછી હોય તો ધોધમાં નહાવાની ઓર મજા આવે. ઘણા લોકો આજુબાજુ ખડકો અને ઝાડીઓમાં ઘૂમે છે. ટેકરીની છેક ઉપર જવું હોય તો બીજો રસ્તો પણ છે. ઘણા લોકો આ રસ્તે થઈને ટેકરીની ટોચે પણ જતા હોય છે. તેમને ઉપરથી આવતી નદી પણ જોવા મળે.

વૃદ્ધ અને અશક્ત માણસોથી આ ધોધ સુધી અવાય એવું નથી. તેમણે ધોધની સામે ઉભા રહી, ધોધ જોયાનો સંતોષ માનવો પડે. હા, ખડકોના ખાડા પૂરી, પ્લાસ્ટર કરી, જમીન થોડી સરખી કરાય તો સરળતા રહે. પણ પછી કુદરતી માહોલ જતો રહે. બીજું કે ચોમાસામાં

વરસાદ પડે ત્યારે જ આ ધોધમાં પાણી હોય. બાકી પાણી નથી હોતું. એટલે માત્ર ચોમાસામાં જ આ ધોધ જોવા મળી શકે.

શ્રીનારાયણધામ, તાજપુરા: તાજપુરા ગામ, હાલોલની નજીક આવેલું છે. હાલોલથી વડોદરાના રસ્તે બાસ્કા ગામ આગળ થઈને તાજપુરા જવાય છે. તાજપુરામાં નારાયણ બાપુનો આશ્રમ અને નારાયણ આઈ હોસ્પિટલ છે.

નારાયણ બાપુએ સઘન ધ્યાન અને તપ કરીને ભગવાનના સાક્ષાત્કારનો અનુભવ કર્યો હતો. ગરીબ અને જરૂરતમંદ લોકોને સગવડ મળી રહે એ હેતુથી તેમણે અહીં તાજપુરામાં નારાયણ આંખની હોસ્પિટલ ઉભી કરી છે. ગુજરાત તથા બીજાં રાજ્યોના કેટલાય દરદીઓ આ હોસ્પિટલનો લાભ લઇ રહ્યા છે. કોઈ પણ જાતના ભેદભાવ વિના સર્વ માનવની અહીં સરખી દેખભાળ કરાય છે. દરદીનાં સગાંને પણ રહેવા જમવાની સગવડ પૂરી પડાય છે. અહીં ઘણા મહા પુરુષો મુલાકાતે આવી ગયા છે.

નારાયણ બાપુએ અહીં આશ્રમ પણ સ્થાપ્યો છે. તેમાં ગરીબોને મદદરૂપ થવા ટ્રસ્ટ ઉભું કર્યું છે. અહીં ખાવાપીવાની સુવિધા તથા અન્ય રાહતો પૂરી પડાય છે. ઘણા લોકો આશ્રમને દાન આપે છે.

આશ્રમનું પ્રવેશદ્વાર ભવ્ય છે. અંદર મંદિર પણ છે. અહીં પૂનમ તથા બીજા ઘણા તહેવારો ઉજવાય છે. આ આશ્રમની મુલાકાત લેવા જેવી છે.



નારાયણધામ, તાજપુરા

શ્રી કૃપાળુ સમાધિ મંદિર અને આશ્રમ, મલાવ: પંચમહાલ જીલ્લાના મલાવ ગામમાં સ્વામી કૃપાલ્વાનંદનું સમાધિ મંદિર તથા કૃપાળુ આશ્રમ આવેલા છે. સ્વામી યોગ ગુરુ હતા. તેમણે યોગસાધના અને ધ્યાનનો ગહન અભ્યાસ કર્યો હતો અને યોગનું ઉચ્ચતમ પદ પ્રાપ્ત કર્યું હતું. તેમણે લાંબા સમય સુધી મૌન ધારણ કર્યું હતું. તેમણે ૧૯૮૧માં દેહ છોડ્યો, ત્યાર પછી

મલાવમાં તેમનું સમાધિ મંદિર બનાવવામાં આવ્યું છે. મંદિરમાં યોગ માટેના હોલ છે. ઉપર આરસનાં ઉંચાં શીખરો છે. ઘણે દૂરથી તે લોકોનું ધ્યાન ખેંચે છે. મંદિર આગળ સુંદર બચીચો છે. મંદિરની બાજુમાં આશ્રમ છે. આ આશ્રમમાં રહેવા જમવાની વ્યવસ્થા છે. ત્યાં રહીને યોગ શીખી શકાય છે, અને ભગવાનનું ધ્યાન ધરી શકાય છે. મલાવ, ગોધરાથી આશરે ૨૪ કી.મી. દૂર આવેલું છે.



શ્રી કૃપાળુ સમાધિ મંદિર, મલાવ

કૃપાળુ મુનિ તથા તેમના શિષ્ય શ્રી રાજર્ષિ મુનિએ કાયાવરોહણમાં પણ લકુલીશ મંદિર અને આશ્રમ સ્થાપ્યા છે. લકુલીશ શીવના અવતાર ગણાય છે, તેમનું પ્રાગટ્ય કાયાવરોહણમાં થયું હતું. તેમના શિષ્યો દ્વારા ગુજરાતમાં લકુલીશ યોગ યુનીવર્સીટીની સ્થાપનાનું કાર્ય ચાલી રહ્યું છે. રાજરાજેશ્વરધામ, જાખણમાં પણ યોગવિદ્યા શીખવાડાય છે.

આપેશ્વર મહાદેવ, મલાવ: વેજલપુરથી મલાવ જતાં, મલાવ આવતા પહેલાં વચ્ચે આપેશ્વર મહાદેવ આવે છે. અહીં ડુંગરાઓની મધ્યમાં એક ડુંગર પર શીવજીનું આ મંદિર બનાવ્યું છે. પૂજારી પણ ડુંગરની ટોચ પર, મંદિરની સામેની નાની કુટીરમાં રહે છે. પગથિયાં ચડીને ઉપર જવાય છે. ચારે બાજુ વિશાળ પથ્થરો અને જંગલ છે. નીચે બેસવા માટે બાંકડા વિગેરે છે. અહીંના શાંત વાતાવરણમાં રખડવાની અને ટ્રેકીંગની મજા આવે એવું છે. શીવરાત્રિએ અહીં મેળો ભરાય છે, ત્યારે અહીં ઘણા લોકો આવે છે. આજુબાજુના વિસ્તારમાં અવારનવાર ગુજરાતી ફિલ્મોનું શુટીંગ થાય છે. થોડે દૂર ચાબીડીવાળાની એક નાનીસરખી દુકાન છે.

મરડેશ્વર મહાદેવ, શહેરા: શહેરા ગામથી ૧ કી.મી. દૂર હાઈવેને અડીને સુપ્રસિદ્ધ મરડેશ્વર મહાદેવ આવેલું છે. શહેરા, ગોધરાથી લુણાવાડાના રસ્તે ૨૫ કી.મી. દૂર છે. શ્રાવણ માસમાં અને શીવરાત્રિ વખતે અહીં માનવ મહેરામણ ઉમટી પડે છે. આ મંદિરની બાજુમાં મહાકાળી માતાનું મંદિર છે.



મરડેશ્વર મહાદેવ, શહેરા

મરડેશ્વર મહાદેવ અહીં સ્વયંભૂ પ્રગટ થયેલા છે. અહીંનું શીવલીંગ પત્થરનું બનેલું નથી, પણ તે ‘મરડ’ નામની માટીમાંથી બનેલું છે. આથી આ શીવ મરડેશ્વર કહેવાય છે. શીવલીંગ રુદ્રાક્ષના મણકાની જેમ ખરબચડી સપાટીવાળું છે. શીવલીંગ પરથી સતત પવિત્ર જળધારા વહેતી રહે છે. આ પાણી સાફ કરવામાં આવે તો તે ફરીથી પાછુ આવી જાય છે. આથી તેને શીવની જટામાંથી વહેતી ગંગા ગણીને પૂજનીય ગણવામાં આવે છે. ભક્તો આ પાણીને પ્રસાદી સમજી ચરણામૃત તરીકે લે છે, અને પોતાને ધન્ય ગણે છે. શીવલીંગ દર વર્ષે ચોખાના દાણા જેટલું વધતું હોવાની માન્યતા છે.

પાનમ ડેમ: પાનમ નદી પર આ ડેમ બાંધેલો છે. ગોધરાથી લુણાવાડાના રસ્તે ૨૮ કી.મી. જેટલું ગયા પછી, જમણી બાજુ એક રસ્તો પડે છે. આ રસ્તે ૧૫ કિ.મી. જાવ એટલે પાનમ ડેમ પહોંચી જવાય. રસ્તો સીંગલ અને ઉંચોનીચો છે, જંગલઝાડીમાંથી પસાર થાય છે. વચ્ચે વચ્ચે નાનાં ગામડાં આવે છે.

પાનમ નદી દેવગઢબારીઆ નજીક આવેલા રતનમહાલના ડુંગરોમાંથી નીકળે છે અને મહી નદીને મળે છે. કેળ ઉઝર ગામ આગળ એના પર ડેમ બાંધેલો છે. અહીં નદીનો પટ બહુ પહોળો છે, બંને બાજુ ઉંચી ટેકરીઓ છે. ડેમ પાછળ ભરાયેલું વિશાળ સરોવર, નાખી નજર ના પહોંચે એટલું વિસ્તરેલું છે. પાણીના વિશાળ સાગર જેવું લાગે. ડેમમાંથી કાઢેલી નહેરો મારફતે ખેતી માટે પાણી પૂરું પાડવામાં આવે છે. ૨ મેગાવોટ વીજળી પેદા કરતું નાનું પાવરહાઉસ પણ છે. ડેમ પછી નીચવાસમાં વહેતી પાનમ નદી જાજરમાન લાગે છે. ડેમની

નજીક વિશ્રામગૃહમાં રહેવા જમવાની વ્યવસ્થા છે. પાનમ ડેમ તરફ જતા રસ્તાની આજુબાજુનાં જંગલોમાં રખડવાની મજા આવે એવું છે.

સતકુંડા ધોધ: પાનમ ડેમથી પંદરેક કી.મી. દૂર સતકુંડા નામનો એક ધોધ છે. આ ધોધ એક પછી એક સાત સ્ટેપમાં નીચે પડે છે. જોવા જેવો છે.

કડાણા ડેમ: મહી નદી પર બાંધેલો આ ડેમ લુણાવાડાથી ૫૪ કી.મી. દૂર છે. આ ડેમમાંથી ખેતી માટે પાણી પૂરું પડાય છે, તથા વિદ્યુત પણ પેદા કરાય છે. આ એક સારું પીકનીક સ્થળ છે. ડેમના કર્મચારીઓ માટે દીવડા કોલોની વસાવવામાં આવી છે.

માનગઢ હીલ: માનગઢ હીલ સંતરામપુરથી ૨૧ કી.મી. દૂર છે. અહીં ગોવિંદગુરુ નામના દેશભક્તની સમાધિ છે. અહીંની ગામડાની અભણ, આદિવાસી પ્રજાના તેઓ નેતા હતા. તેમણે સંપ સભા નામે સંગઠન ઉભું કર્યું હતું. તેમણે અહીંની પ્રજાને એકતા, વ્યસન નાબૂદી, શિક્ષણ, સદાચાર, ગુનાથી દૂર રહેવું વગેરે માટે જાગૃત કરી હતી. સંપ સભાએ સ્વતંત્રતા પ્રાપ્તિ માટે પણ કાર્ય કર્યું હતું. આ બાબત અંગ્રેજ સત્તાના ધ્યાનમાં આવતાં, અંગ્રેજ સેનાએ માનગઢની ટેકરીઓ પર ૧૯૧૩માં હુમલો કરી સંખ્યાબંધ આદિવાસી ભક્તોને મારી નાખ્યા. ગોવિંદ ગુરુ જીવતા પકડાયા. તેમને અંગ્રેજોએ વર્ષો સુધી જેલમાં પૂરી રાખ્યા. આ બનાવ ઇતિહાસનાં પૃષ્ઠો પર કદાચ નોંધાયો નથી. આ ઘટના જલિયાંવાલા બાગ જેવી જ હતી. શહીદોની યાદમાં, માનગઢ હીલ આજે પણ ગુજરાત અને રાજસ્થાનના ગ્રામ્ય લોકો માટે આસ્થાનું કેન્દ્ર છે. આ જગાએ એક 'અમર જ્યોતિ સ્તંભ' ઉભો કરવામાં આવ્યો છે. આ જગાને 'ગોવિંદ ગુરુ સ્મૃતિવન' નામ આપવામાં આવ્યું છે. આ સ્મૃતિવનનું શ્રી નરેન્દ્ર મોદીએ તા. ૩૦-૭-૧૨ના રોજ લોકાર્પણ કર્યું હતું. (પંજાબના ગુરુ ગોવિંદસિંહ અને આ ગોવિંદ ગુરુ અલગ વ્યક્તિઓ છે.)

સંતરામપુર, ગોધરાથી ૭૫ કી.મી. દૂર છે. સંતરામપુરથી માનગઢ હીલ તરફનો બધો વિસ્તાર ટેકરીઓવાળો છે. છેલ્લે, માનગઢ હીલ ૧ કી.મી. બાકી રહે ત્યાં તો એકદમ સીધો ઢાળ છે. માનગઢની ઉંચાઈ ૧૨૧૪ ફૂટ એટલે કે ૩૭૦ મીટર છે.

ઉપર સારી એવી સપાટ જગા છે. ગાડી પાર્ક કરવા માટે પણ ઘણી જગા છે. પાર્કીંગની જગાએ શેડ કરેલો છે. શેડમાં એક સરસ ઝાડ છે. પાર્કીંગની સામે જ એક જૂનો હોલ છે. આ હોલમાં જ ગોવિંદ ગુરુની સમાધિ છે. હોલની દિવાલો પર આરસની તકતીઓ લગાડેલી છે અને એમાં ગોવિંદ ગુરુના જન્મથી માંડીને સંપ સભાની પ્રવૃતિઓ તથા અંગ્રેજોએ કરેલ સંહારની કથા વિગતે લખેલી છે. એ વાંચીને એમ થાય કે આપણા દેશભક્તો પર એક વિદેશી પ્રજાએ કેવી ક્રૂરતા આચરી હતી ! આ હોલમાં એક બાજુ ગોવિંદ ગુરુની સમાધિ પર ભક્તો ધૂપ સળગાવે છે, ફૂલો ચડાવે છે અને ભજન કીર્તન કરે છે. આજુબાજુનાં ગામડાંમાંથી

કેટલા યે ભક્ત લોકો અહીં સમાધિનાં દર્શને આવે છે. હોલની બહાર ગોવિંદ ગુરુનું સ્ટેચ્યુ મૂકેલું છે.



માનગઢ હીલ

હોલની બહાર એક ભીંત પર, અંગ્રેજોએ ભક્તો પર ગોળીઓ ચલાવી ત્યારનું દ્રશ્ય થ્રી ડી સ્વરૂપમાં બનાવીને ચીતર્યું છે. બે ઘડી ઉભા રહીને આ ચિત્ર જોવા જેવું છે. આગળ રેનબસેરા નામની રૂમોમાં રાત્રે રહેવાની વ્યવસ્થા છે. જો કે કોઈ પ્રવાસી અહીં રાત્રે રોકાતા હોય એવું જણાતું નથી. બપોર પછી ફેરીયાઓ, જમીન પર કોથળા પાથરીને, નાની દુકાનો માંડીને બેસે છે. કદાચ બપોર પછી વધુ પ્રવાસીઓ આવતા હશે. રેનબસેરાથી આગળ શંકર ભગવાનનું એક નાનકડું મંદિર છે. અહીં આજુબાજુ બધે જ સરસ બગીચા બનાવ્યા છે. લોન પણ ઉગાડી છે. બાજુમાં એક છતવાળો ચોતરો છે. અહીં બધે બેસવાની અને રમવાની મજા આવે છે. ફોટા પાડવા માટે લોકેશન ખૂબ સરસ છે. આગળ જતાં, ટેકરીની ધાર પર બીજો ચોતરો છે. અહીં ઉભા રહીને નીચેની ખીણ અને સામેની બીજી ટેકરીઓનો અદભૂત નઝારો જોવા મળે છે. ખીણમાં વહેતી નદી પણ અહીંથી દેખાય છે. આ ટેકરીઓની પછી રાજસ્થાનની હદ શરુ થાય છે. આ ટેકરી પર જ એકાદ કી.મી. દૂર, રાજસ્થાન સરકાર એક સ્મારક બાંધી રહી છે. આ રસ્તે વચમાં એક જગાએ અંગ્રેજોના હુમલા વખતનું ખૂબ મોટું ભીંતચિત્ર નવું બનાવ્યું છે.

કદમખંડી: લુણાવાડાની નજીક કદમખંડીમાં શ્રીગોકુલનાથજીની બેઠક છે. લુણાવાડાથી મોડાસાના રસ્તે જતાં ૧૩ કી.મી. પછી લીમડીયા આવે છે. અહીંથી ડાબી બાજુ વીરપુરના રસ્તે વળી જવાનું. ૧૦ કી.મી. પછી રસુલપુર ગામ આવે. અહીંથી ૧ કી.મી.ના અંતરે કદમખંડી છે. આ ૧ કી.મી.નો રસ્તો કાચો અને સાંકડો છે. પણ ગાડી જઈ શકે.

કદમખંડી પહોંચીએ ત્યારે તો એમ જ લાગે કે આપણે બિલકુલ જંગલની મધ્યે આવી ગયા છીએ. ચારે બાજુ ઝાડ અને વચ્ચે મેદાન જેવી ખુલ્લી જગામાં એક મંદિર બાંધ્યું છે, વિશાળ ઓટલો છે, ઓટલા પર કદમનું અને વડનું ઝાડ છે. મંદિરમાં શ્રી ગોકુલનાથજીની બેઠક છે. અહીં કોઈ માણસ કે મુખ્યાજી રહેતા નથી. બિલકુલ એકાંત જગા છે. મુખ્યાજી વીરપુરથી

સવારે ૮ વાગે આવે છે. વીરપુર અહીંથી ૩ કી.મી. દૂર છે. મુખ્યાજી બેઠકજીમાં ભગવાનની સેવાપૂજા કરી, ઝારીજી ભરીને અને પ્રસાદ ધરાવીને ૧૧ વાગે પાછા વીરપુર જતા રહે છે. એટલે મંદિરમાં અંદર જઇને દર્શન કરવાં હોય તો આ ટાઈમે જ અહીં આવવું જોઈએ. જો બીજા કોઈ સમયે આવો તો ફક્ત જાળીમાંથી જ બેઠકજીનાં દર્શન કરવા મળે. મુખ્યાજીને અગાઉથી ફોન કરી લીધો હોય તો વધુ સારું રહે. અહીં કૃષ્ણ ભગવાને પાંડવોના વનવાસ વખતે, તેમની સાથે બેઠક કરી હતી. ૫૦૦ વર્ષ પહેલાં, કપડવંજથી શ્રીગોકુલનાથજી અહીં પધાર્યા હતા. અને કથાવાર્તા કરી હતી. મહારાજશ્રી ભક્તોને સારા માર્ગે વાળવા કેવી કેવી દુર્ગમ જગાએ વિચરે છે, તેની કલ્પના, આ જગા જોઈને, સહેજે આવી જાય છે. અહીં કદમનું ઝાડ હોવાથી, આ જગા કદમખંડીની બેઠક તરીકે ઓળખાય છે. અહીં ફાગણ સુદ ત્રીજ અને ગુરુપૂર્ણિમાના દિવસે મોટો ઉત્સવ ઉજવાય છે, ત્યારે અહીં ઘણા વૈષ્ણવો દર્શને આવે છે.



કદંબખંડીની બેઠક

ઓટલા પર બાજુમાં કૂવો છે. વડવાઈઓએ ઝૂલવાની મજા આવે છે. બેઠકજીની સામે એક ઝાડ નીચે આશારામજીના આશ્રમના પ્રતિકરૂપે મૂર્તિની સ્થાપના કરેલી છે. જો કે અહીં આશ્રમ જેવું કંઇ છે નહિ.

અહીંથી વીરપુર તરફ આગળ જતાં ફક્ત અડધો કી.મી. પછી ઝમજરમાંનુ મંદિર આવે છે. અહીં એક પુરાણી અવાવરુ વાવ પણ છે. ઝમજરમાંના મંદિર આગળ જ એક મોટો ડુંગર છે. એટલે આ મંદિર ડુંગરની તળેટીમાં આવેલું હોય એવું લાગે. આ ડુંગર અચલગઢના નામે ઓળખાય છે. ડુંગર પર પણ ઝમજરમાંનું સ્થાનક છે. ડુંગર પર ચડવા માટે પગથિયાં છે. અહીંથી કલેશ્વરી નામનું સ્થળ ૨૦ કી.મી. દૂર છે. આ ડુંગર છેક કલેશ્વરી સુધી લંબાયેલો છે. કહે છે કે ઝમજરમાં અને કલેશ્રીમાં, બંને બહેનો હતી. ઝમજરમાંને બાળકો ન હતાં, જયારે કલેશ્વરીને કળશી (સોળ) બાળકો હતાં. ઝમજરમાંએ બહેન કલેશ્વરી પાસે થોડાં બાળકો માગ્યાં. પણ કલેશ્વરીએ આપવાની ના પાડી. આથી ઝમજરમાંએ ડુંગરના પોલાણમાં છેક

કલેશ્વરી સુધી હાથ લંબાવી, કલેશ્વરીનાં બાળકો લઇ લેવાનો પ્રયત્ન કર્યો. કહે છે કે અત્યારે પણ ઝમજરના આ ડુંગરથી કલેશ્વરી સુધી પોલાણ(ગુફા) છે. જો કે તેમાં જવું જોખમભરેલું છે. અચલગઢ પર મુસ્લિમોની દરગાહ પણ છે. જંગલ અને ઝાડપાન વચ્ચે ઝમજરમાંના મંદિર આગળ બેઘડી બેસવાનું ગમે એવું છે.

કલેશ્વરી (કલેશ્રી): કલેશ્વરીધામમાં માતાજીનું મંદિર છે, અને ખાસ તો અહીં ૧૦ થી ૧૪મી સદી દરમ્યાન બંધાયેલાં સ્થાપત્યોના અવશેષો છે, તે જોવા જેવાં છે. પુરાતત્વ ખાતુ તેનું જતન કરી રહ્યું છે. આ સ્થાપત્યો ઉપરાંત એક સરસ મજાના વિહારધામ તરીકે પણ કલેશ્વરી સરસ સ્થળ છે.

લીમડીયાથી મોડાસાના રસ્તે ૧૧ કી.મી. જેટલું ગયા પછી, બાબલીયા ગામ આવે છે. અહીંથી જમણી તરફ બાકોર-પાંડરવાડાના રસ્તે એક કી.મી. પછી, લવાણા ગામ આગળ કલેશ્વરીનો નિર્દેશ કરતુ પાટિયું છે. થોડું અંદર જતાં, 'કલેશ્વરી પરિસર' નજરે પડે છે.



કલેશ્રી

ગેટમાં દાખલ થયા પછી, અંદર ચાલીને જ ફરવાનું હોય છે. અહીંના દરેક સ્થાપત્ય આગળ તેના વિષે વિગત લખેલી છે. પ્રવેશદ્વારની નજીક જ સૌ પ્રથમ સાસુની વાવ આવે છે. ૧૫ કે ૧૪ મી સદીમાં બનેલી આ વાવની બંને બાજુની દીવાલો પરની કોતરણી જોવા જેવી છે. સાસુની વાવની લગભગ સામે જ વહુની વાવ છે. અહીં પણ સુંદર કોતરણીવાળા શિલ્પો છે. બંને વાવ લગભગ સરખી છે. વાવમાં પાણી છે, પણ ચોખ્ખાઈ નથી. અહીં આજુબાજુના વિસ્તારમાં ઝાડપાન, બેસવા માટેના ચોતરા, ઉંચાનીચા ઢાળવાળા રસ્તા – આ બધું રમણીય લાગે છે. બાજુના ડુંગર પરથી આવતું એક ઝરણું વચમાં વહે છે. ઝરણાની સામી બાજુએ સામસામે બે મંદિરો છે. એક છે કલેશ્વરી માતાનું મંદિર અને બીજું છે શીવમંદિર. કલેશ્વરીના મંદિરમાં નટરાજની મૂર્તિ છે, પણ લોકો તેને જ કલેશ્વરી માતા તરીકે પૂજે છે. સામેનું શીવમંદિર, કલેશ્વરી પરિસરમાંનું સૌથી જૂનું મંદિર હોવાનું મનાય છે. બંને મંદિર પથ્થરનાં બનેલાં અને સ્થાપત્ય કલાના સુંદર નમૂના જેવાં છે. આ મંદિરોના પ્રાંગણમાં વિશ્રામ કરવાનું

મન થાય એવું છે. કલેશ્વરી માતાના મંદિરની બાજુમાં ખુલ્લામાં જ કષ્ટભંજન હનુમાનની સિંદૂરી મૂર્તિ છે.

શીવમંદિરની પાછળ એક મોટો કુંડ છે. કુંડના ગોખમાં વિષ્ણુ અને અન્ય દેવોની મૂર્તિઓ કંડારેલી છે. આ કુંડ હિડિંબા કુંડ તરીકે ઓળખાય છે. કુંડની બાજુમાં એક કૂવો છે. શીવમંદિરની નજીક છત વગરની રૂમ જેવી રચનામાં સુંદર કોતરકામવાળી મૂર્તિઓ ઉભી કરેલી છે. અહીં આજુબાજુની જગામાં બધે જ તૂટેલાં શિલ્પો, થાંભલાઓ વગેરે તો વેરવિખેર પડેલું જ છે.

શીવમંદિરની નજીક એક નાની ટેકરી પર શિકારમઢી નામની નાની રૂમ છે. રાજા શિકારે આવે ત્યારે ટેકરી પરની આ જગાએથી શિકાર શોધવાનું બહુ સહેલું પડતું. શિકારમઢી પરનાં શિલ્પો બહુ જ સરસ છે.

શિકારમઢીની બાજુમાં ઉંચા ડુંગર પર ચડવાનાં પગથિયાં છે. પગથિયાં સરસ પાકાં અને ચડવામાં તકલીફ ના પડે એવાં છે. ૨૩૦ પગથિયાં ચડીને ઉપર પહોંચો એટલે ઉપરનાં સ્થાપત્યો જોવા મળે. અહીં સૌ પ્રથમ ભીમની ચોરી છે. મહાભારતના ભીમે અહીં લગ્ન કર્યાં હશે, એવું અનુમાન કરી શકાય. નજીકમાં જ અર્જુન ચોરી છે. આ બંને બાંધકામો પરનાં શિલ્પો જોવા જેવાં છે. બાજુમાં જ ત્રણ પ્રવેશદ્વારવાળા મંદિરના ભગ્ન અવશેષો છે. અહીં મોટી સાઈઝના પગના અવશેષો દેખાય છે, જે ભીમ અને હિડિંબાના પગ હોવાનું કહેવાય છે.

આ ડુંગર પરથી ચારે બાજુનું દ્રશ્ય બહુ જ સરસ દેખાય છે. લાંબે સુધી ફેલાયેલો ડુંગર, દૂર દૂર દેખાતાં તળાવો અને જંગલ, ટ્રેકિંગમાં નીકળવાની જાણે કે પ્રેરણા આપે છે. રસુલપુર આગળનો ઝમજરમાંનો ડુંગર અહીં કલેશ્વરી માતાના ડુંગર સુધી ફેલાયેલો દેખાઈ આવે છે.

અહીં બધે પાંડવોનો જ ઇતિહાસ પથરાયેલો હોય એમ લાગે છે. આશરે છસો વર્ષ પહેલાં, આ બાંધકામો કોણે અને શા માટે કર્યાં હશે, એ જમાનામાં આ સ્થળની જાહોજલાલી કેટલી બધી હશે, કેટલા બધા લોકો અહીં દર્શને તથા ફરવા માટે આવતા હશે એ બહુ જ રસપ્રદ તથા સંશોધનનો વિષય છે. અહીં પથ્થરોનાં શિલ્પોનો કેટલો બધો ભંગાર હજુ પડેલો છે. એ બાંધકામો પણ જો તૂટી ના ગયાં હોત તો આ પરિસરમાં હજુ બીજાં કેટલાં બધાં સ્થાપત્યો હોત ! ગુજરાતમાં કલેશ્વરીનાં આ સ્મારકોને વધુ ને વધુ લોકો જાણતા થાય એ જરૂરી છે. બાકોર-પાંડરવાડા વિસ્તારમાં જરમઈ માતાનું મંદિર આવેલું છે, તે જોવા પણ જઈ શકાય.

૧૦. દાહોદ જીલ્લાની દર્શનીય જગાઓ

રતનમહાલ: રતનમહાલ એક મનોહર કુદરતી માહોલ ધરાવતું સ્થળ છે. 'રતનમહાલ'માં 'મહાલ' શબ્દ છે, પણ આ કોઈ રાજામહારાજાનો મહેલ નથી, બલ્કે એ એક ડુંગર છે. ગોધરાથી તે ૮૬ કી.મી. દૂર આવેલું છે. ગોધરાથી ૫૦ કી.મી. દેવગઢબારીયા અને ત્યાંથી બીજા ૫૬ કી.મી. જઈએ એટલે રતનમહાલ પહોચી જવાય. ગોધરાથી કે દેવગઢબારીયાથી બસમાં, કારમાં કે જીપ ભાડે કરીને રતનમહાલ જઈ શકાય છે. દેવગઢબારીયાથી કંજેટા ગામ જવાનું. કંજેટા આગળથી જ રતનમહાલનો ડુંગર શરુ થાય છે.

રતનમહાલના ડુંગરમાં રીંછોનો વસવાટ છે, એટલે આ ડુંગર રીંછ અભયારણ્ય તરીકે ઓળખાય છે. કંજેટા ગામને છેડે રતનમહાલનું પ્રવેશદ્વાર છે. પ્રવેશ આગળ 'રતનમહાલ રીંછ અભયારણ્ય' એવું બોર્ડ મારેલું છે. આ પ્રવેશદ્વારમાં પેઠા પછી, ડુંગરની ટોચ સુધી પહોંચવા ૯ કી.મી.નું અંતર કાપવું પડે. છે. રસ્તો ચડાણવાળો અને તૂટલોફૂટલો છે, પણ આ રસ્તે જીપ જઈ શકે. નાજુક ગાડીનું અહીં કામ નહિ. ઘરની ગાડી લઈને આવ્યા હો તો તેને પ્રવેશદ્વાર આગળ મૂકી દેવી પડે અને જીપ ભાડે કરવી પડે. અહીં કદાચ જીપ ના પણ મળે. એટલે ગોધરા કે દેવગઢબારીયાથી જીપ કરીને આવવું સારું.



રતનમહાલ રીંછ અભ્યારણ્ય

પ્રવેશદ્વારમાં પેસો કે તરત જ જમણી બાજુ એક નાની ઓફિસ છે. અહીંથી ઉપર જવાની મંજૂરી અને ટીકીટ લેવાની હોય છે. પછી ચડાણ શરુ થાય. રસ્તે બધી બાજુ બસ જંગલો જ જંગલો છવાયેલાં છે. વચ્ચે એકબે નાનાં ગામ પણ છે. આવા ગાઢ જંગલમાં પણ આ લોકો કોઈ આધુનિક સગવડ વગર રહે છે. તેઓ મકાઈ અને શેરડીની ખેતી કરે છે, શાકભાજી ઉગાડે છે અને પોતાની મસ્તીમાં જીવે છે. ખૂબ જ ઓછી જરૂરિયાતોવાળી તેમની રહેણીકરણી જોઈને જરૂર અચરજ થાય.

રતનમહાલની ટોચ પર પહોંચ્યા પછી બીજી બાજુથી ઉતરો તો મધ્યપ્રદેશની સરહદ શરુ થઇ જાય છે. ક્યારેક સરહદ પરના લુટારાઓ અહીં ફરવા આવતા પ્રવાસીઓને લૂંટી લે છે. લૂંટના આવા બેચાર બનાવો બન્યા પછી, સરકારે પ્રવાસીઓની સલામતી માટે પોલીસની વ્યવસ્થા કરી છે.

રતનમહાલના ડુંગરની ટોચ પર ખુલ્લા વિસ્તારમાં એક મોટી છત્રી બાંધેલી છે. અહીં બેસીને આજુબાજુનું દ્રશ્ય જોવાનો આનંદ આવે છે. પાછળ મધ્યપ્રદેશની બાજુનો દૂર દૂર સુધીનો વિસ્તાર દ્રષ્ટિગોચર થાય છે. નઝારો ખૂબ સરસ છે. અહીં બેસીને આરામ કરો, રમો, હસીખુશી માણો અને બસ મઝા કરો. બાજુમાં એક જૂનુંપુરાણું શીવમંદિર છે. પણ તેની જાળવણી કરાયેલ નથી. મંદિરને બારણું પણ નથી. કોઈ પૂંજારી નથી, પૂંજા થતી નથી. સફાઈ પણ કોઈ કરતું નથી.

દિવસે અહીં ખુલ્લામાં રીંછ જોવા ના પણ મળે, પણ આજુબાજુ જંગલો ખૂંદી વળો કે રાતના આવો તો રીંછ જોવાં મળે ખરાં.

નલધા કેમ્પસાઈટ: રતનમહલના પ્રવેશદ્વારથી ડુંગરની ધારે ધારે ૨ કી.મી. દૂર ભીંડોલ નામની જગા છે. અહીં એક સરસ કેમ્પસાઈટ અને પીકનીક સ્થળ બનાવ્યું છે. કેમ્પસાઈટનું નામ નલધા કેમ્પસાઈટ છે.

અહીં ગાડીઓના પાર્કીંગની સરસ વ્યવસ્થા છે. જો રતનમહાલની ટોચે ના જવું હોય તો ફક્ત પીકનીક મનાવવા માટે પણ ભીંડોલ આવી શકાય છે. ભીંડોલ સુધી તો કોઈ પણ ગાડી કે એસ.ટી. કે લક્ઝરી બસ આવી શકે છે. જીપ ભાડે કરવાની જરૂર નહિ. ગાડી પાર્ક કરીને ઉતરો કે તરત જ, જાણે કે જંગલમાં મંગલ ઉભુ કર્યું હોય એવું દ્રશ્ય લાગે. છત્રીઓ ઉભી કરેલી છે. બાગબગીચા, લોન, ચોતરો, જંગલની ઝાડી, રહેવા માટેની કોટેજો - આ બધું જોઈને મન પ્રફુલ્લિત થઇ જાય છે. જમવાની વ્યવસ્થા છે. તમે ઓર્ડર આપો તે પ્રમાણે જમવાનું તૈયાર કરી આપે. રાત્રિરોકાણ કરવું હોય તો કોટેજમાં રહી શકાય. કોટેજમાં ન રહેવું હોય તો તંબૂઓ પણ છે. આવા જંગલમાં સાફસુથરી કરેલી જગામાં તાણેલા તંબૂમાં રાત રહેવાની કેટલી બધી મઝા આવે ! ખાસ અગત્યની વાત એ છે કે પાનમ નદી, જે રતનમહાલની ટોચ પરથી નીકળે છે, તે ડુંગરનો ઢાળ ઉતરતી, ઝરણા રૂપે વહેતી, ભીંડોલ આગળથી જ મેદાનમાં પ્રવેશે છે અને ભીંડોલમાં ઉભા કરેલા તંબૂઓ, ખળ ખળ વહેતી નાનકડી પાનમને અડીને જ બાંધેલા છે. રાતના શાંત એકાંતમાં તંબૂમાં સૂતાં સૂતાં પાનમના સંગીતને માણવાનો લ્હાવો અદભૂત છે.

જલધારા ધોધ: આ ધોધ નલધા કેમ્પસાઈટના પાછળના ભાગમાં રતનમહાલ ડુંગર પર આવેલો છે. પાનમ નદી ધોધની પાછળથી નીકળીને ધોધરૂપે પડે છે, અને ડુંગરનો ઢાળ ઉતરીને નીચે નલધા કેમ્પસાઈટ થઈને નદી સ્વરૂપે આગળ વહે છે.

નલધા કેમ્પસાઈટના પાછળના ભાગેથી ડુંગર પર ૩ કી.મી. જેટલું ચડીને જલધારા ધોધ પહોંચાય છે. ડુંગર પર ચડવાનો રસ્તો નદીને કિનારે કિનારે જ છે. આ ચડાણ સાંકડી પગદંડી પર ચાલીને જ કાપવું પડે છે. ગાઢ જંગલો વચ્ચે વાંકાચૂંકા, ચડાણઉતરાણવાળા આ રસ્તે ચાલવાનું અઘરું છે. વચમાં ક્યાંક ખડકો પરથી





નલધા કેમ્પસાઈટ જલધારા ધોધ

પણ પસાર થવું પડે. આ એક પ્રકારનું ટ્રેકીંગ જ છે. પણ ત્યાં પહોંચ્યા પછી ધોધનું સૌન્દર્ય માણવાનો અનેરો આનંદ મળે છે.

ઉદલ મહુડા: આ એક જગલમાં ઉભી કરેલી કેમ્પ સાઈટ છે. દેવગઢબારીઆથી સાગટાળા થઈને ઉદલ મહુડા જવાય છે. દેવગઢ બારીઆથી સાગટાળા દક્ષિણમાં ૨૫ કી.મી. અને ત્યાંથી ઉદલ મહુડા પૂર્વમાં પંદરેક કી.મી. દૂર છે. અહીં એક સરસ તળાવ છે, તેને કિનારે ટ્રેકીંગ કરવા જઇ શકાય છે. અહીં રહેવા માટે કોટેજો છે. રતનમહાલ અને ભીંડોલની નલધા કેમ્પ સાઈટ અહીંથી નજીક છે. કુદરતના શોખીનોને આ જગા ગમી જાય એવી છે.





ઉદલમહુડા કેમ્પસાઈટ

કેદારેશ્વર મહાદેવ, ચોસાલા: દાહોદથી ઝાલોદ તરફના રસ્તે ૯ કી.મી.ના અંતરે ચોસાલા ગામની નજીક કેદારેશ્વર મહાદેવ નામનું શીવજીનું એક સરસ મંદિર આવેલું છે. આ મંદિર જમીનની નીચે ગુફામાં છે. જમીન પર બગીચો, લોન, બેસવાના બાંકડા એવું બધું છે. બહારથી જરાય ખ્યાલ ના આવે કે આ બગીચાની નીચે ગુફા છે અને એમાં શ્રીકેદારેશ્વર

મહાદેવ બિરાજે છે ! પ્રવેશદ્વાર જમીન પર જ છે, અને તે એક સામાન્ય મંદિરના પ્રવેશદ્વાર જેવું જ લાગે. પણ અંદર પેસીને થોડાં પગથિયાં ઉતર્યા પછી જ અંદરની ભવ્યતાનો ખ્યાલ આવે છે. અહીં એક મોટી વિશાળ ગુફા છે. આમ તો એને ગુફા પણ ના કહેવાય , કેમ કે તે એક બાજુ ખુલ્લી છે.



કેદારેશ્વર મહાદેવ, ચોસાલા

ગુફાની બીજી બાજુ તથા છત પત્થરોની બનેલી છે. વિશાળ જગામાં કુદરતી રીતે જ ગુફાનું સર્જન થયેલું છે. છત જ્યાં પૂરી થાય ત્યાં છત પરથી સતત પાણી પડ્યા કરે છે. વરસાદ પડતો હોય એવું જ લાગે. આને લીધે આ જગાનો દેખાવ સરસ લાગે છે. અહીં સરસ ઠંડક રહે છે. બારે માસ પાણી આ રીતે પડે છે. આ વરસાદમાં ઉભા રહીને નહાવાનો આનંદ માણી શકાય છે.

ગુફામાં શ્રીકેદારેશ્વર મહાદેવનું મંદિર છે. મંદિર બહુ જ સરસ છે. ઘણા લોકો અહીં દર્શને આવે છે અને કેદારેશ્વર મહાદેવની પૂજા કરે છે, બિલીપત્ર ચડાવે છે, પાણીનો અભિષેક કરે છે, અને શ્રીફળ વધેરે છે. વાતાવરણ એવું સરસ પવિત્ર છે કે અહીં કલાકો સુધી બેસી રહેવાનું મન થાય.

બાજુમાં શ્રીમહાકાલેશ્વર મહાદેવની મૂર્તિ છે. તેની બાજુમાંથી એક ભોંયરામાં ભૂગર્ભમાર્ગ શરુ થાય છે. કહે છે કે આ ભોંયરું છેક ઉજ્જૈનમાં ખુલે છે.

અહીં છત પરથી પડતું પાણી એકઠું થઈને ગુફાના ખુલ્લા ભાગ બાજુથી કોતરમાં વહે છે અને નજીકમાં આવેલી કાળી નદીમાં જાય છે. કોતર તરફની આ જગામાં ગીચ જંગલ છે. આ દ્રશ્ય એવું સરસ વાતાવરણ ઉભું કરે છે કે અહીં થોડું રોકાવાની ઈચ્છા થઇ જાય.

મંદિરના સંકુલમાં કાલભૈરવબાબા મંદિર, શ્રીનાથબાબાની સમાધિ અને શ્રીમહાકાળી માતાનું મંદિર આવેલાં છે. લોકો અહીં આવીને પીકનીક મનાવે છે. સમાધિરૂમમાં ધ્યાન ધરવા પણ

બેસે છે. અહીં બહાર થોડી દુકાનો લાગેલી છે, પણ ચોખ્ખાઈનો અભાવ છે. આ સ્થળને ચોખ્ખું કરી વિકસાવવામાં આવે તો કેટલા બધા પ્રવાસીઓ આવતા થાય ! અને મંદિર કેટલું બધું જાણીતું થાય ! દાહોદ, ગોધરાથી ૭૦ કી.મી. દૂર છે.

પાંડવ વન: આ સ્થળ દાહોદથી ચોસાલા જતાં વચ્ચે જ આવે છે. દાહોદથી તે આશરે પાંચ કી.મી. દૂર આવેલું છે. એ રસ્તે આજુબાજુનો ખુલ્લો વિસ્તાર અને ચોતરફ ફેલાયેલી હરિયાળી મનને મોહી લે છે. પાંડવ વનમાં ઉંચાનીચા, ઢોળાવવાળા પ્રદેશમાં જાતજાતનાં ઝાડ ઉગાડેલાં છે, અને તેને પાંડવોનાં નામ આપેલાં છે. જેમ કે "યુધિષ્ઠિર બોરસલ્લી", "અર્જુન રાયણ" વગેરે. અહીં બેસવા માટે છત્રીઓ બનાવેલી છે. અહીં બેસીને આજુબાજુનો દૂર દૂર સુધીનો ટેકરીઓવાળો લીલોછમ વિસ્તાર જોવાની બહુ જ મજા આવે છે. વનમાં અર્જુનનું ગાંડીવ ધનુષ્ય અને ભીમની ગુફા બનાવેલાં છે. આ બધું જોઇને મહાભારતની વાર્તા મનમાં તાજી થઇ જાય છે.



પાંડવવન

કાળી ડેમ: કેદારેશ્વર મહાદેવથી આશરે ત્રણેક કી.મી. દૂર કાળી નામની નદી પર બંધ બાંધેલો છે. ચોમાસામાં જયારે ડેમનું રીઝર્વોયર પૂરેપૂરું ભરાયેલું હોય ત્યારે આ જગા બહુ જ નયનરમ્ય લાગે છે. અહીં આજુબાજુનું અદભૂત સૌન્દર્ય જોવા જેવું છે.

ભેસાસીંગ: આ ધોધ, દાહોદ શહેરથી આશરે ૧૪ કી.મી. દૂર આવેલો છે. આ બહુ મોટો ધોધ નથી. ત્યાં જવાનું પણ અઘરું છે. છતાં ધોધ ગમે તો ખરો જ.

આ ધોધ જોવા માટે દાહોદથી જેકોટ ગામ જવાનું. ત્યાંથી કાચા રસ્તે ત્રણેક કી.મી. જેટલું ગયા પછી ગાડી ખેતરમાં મૂકી દેવાની. બાકીનું એક કી.મી. ચાલતા જવાનું. ગાડી મૂકી દીધા પછીનો રસ્તો સાવ પગદંડી જેવો છે. આજુબાજુ મકાઈનાં ખેતરો છે. ખેતરોમાં ક્યાંક ઝુંપડામાં ગ્રામ્ય લોકો રહે છે. તેઓ ખેતી કરે છે. ખેતરોમાં થઈને નદી કિનારે પહોંચાય છે. અહીં નદીમાં ચેકડેમ બાંધેલો છે. ચેકડેમમાંથી ઓવરફલો થતું પાણી ઉંચાનીચા ખડકો પર થઈને વહે છે. પછી એક નાના ધોધ રૂપે પડી આગળ વહે છે, અને બીજા ધોધરૂપે ખીણમાં પડે છે. ચેકડેમથી ધોધ અને ખીણ સુધી નદી કિનારે ચાલવાનું. ખીણની સાઈડમાં ઉતરીને

ધોધ સામે ઉભા રહેવાય એવું છે. અહીં ધોધ જોવાની મજા આવે છે. ધોધ ભવ્ય લાગે છે. ખીણમાં પાણી ઉંડું છે. તેમાં ઉતરવું નહિ. ફોટા પાડીને સંતોષ માનવાનો.

આ ધોધ બહુ જાણીતો નથી. ફક્ત સ્થાનિક લોકો જ આ ધોધ વિષે જાણતા હોય છે. એટલે દાહોદથી જેકોટ અને આગળનો રસ્તો પૂછી પૂછીને જ જવું પડે. ખાવાનું અને પાણી સાથે લઈને જવાનું. રસ્તામાં અથવા ત્યાં બેસીને ખાઈ શકાય. ચોમાસામાં આ ધોધમાં પાણી હોય, પછીના સમયે ના પણ હોય.



ભેંસાસીંગ ધોધ

બાવકા: બાવકા, દાહોદથી દેવગઢબારીયા જવાના રસ્તે જેસાવડા ગામ પાસે આવેલું છે. તે દાહોદથી આશરે ૧૫ કી.મી. દૂર છે. અહીં ૧૨મી સદીમાં બનેલા પુરાણા શીવમંદિરના અવશેષો છે. કહે છે કે એક દેવદાસીએ આ મંદિર બંધાવ્યું હતું. મહમદ ગઝની ભારત પર ચડી આવ્યો ત્યારે તેણે આ મંદિરનો ઉપરનો ભાગ તોડી પાડ્યો હતો.

હાલ મંદિરની દિવાલો, થાંભલાઓ તથા ગર્ભગૃહ અસ્તિત્વ ધરાવે છે. દિવાલો અને થાંભલાઓ પરનું શિલ્પકામ બહુ જ કલાત્મક છે. પત્થરોમાં કંડારેલાં દેવીદેવતાઓ, હાથી, માનવજીવનના પ્રસંગો વગેરેનાં શિલ્પો જોવા જેવાં છે. આ સ્થળ ગુજરાતનું મીની ખાજુરાહો કહેવાય છે. અત્યારે મંદિરમાં કોઈ પૂજારી નથી. પૂજા થતી નથી. ભારતીય પુરાતત્વ ખાતાએ બાવકાને રક્ષિત સ્મારક જાહેર કર્યું છે અને તેને ટુરિસ્ટ સ્થળ તરીકે વિકસાવવા માંગે છે. અહીં એક ચોકીદાર રાખેલો છે. કર્મચારી માટે રૂમ પણ બાંધી છે. અહીંથી કેટલાંયે સ્ટેચ્યુ અને કોતરેલા પત્થરો ચોરાઈ ગયા છે.

મંદિરનો માહોલ બહુ જ સરસ લાગે છે. આજુબાજુનો ખુલ્લો વિસ્તાર મંદિરની શોભામાં ઓર વધારો કરે છે. નજીકમાં એક તળાવ છે. મંદિરના ઓટલા પર બેસવામાં બહુ આનંદ આવે છે. આજુબાજુ ફરવાનું ગમે એવું છે.



બાવકા શીવ મંદિર

ગોળી રવૈયા: આ જગા પીપલોદથી આશરે ૮ કી.મી. દૂર આવેલી છે. અહીં પત્થરના જૂના અવશેષો છે. એમાં ખાસ તો, પત્થરની એક ગોળી છે, અને એમાં પત્થરનો રવૈયો છે. ગોળીમાં દહીં ભરીને તેને વલોવવા માટે રવૈયો રાખ્યો હોય એવું લાગે છે.

૧૧. આણંદ જીલ્લામાં જોવા જેવું

સ્વામીનારાયણ મંદિર, વડતાલ: સ્વામીનારાયણ સંપ્રદાયની વડતાલની ગાદીનું આ મુખ્ય મંદિર છે. અહીં ત્રણ મુખ્ય મંદિરો છે. વચ્ચેનું મંદિર લક્ષ્મીનારાયણ અને રણછોડજી, જમણી બાજુનું સ્વામીનારાયણ ભગવાન સાથે રાધા કૃષ્ણ અને ડાબી બાજુ વાસુદેવ, ધર્મપિતા અને ભક્તિમાતા. આ મંદિર ઈ.સ. ૧૮૨૫માં બનેલું છે.

મંદિરની પ્લીન્થ કમળ આકારની છે. લાકડાના થાંભલાઓ પર સુંદર કોતરકામ કરેલું છે. મંદિરને નવ શીખરો છે. મંદિરનો દેખાવ બહુ જ સરસ છે. રોજ અહીં સેંકડો ભક્તો દર્શને આવે છે. મંદિરના પ્રાંગણમાં રહેવા માટે ધર્મશાળા છે. જમવાની વ્યવસ્થા છે. વડતાલ, આણંદથી માત્ર ૧૧ કી.મી. દૂર છે. આણંદથી વડતાલ સુધી રેલ્વે લાઈન પણ છે.



સ્વામીનારાયણ મંદિર, વડતાલ

મનકામેશ્વર પાર્દેશ્વર મહાદેવ, વલેટવા: વલેટવા ગામમાં આવેલું આ મંદિર, ચાંગા ગામના વિદેશમાં વસતા એક સજ્જને ૨૦૧૦માં બંધાવ્યું છે. ગામને છેડે ખુલ્લી વિશાળ જગામાં, સરસ કુદરતી વાતાવરણમાં આ મંદિર આવેલું છે.

અહીં મુખ્ય મંદિર તો પારાનું શીવલીંગ અને શીવ મંદિર છે. આ ઉપરાંત, સ્ફટિક શીવલીંગ અને નર્મદેશ્વર શીવલીંગ પણ છે. મુખ્ય મંદિરની ચારે બાજુ જુદા જુદા ૧૧૬ દેવદેવીઓની મૂર્તિઓ છે. આને લીધે જુદા જુદા ધર્મ અને બધી જ્ઞાતિના લોકો અહીં પોતાના ઇષ્ટદેવનાં દર્શન કરી શકે છે. પારા (પારદ)નું લીંગ મંદિરની બરાબર મધ્યમાં છે. તે ૧૪૧ કિલોગ્રામ પારામાંથી બનાવેલું છે. જે માણસ પારાના શીવલીંગનું પ્રેમ, નિઃસ્વાર્થ સેવા અને વિધિપૂર્વક પૂજન કરે છે, તેને બધા લોકનાં શીવલીંગ પૂજ્યાનું ફળ મળે છે, અને તેની મનોકામના પૂરી થાય છે. આથી આ મંદિર મનકામેશ્વર પાર્દેશ્વર મહાદેવ તરીકે ઓળખાય છે. પ્રવાહી

નાઈટ્રોજન અને બરફની મદદથી આ શીવલીંગ બને છે. અહીં ફ્રીઝની જેમ ઠંડા શીવલીંગની ઉપર હવામાંના ઠરેલા ભેજથી બરફ જામે છે. જે જગાએ પારા અને સ્ફટિક શીવલીંગ બંને હોય તે જગા અતિ પવિત્ર મનાય છે. નર્મદેશ્વર શીવલીંગ નર્મદા નદીના પેટાળમાંથી કુદરતી રીતે પ્રાપ્ત થયેલ છે. મંદિરમાં ઉપર ઘણી જ ઘંટડીઓ લટકાવેલી છે. એ બધી એકસાથે રણકે ત્યારે જે મધુર અવાજ આવે છે, તે મનને પ્રસન્નતાથી ભરી દે છે.



પાર્દેશ્વર મહાદેવ, વલેટવા

અહીં રોજ ઘણા લોકો દર્શને આવે છે. મંદિર પહેલા માળે છે. ભોંયતળિયે સભા માટે હોલ, સ્ટોર વગેરે છે. આગળ બગીચો અને વિશાળ ખુલ્લું મેદાન છે, એમાં બેસવાની મજા આવે છે. મંદિર નડિયાદ-ચાંગા રોડ પર છે, અને નડિયાદથી ૧૨ કી.મી. દૂર છે. આણંદથી વડતાલ થઈને પણ વલેટવા જવાય છે. આણંદથી વલેટવા ૨૩ કી.મી. દૂર છે.

બાંધણીની બેઠક: વલેટવા ગામની નજીક બાંધણી ગામે પુષ્ટિમાર્ગીય શ્રી દેવકીનંદન આચાર્યજીની બેઠક આવેલી છે. તળાવને કિનારે શાંત વાતાવરણમાં આવેલી આ જગા બહુ જ સુંદર છે. બેઠકમાં પ્રસાદ લેવાની વ્યવસ્થા છે. બેઠકની બાજુમાં ગિરિરાજજીનાં દર્શન થાય છે. ગૌશાળા પણ છે. આણંદથી બાંધણી આશરે દસેક કી.મી. દૂર છે.





બાંધણી બેઠક

અમૂલ ડેરી, આણંદ

અમૂલ ડેરી, આણંદ: આણંદની અમૂલ ડેરી એ ભારતની પ્રખ્યાત ડેરી છે. અહીં અમૂલ દૂધ અને દૂધની બનાવટો જેવી કે દૂધનો પાવડર, બટર, ઘી વગેરે ચીજો બને છે. અમૂલનું સૂત્ર 'અમૂલ, ધી ટેસ્ટ ઓફ ઇન્ડિયા'થી આપણે બધા પરિચિત છીએ. અમૂલ ડેરી ૧૯૫૬માં શરુ થઇ, ત્યાર પછી તેણે ઉત્તરોત્તર પ્રગતિ સાધી છે. એને 'સફેદ ક્રાંતિ' કહે છે. ડો. વર્ગીસ કુરિયને આ ડેરીના વિકાસમાં ઘણો ફાળો આપ્યો છે. ડેરીનું આખું નામ 'ખેડા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.' છે.

આ ડેરીમાં બધી ચીજો કઈ રીતે બને છે, તે જોવા જેવું છે. ડેરીની મુલાકાત લઇ શકાય છે. અંદર એક મ્યુઝીયમ છે, એમાં અમૂલ ડેરી શરુ થયાનો ઈતિહાસ તથા ડેરી પ્રોડક્ટ્સ કઈ રીતે બને છે, તેની માહિતી ચિત્રો અને વિડીયો દ્વારા જાણવા મળે છે. ગાઈડ બધું સમજાવે છે. ડેરીમાં આગળ વધતાં દૂધના મોટા સીલો નજરે પડે છે. પછી ડેરીના અલગ અલગ વિભાગો જેવા કે પ્રોસેસીંગ, પેકેજીંગ, ક્વોલીટી કંટ્રોલ જોવા મળે છે. દરેક વિભાગમાં આધુનિક મશીનરી છે, અને બધું જ કામ યંત્રો દ્વારા થાય છે. લોબીમાં ચાલતાં ચાલતાં, બધા જ વિભાગો કાચની મોટી બારીઓમાંથી જોવાના હોય છે. દરેક જગાએ ચોખ્ખાઈ ખૂબ જ છે.

ડેરી ચોવીસે કલાક ચાલુ હોય છે, કારીગરોની પાળી બદલાતી રહે છે. ડેરીના કેમ્પસમાં બગીચા, ફુવારો તથા ચીજોના વેચાણ માટેનો સ્ટોલ વગેરે છે. ડેરી જોવાની ઘણી મજા આવે છે.

સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરીયલ, આણંદ : આ મેમોરીયલ, લોખંડી પુરુષ શ્રી વલ્લભભાઈ પટેલ અને તેમના ભાઈ વીર વિઠ્ઠલભાઈ પટેલની યાદમાં, તેમના વતન કરમસદની નજીક ઉભું કરેલું છે. કરમસદ આણંદની નજીક જ છે. મેમોરીયલનું મકાન બહુ જ આકર્ષક છે. તેનું સ્થાપત્ય સરસ છે. તે અષ્ટકોણીય છે. અંદર બંને ભાઈઓના ઘણા ફોટા મૂકેલા છે. લાયબ્રેરી છે. સરદારને મળેલો ભારત રત્ન એવોર્ડ અહીં પ્રદર્શિત કરેલો છે. સરદાર જે વસ્તુઓ વાપરતા, તે પણ અહીં પ્રદર્શનમાં મૂકેલી છે. આ બધું સરદારનાં કાર્યોની યાદ અપાવી જાય છે. ઓડીટોરીયમમાં સરદારશ્રીએ કરેલાં કાર્યોનો વિડીયો બતાવે છે, તે જોવા જેવો છે. વચ્ચેના મુખ્ય હોલમાં ઘણા સામાજિક તહેવારો ઉજવાય છે.

મકાનની આગળ સરસ બગીચો છે. બગીચામાં ફુવારો છે, લોન છે, ઘણી જાતનાં ઝાડ છે. તાડનાં ઝાડની વચ્ચે ચાલવા માટે ટ્રેઈલ છે. સરદારનું સ્ટેચ્યુ પણ છે.

સૂર્ય મંદિર, બોરસદ: ભારતમાં બે પુરાણાં સૂર્યમંદિરો ખૂબ જ જાણીતાં છે, એક કોણાર્કનું સૂર્યમંદિર અને બીજું મોઢેરાનું સૂર્યમંદિર. આ ઉપરાંત, ગુજરાતના બોરસદમાં ૧૯૭૨માં એક નવું સૂર્યમંદિર બન્યું છે. આ મંદિર પણ ઘણું જ ભવ્ય અને જોવા જેવું છે.



સૂર્ય મંદિર, બોરસદ

આ મંદિર બાંધવા પાછળની કથા કંઇક આવી છે. ૧૯૭૨માં અહીં એક દિવ્ય પ્રસંગ બની ગયો. બોરસદના એક વકીલ શ્રી રમણભાઈ પટેલ અને ડાહીબેનનો ૪ માસનો પુત્ર કલ્પેશ, જે હજુ બોલતાં પણ શીખ્યો ન હતો, તે એક દિવસ અચાનક બોલ્યો, 'સૂર્યમંદિર બંધાવો.' રમણભાઈ અને ડાહીબેન તો આ સાંભળીને ખૂબ નવાઈ પામ્યાં. પાંચ માસનું બાળક બોલી જ કઈ રીતે શકે? પણ પછી તેમણે પ્રેરણા થઇ કે કદાચ ભગવાન સૂર્યદેવ જ બાળકમાં પ્રગટ થયા હોય. તરત જ બાળકના શરીર પર કંકુ દેખાવા લાગ્યું. જાણે કે સૂર્યદેવ પોતે જ કંકુ સ્વરૂપે હાજર થયા હોય. પછી થોડી વારમાં કંકુ અદ્રશ્ય થઇ ગયું. રમણભાઈને થયું કે હવે બોરસદમાં સૂર્યમંદિર બંધાવવું જ જોઈએ. તેમની પાસે તો જમીન કે મૂડી હતાં નહિ. તેમણે ગામમાં બીજા આગળ પડતા લોકોને ભગવાન સૂર્યદેવ પ્રગટ થયાની અને મંદિર બંધાવવાની વાત કરી. સૂર્યદેવે જ બોરસદના અંબાલાલ પટેલ અને હરીભાઈ પટેલને સૂર્યમંદિર માટે જમીનનું દાન કરવા માટે પ્રેર્યા. ભગવાનની પ્રેરણાથી જ નરેન્દ્ર પટેલે સૂર્યમંદિરની ડીઝાઈન અને મહેન્દ્ર કંથારિયાએ બાંધકામ કરી આપ્યું. બીજા ઘણા લોકોએ દાન આપ્યું અને જોતજોતામાં તો સૂર્યમદિર બનીને તૈયાર થઇ ગયું. આ કથાનો શીલાલેખ ત્યાં મંદિરના આંગણમાં કોતરેલો છે. ત્યાં દર્શને જનારની સર્વે ઈચ્છા ભગવાન સૂર્યદેવ પૂરી કરે છે.

મંદિરનું પ્રવેશદ્વાર ભવ્ય છે. પ્રાંગણમાં ફુવારા છે. મંદિરમાં સૂર્યભગવાન ઉપરાંત, બીજા દેવો પણ બિરાજમાન છે. બધા દેવોની એકતાનું આ ઉદાહરણ છે. પ્રવેશની ઉપર ભગવાન સૂર્યદેવ સાત ઘોડા જોડેલા રથ પર સવાર છે. આ દેખાવ બહુ જ સુંદર લાગે છે. મંદિરની આગળ વિશાળ બગીચો અને પાર્કીંગ માટેની જગા છે. અહીં આવનાર યાત્રીઓ માટે રહેવજમવાની સુવિધા છે. આણંદથી બોરસદ ૧૬ કી.મી. દૂર છે.

સૂર્યભગવાને બોચાસણના પ્રમુખસ્વામીને, ખુંધેલીના છોટે મોરારી બાપુને અને નડિયાદના ભગવતી કેશવ મહારાજને દર્શન આપ્યાં છે. અહીં મોરારી બાપુ, રમેશભાઈ ઓઝા, છોટે

મોરારી બાપુ, કૃષ્ણશંકર શાસ્ત્રી, ચીમનભાઈ પટેલ, દમયંતી બરડાઈ, દિવાળીબેન ભીલ વગેરે મહાનુભાવો મુલાકાતે આવી ગયા છે.

દુનિયાની અજાયબીઓ, નાપાડ: આણંદથી ૧૨ કી.મી. દૂર આવેલા નાપાડની એન.એલ. હાઈ સ્કુલનો બગીચો ખાસ વિશિષ્ટ પ્રકારનો છે. આ બગીચામાં, પત્થરમાંથી કોતરેલી દુનિયાની આઠ અજાયબીઓના નમૂના મૂકવામાં આવ્યા છે, અને દરેકનું ટૂંકું વર્ણન સાથે લખવામાં આવ્યું છે. આ નમૂના આસામના નિષ્ણાત કારીગરો પાસે તૈયાર કરાવડાવ્યા છે. આ અજાયબીઓમાં ઈજીપ્તના પીરામીડ, એફીલ ટાવર, સ્ટેચ્યુ ઓફ લીબર્ટી, પીઝાનો ઢળતો ટાવર, સીડનીનું ઓપેરા હાઉસ, ઇંગ્લેન્ડનો બીગ બેન ટાવર, ચીનનું ટેરાકોટા લશ્કર અને તાજમહાલનો સમાવેશ થાય છે. વળી આ અજાયબીઓ નાપાડથી કેટલા કી.મી. દૂર છે, તે અંતરો અને તેમની દિશા પણ અહીં બતાવવામાં આવી છે. આ અજાયબીઓ બહુ જ આકર્ષક લાગે છે. અહીં મહાત્મા ગાંધીજીની પ્રતિમા પણ મૂકી છે. ગુજરાતના ચરોતરના વતની અને ઇંગ્લેન્ડમાં વસતા એક એનઆરઆઈ ગ્રુપે તેમનામાંની એક પ્રકૃતિપ્રેમી વ્યક્તિનું મૃત્યુ થતાં, તેમની યાદમાં આ અજાયબીઓ તૈયાર કરાવીને મૂકી છે. સ્કુલના આચાર્યએ પણ આ કાર્ય કરવામાં જહેમત ઉઠાવી છે. આ નમૂનાઓ જોઇને સ્કુલનાં બાળકોને ઘણું જાણવા અને શીખવા મળે છે, તથા અહીં આવતા લોકોને પણ આ બગીચો જોઇને સુખદ આશ્ચર્ય થાય છે. સમગ્ર દેશમાં આ બગીચો અલગ પ્રકારનો છે. અનુકુળતાએ જોવા જજો, મજા આવશે.

વહેરાખાડી: વાસદથી ડાકોર જવાના રસ્તે વહેરાખાડી નામનું ગામ આવે છે. આ ગામ આગળ મહી નદીને કિનારે એક મોટો આશ્રમ છે. આશ્રમમાં અયોધ્યાનાથનું મંદિર, સહસ્ત્ર લીંગેશ્વર મહાદેવ, હનુમાન મંદિર તથા અન્ય મંદિરો છે. અયોધ્યાનાથનું મંદિર સૌથી મોટું છે. અહીં આવનારનું તે ખાસ ધ્યાન ખેંચે છે. અહીં બગીચા અને ઝાડપાન છે, શાકભાજી અને ખેતી પણ થાય છે. બગીચા વચ્ચે મહારાજશ્રીની કુટિર છે, તેમાં ધાર્મિક પ્રવચન **વગેરે** થતાં હોય છે. અહીં ઘણા તહેવારો ઉજવાય છે. જમવાની વ્યવસ્થા છે. આશ્રમની પાછળ નદી કિનારે એક ટેકરી છે, તે રામટેકરી તરીકે ઓળખાય છે. ટેકરી પર તથા નદીને કિનારે મહીસાગર માતાનું મંદિર છે. આશ્રમમાં ફરવામાં આનંદ આવે છે. નદી કિનારાનું દ્રશ્ય બહુ જ સરસ છે. નદીમાં સ્નાન કરી શકાય છે. વાસદથી વહેરાખાડી સાતેક કી.મી. દૂર છે.

૧૨. વહાલું વડોદરા

સયાજી બાગ: વડોદરામાં આ બાગ મહારાજા સયાજીરાવ ગાયકવાડે ઈ.સ. ૧૮૭૯માં વિશ્વામિત્રી નદીને કિનારે બનાવડાવ્યો હતો. તે કમાટી બાગ તરીકે પણ ઓળખાય છે. બાગના પ્રવેશદ્વાર સામે મહારાજા સયાજીરાવનું ઘોડા પર સવાર સ્ટેચ્યુ છે, તે કાલા ઘોડા તરીકે ઓળખાય છે. કાલા ઘોડાની સામેના પ્રવેશદ્વાર ઉપરાંત, બાગને બીજાં બે પ્રવેશદ્વાર છે, એક ફતેહગંજ આગળ અને બીજું આ બંનેની વચ્ચે. કાલા ઘોડા, રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેન્ડની નજીક જ છે. બાગમાં ઘણી જાતનાં ઝાડ ઉગાડ્યાં છે. ફુવારા છે. રોજ સેંકડો લોકો ગાર્ડનની બ્યુટી જોવા અહીં આવે છે. ઘણા લોકો અહીં સવારે ચાલવા માટે આવે છે. બાગમાં એક મોટું ૨૦ ફૂટના વ્યાસવાળું ઘડિયાળ છે, તેના કલાક મિનીટ અને સેકંડ કાંટા ચાલતા દેખાય છે. ઘડિયાળનું યંત્ર જમીનમાં નીચે છે.



સયાજી બાગ

બાગમાં બાળકો માટેની નાનકડી ટોય ટ્રેન છે. તે આખા બાગનો સાડા ત્રણ કી.મી. નો ચકરાવો લે છે. બ્રહ્મચારી ફિલ્મના ગીત ‘ચક્કે પે ચક્કા, ચક્કે પે ગાડી...’નું આ ટ્રેન પર શુટીંગ કરાયું હતું. હવે એક નવી મોટી ટ્રેન અહીં શરુ કરવામાં આવી છે. તે જોય ટ્રેન કહેવાય છે, મોટાઓ પણ તેમાં બેસી શકે છે. આ ટ્રેન માટે નવું પ્લેટફોર્મ ‘સ્વામી વિવેકાનંદ સ્ટેશન’ પણ ઉભું કર્યું છે. સવારના દસથી રાતના દસ સુધી આ ટ્રેન ચાલે છે. ગુરુવારે બંધ હોય છે. ટ્રેનની મુસાફરી દરમ્યાન વડોદરાના વારસાની વાત સ્પીકરમાં સંભળાય છે.

બાગમાં બરોડા મ્યુઝીયમ અને પીક્ચર ગેલેરી, સરદાર પટેલ પ્લેનેટોરીયમ અને પ્રાણી સંગ્રહસ્થાન છે.

બરોડા મ્યુઝીયમ: આ મ્યુઝીયમ ૧૮૯૫માં બન્યું હતું. અહીં કલા, સ્થાપત્ય, માનવ જાતિઓ અને સંસ્કૃતિઓ, માનવનાં લક્ષણો અને અરસપરસના સંબંધોને લગતી બાબતોનો સંગ્રહ છે. પીક્ચર ગેલેરીમાં દેશવિદેશની કલાનાં ચિત્રોનો સંગ્રહ છે, એમાં બ્રિટીશ ચિત્રકારોનાં ચિત્રો, તિબેટીયન કલા અને મોગલ સમયનાં ચિત્રો છે. અહીં ઈજીપ્તનું મમી અને વ્હેલનું હાડપિંજર ખાસ આકર્ષક ચીજો છે.




બરોડા મ્યુઝીયમ

સરદાર પટેલ પ્લેનેટોરીયમ: પ્લેનેટોરીયમ એટલે આકાશમાં ગ્રહો, તારાઓ વગેરે બતાવે એવો મોટો અંધારિયો હોલ. આ પ્લેનેટોરીયમ સયાજી બાગના પ્રવેશદ્વાર આગળ આવેલું છે. અહીં પબ્લીક માટે આકાશદર્શનના શો યોજાય છે. શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓ માટે ખાસ શો પણ યોજાય છે. આ બધું અહીં અંગ્રેજી ઉપરાંત ગુજરાતી અને હિન્દી ભાષામાં પણ સમજાવાય છે.

પ્રાણી સંગ્રહાલય: વિશ્વામિત્રીને કિનારે વિસ્તરેલા પ્રાણી સંગ્રહાલયમાં સિંહ અને વાઘ સહિત અનેક જાતનાં પ્રાણીઓ અને પક્ષીઓ જોવા મળે છે. ૧૯૬૨થી અહીં માછલીઘર પણ શરુ કરવામાં આવ્યું છે.

કીર્તિ મંદિર: મહારાજા સયાજીરાવે બંધાવેલું આ મકાન વિશ્વામિત્રીના પૂલની નજીક આવેલું છે. તેની સામે ફતેહસિંહરાવ ગાયકવાડના સ્ટેચ્યુ છે. ગાયકવાડ પરિવારના રાજવીઓની યાદગીરી રૂપે આ મકાન બાંધવામાં આવ્યું છે. પત્થરનું બનેલું આ મકાન, ઘુમ્મટો, ટેરેસ, બાલ્કનીઓ અને વચ્ચે ૩૩ મીટર ઉંચું શીખર ધરાવે છે. અંદર શીવમંદિર ઉપરાંત, રૂમોમાં ગાયકવાડ કુટુંબના સભ્યોનાં સ્ટેચ્યુ અને ચિત્રો છે. મધ્યખંડમાં બંગાળી કલાકાર નંદલાલ બોઝનાં પેઈન્ટીંગ છે, એમાં ગંગાવતરણ, મહાભારત યુદ્ધ, મીરાંબાઈનું જીવન વગેરે મુખ્ય છે.





પ્લેનેટોરીયમ ન્યાયમંદિર

ન્યાય મંદિર: બાયઝેન્ટાઇન સ્ટાઈલનું આ બાંધકામ બહુ જ સરસ લાગે છે. વડોદરા જીલ્લાની જીલ્લા કોર્ટ તેમાં બેસે છે. મધ્ય હોલ બહુ જ મોટો છે, તેમાં સયાજીરાવ ગાયકવાડ ત્રીજાનાં પત્ની ચીમનાબાઇનું સ્ટેચ્યુ છે.

ખંડેરાવ માર્કેટ: સયાજીરાવ ત્રીજાએ ૧૯૦૬માં બંધાવ્યું હતું. એમાં અત્યારે વડોદરા મ્યુનીસીપલ કોર્પોરેશનની ઓફિસો છે તથા અંદર શાકભાજી અને ફૂલોનું બજાર પણ છે.

ચીમનાબાઇ ઘડિયાળી ટાવર: રાવપુરા વિસ્તારમાં આવેલો આ ટાવર મહારાજા સયાજીરાવે તેમની રાણી ચીમનાબાઇની યાદમાં ઈ.સ. ૧૮૯૬માં બંધાવ્યો હતો. આ ટાવર પરનું ઘડિયાળ હજુ પણ ચાલુ હાલતમાં છે, અને તેમાં ચારે બાજુથી ટાઈમ જોઈ શકાય છે.

સુરસાગર તળાવ અને શીવનું સ્ટેચ્યુ: શહેરની મધ્યમાં આવેલું સુરસાગર તળાવ શહેરની શોભામાં વધારો કરે છે. તળાવની વચ્ચે શીવજીનું સ્ટેચ્યુ છે. તળાવની પાળે બેસવાની મજા આવે છે. તળાવની આજુબાજુ ખરીદી અને ખાણીપીણીની ઘણી દુકાનો છે.

એસ.ટી. બસ સ્ટેન્ડ: વડોદરાનું નવું બસ સ્ટેન્ડ એક જોવાલાયક સ્થળ જેવું છે. આપણાં ચીલાચાલુ બસ સ્ટેન્ડ કરતાં સાવ અલગ પ્રકારનું આ બસ સ્ટેન્ડ છે. બસ સ્ટેન્ડનો દેખાવ ખૂબ જ સરસ છે. સગવડો તો એટલી બધી કે વાત નહિ ! છતાં ય બસ સ્ટેન્ડમાં બધે જગ્યા જ જગ્યા લાગે. અને ચોખ્ખાઈ તો ઉડીને આંખે વળગે એવી. અહીં શોપીંગ મોલ, સીનેમા, રેસ્ટોરન્ટ એમ બધું જ છે. બસમાં વડોદરા જાવ ત્યારે, ફરી ફરીને આખું બસ સ્ટેન્ડ જોઈ લેજો.



ઘડિયાળી ટાવર



સુરસાગર તળાવ



બસ સ્ટેન્ડ

લક્ષ્મી વિલાસ મહેલ: વડોદરાની શોભા વધારવામાં આ મહેલ શિરમોર સમો છે. આ મહેલ મહારાજા સયાજીરાવ ત્રીજાએ સન ૧૮૯૦માં રાજકુટુંબના રહેઠાણ માટે બંધાવ્યો હતો. મેજર ચાર્લ્સ મંટ તેના આર્કિટેક્ટ હતા. તે જમાનામાં તેને બાંધવાનો ખર્ચ ૬૦ લાખ રૂપિયા થયો હતો. સ્થાપત્યનો આ એક ઉત્તમ નમૂનો છે.



લક્ષ્મીવિલાસ મહેલ

મહેલના બહારના દેખાવમાં હિંદુ મંદિર, મુસ્લિમ મસ્જીદ, ખ્રિસ્તી ચર્ચ અને શીખ ગુરુદ્વારા જેવા ભાગો નજરે પડે છે. મહેલના ભોંયતળિયાનો ભાગ પબ્લીક માટે ખુલ્લો છે. તે જોવા માટેનો સમય સવારના નવથી સાંજના પાંચ સુધીનો છે. સોમવારે બંધ હોય છે. ગાઈડ નથી રાખ્યા, પણ દરેક મુલાકાતીને એક ઓડિયો ટેપ આપે છે. તેના સ્પીકરના છેડા કાનમાં ભરાવી દેવાના, એટલે તમે જેમ મહેલ જોતા જાવ તેમ એના વિશેનું વર્ણન કાનમાં સંભળાતું જાય. મહેલમાં જૂનાં શસ્ત્રો, માર્બલ અને કાંસાનાં શિલ્પો, થાંભલા, છત અને ભીંતો પરની અદભૂત કલાકારીગરી વગેરે જોવા મળે છે. મહેલમાં દરબાર હોલ છે, તેમાં મહારાજાનો દરબાર ભરાતો. દરબાર હોલમાં બેલ્જીયમથી મંગાવેલા કાચની બારીઓ તથા મોઝેઈક ચિત્રો ધરાવતી દિવાલો મુલાકાતીઓનું તરત જ ધ્યાન ખેંચે છે.

અહીંના ૭૦૦ એકરના વિસ્તારમાં મહેલ ઉપરાંત, બીજી ઈમારતો પણ છે. તેમાં મોતીબાગ પેલેસ અને મહારાજા ફતેહસિંહરાવનું મ્યુઝીયમ મુખ્ય છે. ૧૯૩૦માં મહારાજા પ્રતાપસિંહે અહીં મેદાનમાં ગોલ્ફ કોર્સ બનાવેલ. મોતીબાગ પેલેસ અત્યારે ગોલ્ફ ક્લબનું ક્લબ હાઉસ છે.


મ્યુઝીયમમાં રાજવી કુટુંબનો કલાસંગ્રહ છે. ખાસ તો રાજા રવિ વર્માનાં ચિત્રો જોવા જેવાં છે. તેમાં રાજકુટુંબનાં પોર્ટ્રેઈટ તથા હિંદુ દેવદેવીઓનાં ચિત્રોનો સમાવેશ થાય છે. મ્યુઝીયમનું આ મકાન શરૂઆતમાં તો મહારાજાનાં બાળકોની સ્કુલ માટે હતું. બાળકોને લક્ષ્મી વિલાસ પેલેસમાંથી સ્કુલ સુધી જવા માટે નાનકડી ટ્રેનની વ્યવસ્થા હતી. એ ટ્રેન અત્યારે મ્યુઝીયમ આગળ રાખેલી છે.

મહેલની બહારના ખુલ્લા વિસ્તારમાં લોન કરેલી છે, ફુવારા છે, ઝાડપાન છે. અહીં બેસવાનું ગમે એવું છે.

પ્રતાપ વિલાસ મહેલ: અત્યારે અહીં રેલ્વે સ્ટાફ કોલેજ છે. એ ભારતીય રેલ્વેનું મુખ્ય ટ્રેઈનીંગ કેન્દ્ર છે. અહીં મોટા હોલમાં ટ્રેનનાં વિવિધ મોડેલ રાખેલાં છે. રેલ્વેની કાર્યપદ્ધતિ, સીગ્નલ વિષેની માહિતી વગેરે શીખવાડાય છે.

મકરપુરા પેલેસ: તે ગાયકવાડ રાજવીઓનો મહેલ હતો. ઇટાલિયન સ્ટાઈલનો આ મહેલ ૧૮૭૦માં ખેન્ડે રાવે બંધાવ્યો હતો. સયાજીરાવ ત્રીજાએ તેમાં સુધારાવધારા કર્યા હતા. અત્યારે તેમાં ભારતીય હવાઈ દળની ટ્રેઈનીંગ સ્કુલ ચાલે છે.

ઇએમઇ મંદિર: ભારતીય લશ્કરે આ શીવ મંદિર બાંધ્યું છે. તે દક્ષિણામૂર્તિ તરીકે પણ ઓળખાય છે. મંદિરની રચના ખાસ પ્રકારની છે. તે બધા ધર્મોના સ્થાપત્યનું મિશ્રણ છે. મંદિરનો અંદરનો દેખાવ બહુ જ સુંદર છે. અંદર જૂના જમાનાની ઘણી મૂર્તિઓ છે. મંદિર, ભક્તો અને પ્રવાસીઓ બધા માટે આકર્ષણનું કેન્દ્ર છે.



ઈએમઈ મંદિર

ઇસ્કોન મંદિર: રાધા કૃષ્ણનું આ મંદિર ઘણું જ સરસ છે. સાંજના આરતી સમયે દર્શન કરવામાં આનંદ આવે છે, મનને અપાર શાંતિ મળે છે. બગીચામાં બેસવાનું ગમે એવું છે. મંદિરમાં પ્રસાદ અને ખીચડી મળે છે.

વ્રજધામ મંદિર: પુષ્ટિમાર્ગીય પંથનું આ મંદિર ગોસ્વામી ઇન્દીરા બેટીજી મહોદયાએ બંધાવેલ છે. બાંધકામ બહુ જ સરસ છે. હિંદુ ધર્મના બધા તહેવારો અહીં ઉજવાય છે. આ મંદિર ધાર્મિક, આધ્યાત્મિક, સામાજિક અને સાંસ્કૃતિક કેન્દ્ર છે.





ઇસ્કોન મંદિર   વ્રજધામ મંદિર

હઝીરા મકબરો: તે કુત્બુદીન મકબરા તરીકે પણ ઓળખાય છે. આ કુત્બુદીન મહમદખાનનો મકબરો છે. મુગલ સમ્રાટ અકબરના શાહજાદા સલીમના તે શિક્ષક હતા. મકબરો ૧૮૪૬માં બંધાયો હતો. તે અષ્ટકોણીય પ્લેટફોર્મ પર બનેલો છે. દરેક બાજુએ પાંચ કમાનો છે. કબર મકબરાના ભોંયરામાં છે. મકબરાની નજીક એક વાવ છે. આ મકબરો પ્રતાપનગર રેલ્વે સ્ટેશન આગળના ઓવરબ્રીજની નજીક છે.





હઝીરા મકબરો   તપોવન

તપોવન: આ મંદિર IPCL સંકુલની નજીક આવેલું છે. હિંદુ ધર્મના બધા ભગવાનનાં અહીં એકસાથે દર્શન થાય છે. શીવ મંદિર, બાલાજી, અય્યપા, મુરુગન સ્વામી નવગ્રહ મંદિર એમ બધા ભગવાન એકસાથે બિરાજે છે. મંદિરમાં ધ્યાન ધરવા માટે હોલ છે. મંદિરનું વાતાવરણ શાંત છે. સ્થાપત્યની દ્રષ્ટિએ પણ આ મંદિર જોવા જેવું છે. તે દક્ષિણ ભારતીય સ્ટાઈલનું છે. મંદિર આગળ સરસ બગીચો અન લોન છે. મંદિર ગેંડા સર્કલથી ચારેક કી.મી. દૂર છે.

સીંધરોટ ચેક ડેમ: સીંધરોટ ગામની નજીક મહી નદી પર પાણીના સંગ્રહ માટે આ ડેમ બાંધેલો છે. આ એક સરસ પીકનીક સ્થળ છે. અંદર ઉતરવાની, ચાલવાની, નહાવાની અને રમવાની મજા આવે છે. જો કે લપસી ના જવાય તેની કાળજી રાખવી. આજુબાજુ ખાણીપીણીની દુકાનો છે.



સીંધરોટ ચેકડેમ

આજવા-નીમેટા ગાર્ડન: વડોદરાથી વીસેક કી.મી. દૂર આજવા-નીમેટા કરીને એક સરસ જગા છે. અહીં બગીચો, સંગીતમય ડાન્સીંગ ફુવારા, હીંચકા વગેરે છે. સંગીતના તાલે ઝૂમતા રંગબેરંગી ફુવારા જોઇને બધા ખુશ થઇ જાય છે. નાના અને મોટા બધાને બહુ મજા આવે છે. માયસોરના વૃંદાવન ગાર્ડનની પ્રતિકૃતિ હોય એવું લાગે છે. અહીંથી નજીકમાં જ આજવા ડેમ છે, ડેમથી સરોવર બન્યું છે. આજવા ફન વર્લ્ડ પણ નજીકમાં જ છે.

૧૩. વડોદરા અને છોટાઉદેપુર જીલ્લો

કાયાવરોહણ: આ એક પૌરાણિક નગર છે. અહીંનું શીવ મંદિર ખૂબ જાણીતું છે. શીવજી અહીં લકુલીશ અવતાર સ્વરૂપે પ્રગટ થયા હતા. તેઓ પાશુપત પંથના સ્થાપક ગણાય છે. શીવ પુરાણમાં જણાવ્યા પ્રમાણે, કાયાવરોહણ, ભગવાન શીવનાં ૬૮ તીર્થસ્થાનોમાંનું એક છે, જો કે તે બાર જ્યોતિર્લીંગોમાં નથી આવતું. અહીંનું શીવલીંગ કાળા પત્થરનું બનેલું છે. આ લીંગ મહર્ષિ વિશ્વામિત્રએ સ્થાપેલું કહેવાય છે. અહીં શિવરાત્રિ બહુ જ ધામધૂમથી ઉજવાય છે. કાયાવરોહણ વડોદરાથી ૩૦ કી.મી. દૂર આવેલું છે.



લકુલીશ શીવ મંદિર, કાયાવરોહણ

કાયાવરોહણ મંદિર એક યોગ કેન્દ્ર પણ છે. મંદિરની ભીંતો પર યોગમુદ્રાઓનાં ચિત્રો દોરેલાં છે. આજુબાજુ વિશાળ બગીચો છે. આ મંદિર ઘણી વાર તૂટ્યું છે, છેલ્લે, ૧૯૭૫માં યોગાચાર્ય સ્વામી કૃપાલુનંદજી મહારાજે આ મંદિર બંધાવ્યું છે. કાયાવરોહણ તીર્થ સેવા સમાજ, આ મંદિરનો વહીવટ સંભાળે છે. તેઓ યોગાભ્યાસ, સમાજસેવા વિગેરે કામ કરે છે. અહીં મોટો હોલ, ક્લાસરૂમો વગેરે છે. યાત્રીઓને રાત રહેવા માટે ગેસ્ટ હાઉસ (અતિથિ ગૃહ) છે. જમવાની પણ વ્યવસ્થા છે.

કાયાવરોહણમાં ગાયત્રી મંદિર તથા માતાજી મંદિર પણ જોવા જેવાં છે. કાયાવરોહણમાં ખોદકામ કરતાં બીજી સદીનાં ઘણાં સ્થાપત્યો મળી આવ્યાં છે. ભારતીય પુરાતત્વ ખાતાએ કાયાવરણને હેરીટેજ સાઈટમાં નોંધ્યું છે.

કૃપાલુનંદજીનો જન્મ ડભોઇમાં જાન્યુ ૧૩, ૧૯૧૩ના રોજ થયો હતો. તેઓ બાપુજી તરીકે ઓળખાતા હતા. તેમના ગુરુ સ્વામી પ્રણવાનંદજી હતા, તે દાદાજી તરીકે જાણીતા હતા. કૃપાલુનંદજીના મત પ્રમાણે, દાદાજી ભગવાન લકુલીશ જ હતા.

દાદાજીએ કૃપાલુનંદજીને મુંબઈમાં પુરાણી યોગવિદ્યા શીખવાડી, પછી તે અદ્રશ્ય થઇ ગયા. કૃપાલુ મહારાજ કાયાવરોહણમાં ઘણું મેડીટેશન કરીને યોગની ઉચ્ચતમ સપાટીએ પહોંચ્યા. તેઓ ભારતમાં ઘણું ફર્યા અને લોકોને યોગ વિષે શીખવાડ્યું. તેમણે અને તેમના શિષ્ય રાજર્ષિ મુનિએ, ૧૯૪૯માં પંચમહાલ જીલ્લાના મલાવ ગામમાં કૃપાળુ આશ્રમ સ્થાપ્યો. અહીં યોગ શીખવાડાય છે, રહેવાજમવાની વ્યવસ્થા પણ છે. કૃપાલુનંદજી ૧૯૭૭ થી ૧૯૮૧માં અમેરીકા ગયા. પેન્સીલવેનીયાના સનીટાઉનમાં તેમના શિષ્ય અમૃત દેસાઈએ સ્થાપેલ 'કૃપાળુ યોગ ફેલોશીપ' હેઠળ, યોગ વિદ્યાનો ફેલાવો કર્યો. સપ્ટેમ્બર ૧૯૮૧માં ભારત આવી, ડિસેમ્બર૧૯૮૧માં તેમણે દેહ છોડ્યો. તેમની ઈચ્છા મૂજબ તેમના દેહને મલાવમાં દાટવામાં આવ્યો. તેમની યાદમાં, તેમના શિષ્ય યોગાચાર્ય સ્વામી શ્રી આશુતોષ મુનિએ ૨૦૦૮માં મલાવમાં કૃપાલુ સમાધિ મંદિર બંધાવ્યું છે.

યોગ શીખવા માટે, લકુલીશ યોગ યુનિવર્સીટી ઉભી કરાઈ છે. તે અમદાવાદમાં એસજી હાઈવે પર સોલા મંદિરથી નજીક આવેલી છે. યુનિવર્સીટીથી ગાંધીનગર ૧૪ કી.મી. દૂર છે.

જાખણમાં રાજરાજેશ્વરધામ છે. અહીં લકુલીશ યોગ વિદ્યાલય છે. અહીં બે મોટા હોલ અને ઓડીટોરીયમ છે.

માલસર: માલસર વડોદરાથી ૬૦ કી.મી. દૂર, નર્મદા નદીને કિનારે આવેલું છે. માલસર ડોંગરેજી મહારાજને કારણે ખાસ જાણીતું છે. ડોંગરે મહારાજ મહાન કથાકાર હતા. તેઓએ આખી જિંદગી ભાગવતકથાઓ કરીને લોકોને સન્માર્ગે વાળ્યા છે. માલસરમાં ડોંગરેજી મહારાજની સમાધિ તથા ડોંગરેજી સેવા ભક્તિ આશ્રમ છે. તેઓએ ૧૯૪૬થી જીવ્યા ત્યાં સુધી (૧૯૯૦ સુધી) દર વર્ષે એક ભાગવત કથા માલસરમાં કરી હતી. તેઓ આધુનિક શુકદેવજી કહેવાતા હતા. આશ્રમમાં પ્રાર્થના હોલ છે. અહીં વૃધ્ધોને મહિનો કે વધુ રહેવાની સગવડ છે.

માલસરમાં, આ ઉપરાંત, સત્યનારાયણ મંદિર, શ્રી ગજાનન આશ્રમ અને અંગારેશ્વર મંદિર છે. ગજાનન આશ્રમમાં બાળકોને સંસ્કૃત અને અન્ય શિક્ષણ આપવામાં આવે છે.

માલસર ધોધ: માલસર આગળ નર્મદા નદીને સામે કિનારે એક ધોધ છે, હોડીમાં બેસીને નદી ઓળંગી ધોધ જોવા જઇ શકાય છે. ધોધમાં નહાવાની મજા આવે એવું છે.

નારેશ્વર ધામ: નર્મદા નદીને કિનારે આવેલું આ એક પવિત્ર ધામ છે. અહીં શ્રી રંગ અવધૂત મહારાજનો આશ્રમ અને શીવ મંદિર છે. આશ્રમમાં શ્રી રંગ અવધૂત મહારાજની સમાધિ છે. રંગ મંદિરમાં અવધૂતજીની સફેદ આરસની પ્રતિમા છે. રોજ સાંજે અવધૂતની આરતી થાય છે, ત્યારે માહોલ બહુ ભક્તિમય લાગે છે. અહીંનું વાતાવરણ બહુ પવિત્ર અને શાંત છે. રંગ

અવધૂતના ઘણા ભક્તો અને પ્રવાસીઓ અહીં આવે છે. આશ્રમમાં રહેવાજમવાની વ્યવસ્થા છે, સરસ બગીચો છે.



ડોંગરેજી મહારાજની સમાધિ, માલસર



ધોધ, માલસર



નારેશ્વર ધામ

અહીં નર્મદાને કિનારે ફરવાની મજા આવે એવું છે. સરસ પીકનીક સ્થળ છે. નદીમાં નહાવાય એવું છે. પાણીનું વહેણ ધીમું છે, પાણી ક્યાં ઉંડું આવી જાય તેની બહુ ખબર પડે તેવું નથી. આથી સાચવીને પાણીમાં ઉતરવું. નદી કિનારે ઉંટ અને ઘોડેસવારી કરાવવાવાળા છે. ચા, મકાઈ, પકોડા, રસ એવું બધું વેચવાવાળા ઉભા રહે છે, ચોખ્ખાઈ નથી. નારેશ્વર વડોદરાથી આશરે ૭૦ કી.મી. દૂર છે.

શ્રી રંગ અવધૂત મહારાજનો જન્મ ઈ.સ.૧૮૯૮માં ગોધરા મુકામે થયો હતો. તેઓ ગાંધીજી સાથે સ્વતંત્રતાની લડતમાં જોડાયા હતા. થોડો સમય શિક્ષક તરીકે પણ કામ કર્યું હતું. પછી નારેશ્વરમાં જઇ, ધ્યાન અને આધ્યાત્મિક વિકાસમાં મન પરોવ્યું. અહીં આશ્રમ સ્થાપી લોકસેવાનાં કામ કરતા રહ્યા. તેમણે અનેક પુસ્તકો લખ્યાં છે.

વઢવાણા સરોવર અને કેમ્પ સાઈટ : આ સરોવર ડભોઇની નજીક આવેલું છે. તે વઢવાણા વેટલેન્ડ તરીકે જાણીતું છે. ચારે બાજુ લીલાં ખેતરોથી છવાયેલું આ સરોવર બહુ જ સુંદર લાગે છે. આ એક પક્ષીઓનું અભ્યારણ્ય છે. શિયાળામાં અહીં દેશવિદેશથી અસંખ્ય પક્ષીઓ ઉતરી પડે છે, ત્યારે અહીં ઘણા પક્ષીવિદો આવે છે. વઢવાણા એક સરસ બર્ડ વોચીંગ સાઈટ છે. સરોવરની ફરતે વોચ ટાવર ઉભા કરેલા છે. વઢવાણા એક ઇકો કેમ્પસાઈટ પણ છે. જંગલ ખાતાએ અહીં રહેવા માટે રૂમો અને થોડી સગવડો ઉભી કરી છે. આજુબાજુ સરસ બગીચો બનાવ્યો છે. આ સરોવરમાંથી આજુબાજુનાં ગામોને પીવાનું અને ખેતી માટે પાણી પૂરું પડાય છે. વડોદરાથી ડભોઇ ૩૩ કી.મી. અને ડભોઇથી વઢવાણા ૧૦ કી.મી. દૂર છે. ગાયકવાડ રાજવીઓએ સોએક વર્ષ પહેલાં આ સરોવર બંધાવ્યું હતું. અત્યારે તે ટુરિસ્ટ સ્થળ તરીકે વિકસ્યું છે.




વઢવાણા સરોવર અને કેમ્પસાઈટ

કુબેરભંડારી શીવ મંદિર, કરનાળી: આ મંદિર કરનાળી ગામમાં, નર્મદા નદીને કિનારે આવેલું છે. કુબેર ભંડારી એટલે અન્ન અને સમૃદ્ધિનો ભંડાર પૂરો પાડતા શીવ ભગવાન. ગુજરાતમાં આ મંદિર ઘણું જાણીતું છે. અમાસને દિવસે અહીં બહુ જ લોકો દર્શને આવતા હોય છે. શિવરાત્રિએ અહીં મોટો મેળો ભરાય છે. મંદિર આગળ નદીમાં ઉતરવા માટે ચાલીસેક પગથિયાં છે. લોકો અહીં નર્મદા નદીમાં સ્નાન કરતા હોય છે. સામે કિનારે પોઈચામાં પ્રખ્યાત સ્વામીનારાયણ મંદિર આવેલું છે. બોટમાં બેસીને ત્યાં જવાય છે. કરનાળીમાં આ ઉપરાંત, ગાયત્રી મંદિર, મહાકાળી મંદિર તેમ જ અન્ય મંદિરો છે. કરનાળી વડોદરાથી લગભગ ૬૦ કી.મી. દૂર, ચાણોદની નજીક આવેલું છે.

કુસુમ વિલાસ પેલેસ, છોટાઉદેપુર: કુસુમ વિલાસ પેલેસ, ગુજરાતના પ્રખ્યાત મહેલોમાંનો એક છે. ૧૯૨૦ના દસકામાં બનેલો આ મહેલ એક આકર્ષક ટુરિસ્ટ સ્થળ છે. મહેલમાં દાખલ થતામાં મોટો વરંડો છે, લોબીઓ કમાનોથી શોભે છે. સ્વાગત કક્ષનાં વિશાળ બારણાં અને ચીતરેલી છત પ્રેક્ષકોનું મન મોહી લે છે. ભવ્ય દિવાન ખંડ, ઝુમ્મરો, ડાઈનીંગ હોલ, બિલીયર્ડ રૂમ તથા અન્ય રૂમો જોઇને ટુરિસ્ટો ખુશ થઇ જાય છે. મહેલના ફર્નીચરમાં ફ્રેંચ સ્ટાઈલની છાંટ દેખાઈ આવે છે. સુશોભનમાં બેલ્જીયમના અરીસા અને ઇટાલીના આરસ

વાપર્યા છે. દિવાલો પર ભારતીય ચિત્રકારોનાં ચિત્રો જોવા મળે છે. મહેલમાં રેસ્ટોરન્ટ અને સ્વીમીંગ પૂલ છે. મહેલનો વચલો ભાગ પાંચ માળ ઉંચો છે, અને તેની પર મોટો ઘુમ્મટ છે. મહેલની બાંધણી એવી સરસ છે કે મોટા ભાગની રૂમોમાં બહારનું અજવાળું આવે છે, લાઈટ કરવાની જરૂર નથી પડતી. મહેલનું કેમ્પસ ૫૦ એકર જમીન પર પથરાયેલું છે. મહેલ આગળ વિશાળ ખુલ્લી જમીન છે. મહેલના લોખંડી દરવાજાની અંદર લોનમાં ફુવારા અને યુરોપીય સ્ત્રીઓનાં આરસનાં ૩ સ્ટેચ્યુ છે. મહેલ, સ્થાપત્યનો એક સુંદર નમૂનો છે. દર વર્ષે ઘણા ટુરિસ્ટો આ મહેલ જોવા આવે છે. હાલ એમાં રોયલ ફેમિલીના વારસદારો રહે છે. છોટાઉદેપુર, વડોદરાથી આશરે ૧૧૨ કી.મી. દૂર, ઓરસંગ નદીને કિનારે આવેલું છે.

કુસુમ વિલાસ પેલેસની બાજુમાં પ્રેમ ભુવન પેલેસ છે, તે ગેસ્ટ હાઉસ તરીકે વપરાતો હતો. હાલ તે હેરીટેજ હોટેલમાં ફેરવાઈ ગયો છે.


કુસુમવિલાસ પેલેસ, છોટાઉદેપુર


કેવડી કેમ્પ સાઈટ

કેવડી કેમ્પ સાઈટ (છોટાઉદેપુર): દેવગઢ બારીઆથી દક્ષિણમાં સાગટાળા થઈને છોટાઉદેપુર તરફ જતા રસ્તે સાગટાળાની નજીક, નદી કિનારે આ કેમ્પ સાઈટ આવેલી છે. અહીં જંગલમાં સ્લોથ રીંછ, દીપડો, હાયના, ખિસકોલી વગેરે પ્રાણીઓ રહે છે. અહીંના ગ્રામ્ય લોકોની જિંદગી જંગલ આધારિત છે.

અહીં રૂમ તથા તંબૂમાં રહેવાની વ્યવસ્થા છે. રસોઈઘર અને ભોજનરૂમ છે. ઝાડ પર માંચડો બાંધેલો છે, તેના પરથી આજુબાજુના જંગલનું દ્રશ્ય જોવાની મજા આવે છે. જંગલમાં ચાલવા માટે ટ્રેઈલ છે. અહીંથી આજુબાજુ કંજેટા, ઉદલ મહુડા, હાથણી માતા ધોધ, પાવાગઢ, જાંબુઘોડા વગેરે જગાઓ જોવા જઇ શકાય છે. કંજેટા કેમ્પ સાઈટ અહીંથી ૧૫ કી.મી. દૂર છે. દેવગઢ બારીઆથી સાગટાળા ૨૪ કી.મી. અને સાગટાળાથી છોટાઉદેપુર ૨૮ કી.મી. દૂર છે.

હાફેશ્વર મહાદેવ : અહીં હાંફ નામના ગામમાં હાફેશ્વર મહાદેવનું મંદિર છે. વડોદરાથી વાઘોડિયા, સંખેડા કોસીન્દ્રા, કવાંટ અને કડીપાની થઈને હાફેશ્વર જવાય છે. વડોદરાથી તે આશરે ૧૧૦ કી.મી. દૂર છે. હાફેશ્વરની નજીક પહોંચતાં થોડો પહાડી વિસ્તાર આવે છે,

એટલે વાહનો ચડતાં ચડતાં હાંફી જાય, એટલે એનું નામ હાફેશ્વર મહાદેવ પડ્યું. મંદિર નર્મદા નદીના કિનારે છે. નર્મદા ડેમના રીઝર્વોયરનું પાણી ભરાયેલું છે, તેમાં બોટીંગ થઇ શકે છે. અહીં એક દિવસની પીકનીક મનાવવા જઇ શકાય.

પ્રકૃતિ ઉદ્યાન : સીંધરોટ(વડોદરા)થી આંકલાવ જવાના રસ્તે વચમાં ડાબા હાથે પ્રકૃતિ ઉદ્યાન(Nature Education Park)નું બોર્ડ આવે છે. ત્યાંથી અંદર કાચા રસ્તે એક કી.મી. જેટલું જતાં પ્રકૃતિ ઉદ્યાન પહોંચાય છે. અહીં મહી નદીના કોતરોવાળા વિસ્તારમાં એક સરસ પ્રાકૃતિક ઉદ્યાન ઉભો કર્યો છે. જંગલમાં નીલગાય, હરણાં, શિયાળ, ઝરખ, વાંદરાં, સસલાં, સાપ વગેરે પ્રાણીઓ અને મોર, કોયલ, ટીટોડી, કલકલિયો, દેવચકલી, કાબર જેવાં પક્ષીઓ જોવા મળે છે. જંગલમાં આંબલી, બાવળ, બોરડી, ગુગળ જેવાં અસંખ્ય વૃક્ષો છે. પ્રવેશદ્વાર આગળ ઓફિસ છે, નજીકમાં રસોડું છે. વચ્ચે ખુલ્લા મેદાનમાં રાત્રે આકાશદર્શન માટેનાં ટેલીસ્કોપ



પ્રકૃતિ ઉદ્યાન

ગોઠવેલાં છે. ઓફિસના પાછળના ભાગમાં બેસવા માટે બેઠકો, કાથીના ખાટલા, જમવા માટે સિમેન્ટનાં ટેબલ એવું બધું છે. પછી ઝાડ પર હિંચકા બાંધેલા છે. ઝાડ પર ચડવા માટે દોરડાંની નિસરણી છે. દોરડાંની જાળી પર ચડવાની મજા માણી શકાય છે. એક ઝાડથી બીજા ઝાડ સુધી દોરડા પર ચાલીને જઈ શકાય છે. કોતર ઓળંગવા માટે દોરડાંનો પૂલ બનાવેલો છે. બાજુમાં બાળકો માટે નાનો સ્વીમીંગ પૂલ છે, તંબૂઓ છે, એક ઉંચો વોચટાવર છે, તેના પર ચડીને આજુબાજુનું આખું જંગલ જોઈ શકાય છે. અહીં રાત્રે રહેવાની વ્યવસ્થા છે. સ્કુલકોલેજના વિદ્યાર્થીઓ માટે અહીં કેમ્પ કે સેમિનાર ગોઠવવાની પણ સગવડ છે. એક વાર આ પાર્ક જોવા જેવો છે.

સાવલી: વડોદરાથી ૨૯ કી.મી. દૂર આવેલા સાવલી ગામમાં ભીમનાથ મહાદેવનું મંદિર જોવા જેવું છે. આશરે ૩૪૦ વર્ષ પહેલાં શ્રીગેબીનાથ દાદા નામના સિદ્ધપુરુષે આ સ્થળે જીવંત સમાધિ લીધી હતી, તેવી વાયકા છે. ત્યારથી આ સ્થળ ભાવિકો માટે એક અનેરી ઉર્જાનો

સ્ત્રોત બન્યું છે. ૧૯૪૯માં આ મંદિરનો જીર્ણોધ્ધાર કરાયો છે. સાવલીમાં વૈષ્ણવ સંપ્રદાયના શ્રી હરરાયજી પ્રભુની બેઠક પણ આવેલી છે.

શત્રુઘ્ની માતા મંદિર, લાંછનપુર: સાવલીથી ૭ કી.મી. દૂર લાંછનપુર ગામમાં આ મંદિર આવેલું છે. જંગલની વચ્ચે ટેકરી પર આવેલુ આ મંદિર બહુ જ સરસ લાગે છે. અહીંથી મહી નદી દેખાય છે, તેનું દર્શન બહુ જ મનોહર લાગે છે. અહીં બાજુમાં એક શીવમંદિર પણ છે. લાંછનપુર ગામમાંથી કોતરમાં થઈને મહી નદી તરફ જવાય છે. નદીમાં નહાવાની મજા આવે એવું છે.



શત્રુઘ્ની માતા મંદિર, લાંછનપુર

કેમ્પ બંગલો, ડબકા : જૂના જમાનામાં ડબકા ગામની આજુબાજુ ગાઢ જંગલો હતાં અને વડોદરાના ગાયકવાડ રાજા અહીં શિકાર ખેલવા આવતા. શિકાર કર્યા પછી આરામ ફરમાવવા માટે, તેમણે મહી નદીના કિનારે ઉંચી ટેકરી પર, એક બંગલો બંધાવ્યો હતો. આજે પણ આ એકલોઅટૂલો બંગલો અહીં ઉભો છે. જર્જરિત થઇ ગયો છે, પણ જોવા જેવો ખરો. તે કેમ્પ બંગલો (શિકારખાનું) તરીકે ઓળખાય છે. દૂરથી આ બંગલાનો દેખાવ સરસ લાગે છે. બંગલામાં વચ્ચે મુખ્ય ખંડ છે. આગળ વરંડા જેવી રૂમ, બીજી બાજુ રસોડું, બધી બાજુ ઓટલા, થાંભલા વગેરે છે. ફરસ પત્થરની અને છત નળિયાંવાળી છે. જૂના જમાનાની હવેલી જેવું લાગે. બંગલા આગળથી નદીનું દ્રશ્ય બહુ જ મનોહર લાગે છે. અહીંથી નદીમાં ઉતરાય એવું નથી. પણ ડબકા ગામમાંથી ઢાળ ઉતરીને નદીમાં જવાય છે. વડોદરાથી ડબકા આશરે ૩૦ કી.મી. દૂર છે.



કેમ્પ બંગલો, ડબકા

તુળજા માતા, રણુ: ડબકાની નજીક રણુ ગામમાં પ્રખ્યાત તુળજાભવાની માતાનું મંદિર આવેલું છે. ઘણે દૂર દૂરથી લોકો અહીં માતાજીનાં દર્શને આવે છે. માતાજીનું મંદિર ઘણું જ સરસ છે. બાંધકામ નવું જ લાગે છે. મંદિરમાં છત, થાંભલા વગેરે પરની દેવીદેવતા, મોર વગેરેની કોતરણી ઘણી જ આકર્ષક છે. માતાજીની મૂર્તિ ખૂબ જ જીવંત લાગે છે. મંદિરના પ્રાંગણમાં રહેવા-જમવાની વ્યવસ્થા છે. બહાર પાર્કીંગની પણ સારી સગવડ છે.

૧૫. ભરૂચ જીલ્લાના પ્રવાસે

કબીરવડ: ભરૂચની નજીક શુક્લતીર્થ ગામ પાસે નર્મદા નદી બે ફાંટામાં વહેંચાઇ જાય છે, પછી થોડું આગળ જઇ એ બંને ફાંટા ભેગા થઇ જાય છે. આવું થવાથી, શુક્લતીર્થ આગળ નર્મદા નદીના બે ફાંટા વચ્ચે એક ટાપુ બને છે. આ ટાપુ પર એક વિશાળ વડલો છે, એનું નામ કબીરવડ. આ વડ એટલો બધો ફેલાયો છે કે એ એક જોવાલાયક વડ બની ગયો છે, અને લાખો લોકો એને જોવા આવે છે. વડની વડવાઈઓમાંથી ઘણાં નવાં થડ બની ગયાં છે, મૂળ થડ કયું હશે, તેની ખબર પણ પડતી નથી. મૂળ વડ ૬૦૦ વર્ષ જૂનો મનાય છે. સંત કબીર અહીં વર્ષો સુધી રહ્યા હતા. કહે છે કે તેઓ વડના ઝાડનું દાતણ કરતા હતા, તેમણે ફેંકેલી દાતણની ચીરીમાંથી આ વડ થયો છે. તેમના નામ પરથી આ વડનું નામ કબીરવડ પડ્યું છે.


શુક્લતીર્થ આગળથી બોટમાં બેસીને વડ જોવા જવાય છે. અહીં કબીર મંદિર પણ બનાવાયું છે. મંદિરમાં શાંતિનો અહેસાસ થાય છે. બાજુમાં કબીર મ્યુઝીયમ છે. લોકો અહીં પીકનીક મનાવવા માટે આવે છે. બાળકોને ખુલ્લામાં રમવાની મજા આવે છે. વડ પર વાંદરાઓ રહે છે, તેઓ ક્યારેક પબ્લીક પાસેથી ખાવાનું પડાવી લે છે. અહીં ચા કોફી, પોપ કોર્ન, ફળ વગેરે વેચનારા ફેરિયા જોવા મળે છે. કૂતરા, ગાયો, કાગડા અને ચામાચીડિયાં પણ છે. લોકો ગંદકી યે કરે છે. અહીં દરિયાકિનારો સરસ છે. નર્મદા નદીમાં નહાવાય એવું છે. ભરૂચથી કબીરવડ આશરે ૧૫ કી.મી. દૂર છે. શુક્લતીર્થમાં પણ શીવ મંદિર છે.



કબીરવડ

સ્તંભેશ્વર મહાદેવ, કાવી-કંબોઈ: શંકર ભગવાનના શીવલીંગ પર દરિયો પોતે જ અભિષેક કરતો હોય એવું મંદિર ક્યાંય જોયું છે? હા, એવું મંદિર એટલે કાવી-કંબોઈ ગામોની નજીક આવેલું સ્તંભેશ્વર મહાદેવ. મહી નદીના ખંભાતના અખાત સાથેના સંગમ આગળ દરિયા કિનારે આ મંદિર આવેલું છે. દરિયો તો દૂર દેખાય છે. આપણને કલ્પના પણ ના આવે કે આ

દરિયો શીવલીંગને ડુબાડી દે. પણ દરિયામાં ભરતી આવે ત્યારે આ મંદિરમાં પાણી ફરી વળે છે, શીવલીંગ આખું ડૂબી જાય છે. થોડા કલાક પછી ભરતીનાં પાણી ઉતરવા માંડે, પછી લીંગ ખુલ્લું થઇ જાય છે. દરિયો ક્યાંય દૂર ખસી જાય છે, આ દ્રશ્ય ખાસ જોવા જેવું છે. પછી જાણે કંઇ જ ન બન્યું હોય એમ બ્રાહ્મણો પૂજા સ્તવન કરવા લીંગની આજુબાજુ બેસી જાય છે. દિવસમાં રોજ એક વાર આવું થાય છે. ભરતી આવવાનો ટાઈમ રોજ જુદો જુદો હોય છે, એટલે જે દિવસે ત્યાં જવું હોય, એ દિવસનો ભરતીનો ટાઈમ જાણીને ત્યાં જવું જોઈએ કે જેથી ભરતી પહેલાંનું ખુલ્લું લીંગ તથા ભરતીનું ધસી આવતું પાણી – બધું જોવા મળે. ભરતી વખતે સડસડાટ ધસી આવતું દરિયાનું પાણી જોવાનો લ્હાવો કોઈ ઓર જ છે. દરિયાકિનારે છેક મંદિર સુધી પોતાનું વાહન જઇ શકે છે. ભરતીના સમયે રોજ અહીં ઘણા લોકો આવતા હોય છે. શંકર ભગવાનનું આ લીંગ કાર્તિકેય ભગવાને સ્થાપેલું છે. મંદિર આશરે ૧૪૦ વર્ષ પહેલાં બન્યું છે. આમ તો કાવી અને કંબોઈ બે જુદાં જુદાં ગામ છે, પણ એકસાથે જ બોલવાની પ્રથા પડી ગઈ છે. કાવી-કંબોઈ વડોદરાથી ૭૫ કી.મી., ભરૂચથી ૭૦ કી.મી. અને જંબુસરથી ૩૦ કી.મી. દૂર છે.



સ્તંભેશ્વર મહાદેવ, કાવી-કંબોઈ

બેઠક મંદિર, ડાભા: ડાભા ગામ જંબુસરની નજીક આવેલું છે. આ ગામમાં પુષ્ટિમાર્ગીય મહાપ્રભુજીનું બેઠક મંદિર છે. વૈષ્ણવો અહીં દર્શન કરવા આવતા હોય છે. મંદિરને થોડું રીપેર કરવાની જરૂર છે. આશરે ૪૦૦ વર્ષ પહેલાં થઇ ગયેલા મહાપ્રભુજી ભારતભરમાં વિચર્યા હતા, અને લોકોને સન્માર્ગે વાળવાની પ્રવૃત્તિ કરી હતી. તેઓએ જે સ્થળોએ બેસીને કથા કરી હતી, તે સ્થળો તેમની બેઠકો તરીકે ઓળખાય છે.

ગુમાનદેવ: ગુમાનદેવ હનુમાનનું મંદિર ઝઘડિયાની નજીક આવેલું છે. મંદિર ઘણું જૂનું અને જાણીતું છે. દેશવિદેશથી હનુમાનભક્તો અહીં આવે છે. મંદિરમાં બેસવાથી શાંતિ અનુભવાય છે. શનિવારે અહીં બહુ ભીડ



બેઠક મંદિર, ડાભા



કડીયા ગુફા

રહે છે. શ્રાવણ માસમાં આ મંદિર ભક્તોથી ઉભરાય છે. મંદિર ઘણું વિશાળ છે. ચોખ્ખાઈ સારી રહે છે. ગુમાનદેવ ઝઘડિયાથી ૪ કી.મી. **અને** ભરૂચથી ૧૮ કી.મી. દૂર છે.

કડીયા ડુંગર અને પાંડવ ગુફા: કડીયા ડુંગર, ભરૂચથી ઝગડિયા જવાના રસ્તે, ભરૂચથી ૩૪ કી.મી. દૂર આવેલો છે. અહીં એક ડુંગર પર ગુફાઓ છે. નીચે આશ્રમ અને વડનાં ઝાડ છે. પ્રવેશ પર 'હરિહર, ઉદાસીન અખાડા સંત શ્રી ગંગાદાસજી મહારાજ કડીયા ડુંગર'નું બોર્ડ મારેલું છે. આશ્રમમાં ઓફિસ, મંદિર અને બગીચો છે. દર પૂનમે અહીં ઘણા લોકો આવે છે. તે વખતે અહીં જમવાની વ્યવસ્થા પણ હોય છે. આશ્રમની એક તરફ, આશ્રમના સ્થાપક બાબાની સમાધિ છે. આશ્રમના છેડેથી ડુંગર પર ચડવાનાં પગથિયાં શરુ થાય છે. આશરે ૧૪૦ પગથિયાં ચડ્યા પછી મા મનસાદેવી અને ગુપ્તેશ્વર મહાદેવનું મંદિર છે. બીજાં પચાસેક પગથિયાં ચડ્યા પછી પાંડવગુફાઓ આવે છે. પાંડવો વનવાસ દરમ્યાન અહીં થોડો સમય રહ્યા હતા, એવું કહેવાય છે. આ ગુફાઓ કડીયા ડુંગર પર આવેલી હોવાથી તેને કડીયા ગુફાઓ પણ કહે છે. અહીં પત્થરોમાં આઠદસ ગુફાઓ કોતરેલી છે. અંદર ચોખ્ખાઈ નથી. બંધિયાર હવા ગંધાય છે. ગુફાઓની બહાર ખુલ્લી જગા પરથી વડનાં ઝાડ, આશ્રમ અને દૂર દૂર સુધીનો નઝારો જોવાની મજા આવે છે. અહીંથી બીજાં વીસેક પગથિયાં ચડી, ડુંગરની ટોચ પર જવાય છે. ટોચ પર ખુલ્લામાં ઉભા રહેવાનો આનંદ આવે છે, પણ બહુ જ સાચવવું પડે. પડ્યા તો ગયા સમજો. ટોચ પર ભીમની ચોરી છે.

ટકાઉ ધોધ: આ ધોધ જૂના ઘાટા ગામ આગળ આવેલો હોવાથી તે જૂના ઘાટા ધોધના નામે પણ ઓળખાય છે. આ ધોધ ભરૂચથી રાજપીપળાના રસ્તે ૪૪ કી.મી. દૂર આવેલો છે. અહીં ટકાઉ નામની નદી જ ધોધરૂપે પડે છે. નદી બહુ ઉંડી છે, સોએક ફૂટ જેટલું ઢાળ પર ઉતરો ત્યારે નદીમાં પહોંચાય. ત્યાર પછી યે ખડકોમાં થઈને થોડું ઉતરો ત્યારે ધોધની સામે અવાય. પણ ધોધની સામે આવ્યા પછી મનમાં આનંદ છવાઈ જાય, કે વાહ ! શું સરસ ધોધ છે ! ધોધ જ્યાં પડે છે ત્યાં ધોધમાં સહેલાઇથી નાહી શકાય એવું છે. હા, ચોમાસામાં પાણીનો

પ્રવાહ વધુ હોય ત્યારે ધોધમાં ઉતરવામાં જોખમ ખરું. એક દિવસ ફરવા જવા માટે આ સરસ જગા



ટકાઉ ધોધ

છે. અહીં વનભોજન પણ મનાવી શકાય. અહીં કોઈ સુવિધા ઉભી કરેલી નથી, ધોધ તરફ જતાં બોર્ડ પણ ક્યાંય મારેલાં નથી. પૂછી પૂછીને જવું પડે.

૧૪. નર્મદા જીલ્લો

નર્મદા ડેમ અને સરદાર સરોવર: ગુજરાત પાસે ગૌરવ લેવા જેવી અનેક બાબતો છે. નર્મદા નદી પરનો સરદાર સરોવર ડેમ (બંધ) તેમાંનો એક છે. નર્મદા પરના આ ડેમથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. નર્મદા નદી મધ્ય પ્રદેશમાં અમરકંટક નામના સ્થળેથી નીકળે છે, અને ભરૂચ પાસે અરબી સમુદ્રને મળે છે. તેના પર ગુજરાતમાં નવાગામ નજીક બંધ બાંધ્યો છે. આ બંધ ઘણી રીતે અજોડ છે. આ બંધની ઉંચાઈ હાલ ૧૨૨ મીટર છે. તે હજુ વધારીને ૧૩૮ મીટર કરવાની યોજના છે. હાલ ડેમમાં દરવાજા નથી, એટલે ઉપરવાસમાં વધુ પાણી આવે ત્યારે બંધની ઉપર થઈને પાણી વહે છે. આટલી ઉંચાઇએથી પાણી પડે એ દ્રશ્ય બહુ જ સુંદર લાગે છે. આ ઓવરફ્લો જોવા હજારો લોકો ઉમટી પડે છે.

બંધની પાછળ ભરાતા સરોવરની લંબાઈ ૧૧૦ કી.મી. જેટલી છે. કેટલું મોટું સરોવર ! નર્મદા બંધમાંથી કાઢેલી નહેરો ગુજરાતના સૌરાષ્ટ્ર, કચ્છ સુધી તથા રાજસ્થાનના થોડા વિસ્તારને પાણી પહોંચાડે છે. ડેમના પાવરહાઉસમાં ગોઠવેલાં ટર્બાઈનો ૧૫૪૦ મેગાવોટ જેટલી વીજળી પેદા કરી આપે છે. સરોવરમાંથી જે જગાએથી નહેર કાઢેલી છે, તે પાણી એક પછી એક ચાર સરોવરોમાંથી પસાર થયા પછી મુખ્ય નહેરમાં જાય છે. આ સરોવરોને કિનારે રસ્તો બનાવેલો છે, બસ કે ગાડીમાં બેસી આ સરોવરો અને મુખ્ય નહેર જોઈ શકાય છે.



નર્મદા ડેમ

નીચવાસમાં નદીને કિનારે ૩ વ્યૂ પોઈન્ટ બનાવેલા છે. અહીંથી બંધનાં સામેથી દર્શન થાય છે. ત્રીજા વ્યૂ પોઈન્ટ પર સરદાર પટેલનું સ્ટેચ્યુ મૂકેલું છે. ભવિષ્યમાં, તેમનું ૧૮૨ મીટર ઉંચું સ્ટેચ્યુ, બંધની સામે નદીની વચ્ચે મૂકવાની યોજના છે. આ સ્ટેચ્યુ દુનિયાનું સૌથી ઉંચું સ્ટેચ્યુ

હશે. બંધના એક બાજુના છેડેથી, ટેકરી પરથી નજર પહોંચે ત્યાં સુધી ઉપરવાસનું સરોવર દેખાય છે. આ દ્રશ્ય બહુ જ ભવ્ય લાગે છે. આ સરોવરમાં બોટીંગ કરી શકાય છે.

ડેમના નીચવાસમાં ડેમથી આઠેક કી.મી. દૂર કેવડીયા કોલોનીમાં, રહેવા માટે ઘણા બધા રીસોર્ટ અને ગેસ્ટ હાઉસ છે. વડોદરાથી ડભોઇ, તિલકવાડા અને ગરુડેશ્વર થઈને નર્મદા ડેમના સ્થળે જઇ શકાય છે. આ અંતર ૯૩ કી.મી. છે. એક વાર નર્મદા ડેમ જરૂર જોવા જેવો છે.

શૂલપાણેશ્વર મહાદેવ: નર્મદા ડેમના નીચવાસમાં કેવડીયા કોલોની આગળ નર્મદા નદી પર પૂલ બાંધેલો છે. આ પૂલ પર થઈને નર્મદાને સામે કિનારે જવાય છે. સામે શૂલપાણેશ્વર મહાદેવનું નવું મંદિર છે. શૂલપાણેશ્વરનું મૂળ મંદિર ડેમના ઉપરવાસમાં હતું, તે બંધના ડૂબમાં ગયું, તેથી આ નવું મંદિર બાંધવામાં આવ્યું છે. મંદિર બહુ સરસ છે. નર્મદા ડેમ જોવા જાવ ત્યારે સાથે સાથે આ મંદિરમાં શીવજીનાં દર્શન કરવા જરૂર જજો.



શૂલપાણેશ્વર મહાદેવ

ગરુડેશ્વર મહાદેવ: ગરુડેશ્વર, નર્મદા ડેમના નીચવાસમાં ડેમથી ૧૫ કી.મી. દૂર નર્મદાને કિનારે આવેલું છે. નદી કિનારે ગરુડેશ્વર મહાદેવનું મંદિર છે. આ મંદિર ૨૦૦૦ વર્ષ જૂનું કહેવાય છે. અહીં ઘાટ પર ઘણાં બધાં પગથિયાં ઉતરીને નર્મદાના પાણીને સ્પર્શ કરવા જઇ શકાય છે. ઘણા લોકો અહીં નદીમાં સ્નાન કરતા હોય છે. ગરુડેશ્વરમાં દત્તાત્રેય મંદિર પણ જોવા જેવું છે.

ઝરવાણી ધોધ: ગુજરાતનો આ એક સુંદર ધોધ છે. આ ધોધ રાજપીપળાથી માત્ર ૧૨ કી.મી. દૂર, નર્મદા ડેમની આજુબાજુની ટેકરીઓની વચ્ચે આવેલો છે. છેલ્લા ૫ કી.મી.નો રસ્તો કાચો અને ઉંચોનીચો છે, પણ વાહન જઇ શકે. ધોધની નજીક પહોંચીએ એટલે, ધોધ પડ્યા પછી વહેતી નદીના પૂલ પરથી પસાર થવાનું હોય છે. પછી ગાડી મૂકી દઈ નદીમાં

અડધો કી.મી. જેટલું ચાલતા જઈએ એટલે ધોધની સામે પહોંચાય. સામેથી ધોધનો દેખાવ બહુ જ ભવ્ય લાગે છે. ધોધ પડે છે એ જગાએ પાણી ઉંડું છે, ત્યાં જવાય એવું નથી, પણ સહેજ દૂરની જગાએ નહાવાનો આનંદ માણી શકાય છે. ચોમાસામાં ધોધમાં પાણી સારું એવું હોય છે. ધોધ અને આજુબાજુનો વિસ્તાર બહુ જ નયનરમ્ય છે.





ઝરવાણી ધોધ ઝરવાણી કેમ્પ સાઈટ

ઝરવાણી કેમ્પ સાઈટ : ઝરવાની ધોધ પડ્યા પછી જે નદી વહે છે, તેને કિનારે ઉંચી ટેકરી પર વનવિભાગે કેમ્પ સાઈટ ઉભી કરી છે. અહીં સરસ કોટેજો બાંધી છે. મોટો કોમન રૂમ અને રસોડું પણ છે. આ ટેકરી પર ગોળ ગોળ ફરતા સાંકડા રસ્તા પર થઈને જવાય છે. વાહન બહુ જ સાચવીને ચલાવવું પડે. ઉપર પહોંચ્યા પછી નીચેની નદીનું અને આજુબાજુના જંગલનું દ્રશ્ય બહુ જ સરસ લાગે છે.

માથાવડી અને બારાખડી: ઝરવાણીની નજીક માથાવડી અને બારાખડીમાં પણ ધોધ છે. નિઃશબ્દ વાતાવરણમાં કુદરતના સાંનિધ્યમાં આવેલાં આ બંને સ્થળો બહુ જ રમણીય છે. મનને આનંદ આપે છે.

જુનારાજ કેમ્પ સાઈટ: જુનારાજ ગામ બારાખડીની નજીક કરજણ નદીને કિનારે આવેલું છે. કરજણ નદી પર બાંધેલા બંધથી આ ગામ દસેક કી.મી. દૂર ઉપરવાસમાં છે. કરજણ ડેમ ચોમાસામાં પૂરેપૂરો ભરાઈ જાય ત્યારે જુનારાજ ગામની બધી બાજુ સરોવરનું પાણી ફરી વળે છે, અને ગામ બેટમાં ફેરવાઈ જાય છે. ગામનું શીવ મંદિર તો લગભગ અડધું પાણીમાં ડૂબી જાય છે. જૂના જમાનામાં મંદિરની નજીક કોઈ રાજાએ કિલ્લો બંધાવેલો. એ કિલ્લાના અવશેષો અહીં મોજૂદ છે. આ બધું જોવા માટે લોકો જુનારાજ આવતા હોય છે. જુનારાજમાં નદી કિનારે હમણાં કેમ્પસાઈટ શરુ થઇ છે, અહીં રહેવા માટે કોટેજો અને તંબૂની વ્યવસ્થા છે. જમવાની પણ સગવડ છે. ફરવા જવા માટે આ સરસ સ્થળ છે. અહીં સરોવરમાં બોટીંગ કરી શકાય છે. કરજણ ડેમ આગળથી બોટમાં બેસીને જુનારાજ જઇ શકાય છે. સરોવરને કિનારે રસ્તો પણ બનાવેલ છે. પણ આ રસ્તો કાચો અને ઉંચોનીચો છે,

અને જંગલમાં થઈને પસાર થાય છે, બહુ સાચવીને જવું જોઈએ. કરજણ ડેમ રાજપીપળાથી માત્ર ૬ કી.મી. દૂર છે.



જુનારાજ કેમ્પસાઈટ

વીસલખાડી કેમ્પ સાઈટ: જંગલો, ડુંગરા, ખીણ, સરોવર-આ બધે રખડવાનો આનંદ માણવો હોય તો ગુજરાતમાં એક સરસ જગા છે, એ જગાનું નામ છે વીસલખાડી. રાજપીપળાથી નેત્રંગ જવાના રસ્તે, વીસ કી.મી. દૂર આ જગા આવેલી છે. અહીં વનવિભાગે સુંદર કેમ્પસાઈટ ઉભી કરી છે. રહેવા માટે બે કોટેજ અને તંબૂની સગવડ છે. પાણીની ટાંકી અને રસોઈઘર પણ છે. અહીં રાત રહેવાની બહુ મજા આવે એવું છે. રાત્રે ઘોર અંધકારમાં જંગલમાં આંટો મારવાની મજા કોઈ ઓર જ છે. આ કેમ્પસાઈટ કરજણ નદી પરના ડેમથી ભરાયેલા સરોવરને કિનારે જ છે, અને તે જુનારાજ કેમ્પ સાઈટની લગભગ સામે કિનારે છે. વીસલખાડીમાં પવન આવે ત્યારે વીસલ વાગતી હોય એવો અવાજ સંભળાય છે, એટલે આ જગાનું નામ વીસલખાડી પડ્યું છે. અહીં બોટીંગ કરી શકાય છે, અને આજુબાજુની ટેકરીઓ પર ટ્રેકીંગ કરવા જઇ શકાય છે. અહીં કોઈ માનવવસ્તી નથી, ચાનાસ્તાની કોઈ દુકાન નથી, કે મોબાઈલ ટાવર પણ નથી. બસ, અહીં કુદરતને ખોળે મહાલવાની મજા છે.

રાજવંત મહેલ, રાજપીપળા: રાજપીપળામાં ૧૯૧૪માં વિજયસિંહ મહારાજાએ વિજયરાજ પેલેસ બંધાવ્યો હતો. રાજવંત મહેલ, આ પેલેસનો એક ભાગ છે. રાજવંત મહેલ, અત્યારે રીસોર્ટમાં ફેરવાઈ ગયો છે. રહેવા માટે રૂમો છે, ખાવાનું અને ચોખ્ખાઈ સરસ છે. પણ સગવડોનો અભાવ છે. મહેલમાં એક નાનું મ્યુઝીયમ છે.



વીસલખાડી કેમ્પ સાઈટ



રાજવંત મહેલ, રાજપીપળા

તેમાં ફોટા, જૂના જમાનાની વસ્તુઓ, કપડાં, પ્રાણીઓની ખાલ વગેરે છે. મહેલની આગળનો બગીચો સારો છે. ઝાડ અને લોનને લીધે બગીચો સરસ લાગે છે. મહેલ ફિલ્મોનાં શુટીંગ માટે ભાડે આપે છે.

રાજપીપળામાં હરસિદ્ધ માતાનું પ્રખ્યાત મંદિર આવેલું છે, ત્યાં રહેવા અને જમવાની સગવડ છે.

સ્વામીનારાયણ મંદિર, પોઈચા: વડોદરાથી રાજપીપળાના રસ્તે વડોદરાથી આશરે ૬૪ કી.મી. દૂર નર્મદા નદીના કિનારે પોઈચા ગામમાં ભવ્ય સ્વામીનારાયણ મંદિર બન્યું છે. ૨૦૧૩માં બનેલું આ મંદિર નીલકંઠધામ તરીકે જાણીતું છે. મુખ્ય મંદિરમાં શેષનાગ સાથે વિષ્ણુ ભગવાન બિરાજમાન છે. તદુપરાંત, ગણેશજી, હનુમાનજી, સપ્તર્ષિ, વિષ્ણુના અવતાર તથા અન્ય મંદિરો છે. મંદિરમાં ફુવારા છે, ૧૦૮ ગૌમુખ છે, એમાં સ્નાન કરી શકાય

છે. સાંજની આરતીનું ઘણું મહત્વ છે, સાંજે આરતી સમયે સ્વામી નારાયણ પ્રભુની હાથી સાથે સવારી નીકળે છે, એ જોવા જેવી હોય છે. સાંજે બધે રંગબેરંગી રોશની કરાય છે, એ મંદિરની શોભામાં વધારો કરે છે. વડતાલ સ્વામીનારાયણ મંદિરની ગાદી અહીંનો વહીવટ સંભાળે છે.







સ્વામીનારાયણ મંદિર, પોઈચા

મંદિર આગળ પાર્કીંગની સરસ વ્યવસ્થા છે. બાળકોને રમવા માટે મેદાન છે. રહેવા જમવાની વ્યવસ્થા છે. અહીંથી નર્મદાને સામે કિનારે કરનાળી ગામ છે. નર્મદા નદીમાં નહાવાની મજા આવે એવું છે. નદીની રેતીમાં રસ્તો બનાવ્યો છે, એટલે ગાડી છેક પાણીની નજીક લઇ જઇ શકાય એવું છે.

નીલકંઠધામની બાજુમાં, સહજાનંદ યુનિવર્સ નામનું નવું સંકુલ ૨૦૧૪માં બન્યું છે. તેમાં જાતજાતનાં આકર્ષણો ઉભાં કર્યાં છે. અહીં સ્વામીનારાયણ ભગવાનની ૧૪૨ ફૂટ ઉંચી મૂર્તિ છે. નીલકંઠ હૃદય કમળ છે, રામાયણ, મહાભારતના પ્રસંગો, કૃષ્ણલીલા અને બીજાં અનેક સ્ટેચ્યુ છે. ભૂલભૂલૈયા, હોરર હાઉસ, લાઈટ અને સાઉન્ડ શો વગેરે છે. આખો વિસ્તાર સાત ભાગમાં વહેંચેલો છે. ગેટ બહુ જ આકર્ષક છે. સમય સવારના ૧૧ થી સાંજના ૮ સુધીનો છે. ફોટા પાડવાની છૂટ છે.

દર્શન કરવા તથા એક દિવસની પીકનીક મનાવવા માટે આ સરસ જગા છે. પોઈચા રાજપીપળાથી ૧૩ કી.મી. દૂર છે.

સગાઇ કેમ્પ સાઈટ: આ કેમ્પ સાઈટ ડેડીયાપાડા તાલુકામાં જંગલોની વચ્ચે આવેલી છે. અહીં પ્રાકૃતિક સૌન્દર્ય પૂરબહારમાં ખીલેલું છે. ડેડીયાપાડાથી સગાઇ ૨૯ કી.મી. દૂર છે. ડેડીયાપાડાથી જ જંગલો શરુ થઇ જાય છે. શીંગરોટી અને મોઝદા પછી સગાઇની સાઈટ આવે છે. શીંગરોટીથી મંજૂરી લેવાની હોય છે. સાઈટ આગળ બોર્ડ મારેલું છે, 'Sagai Eco Tourism and interpretation center'. અહીં રહેવા માટે કોટેજો છે. જંગલમાં એક કોતરને કિનારે આ કોટેજો બાંધી છે. આ ઉપરાંત, તંબૂઓ, ડોરમીટરી, રસોડું, જમવા માટેની જગા અને કેમ્પ ફાયરની જગા પણ છે. જમવાની વ્યવસ્થા સારી છે. જંગલઝાડી ખૂબ છે. જંગલમાં ફરવા માટે ટ્રેઈલ છે. માંચડો પણ ઉભો કરેલો છે, એના પરથી જંગલનો વ્યૂ જોઈ શકાય છે. મચ્છરો છે. મચ્છર અગરબત્તી સાથે રાખવી સારી. અહીં સૂર્યોદય, સૂર્યાસ્ત અને ખીણ જોવાની મજા આવે છે. સગાઇમાં રહેવા માટે ડેડીયાપાડાના ફોરેસ્ટ ઓફિસરનો સંપર્ક કરવો. ડેડીયાપાડા રાજપીપળાથી ૫૪ કી.મી. દૂર છે.

સગાઇની નજીક નિનાઈ ધોધ આવેલો છે. સગાઇથી ૨ કી.મી. આગળ જતાં, નિનાઈ ધોધનું બોર્ડ આવે છે. આ બોર્ડથી કાચા રસ્તે ૫ કી.મી. જેટલું ગયા પછી નિનાઈ ધોધ પહોંચાય છે. કુદરતના સાનિધ્યમાં વસેલું નિનાઈ એક સરસ પીકનીક સ્થળ છે. ઘણા લોકો આ ધોધ જોવા આવે છે.

નિનાઈ ધોધ: કુદરતી સૌન્દર્યથી ભરપૂર હોય એવાં કેટલાં યે સ્થળો ગુજરાતમાં છે. નિનાઈ ધોધ તેમાંનું એક છે. તે વડોદરાથી ૧૮૦ કી.મી. દૂર મહારાષ્ટ્રની સરહદ આગળ આવેલું છે. વડોદરાથી રાજપીપળા, મોવી, ડેડીયાપાડા, શીંગરોટી અને સગાઇ થઈને નિનાઈ જવાય છે. સગાઇથી ૨ કી.મી. જેટલું ગયા પછી, "પ્રકૃતિનું અદભૂત સૌન્દર્ય નિનાઈ ધોધ" એવું બોર્ડ મારેલું છે. નિનાઈ અહીંથી ૫ કી.મી. દૂર છે.આ રસ્તો કાચો છે, પણ વાહન જઇ શકે.



સગાઇ કેમ્પ સાઈટ



નિનાઈ ધોધ

ધોધના વિસ્તારમાં દાખલ થતામાં જ વાંસની એક મઢુલી છે. ત્યાર બાદ ઝાડો વચ્ચે થોડું ચાલ્યા પછી વાંસના ૧૪૦ પગથિયાં ઉતરીને ધોધ આગળ પહોંચાય છે. ધોધનું પાણી એક તલાવડી રચે છે. તલાવડી ઉભરાઈને પાણી નદી સ્વરૂપે આગળ વહે છે. તલાવડીને કિનારે બેસીને નાહી શકાય એવું છે. અહીં બેસીને ધોધ જોવાની મજા આવે છે. ધોધ આશરે સોએક ફૂટ ઉંચાઇએથી પડે છે. માનવવસ્તી વગરના આ જંગલમાં ધોધનો કર્ણપ્રિય અવાજ સાંભળવામાં પરમ શાંતિનો અનુભવ થાય છે. ધોધની સામે ખુલ્લી જગામાં બેઘડી બેસીને ધ્યાન ધરવાનું મન થઇ જાય એવું છે. ઋષિમુનિઓ કદાચ આવી જ જગા પસંદ કરતા હશે.

નિનાઈના બોર્ડથી સીધા ૨ કી.મી. દૂર માલસામોટ ગામ છે. તે ટેકરી પર વસેલું છે. ગુજરાતનું આ છેલ્લું ગામ છે, પછી મહારાષ્ટ્રની સરહદ શરુ થઇ જાય છે. માલસામોટમાં પણ રહેવાજમવાની સગવડ છે.

દેવમોગરા: ડેડીયાપાડાથી સાગબારા તરફના રસ્તે કણબીપીઠા થઈને દેવમોગરા જવાય છે. ડેડીયાપાડાથી ૧૪ કી.મી. પછી કણબીપીઠા અને ત્યાંથી ૧૦ કી.મી. પછી દેવમોગરા આવે. કણબીપીઠા અને દેવમોગરા વચ્ચેનો રસ્તો થોડો સાંકડો છે, પણ છેક સુધી ગાડી જઇ શકે. દેવમોગરામાં પાંડેરી માતાનું પ્રખ્યાત મંદિર આવેલું છે. આ દેવી વિષે એવી એવી કથા છે કે તે એક સુંદર રાજકુમારી હતી. ઘણા રાજકુમારો અને મહારાજાઓ તેની સાથે લગ્ન કરવા માગતા હતા. રાજકુમારીને એક બહેન પણ હતી. બહેન સાથે લગ્ન કરવા કોઈ તૈયાર ન હતું, કારણ કે તે દેવમોગરા કુંવરી જેટલી સુંદર ન હતી. આથી દેવમોગરા માતાએ જંગલમાં જવાનો અને ત્યાં રહેવાનો નિર્ણય કર્યો. કહે છે કે પાંડવો વનવાસ દરમ્યાન અહીં આવ્યા હતા.

૧૬. સહેલાણીઓનું સૂરત

સાયન્સ સેન્ટર: સુરતમાં આ એક સરસ જોવા જેવી જગા છે. સુરત મ્યુનીસીપલ કોર્પોરેશને આ સેન્ટર, સીટી લાઈટ રોડ પર ૨૦૦૯માં બાંધ્યું છે. અહીં સાયન્સ સેન્ટર ઉપરાંત પ્લેનેટોરીયમ, મ્યુઝીયમ, આર્ટ ગેલેરી ઓડીટોરીયમ અને એમ્ફી થીયેટર છે. સાયન્સ સેન્ટરમાં વિજ્ઞાનને લગતી ચીજો પ્રદર્શિત કરેલી છે. એમાં ડાયમંડ, ટેકસટાઇલ અને સ્પેસના ખાસ વિભાગો છે. પ્લેનેટોરીયમ મોટા ગોળાના આકારનું છે. એના આકાશમાં તારા, ચંદ્ર, ગ્રહો અને અન્ય અવકાશી પદાર્થોનું દર્શન કરાવે છે. સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝીયમમાં તાંબુ, કાંસુ, ટેકસટાઇલ, સિક્કા, પોર્સેલીન, પેઈન્ટીંગ્સ, સ્થાપત્યો વગેરે છે. સુરતના ભૂતકાળની અહીં ઝાંખી થાય છે. આર્ટ ગેલેરીમાં કલાનાં પ્રદર્શનો યોજાય છે. ઓડીટોરીયમમાં સેમીનાર, ભાષણો અને મીટીંગો ગોઠવાતી હોય છે. એમ્ફી થીયેટરમાં સાંસ્કૃતિક કાર્યક્રમો અને કોન્સર્ટ યોજાતી હોય છે.

આખું મકાન એર કંડીશન કરેલું છે. ભોંયરામાં પાર્કીંગ છે. મકાનમાં રેસ્ટોરન્ટ પણ છે. છાપરા પર સોલર પાવર પ્લાન્ટ ગોઠવેલો છે, જે ૧.૧૫ લાખ kW પાવર પેદા કરે છે. સુરત જાવ ત્યારે આ સેન્ટર જોવા જરૂર જજો.



સાયન્સ સેન્ટર

જગદીશચંદ્ર બોઝ એક્વેરીયમ: સુરતના પાલ વિસ્તારમાં આવેલા આ માછલીઘરમાં મીઠા અને ખારા પાણીમાં થતી અનેક જાતની માછલીઓ જોવા મળે છે. માછલીઓ માટે નદી કે સમુદ્રમાં હોય એવું અસલી વાતાવરણ ઉભું કર્યું છે. અહીં ગોલ્ડ ફીશ, પીરાન્હા, સ્ટાર ફીશ, એલીગેટર જેવી માછલીઓ ઉપરાંત જેલી ફીશ, શાર્ક માછલી, અમેરીકન લોબસ્ટર અને કાચબા પણ છે. મકાનની બહાર બગીચાની વચ્ચે વ્હેલનું વિશાળ હાડપીંજર ગોઠવ્યું છે. નાનાં બાળકો અને મોટાઓને પણ ગમી જાય એવું અહીંનું વાતાવરણ છે.



એક્વેરીયમ

સરથાણા નેચર પાર્ક: સૂરતના નાના વરાછા વિસ્તારમાં આવેલું આ એક પ્રકારનું ઝૂ છે, પણ ઝૂ કરતાં જરા જૂદું છે. ઝૂમાં પ્રાણીઓને પીંજરામાં રાખે છે, અહીં પીંજરા મોટાં છે, એમાં પ્રાણીઓને મુક્ત રીતે વિહરવા દેવાય છે. એટલે પ્રાણીઓ એમના કુદરતી મૂડમાં જોવા મળે છે. અહીં સિંહ, વાઘ, ચિત્તો, હિપ્પો, રીંછ, શિયાળ, હરણ, હાયના, કાળીયાર જેવાં પ્રાણીઓ છે. પક્ષીઓ અને મગર તથા કાચબા પણ છે. પાર્ક ખૂબ મોટા વિસ્તારમાં ફેલાયેલો છે, આખો પાર્ક જોવા માટે ઘણું ચાલવું પડે. નાનાં બાળકોને પ્રાણીઓ જોવામાં મજા આવે. અહીં બટરફ્લાય પાર્ક પણ છે. પાર્કમાં ગ્રીનરી અને ચોખ્ખાઈ સારી છે.

ડુમસ: ડુમસ, સુરતથી ૨૧ કી.મી. દૂર અરબી સમુદ્રના કિનારે આવેલું છે. અહીનો બીચ બહુ જ પ્રખ્યાત છે. બીચની બાજુમાં ગણેશ મંદિર છે. બીચ આગળ ભજીયાં, પાણી પૂરી, પાંવભાજી, મકાઈ વગેરે વેચનારા ફેરીયાઓ જોવા મળે છે, ભારતીય, ચાઇનીઝ વાનગીઓનાં રેસ્ટોરન્ટ પણ છે. આ એક બહુ જ જાણીતું ટુરિસ્ટ કેન્દ્ર છે.

ઇસ્કોન મંદિર: સુરતનું ઇસ્કોન મંદિર, શ્રી શ્રી રાધા દામોદર મંદિર તરીકે જાણીતું છે. સુરતમાં તે શહેરથી થોડે દૂર, જહાંગીરપુરા વિસ્તારમાં તાપી નદીને કિનારે આવેલું છે. ભગવાનની મૂર્તિ બહુ જ આકર્ષક છે. સાંજે ૬ વાગે આરતી થાય છે, ત્યારે માહોલ બહુ જ ભક્તિમય હોય છે. અહીં દર્શન કરીને સુખદ શાંતિનો અનુભવ થાય છે. શરીરમાં નવી તાકાતનો સંચય થયો હોય એવું લાગે છે. શરીર હળવાશ અનુભવે છે. મંદિરમાં ચોખ્ખાઈ ખૂબ જ છે. મંદિરની આજુબાજુનું વાતાવરણ શાંત છે. કેન્ટીનમાં ખાવાનું સરસ મળે છે. મંદિરનું



નેચર પાર્ક



ડુમસ બીચ

લાલાશ પડતા પત્થરોનું બાંધકામ અને તેના પરની કોતરણી દેખાવમાં સારી લાગે છે. રામ મઢી મંદિર, ઇસ્કોનની નજીક આવેલું છે.

રામ મઢી: આ મંદિર તાપી નદીને કિનારે ઇસ્કોનની નજીક આવેલું છે. અહીં ઘણાં દેવદેવીઓની મૂર્તિઓ છે. સુંદર અને શાંત જગા છે. મંદિરમાં બેઘડી બેસવાનું ગમે એવું છે. અહીં મંદિરની પાછળ, ગીરનાર પર્વતની પ્રતિકૃતિ જેવો મીની ગીરનાર બનાવેલો છે. આ જગા બહુ જ સરસ છે.



રામ મઢી

શ્રી શિરડી સાંઇ મંદિર: આ મંદિર સુરતથી ડુમસ જવાના રસ્તે એરપોર્ટ આગળ આવેલું છે. દેખાવમાં તે શિરડીના સાંઇબાબા મંદિર જેવું છે. બહાર શ્રી સાંઇનો ફોટો અને અંદર તેમની મૂર્તિ છે. અહીંનું વાતાવરણ ઘણું પવિત્ર અને શાંત છે. ચોખ્ખાઈ સરસ છે.



શિરડી સાંઈ મંદિર

સિદ્ધિવિનાયક મંદિર: ગણેશનું આ મંદિર ઘણું સુંદર અને શાંત છે. મન અને આત્માને અહીં શાંતિ મળે છે. મગદલ્લા રોડ પર વેસુ ગામમાં તે આવેલું છે. ઘણા લોકો અહીં દર્શને આવે છે.



સિદ્ધિવિનાયક મંદિર

ચિંતામણી પાર્શ્વનાથ જૈન તીર્થ: શાહપોર વિસ્તારમાં આવેલું આ જૈન તીર્થ સત્તરમી સદીના અંતમાં બન્યું છે. અંદર જૈન તીર્થંકર ચિંતામણી પાર્શ્વનાથની મૂર્તિ છે. બહારથી સાદું દેખાતું આ મંદિર અંદરથી ઘણું સુશોભિત છે. જૂના જમાનાનાં શિલ્પો અને ચિત્રો છે. લાકડા પરનું કોતરકામ બેજોડ છે. લાકડા અને પત્થર પરની કલા ખાસ પ્રકારની છે. ભીંતો પર આચાર્ય હેમચંદ્ર, રાજા કુમારપાળ અને સોલંકી રાજાઓનાં તૈલચિત્રો છે, તેમાં વનસ્પતિજન્ય રંગો વાપર્યા છે. અહીંનાં શિલ્પો અને ચિત્રો બહુ મહત્વ ધરાવે છે. મંદિર બહુ જ પવિત્ર છે.

સ્નો પાર્ક: સૂરતના રાહુલરાજ મોલમાં ત્રીજા માળે સ્નો પાર્ક ઉભો કર્યો છે. અંદરનું વાતાવરણ બહુ ઠંડુ છે. બહાર ભલે ગરમી હોય, સ્નો પાર્કમાં હિમાલય કે સ્વીત્ઝરલેન્ડ જેવી ઠંડી અનુભવવા મળે છે. તેઓ સ્વેટર, જાકીટ અને હાથમોજાં પહેરવા આપે છે. બાળકો અને મોટા બધાને અનુકુળ હોય એવી બરફની રમતો અહીં માણવા મળે છે. બરફ પર સરકવાનું, એકબીજા પર બરફના ગોળા ફેંકવાના, ડિસ્કો લાઈટ, ઈગ્લૂ, પાર્ટી– આ બધાં અહીંનાં આકર્ષણો છે. અહીં તમને મસ્તી, ફન અને મજા આવે છે.

ડચ મકબરા: આ એક ઐતિહાસિક જગા છે**.** જૂના જમાનામાં ડચ લોકો વેપાર અર્થે સૂરત આવેલા. એમણે સૈનિકો રાખવાની જરૂર પણ ઉભી થઇ હતી. આવા સૈનિકો, કમાન્ડરો, વેપારીઓ વગેરેના મકબરાઓ અહીં છે. કતારગામ રોડ પર આવેલાં આ સ્મારકો ૧૬મી સદીમાં બનેલાં છે. આ જગાને ડચ લોકોનું ધાર્મિક સ્થળ પણ કહી શકાય. અહીનું બાંધકામ પત્થરનું છે, અને ઘણું મજબૂત છે. મકબરા પર થાંભલા અને ઘુમ્મટ બાંધેલા છે. તે જમાનાનું આર્કીટેક્ચર અહીં જોવા મળે છે. આ જૂનું સ્મારક છે, તેની સાચવણી કરવી જરૂરી છે.

અહીં લોકો ખાસ આવતા નથી, પણ જેને ઈતિહાસમાં રસ હોય એને આ જગા જરૂર ગમશે.



ડચ મકબરા

૧૭. સુરત અને તાપી જીલ્લો

કાકડાપાર અને ઉકાઈ ડેમ: કાકડાપાર ડેમ, તાપી નદી પર કાકડાપાર ગામ નજીક બાંધેલો છે. ૧૯૪૫માં બંધાયેલા આ બંધનો હેતુ પૂર નિયંત્રણ અને સિંચાઈનો છે. બંધની ઉંચાઇ બહુ નથી. અહીં બંધમાં દરવાજાઓ રાખ્યા નથી. બંધની બંને બાજુ નહેર કાઢેલી છે. આ ડેમ સાઈટ એક આકર્ષક જગા છે. બંધથી બનેલા સરોવરમાં બોટીંગ અને વોટર સ્કુટરની વ્યવસ્થા છે. મેઇન હાઈવેથી બંધ સુધી સરસ એપ્રોચ રોડ બનાવેલો છે. બંધની બાજુમાં બગીચો છે, ઘણા લોકો અહીં ફરવા આવે છે અને આનંદ માણે છે. કાકડાપાર બંધ, સુરતથી ૬૭ કી.મી. અને માંડવીથી ૧૩ કી.મી. દૂર છે.

ઉકાઈ ડેમ પણ તાપી નદી પર જ છે. તે સુરતથી ૯૩ કી.મી. અને સોનગઢથી માત્ર ૧૩ કી.મી. દૂર છે. આ ડેમ પૂર નિયંત્રણ, વીજળી ઉત્પાદન અને સિંચાઈના હેતુથી ૧૯૭૨માં બંધાયો હતો. ડેમ સાઈટ બહુ સરસ છે, રીઝર્વોયરનો દેખાવ મનને આનંદ આપે છે. સોનગઢથી ઉકાઈ ડેમના રસ્તે, સોનગઢથી ૪ કી.મી. દૂર પુરુષોત્તમ મંદિર છે.



કાકડાપાર ડેમ

ઉનાઈ કુંડ અને ઉનાઈ માતા મંદિર: ઉનાઈમાં ગરમ પાણીના કુંડ આવેલા છે. અહીં જમીનમાંથી આવતું ગરમ પાણી એક હોજમાં ભેગું થાય છે અને એક પ્રવાહ રૂપે બહાર વહે છે. આ પ્રવાહને કિનારે બેસીને સ્નાન કરી શકાય છે પરંતુ પાણી ઘણું ગરમ હોય છે. એમ કહેવાય છે કે પાણીમાં સલ્ફરનું પ્રમાણ વધુ હોવાથી, સ્નાન કરવાથી ચામડીના રોગ મટી જાય છે. અહીં કથા એવી છે કે રામસીતા વનવાસ દરમ્યાન આ જગાએ આવ્યાં હતાં. એક વાર સીતાજીને સ્નાન કરવું હતું, અને પાણી ન હતું. શ્રીરામે ધરતી પર તીર તાક્યું અને ધરતીમાંથી ગરમ પાણીનો ફુવારો ઉડ્યો. સીતાજી તેમાં નાહ્યાં અને બોલ્યાં, 'હું નાહી' ત્યારથી આ જગાનું નામ ઉનાઈ પડી ગયું. અને અહીં ગરમ પાણીના કુંડ બની ગયા.



ઉનાઈ માતા મંદિર

કુંડની બાજુમાં જ ઉનાઈ માતા મંદિર આવેલું છે. આ મંદિર પણ રામાયણ કાળથી જાણીતું છે. ગુજરાતમાં ઘણા લોકો આ મંદિરે દર્શન કરવા આવે છે. ઉનાઈ બીલીમોરા-વઘઇ રેલ્વે લાઈન પર આવેલું છે. તે વાંસદાથી ૮ કી.મી. અને વ્યારાથી ૩૨ કી.મી. છે. ઉનાઈ નજીક પદમડુંગરી નામના સ્થળે સરકારી ગેસ્ટહાઉસમાં રહેવાની સુવિધા છે.

જાનકીવન, ભીનાર : ફરવા માટે આ એક સરસ જગા છે. તે ઉનાઈથી આઠેક કી.મી. દૂર, ખડકલા જવાના રોડ પર, ભીનાર ગામમાં આવેલું છે, વાંસદા અહીંથી સાવ નજીક છે. રામાયણના થીમ પર આ વન ઉભું કરવામાં આવ્યું છે. અહીં ઘણાં વૃક્ષો ઉગાડવામાં આવ્યાં છે. પરિચય કેન્દ્રમાં બધા વૃક્ષોનો પરિચય મળી રહે છે. જાનકી વનમાં જે વિભાગો છે તેનાં નામ અશોક વાટિકા, પંચવટી વન, ચંદનવન, સિંદુરવન, વાલ્મિકી આશ્રમ, બાલવાટિકા, આમ્રવન, બિલી વન વગેરે છે. વનમાં રામાયણના પ્રસંગો પર આધારિત રામ-સીતા અને અન્ય રંગબેરંગી મૂર્તિઓ બનાવી છે. અહીં ઘણા મુલાકાતીઓ આવી રહ્યા છે. જાનકીવનની સામે એક સરસ રેસ્ટોરન્ટ છે. જાનકીવનનો સમય ૧૦ થી ૬ સુધીનો છે. સોમવારે બંધ રહે છે.

પદમડુંગરી કેમ્પ સાઈટ: આ કેમ્પસાઈટ વ્યારાથી ૩૦ કી.મી. અને ઉનાઈથી ૧૦ કી.મી. દૂર અંબિકા નદીને કિનારે આવેલી છે. વ્યારાથી ઉનાઈ તરફના રસ્તે, ઉનાઈ આવતા પહેલાં, પાઠકવાડીથી ડાબી બાજુ વળીને પદમડુંગરી કેમ્પસાઈટ જવાય છે. અહીં કોટેજીસ, ડોરમીટરી, તંબૂ, કીચન, કેન્ટીન, ઉંચો માંચડો, એમ્ફીથીયેટર વગેરે છે. માંચડા પરથી દૂર સુધીનો વ્યૂ જોવા મળે છે. અહીં ઝીપ રાઈડ તથા ATV રાઈડ છે. કેમ્પ સાઈટ પર તથા અંબિકા નદી તરફ રખડવાની મજા આવે છે. અહીં રહેવું ના હોય તો એમનેમ જોવા જઇ શકાય છે. અંદર જાતે રાંધવા દેતા નથી. સાઈટની બહાર રાંધી શકાય. પદમડુંગરીથી ૫ કી.મી. દૂર ચૂનાવાડી કરીને એક ગામ છે, અહીં એક ધોધ જોવા જેવો છે.



જાનકીવન



જાનકીવન



પદમડુંગરી કેમ્પસાઈટ

દેવઘાટ: દેવઘાટ નામ એવું સરસ છે કે જાણે અહીં ઘાટ પર દેવો પધારતા હોય. આ જગા ખરેખર એટલી સુંદર છે. અહીં આંજણીયા નદી બે વાર ધોધરૂપે પડે છે. નદીના કિનારે જઇ

૧૩૪ પગથિયાં ઉતરો એટલે નદીમાં પહોંચાય છે. પગથિયાં પરથી નદી અને ધોધનું દ્રશ્ય બહુ જ સુંદર લાગે છે. ધોધ એક વાર પડ્યા પછી પાણી આગળ વહે છે, તેમાં ચેકડેમ બાંધ્યો છે, પછી ચેકડેમમાંથી પાણી ઉભરાઈને આગળ વહીને ફરી ધોધરૂપે પડે છે. ચેકડેમ ઉભરાય ત્યાં નહાવાય એવું છે. એકાંત જંગલમાં ધોધનો કર્ણપ્રિય નાદ મનને આનંદથી ભરી દે છે. નદીને કિનારે જંગલોની વચ્ચે થોડી જગા સાફસુથરી કરી, રહેવા માટે રૂમો અને તંબૂઓ, રસોઈઘર અને બગીચો બનાવેલ છે. અહીં વૃક્ષોની છાયામાં ખાટલા પાથરીને આરામ ફરમાવવાની સગવડ છે. જમવાની સરસ સગવડ છે. ભરૂચથી અંકલેશ્વર, વાલિયા, વાડી, ઉમરપાડા, ધનાવડ અને દીવતણ થઈને દેવઘાટ જવાય છે. ભરૂચથી દેવઘાટ ૯૧ કી.મી. દૂર છે. છેલ્લા ૬ કી.મી.નો રસ્તો કાચો છે. આ ૬ કી.મી.ના રસ્તે ગાઢ જંગલો પથરાયેલાં છે.

કેવડી કેમ્પ સાઈટ (માંડવી) અને ડેમ: આ કેમ્પ સાઈટ કાકડાપારની નજીક કેવડી નદીને કિનારે છે. (આ જ નામની બીજી કેમ્પ સાઈટ છોટાઉદેપુર આગળ છે.) ઝંખવાવથી માંડવી જવાના રસ્તે ફેદરીયા ચોકડીથી ડાબી બાજુ વળીને કાકડાપાર જવાય. માંડવીથી ઝંખવાવ તરફ આવીએ તો ફેદરીયા ચોકડીથી જમણી બાજુ વળીને કાકડાપાર પહોંચાય. કાકડાપારથી ઉકઈ તરફ જતા રોડ ઉપર દઢવાડાથી ડાબી બાજુ જતાં કેવડી કેમ્પ સાઈટ આવે. આ કેમ્પ સાઈટને જેતપુર-કેવડી પણ કહે છે. બહાર 'Welcome to Eco-Tourism Centre Kevdi'નું બોર્ડ મારેલું છે.

અહીં રહેવા માટે સાદી તથા એસી રૂમો, ડોમ હાઉસ અને તંબૂ છે. એક ટ્રી હાઉસ છે, એમાં પણ રહી શકાય. અગાઉથી બુકીંગ કરાવવું સારું. સરસ જગા છે. જમવાની સગવડ છે. પીકનીક પણ થઇ શકે. જંગલમાં ફરવા માટે સાઈકલ ભાડે મળે છે. મચ્છર છે. ક્યારેક લાઈટ જતું રહે એવું બને.



દેવઘાટ



દેવઘાટમાં રહેવા માટેના તંબૂઓ

કેવડી નદી પર કેવડી ડેમ બાંધેલો છે. કેમ્પ સાઈટ ડેમથી ભરાયેલા રીઝર્વોયરને બિલકુલ કિનારે છે. કિનારે વાંસનો નાનો માંચડો બાંધેલો છે. સરોવરના શાંત પાણીમાં સામે કિનારે આવેલાં વૃક્ષોનાં પ્રતિબિંબ પડે છે. માંચડા પર બેસીને સરોવરનું આ દ્રશ્ય જોવાની મજા આવે છે. સરોવરને કિનારે કિનારે ટ્રેકીંગ કરવાની મજા આવે એવું છે. કેમ્પ સાઈટથી ડેમ બેએક કી.મી. દૂર છે. ચાલતા જવાય એવું છે. ડેમમાંથી નહેરો કાઢીને પાણી ખેતીના ઉપયોગમાં લેવાય છે. કેમ્પ સાઈટથી દેવઘાટ ધોધ તથા કાકડાપાર અને ઉકઇ ડેમ જોવા જઇ શકાય.



કેવડી કેમ્પ સાઈટ




કેવડી ડેમમાં ભરાયેલું પાણી

૧૮. ડાંગ જીલ્લો

સાપુતારા: ગુજરાતનું જાણીતું હવા ખાવાનું સ્થળ છે. નવસારીથી વઘઇ થઈને સાપુતારા જવાય છે. નવસારીથી વઘઇ ૭૧ કી.મી. અને ત્યાંથી સાપુતારા ૪૦ કી.મી. દૂર છે. ડાંગના મુખ્ય મથક આહવાથી પણ સાપુતારા જવાય છે. સાપુતારા સહ્યાદ્રી પર્વતમાળાની એક ટેકરી પર આવેલું છે, વઘઇથી જ ચડાણ શરુ થાય છે. ગાડીને તો બહુ વાંધો ના આવે, પણ માલસામાન ભરેલી ટ્રકો તો હાંફતી હાંફતી ચડતી હોય એવું લાગે. સાપુતારાની ઉંચાઈ ૮૭૩ મીટર છે. ઉંચાઈ પર હોવાને લીધે અહીં વાતાવરણ ખુશનુમા રહે છે. ઉનાળામાં પણ બહુ ગરમી નથી હોતી. આથી તો લોકો અહીં ફરવા આવે છે. મુખ્ય ચોક આગળ ચાર બાજુ ચાર રસ્તા પડે છે. શહેરનું પ્લાનીંગ અને ચોખ્ખાઈ સરસ છે.

સાપુતારાનું મુખ્ય આકર્ષણ અહીંનું સરોવર (લેક) છે. તે મુખ્ય ચોકની નજીકમાં જ છે. સરોવરમાં બોટીંગની વ્યવસ્થા છે. યાંત્રિક અને પગથી પેડલ મારીને ચલાવાય એવી હોડીઓમાં લોકો બોટીંગની મજા માણે છે. અહીં ચાપાણી, નાસ્તો, રમકડાં વગેરેની પુષ્કળ દુકાનો લાગેલી છે. બાળકોને તો બહુ જ મજા આવે છે. અહીં માનવમહેરામણ ઉમટી પડ્યો હોય એવું લાગે છે. અહીં ગિરદી હોવા છતાં ય ગંદકી નથી, એ ખાસ મહત્વની બાબત છે. ગંદકી ન હોવાથી આ જગા ગમી જાય એવી છે.



સાપુતારા

આ જ વિસ્તારમાં બે બગીચા છે, એક સ્ટેપ ગાર્ડન અને બીજો લેક ગાર્ડન. સ્ટેપ એટલે પગથિયાં. સ્ટેપ ગાર્ડનના પ્રવેશ આગળ, ઉપર પત્થરનો સાપ મૂકેલો છે. ગાર્ડનમાં મોટાં પગથિયાં છે, અને દરેક પગથિયે જાતજાતના ફૂલછોડ ઉગાડેલા છે. રંગીન ફૂલોને લીધે ગાર્ડન શોભી ઉઠે છે. એક મંડપ નીચે પણ ઘણા છોડ છે. બગીચામાં લટાર મારવા જેવી છે. ફોટા પાડવા માટે આ સરસ જગા છે. લેક ગાર્ડન, બિલકુલ લેકના કિનારે છે.

સાપુતારાનું બીજું એક આકર્ષણ રોપ વે છે. આ માટે એક ઉંચી ટેકરી પર જવું પડે છે. લેકથી એ જગા દૂર છે. એક ટેકરી પરથી રોપ વેમાં બેસીને દૂરની બીજી ટેકરી પર જવાય છે. રોપ વેમાં બેઠા બેઠા નીચેની ખીણનું અદભૂત દ્રશ્ય મનમાં અનેરો રોમાંચ જગાડે છે. પ્રવાસીઓ આ દિલધડક દ્રશ્યનું કાયમી સંભારણું પોતાની સાથે લેતા જાય છે. બીજી ટેકરી પરથી આથમતા સૂર્યનો ગોળો પણ ભવ્ય લાગે છે.

ચોકની બીજી બાજુ સ્નેક ગાર્ડન છે. અહીં ગાર્ડનની વચ્ચે પત્થર અને સિમેન્ટનો બનાવેલો મોટો સાપ મૂકેલો છે. બાળકો તો તે જોઇને કદાચ ડરી જાય. સાપુતારામાં પહેલાં સાપ બહુ થતા હતા. સાપુતારાનો અર્થ જ છે “સાપોનું રહેઠાણ”. આગળ જતાં રોઝ ગાર્ડન આવે છે. તેમાં ઘણી જાતનાં ગુલાબનાં ફૂલો ઉગાડેલાં છે.

આગળ એક જગાએ પેરાગ્લાઈડીંગની વ્યવસ્થા છે. એમાં છત્રીની નીચે લટકતા રહી ખુલ્લી હવામાં ઉડવાની મજા આવે છે. ડર લાગે, કાચાપોચાનું તો કામ નહિ, મજબૂત મનોબળવાળાને તો એમાં મજા પડી જાય. આગળ એક જગાએ ગણેશજીનું મંદિર છે. મંદિર સરસ છે, પણ બહુ ઓછા લોકો ત્યાં જાય છે. ઇકો પોઈન્ટ પણ આ તરફ જ છે.

સાપુતારાના ઢોળાવો પર સર્પગંગા નદી વહે છે. તેના કાંઠે સાપની પત્થરની મૂર્તિ છે. સાપુતારાની મૂળ જગાની આ નિશાની છે. સાપુતારામાં આ ઉપરાંત, વનસ્પતિ ઉદ્યાન, વનકુટિર, નાગેશ્વર મહાદેવ, ડાંગ જાતિનું મ્યુઝીયમ વગેરે જોવા જેવાં છે. આજુબાજુ હજુ પણ આદિવાસી પ્રજા અહીં વસે છે ખરી. સાપુતારામાં રહેવા માટે ઘણી હોટેલો છે. ગુજરાત સરકારનું ગેસ્ટ હાઉસ પણ છે. ખાણીપીણીની દુકાનો પણ ઘણી છે.

ગીરા ધોધ: આપણા ગુજરાતમાં નાનામોટા અનેક ધોધ આવેલા છે, એમાં ગીરાનો ધોધ સૌથી વધુ જાણીતો છે. અહીં વઘઇ પાસે અંબિકા નદી ધોધરૂપે પડે છે. અંબિકા નદી ત્યાર પછી આગળ વહીને બીલીમોરા પાસે અરબી સમુદ્રને મળે છે. આ ધોધની ઉંચાઇ ૨૪ મીટર જેટલી છે. આશરે ૩૦૦ મીટર પહોળી નદી આટલે ઉંચેથી પડતી હોય એ દ્રશ્ય કેવું ભવ્ય લાગે ! નદીમાં પાણી ઓછું હોય ત્યારે ધોધ આખો સળંગ દેખાવાને બદલે, ઘણા નાનાનાના ધોધમાં વહેંચાઇ જાય છે. એ જોવાની પણ મજા આવે છે. ચોમાસામાં નદી જયારે આખી ભરેલી હોય ત્યારે ધોધનું સ્વરૂપ બહુ જ જાજરમાન લાગે છે. એવે વખતે ધોધ જોવા અહીં હજારો ટુરિસ્ટો ઉમટી પડે છે. ચોમાસામાં ધોધમાં આવતું પાણી ડહોળું દેખાય છે. એનો અવાજ પણ ગર્જના જેવો મોટો લાગે છે.

ગીરા ધોધ વઘઇથી માત્ર ૫ કી.મી. જ દૂર છે. વઘઇથી સાપુતારા જવાને રસ્તે ૨ કી.મી. જેટલું ગયા પછી, સાઈડમાં ધોધ તરફ જવાનો રસ્તો પડે છે. આ સાઈડના રસ્તે બીજા ૨ કી.મી. જાવ એટલે અંબિકા નદીના કિનારે પહોંચી જવાય. કિનારેથી જ ધોધનાં દર્શન થાય છે. ધોધ પડ્યા પછી નદી વળાંક લે છે. કિનારેથી



ગીરા ધોધ

નદીની રેતીમાં ઉતરીને, ખડકાળ પત્થરોમાં પાંચેક મિનીટ જેટલું ચાલીને ધોધની બિલકુલ સામે પહોંચાય છે. અહીં ખડકો પર જ ઉભા રહીને ધોધ જોવાનો અને ધોધનો કર્ણપ્રિય અવાજ સંભાળવાનો. ધોધના ફોટા પાડવા માટે આ સરસ જગા છે. પાણીમાં ઉતરાય એવું છે નહિ. જો ઉતરો તો ડૂબી જવાય કે નદીમાં ખેંચાઈ જવાય. ધોધનું પાણી જે જગાએ પડે છે, તે જગાએ જવાનો તો પ્રશ્ન જ ઉભો થતો નથી. ત્યાં જઈને ધોધમાં નહાવાનું તો શક્ય જ નથી.

સામે ખડકો પર ઉભા રહી, ધોધ જોવાનો અનેરો આનંદ આવે છે. મન પ્રફુલ્લિત થઇ જાય છે. ધોધ પડવાથી ઉઠતાં પાણીનાં ફોરાં અને ધુમ્મસ છેક આપણા સુધી આવે છે અને આપણને સહેજ ભીંજવે છે. પણ ભીંજાવાની મજા આવે છે. ધોધ જોવા આવેલા લોકો આનંદની ચિચિયારીઓ પાડે છે અને ખુશી વ્યક્ત કરે છે. ધોધનું દ્રશ્ય જ એટલું સરસ છે કે બસ એને જોયા જ કરીએ. અહીંનો માહોલ જોઇને એમ લાગે છે કે ‘વાહ ! ગુજરાતમાં કેવો સરસ ધોધ આવેલો છે !’ આપણને ગુજરાતનો પ્રખ્યાત ધોધ જોયાનો સંતોષ થાય છે. ટુરિસ્ટોનો આ માનીતો ધોધ છે. પીકનીક મનાવવા માટે આ એક સરસ સ્થળ છે.

નદીકિનારે ચાની લારીવાળા તથા ચવાણું, પાપડી, ભજીયાં, મકાઈ, બિસ્કીટ એવું બધું વેચવાવાળા ફેરિયાઓ ઉભા હોય છે. ધોધ જોયા પછી ચા નાસ્તો કરવાનું મન થઇ જ જાય છે. સ્થાનિક લોકો વાંસમાંથી બનાવેલી ચીજો વેચવા બેઠા હોય છે. અહીં નદીની બંને બાજુએ ગાઢ જંગલો આવેલાં છે. એમાં વાંસનાં ઝાડ ખૂબ જ છે. ધોધની નજીકમાં અંબાપાડા ગામ આવેલું છે.

અહીં ધોધ જોવા આવનારા લોકો ક્યારેક ગંદકી પણ કરતા હોય છે. કાગળના ડૂચા અને પ્લાસ્ટીકની કોથળીઓ ગમે ત્યાં ફેંકે છે. દુકાનોવાળા પણ ચોખ્ખાઈ નથી રાખતા. પ્રજાએ

પોતે સ્વચ્છતા પ્રત્યે સભાનતા કેળવવાની જરૂર છે. અહીં સરકાર સરસ બગીચો બનાવે, રહેવાજમવા માટે સાફસુથરું એક મહેમાનગૃહ ઉભું કરે અને ધોધ જોવા માટે એક સુંદર વ્યૂ પોઈન્ટ બનાવે તો લોકોનું આ ધોધ પ્રત્યે આકર્ષણ વધે અને વધુ લોકો આવતા થાય. વધુ લોકો અહીં આવે તો સરકાર અને સ્થાનિક લોકોની આવક વધે અને ધોધ દુનિયામાં વધારે જાણીતો થાય.

ગીરા ધોધ જોવા માટે ચોમાસાથી ડીસેમ્બર સુધીનો સમય ઉત્તમ છે. નદીના કિનારા સુધી વાહનો જઇ શકે છે. વઘઇ જવા માટે બસની ઘણી જ સરસ સુવિધા છે. અમદાવાદ, વડોદરા, સુરત, બીલીમોરા વગેરે શહેરોથી વઘઇની બસો મળે છે. આ શહેરોથી સાપુતારા જતી બસો વઘઇ થઈને જ જાય છે. ડાંગના મુખ્ય મથક આહવાથી વઘઇ ૩૨ કી.મી. દૂર છે. વઘઇને રેલ્વે સ્ટેશન પણ છે. બીલીમોરાથી વઘઇની નેરોગેજ લાઈન પર વઘઇ છેલ્લું સ્ટેશન છે. લોકો પોતાની પ્રાઇવેટ કાર લઈને પણ ગીરા ધોધ જોવા આવતા હોય છે.

વઘઇ આગળ બે નાના ધોધ: વઘઇથી સાપુતારા તરફ જતાં, એકાદ કી.મી. પછી, એક નાની નદી ઓળંગવાની આવે છે. આ નદીમાં એક નાનો ધોધ પડતો દેખાય છે. વઘઇથી આહવા તરફ જતાં, ૫ કી.મી. પછી એક નદી આવે છે, તેમાં એક ધોધ દેખાય છે.

વઘઇ બોટાનીકલ ગાર્ડન: વઘઇ એ ડાંગનું પ્રવેશદ્વાર છે. વઘઇ વનસ્પતિ ઉદ્યાન, વઘઇ ગામથી લગભગ ૨ કી.મી.ના અંતરે આવેલો છે. અહીં ૧૫૦૦ જેટલી અલગ અલગ જાતનાં વૃક્ષો ઉગાડવામાં આવ્યાં છે. ગાર્ડનમાં પ્રવેશતાં જ વૃક્ષોની હારમાળા જોઇને ખુશ થઇ જવાય છે. પેસતામાં જ અંદર એક જૂના જમાનાનું સ્ટીમ એન્જીન પડેલું છે. અહીં વૃક્ષો અલગ અલગ પ્લોટ પાડીને ઉગાડેલાં છે, અને પ્લોટને નામ આપેલાં છે. કેક્ટસ, વાંસ, તાડ, ડાંગ, ઓર્ચીડ, રોઝ વગેરે આવા પ્લોટ છે. કદમ, અશોક અને તાડનાં ઝાડ પણ છે. દરેક છોડ અને ઝાડ પર તેના નામની તકતી લગાડેલી છે. ગાર્ડનમાં ફરવા માટે સરસ રસ્તાઓ બનવેલા છે. એનાં નામ વૃક્ષોના નામ પરથી અશોક રોડ, નીમ રોડ વગેરે રાખેલાં છે. વૃક્ષોને પાણી પીવડાવવાની સરસ વ્યવસ્થા છે, જાળવણી સારી છે. સર્વત્ર લીલોતરી જોવા મળે છે.

આ વૃક્ષોને જોવાની અને તેમને ઓળખવાની અહીં તક મળે છે. વૃક્ષોના ખોરાક, દવા કે અન્ય ઉપયોગ વિશેની અહીં માહિતી મળે છે. ગાર્ડનમાં પરિચય કેન્દ્ર, લાયબ્રેરી, સંશોધન કેન્દ્ર, સેમીનાર હોલ, ચા-નાસ્તા માટે કેન્ટીન, પીવાનું પાણી અને ટોઇલેટ રૂમ છે. અહીં વાંસ અને અન્ય પદાર્થોની બનેલી ચીજોનું વેચાણકેન્દ્ર પણ છે. ગાર્ડન આગળ પાર્કીંગની સરસ જગા છે. આ ગાર્ડન ૧૯૬૬માં ઉભો કરાયો છે. ગાર્ડન જોવા માટે બધા દિવસ ખુલ્લો રહે છે, સમય સવારના ૮ થી સાંજના ૬ સુધીનો છે. પ્રવેશ માટે કોઈ ટીકીટ નથી, મફત છે. ફોટા પડવાની છૂટ છે. પ્રકૃતિપ્રેમીઓ માટે આ સરસ જગા છે. વઘઇમાં વનીલ ઉદ્યોગ કેન્દ્રમાં અહીંના લાકડામાંથી બનાવેલું ફર્નીચર મળે છે.



વઘઇ બોટાનીકલ ગાર્ડન

કિલાડ કેમ્પ સાઈટ: ગુજરાતમાં કુદરતને ખોળે રહેવા માટે ઘણી કેમ્પ સાઈટો ઉભી થઇ છે. કિલાડમાં પણ આવી જ એક કેમ્પ સાઈટ છે. આ સાઈટ વાંસદા નેશનલ પાર્કની નજીક છે. તે, વાંસદા-વઘઇ રોડ પર, વઘઇ આવતા પહેલાં જમણી બાજુ વળ્યા પછી ૨ કી.મી. દૂર, અંબિકા નદીને કિનારે છે. તે વાંસદાથી ૧૪ કી.મી. અને વઘઇથી ૫ કી.મી. દૂર છે. અહીં પરિચય કેન્દ્ર, રહેવા માટે કોટેજો અને તંબૂ, રસોડું, માંચડો, ૩ માળનું ટ્રી હાઉસ, કેમ્પ ફાયર વગેરે છે. અહીં રહેવા માટે ફોનથી બુક કરાવાય છે. સાપુતારા જતા લોકો ઘણી વાર અહીં રાત રોકાતા હોય છે, અને આ જગાનો લ્હાવો લેતા હોય છે. ત્યાં રહેવું ના હોય તો એમનેમ જોવા પણ જઇ શકાય છે. અહીંનું વાતાવરણ બહુ જ ખુશનુમા છે. શહેરના ધમાલિયા વાતાવરણમાંથી રીલેક્સ થવા માટે આ સરસ જગા છે. અહીં કુદરતી શિક્ષણના કેમ્પ પણ ગોઠવાય છે.

ગૌમુખ ધોધ: સોનગઢથી ડાંગમાં પ્રવેશવાના રસ્તે ૧૦ કી.મી. જેટલું ગયા પછી ધોણ ગામ આવે છે, અહીંથી ડાબી બાજુ વળી ૫ કી.મી. જાવ એટલે ગૌમુખ આવે છે. અહીં ગાઢ જંગલોની વચ્ચે એક જગાએ ગાયના મુખમાંથી પાણી નીકળે છે, એટલે આ જગા ગૌમુખ કહેવાય છે. અહીં બેસીને જંગલો માણવાની મજા આવે છે. આ જગાનું મુખ્ય આકર્ષણ તો એક ધોધ છે. ગૌમુખથી વૃક્ષોની ઘટાઓમાં પસાર થઈને ૧૨૪ પગથિયાં નીચે ઉતરતાં ધોધ આગળ પહોંચાય છે. ધોધનું પાણી પત્થર પર પડીને આગળ વહી જાય છે, આથી પત્થર પર બેસીને કે ઉભા રહીને નહાવાનું બહુ જ સરળ છે. ધોધનું પાણી એટલા જોરથી વરસે છે કે બરડા પર કોઈ ડંડા મારતું હોય એવો અનુભવ થાય છે ! ધોધનું પાણી આગળ વહી, ફરીથી ધોધરૂપે પડે છે. બાજુમાં ભગવાનની એક નાની દેરી છે. જંગલની વચ્ચે આ બધું કેટલું સરસ લાગે ! ઉપર ગૌમુખ આગળ બેચાર દુકાનો છે. અહીં ચા-નાસ્તો મળી રહે છે. ફરવા જવા માટે એક સુંદર જગા.



કિલાડ કેમ્પ સાઈટ



ગૌમુખ ધોધ

હિન્દલા ધોધ: હિન્દલા એ બહુ નાનકડો ધોધ છે. સોનગઢથી સુબીર જવાના રસ્તે, સોનગઢથી ૨૦ કી.મી. દૂર હિન્દલા ગામ આવેલું છે. આ ગામ આગળ, રોડની એક સાઈડે ડુંગરાઓ છે. આ ડુંગરાઓ પરથી રોડની સાઈડમાં જ ધોધ પડે છે. ધોધમાં પાણી ઓછું હોવાથી ધોધ નાનો લાગે છે. ચોમાસામાં વરસાદ આવે ત્યારે આ ધોધમાં પાણી હોય, બાકીના સમયમાં પાણી ના પણ હોય. રોડ પર ઉભા રહીને ધોધ સારી રીતે જોઈ શકાય છે. નહાવું હોય તો નાહી પણ શકાય.



હિન્દલા ધોધ

ચીમેર ધોધ: આપણા ગુજરાતમાં ખૂણેખાંચરે એવાં કેટલાં યે સ્થળો છે જે જોવા જેવાં હોય, પણ એ બહુ જાણીતાં ના હોય, એટલે એવી જગાએ બહુ ઓછા લોકો જતા હોય. આવી એક કુદરતના સાંનિધ્યમાં આવેલી સરસ જગા છે ચીમેરનો ધોધ. ડાંગ જીલ્લાના અંતરિયાળ પ્રદેશમાં આ ધોધ આવેલો છે. નામ બહુ જાણીતું નથી, પણ તે જોવા જેવો જરૂર છે. આ ધોધને પોતાનું આગવું સૌન્દર્ય છે. આશરે ૩૦૦ ફૂટ જેટલે ઉંચેથી, બિલકુલ સીધો જ નીચે પડે છે. ચોમાસામાં પાણી ઘણું વધારે હોય ત્યારે આ ધોધ ખૂબ ભવ્ય લાગે છે. એટલે તો એને 'ગુજરાતનો નાયગરા' કહે છે. આ ધોધ જુઓ ત્યારે એમ લાગશે જ કે 'અરે ! અત્યાર સુધી આપણે અહીં કેમ ના આવ્યા ?'

ચીમેર ધોધ, ચીમેર ગામની નજીક આવેલો છે. ત્યાં જવા માટે સોનગઢથી સુબીરના રસ્તે જવાનું. આ રસ્તે ૨૮ કી.મી. જેટલું ગયા પછી ચીમેર ગામ આવે છે. સોનગઢથી જ જંગલ વિસ્તાર શરુ થઇ જાય છે. આ રસ્તો એ કોઈ મોટો હાઈ વે નથી. પણ જંગલમાં થઈને પસાર થતો, વળાંકોવાળો ઉંચોનીચો રસ્તો છે. આમ છતાં, ગાડી તેમ જ બસ પણ આરામથી જઈ શકે.



ચીમેર ધોધ

અહીં ગામ એટલે છૂટાંછવાયાં ફક્ત આઠ દસ ઘર જ. ગામ જેવું લાગે જ નહિ. રસ્તા પર ચીમેરનું બોર્ડ છે. ચીમેરમાં સ્કુલના મકાન આગળથી જમણી બાજુની સાંકડી ગલીમાં વળી જવાનું. આ ગલીમાં એક કી.મી. સુધી ગાડી જઈ શકે છે. પછી ગાડી મૂકી દેવાની અને ચાલતા જવાનું. ઉંચાનીચા, ખેતરમાંથી પસાર થતા, ક્યાંક પાણીના વહેળામાંથી પસાર થતા કેડી જેવા રસ્તે લગભગ ૨ કી.મી. જેટલું ચાલ્યા પછી ધોધ આગળ પહોંચાય છે. કેડીની આજુબાજુનાં ખેતરોમાં ડાંગરના છોડ લહેરાતા જોવા મળે છે. બધે જ લીલોતરી છે. ક્યાંક અહીંની આદિવાસી પ્રજાનું ખોરડું દેખાય છે.

ચીમેરનો ધોધ જોઇને જ એમ લાગશે કે ‘આ હા ! શું ભવ્ય ધોધ છે !’ ધોધ નીચે પડીને જે નદી વહે છે, તેમાં ઉતરાય એવું તો છે જ નહિ. બસ, ધોધથી આશરે ૧૦૦ ફૂટ દૂર રહીને સામા કિનારેથી જ ધોધ જોવાનો. અહીં કુલ ૫ ધોધ નીચે પડે છે. સામેના ધોધ ઉપરાંત, જ્યાં ઉભા રહીને ધોધ જોઈએ છીએ, તેની બાજુમાં વહેતું પાણી પણ નીચે ધોધરૂપે પડે છે. જો આ પાણીમાં લપસ્યા કે ખેંચાઈ ગયા, તો ૩૦૦ ફૂટ નીચેની નદીમાં ખાબક્યા જ સમજો. કોઈ બચાવવા પણ ન આવી શકે. સાઇડમાં બીજા બે ધોધ નીચે પડે છે, જે ઝાડીઝાંખરાંને કારણે દેખાતા નથી.

સામે દેખાતો ધોધ એ જ ચીમેરનો મુખ્ય ધોધ. ધોધનો દેખાવ અને જંગલનો માહોલ અદભૂત છે. સૂમસામ જંગલમાં એકમાત્ર ધોધનો કર્ણપ્રિય અવાજ. નીચે પડતું પાણી ધુમ્મસમય વાતાવરણ સર્જે છે. અહીં સામે પથ્થરો પર બેસી એમ થાય કે બસ, ધોધને જોયા જ કરીએ. ધોધનું આ દ્રશ્ય મગજમાં કોતરાઈ જાય છે. નવાઈ લાગે છે કે આપણા ગુજરાતમાં આવી સરસ જગા છે. ધોધની અલગ અલગ એંગલથી તસ્વીરો લઇ શકાય છે.

ધોધ આગળ કોઈ દુકાન નથી, કે બીજી કોઈ સગવડ નથી. અહીં તો માત્ર કુદરતના સાનિધ્યનો જ અનુભવ કરી શકાય.

ગીરામલ ધોધ: ગીરામલ એ ગુજરાતનો એક જાણીતો ધોધ છે. તે ડાંગ જીલ્લાના ગિરમાળ ગામમાં આવેલો છે. ઘણા તેને ગિરિમાલાના ધોધ તરીકે પણ ઓળખે છે. ગુજરાતનો આ સૌથી ઉંચો ધોધ છે. અહીં બોર્ડ પણ મારેલું છે, 'ગુજરાતનો સૌથી ઉંચો ધોધ'. અહીં ધોધ 300 ફૂટની ઉંચાઇએથી પડે છે. ધોધનો દેખાવ ખૂબ જ સુંદર છે.







ગીરામલ ધોધ

આ ધોધ ગીરા નદી પર આવેલો છે. ગીરા નદી આખી જ ધોધરૂપે ખાબકે છે, નીચે એક તળાવ રચાય છે, પછી પાણી આગળ વહે છે. ધોધ બે મોટી ધારાઓ સ્વરૂપે પડે છે. ચોમાસામાં પાણી ઘણું વધારે હોય ત્યારે આ બે ધારાઓ એકાકાર પણ થઇ જાય. ધોધમાં ઉતરાય એવું નથી. નહાવાનું પણ શક્ય નથી. કિનારે બેસીને ધોધ જોવાનો. કિનારે બેસવા માટે સરસ પોઈન્ટ બનાવ્યા છે. તેમાં બેસવા માટે સિમેન્ટની પાકી બેઠકો તથા છાપરું ઉભું કરેલું છે. અહીં બેસીને ધોધનું દ્રશ્ય બહુ જ સરસ દેખાય છે. ધોધનો મધુર અવાજ આપણને ખુશ કરી દે છે. શહેરી વસવાટથી દૂર ગાઢ અંતરિયાળ જંગલમાં આ ધોધને જોઈને એમ થાય કે કેવી સરસ નૈસર્ગિક જગ્યાએ આપણે આવી પહોંચ્યા છીએ ! શું ખરેખર આપણે ગુજરાતમાં જ છીએ?

ધોધની નજીક જવા માટે, ઉપલા પોઈન્ટથી શરુ કરી, કિનારે કિનારે પગથિયાં બનાવ્યા છે. પડી ના જવાય તે માટે વાડ પણ બનાવી છે. કુલ ૧૦૮ પગથિયાં છે. આ પગથિયાં ઉતરી ધોધની સાવ નજીક જઇ શકાય છે, અને ધોધ જે જગાએથી પડે છે, તે જગા એકદમ નજીકથી જોઈ શકાય છે. અહીં તો ધોધનું પાણી એટલા વેગથી ધસમસતું દેખાય છે કે ના પૂછો વાત ! એમાં પડ્યા તો ગયા જ સમજો. સીધા ૩૦૦ ફૂટ નીચે પડાય. બચવાની કોઈ આશા નહિ. જો કે વાડ કરેલી છે, એટલે ધોધમાં પેસાય એવું છે જ નહિ. અહીંથી ધોધની ઉપરવાસની નદી પણ જોઈ શકાય છે.

આ ધોધ જોવા જવા માટે સોનગઢથી સુબીરના રસ્તે જવાનું. સોનગઢથી ૫૫ કી.મી.નું અંતર કાપીને, હિન્દલા, ચીમેર, ખપાટિયા વગેરે ગામોમાં થઈને શીંગણા પહોંચવાનું. અહીંથી જમણી બાજુ એક ફાંટો પડે છે. આ ફાંટામાં ૧૫ કી.મી. જાવ એટલે ગીરામલ ધોધ આગળ પહોંચી જવાય. આખો રસ્તો ખૂબ જ લીલોતરીવાળો છે અને ગાઢ જંગલોમાંથી પસાર થાય છે. કુદરતના સાનિધ્યમાં પહોંચી ગયા હોઈએ એવું લાગે. ગાડી છેક ધોધ સુધી જઇ શકે છે. છેલ્લા ૫ કી.મી.નો રસ્તો ખરાબ છે, એટલે ગાડી સાચવીને ચલાવવી પડે. વચ્ચે એક જગાએ ગીરા નદીના પૂલ પરથી પસાર થવાનું આવે છે. આ પૂલ પરથી ગીરા નદી જોવાની બહુ મજા આવે છે. નદીમાં એક ચેકડેમ બાંધેલો દેખાય છે, તે બહુ જ સરસ લાગે છે. વરસાદની મોસમમાં તો ડેમ છલકાતો હોય. અહીંથી ગીરા નદી 'યુ' ટર્ન લે છે. યુ ટર્ન આગળ એક વ્યૂ પોઈન્ટ બનાવ્યું છે. અહીંથી ગીરા નદીનો દેખાવ બહુ જ અદભૂત લાગે છે. આ પોઈન્ટ આગળ એક રેસ્ટોરન્ટ છે, એનું નામ પણ 'યુ ટર્ન રેસ્ટોરન્ટ'. નામ કેટલું સરસ ! આટલા અફાટ જંગલની વચ્ચે માત્ર એક જ મકાન. રેસ્ટોરન્ટનું નામ સાંભળીને ભૂખ ઉપડે, ખાવાનું મન થઇ જાય. અહીં એવું છે કે ધોધ તરફ જતી વખતે ખાવાનો ઓર્ડર નોંધાવી દેવાનો. પાછા વળો ત્યારે ગરમાગરમ વાનગીઓ તૈયાર હોય. જમવામાં જલસો પડી જાય તેવું છે.

ધોધ આગળ સરસ પાર્કીંગ બનાવ્યું છે. અહીં કોઈ દુકાન નથી. ખાવાનું કંઇ મળતું નથી. એટલે ખાવાનું લઈને આવવું અથવા પેલા રેસ્ટોરન્ટમાં જમી લેવું. ખાવાનું સાથે લાવ્યા હોઈએ તો વ્યૂ પોઈન્ટ પર પીકનીક મનાવી શકાય. યુ ટર્ન રેસ્ટોરન્ટમાં ઈડલી, સંભાર, મસાલા ઢોંસા, ભજીયાં, ચા, કોફી ઉપરાંત રોટલા, ખીચડી, કઢી, રીંગણનું શાક વગેરે મળે છે.

શબરીધામ: રામાયણમાં શબરીધામ અને પમ્પા સરોવર ની વાત આવે છે. સુબીર ગામને છેડે એક ઉંચી ટેકરી પર શબરીધામ મંદિર આવેલું છે. ડાંગનું આ પ્રખ્યાત મંદિર છે. ગાડી છેક ઉપર મંદિર સુધી જઈ શકે એવો રસ્તો છે, વિશાળ પાર્કીંગ છે, બગીચો, ફુવારા અને પીવાના પાણીની વ્યવસ્થા છે. કહેવાય છે કે આ જગ્યાએ ભગવાન શ્રીરામે શીલા પર બેસીને શબરીનાં એઠાં બોર આરોગ્યાં હતાં. મંદિરમાં શ્રીરામ, લક્ષ્મણ, શબરીની પ્રતિમા અને શીલાનાં દર્શન થાય છે. શીલાની આજે પણ પૂજા થાય છે. મંદિરની દિવાલો પર રામાયણના પ્રસંગોનાં સુંદર ચિત્રો દોર્યાં છે. દર્શન કરતાં જ જાણે બધો થાક ઊતરી જાય છે. મંદિરના

શિખરેથી આસપાસનું દશ્ય ખૂબ જ સુંદર લાગે છે. નીચે જમવાનું મળી રહે એવાં રેસ્ટોરન્ટ છે. આ મંદિર ૨૦૦૫માં બન્યું છે. શબરીધામ, શીંગણાથી ૮ કી.મી. અને આહવાથી ૩૦ કી.મી. દૂર છે. આહવાથી આવો તો પંપા સરોવર થઈને સુબીર આવવાનું સારું પડે. શબરીધામથી ત્રણેક કિ.મી દૂર 'શબરી રિસોર્ટ' નામની રહેવાજમવા માટેની એક સરસ જગા છે. નવાપુર રોડ પર ફોરેસ્ટ રેસ્ટ હાઉસ પણ છે.





શબરીધામ

પંપા સરોવર: શબરીધામની નજીક એક સરોવર છે, તે પંપા સરોવર તરીકે ઓળખાય છે. અહીં પંપા સરોવરનું બોર્ડ મારેલું છે. એમ કહેવાય છે કે શ્રી રામચંદ્રજીએ લંકા તરફ આગળ વધતાં વચ્ચે આ પંપા સરોવરમાં સ્નાન કર્યું હતું. પંપા સરોવર એ પૂર્ણા નદીમાં બનેલું સરોવર છે. અહીં પૂર્ણા નદી પર ચેકડેમ બાંધેલો છે. આ ડેમ છલકાઈને પડતું પાણી ઉંચાનીચા પત્થરો પર થઈને વહે છે, પછી ધોધરૂપે પડીને એક સરોવર રચે છે, આ જ પંપા સરોવર. ચોમાસામાં પાણી ઘણું વધારે હોય ત્યારે, ઉંચાનીચા પત્થરો પર વહેતું પાણી પણ જોરદાર પ્રવાહ રચે છે, આડુંઅવળું ઘુમરાતું આ પાણી જોવાની બહુ જ મજા આવે છે. ધોધ પણ ભવ્ય છે. પાણી બહુ જ હોય ત્યારે સરોવરની સપાટી ઉંચી આવી જાય અને ધોધ પણ ઢંકાઈ જાય એવું બને. આ ધોધમાં ઉતરાય કે નહાવાય એવું નથી. પત્થરો પર વહેતા પાણીમાં કિનારે બેસીને નાહી શકાય ખરું, તે પણ ખૂબ સાચવીને. આ પત્થરોને કિનારે બેસીને પાણી અને ધોધ જોવાનો ખૂબ આનંદ આવે છે. ફોટા પાડવા માટે આ જગા સરસ છે. ચેકડેમ છલકાતો ન હોય ત્યારે પણ સરોવરમાં પાણી તો હોય જ. ગામડાનાં છોકરાં આ ધોધ આગળથી સરોવરમાં ધુબાકા મારતાં હોય છે. એમને તરતાં આવડે, એટલે તેઓ સહેલાઇથી પાણીની બહાર પાછા આવી જાય. એમને માટે તો આ સામાન્ય છે, આપણા જેવા પ્રવાસીઓ આવું ના કૂદે, બહુ જ બીક લાગે.



પંપા સરોવર

ધોધનું દ્રશ્ય બહુ જ સુંદર છે. વહેતા પાણીનો અને ધોધનો નાદ સાંભળવો ગમે એવો છે. ધોધને કિનારે એક મોટા ખડક પર ગદાધારી હનુમાનજીની મોટી મૂર્તિ બેસાડેલી છે. હનુમાનજી રામના ભક્ત હતા. સુબીર ગામના ચાર રસ્તાથી પંપા સરોવર ૧૦ કી.મી. દૂર છે.

કર્ણાટકમાં હમ્પીની નજીક તુંગભદ્રા નદી આગળ, પણ પંપા સરોવર અને શબરીનાં બોરવાળી જગા આવેલાં છે. સાચું પંપા સરોવર કયું, ગુજરાતનું કે કર્ણાટકનું, તે દરેકની પોતાની માન્યતાનો વિષય છે.

મહલ ફોરેસ્ટ રેસ્ટ હાઉસ અને મહલ કેમ્પ સાઈટ : મહલ એ દસ બાર ઘરની વસ્તીવાળું નાનું સરખું ગામ છે. તે ડાંગ જીલ્લાની લગભગ મધ્યમાં આવેલું હોવાથી જાણીતું સ્થળ છે. અહીં ગામના ચાર રસ્તા આગળ, પૂર્ણા નદીને કિનારે, જંગલ ખાતાનું ફોરેસ્ટ રેસ્ટ હાઉસ છે, અને અહીંથી ચારેક કી.મી. દૂર મહલ કેમ્પ સાઈટ આવેલી છે. આ બંને જગાએ રહેવાની વ્યવસ્થા છે. અગાઉથી બુકીંગ કરાવવું જરૂરી છે.





મહલ ફોરેસ્ટ રેસ્ટ હાઉસ





મહલ કેમ્પ સાઈટ

ફોરેસ્ટ રેસ્ટ હાઉસની રૂમોમાં એટેચ્ડ સંડાસ, બાથરૂમ, પલંગો, ગાદલાં એમ બધી સગવડ છે. એ.સી. પણ ખરું. જમવાની સગવડ નથી, પણ જાતે રાંધીને ખાઈ શકાય. રૂમો આગળ ઝાડપાન અને સુંદર બગીચો છે. એક બાજુની રૂમોની પાછળ પૂર્ણા નદી અને તેમાં બાંધેલો ચેકડેમ દેખાય છે. નદીમાં ઉતરીને નહાવા જઇ શકાય એવું છે. સામે કિનારે અડાબીડ જંગલો છે.

નદીને સામે કિનારેથી મહલ કેમ્પ સાઈટ જવાય છે. આ રસ્તો પૂર્ણાને કિનારે કિનારે જંગલોમાં થઈને જાય છે. રસ્તો સાંકડો છે, સામેથી બીજું વાહન આવે તો પણ તકલીફ પડે એવો છે. મહલ કેમ્પ સાઈટમાં વાંસ, ઘાસ અને લીંપણથી બનાવેલી ગામઠી સ્ટાઈલની રૂમો છે. રસોઈ માટે રસોડું છે. જમવા બેસવા માટે મોટો પેવેલિયન (મંડપ) છે. વચ્ચે વિશાળ ખુલ્લું મેદાન છે. ત્રણ માળ ઉંચે ઝાડ અને માંચડા પર બાંધેલી બે ઝુંપડીઓ છે. તેમાં ચડવા માટે વાંસનાં પગથિયાંની સીડી બનાવેલી છે. ડાંગનાં જંગલોમાં વાંસ ખૂબ જ થાય છે. ઝાડ પરની ઝુપડીઓમાંથી પૂર્ણા નદીનું દૂર દૂર સુધી દર્શન થાય છે. પૂર્ણા અહીંથી જાજરમાન લાગે છે. નદીમાં પૂર આવેલું હોય ત્યારનું દ્રશ્ય તો કેવું ભવ્ય હોય એની કલ્પના કરી જોજો. અહીં કુદરતના સાનિધ્યમાં પીકનીક મનાવવાની કે બેચાર દિવસ રહેવાની બહુ જ મજા આવે.

વ્યારા, સોનગઢ, સુબીર અને આહવાથી મહલ જઇ શકાય છે. મહલ. વ્યારાથી ૫૪ કી.મી., સોનગઢથી ૩૮ કી.મી., સુબીરથી ૨૧ કી.મી. અને આહવાથી ૨૪ કી.મી. દૂર છે.

ક્રેબ ધોધ: ડાંગ જીલ્લામાં આવેલો આ ધોધ બહુ જાણીતો નથી. પણ છે બહુ સરસ. તે બિલકુલ રોડ સાઈડે આવેલો હોવાથી ત્યાં પહોંચવું બહુ જ સરળ છે.

સોનગઢથી મહલ તરફના રસ્તે, ટેમ્કા અને બરડીપાડા થઈને ક્રેબ ધોધ આગળ પહોંચાય છે. સોનગઢથી તે આશરે ૩૦ કી.મી. દૂર આવેલો છે. રસ્તો આગળ મહલ ગામ તરફ જાય છે.

ધોધથી મહલ ૬ કી.મી. દૂર છે. બરડીપાડાથી મહલનો રસ્તો ઘનઘોર જંગલોથી ભરપૂર છે. આ જંગલો બહુ જાણીતાં છે.

ધોધ આગળ, રોડની એક બાજુ ડુંગરા છે, અને બીજી બાજુ ખીણ છે. ડુંગરા પરથી ધોધ પડે છે, અને તેનું પાણી રોડની નીચે થઈને ખીણમાં વહી જાય છે. રોડ પર ઉભા રહીને ધોધ સરસ રીતે જોઈ શકાય છે. ધોધમાં આરામથી નાહી શકાય છે. નહાવાની બહુ જ મજા આવે છે. બાજુની ખીણમાં ખડકાળ ઢાળ છે, તેમાં ઉતરવાનું જોખમ ના કરવું. ચોમાસામાં પાણી વધુ હોય ત્યારે ધોધ બહુ જ ભવ્ય લાગે છે. ચોમાસું પૂરું થઇ ગયા પછી, ધોધમાં પાણી ન હોય એવું બને.

ધોધ આગળ બેસવાની કે બીજી કોઈ વ્યવસ્થા નથી. દુકાન કે બીજું કંઇ જ નથી. રોડ પર આવતોજતો ટ્રાફિક જોવા મળે એટલું જ.

પૂર્ણા ધોધ: મહલથી સોનગઢ જવાના રસ્તે, મહલથી માત્ર ૧ કી.મી. દૂર પૂર્ણા નદીમાં એક ધોધ પડે છે. આ ધોધ જોવા જેવો છે.



ક્રેબ ધોધ



પૂર્ણા ધોધ

આ ધોધ રોડને કિનારે જ આવેલો હોવાથી, ત્યાં છેક સુધી વાહન જઇ શકે છે. પછી નદીમાં ઉતરીએ એટલે ધોધ દેખાય. નદીની રેતી અને ખડકોમાં ઉભા રહીને ધોધ જોઈ શકાય છે. ધોધનો દેખાવ એટલો સરસ છે કે બસ જોયા કરવાનું જ મન થાય. એમ થાય કે વાહ ! શું સરસ ધોધ છે ! ધોધ આશરે છએક મીટર ઉંચેથી પડે છે. ધોધની સામેથી ફોટા પાડવાનું બહુ જ સરળ છે.

આ ધોધ ચારપાંચ નાના ધોધમાં વિભાજીત થયેલો દેખાય છે. ધોધનું પાણી વહીને નદીમાં જ જાય છે. ધોધનું પાણી નીચે પડીને વહી જતું હોવાથી આ ધોધમાં ઉભા રહીને આસાનીથી નાહી શકાય છે. નહાવાની બહુ જ મજા આવે છે. ધોધનું પાણી બરડા પર જોરજોરથી પડે અને વાગે, છતાં ય આનંદ આવે છે. ચોમાસામાં પાણી વધુ હોય ત્યારે આ ધોધ જાજરમાન લાગે છે. ચોમાસા પછી એમાં પાણી ઘણું ઓછું થઇ જાય છે.

અહીં પૂર્ણાનાં વહેતાં પાણીના કિનારે બેસવાનું પણ ગમે એવું છે. પૂર્ણા, જાણે કે હિમાલયની કોઈ નદી હોય એવી લાગે છે. આપણે જાણે કે હિમાલયના બદરીનાથ કે સિમલા જેવા કોઈ વિસ્તારમાં પહોંચી ગયા હોઈએ એવું લાગે. ગુજરાતના ડાંગના વિસ્તારમાં હિમાલય જેવી અનેક જગાઓ છે. આ જગાઓ જોવા અને માણવા જેવી છે.

ધોધ આગળ કોઈ દુકાન નથી. ખાણીપીણીની કોઈ ચીજ અહીં મળે નહિ. નાસ્તો વિગેરે ઘેરથી લઈને જ આવવું. આમ છતાં, ધોધનું અનુપમ સૌન્દર્ય બધાને આકર્ષે છે.

બરડા ધોધ: બરડા ધોધ ડાંગ જીલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલો છે. ત્યાં જવાનું જરા અઘરું છે. પણ જવાય તો ખરું જ. ધોધ જોવાની મજા આવે એવું છે. બરડાને બાલદા પણ કહે છે.

મહલથી આહવા જવાના રસ્તે ૨૦ કી.મી. પછી ચનખલ ગામ આવે છે. અહીંથી મુખ્ય રસ્તાથી ડાબી બાજુએ લગભગ અઢી કી.મી. જેટલું ચાલીને બરડા ધોધ જવાય છે. વાહન ચનખલમાં મૂકી દેવાનું, ગામમાં રસ્તો પૂછી લેવાનો, જરૂર લાગે તો ગામમાંથી એકબે છોકરાંને સાથે લઇ લેવાનાં અને ચાલવા માંડવાનું. લગભગ દોઢેક કી.મી. જેટલું ખેતરોમાં મકાઈના પાકની વચ્ચે પગદંડીએ જવાનું છે. વચ્ચે ઝુંપડા જેવાં કોઈક ઘર દેખાય છે. અહીં નાગલી નામનું અનાજ થાય છે. અહીંના લોકો એના રોટલા બનાવીને ખાય છે. આપણે કહીએ તો આ લોકો આવા રોટલા બનાવી આપે છે.

દોઢેક કી.મી. જેટલું ખેતરોમાં ચાલ્યા પછી ઉતરાણ આવે છે. લગભગ એક કી.મી. જેટલું અંતર ઢાળ પર ઉતરવાનું છે. પછી ઉંડે ખીણમાં બરડા ધોધ પહોંચાય છે. ઉંચોનીચો, વળાંકો લેતો ઢાળ ઉતરવામાં થોડી તકલીફ પડે ખરી. લાકડી સાથે રાખવી સારી. પાછા વળતાં આ ઢાળ ચડવાનો પણ ખરો ને?

ધોધ આગળ પહોંચો એટલે ધોધનાં સામેથી દર્શન થાય છે. ધોધ જોઇને ખુશ થઇ જવાય છે. ધોધનો શું સરસ દેખાવ છે ! આશરે પચીસેક મીટર ઉંચેથી ખડકો પર વહીને સફેદ દૂધ જેવું પાણી નીચે તલાવડીમાં



બરડા ધોધ

પડે છે. તલાવડીની સામે ઉભા રહીને ધોધ જોવાનો. તલાવડી બહુ જ ઉંડી છે. તેમાં ઉતરીને ધોધને અડકવા તો જવાય જ નહિ. હા, એક બાજુના ખડકો પર ચડીને ત્યાં જવાય, પણ એ તો એવરેસ્ટ ચડવા જેવું દુષ્કર લાગે. એટલે અહીં સામે જ ખડકો અને પત્થરો પર બેસીને

ધોધ જોવાનું ફાવે. અહીંનાં નાનાં છોકરાં તો સામે પહોંચીને, ધોધની બાજુમાં ઉભાં રહી, તલાવડીમાં ડૂબકી મારતાં હોય છે ! પણ એ તો નાનપણથી જ શીખેલાં હોય. એ એમને જ આવડે.

તલાવડીમાંથી ખડકોમાં થઈને પાણી આગળ વહી જાય છે, એ કોઈ નદીમાં જાય છે. ચનખલના એક ખેડૂતબંધુ, આ તલાવડીનું પાણી પંપથી ઉપર ચડાવી, ખેતરમાં શાકભાજી ઉગાડવાનો ધંધો કરે છે, એ ઘણું સરસ કહેવાય. ધોધ આગળ ખાવાપીવાની કે બીજી કોઈ સગવડ નથી. ધોધ જોઇને ચનખલ પાછા આવી જવાનું. રાત રહેવા માટે મહલ ફોરેસ્ટ રેસ્ટ હાઉસ તથા મહલ ઇકો કેમ્પ સાઈટમાં વ્યવસ્થા છે. ચનખલથી આહવા ૧૦ કી.મી. દૂર છે.

શીવઘાટ: ડાંગ જીલ્લામાં ઘણી જગાએ રોડની સાઈડે ધોધ જોવા મળે છે. શીવઘાટ પણ એવો જ રોડ સાઈડનો ધોધ છે. ધોધ દેખાવમાં ઘણો જ સરસ લાગે છે. ધોધ પડે છે તેની બાજુમાં જ એક શીવ મંદિર છે, એથી આ ધોધને શીવઘાટ કહે છે.

આહવાથી વઘઇ જવાના રસ્તે, આહવાથી ૫ કી.મી. દૂર, રોડની બાજુમાં આ ધોધ આવેલો છે. રોડની એક બાજુ ડુંગર અને બીજી બાજુ ખીણ છે. ડુંગર પરથી આશરે દસેક મીટર જેટલી ઉંચાઈ પરથી આ ધોધ પડે છે. ચોમાસામાં પાણી વધુ હોય ત્યારે આ ધોધ બહુ ભવ્ય લાગે છે. બાકીના સમયે ધોધમાં પાણી ના હોય એવું બને. ધોધનું પાણી રોડની નીચે થઈને ખીણમાં પડે છે. ખીણ બાજુ નજર કરો તો આ પાણી તેમાં પડતું દેખાય છે. ધોધ જોવાની મજા આવે એવું છે. નહાવાય એવું છે નહિ.



શીવઘાટ

ધોધની જોડે શીવમંદિર છે. ભગવા રંગે રંગેલું આ મંદિર બહુ જ સરસ લાગે છે. અહીં દર્શન કરીને મન પ્રસન્ન થઇ જાય છે. મંદિરના ઓટલે બેસવાનું ગમે એવું છે. શીવ મંદિરની બાજુમાં હનુમાન મંદિર છે. ઘણા ભક્તો આ મંદિરોએ દર્શન કરવા આવે છે.

ધોધ આગળ ખાણીપીણી કે બીજી કોઈ સગવડ નથી. ધોધ જોઇને આગળનો પ્રવાસ ચાલુ રાખવાનો.

ઝારખંડેશ્વર મહાદેવ, આહવા: આ મંદિર, આહવાથી ૨ કી.મી.ના અંતરે આહવા ઘાટ ઉતરતામાં જ આવે છે. મંદિરમાં બેસવા માટે બાંકડા મૂકેલા છે. બેઘડી અહીં બેસીને મનને અપાર શાંતિ મળે છે. આ મંદિરની બાજુમાં શાંતિસાગર હનુમાનજીનું મંદિર છે.

માયાદેવી ધોધ: ગુજરાતનો ડાંગ જીલ્લો કુદરતી સૌન્દર્યથી ભરપુર છે. અહીં ગીરા, ગીરામલ, ક્રેબ, ચીમેર જેવા કેટલા યે નાનામોટા ધોધ છે, પૂર્ણા, અંબિકા જેવી ખડખડ વહેતી નદીઓ છે, જંગલો, ટેકરીઓ, ઉંચાનીચા રસ્તા, ઝરણાં, કુદરતને ખોળે વસતા લોકો – એમ ઘણું બધું છે. સર્વત્ર પથરાયેલી હરિયાળી અને વાદળોથી વીંટળાયેલી ટેકરીઓ જોવાનો લ્હાવો અદભૂત છે. ચોમાસામાં કુદરતી સૌન્દર્યનો નઝારો માણવો હોય તો ડાંગ પહોંચી જવું જોઈએ. અહીં આપણે ડાંગમાં આવેલા માયાદેવી ધોધની વાત કરીશું. ડાંગમાં પેઠા પછી સૌથી પહેલો ધોધ માયાદેવી આગળનો છે.

માયાદેવી જવા માટે સૌથી પહેલાં વ્યારા જવાનું. ભરૂચથી અંકલેશ્વર, વાલિયા, ઝંખવાવ અને માંડવી થઈને વ્યારાનું અંતર ૧૧૦ કી.મી. છે. વ્યારા મોટું નગર છે. વ્યારાથી ભેંસકાતરી ગામ જવાનું. ગામ કંઇ મોટું નથી. ઝૂંપડા જેવાં માત્ર દસ બાર ઘરો જ છે. અહીં ખડખડ વહેતી પૂર્ણા નદી જોવા જેવી છે. વ્યારાથી ભેંસકાતરીનું અંતર ૨૪ કી.મી. છે. ભેંસકાતરીથી માયાદેવી માત્ર ત્રણેક કી.મી. ના અંતરે છે. પ્રવેશ આગળ, 'સુસ્વાગતમ, માયાદેવી મંદિર' નું કલરફૂલ બોર્ડ મારેલું છે. બોર્ડથી એક કી.મી. ગયા પછી, રામેશ્વર મહાદેવ નામનું શીવમંદિર આવે છે. બાજુમાં હનુમાન મંદિર છે. મંદિર આગળ બગીચો છે. બાળકોને રમવા માટે હીંચકા, લપસણી વગેરે છે. એક દુકાન છે, ત્યાં ચા-નાસ્તો મળે છે. બહુ જ સરસ જગા છે. અહીં બીજી કોઈ વસ્તી નથી. મંદિર આગળ બેઘડી આરામ ફરમાવવાનું મન થઇ જાય એવું છે. માયાદેવીની ઉત્પત્તિ કેવી રીતે થઇ તેનો ઈતિહાસ દર્શાવતું અહીં બોર્ડ મારેલું છે.



માયાદેવી ધોધ

અહીં ખાસ જોવા જેવી વસ્તુ તો મંદિરની પાછળ પૂર્ણા નદી, તેના પર બાંધેલો ચેકડેમ અને ધોધરૂપે ખીણમાં પડતું પાણી છે. મંદિરમાં દર્શન કરીને પાછળ જાવ એટલે આ નજારો નજરે પડે છે. વાહ ! શું સરસ દ્રશ્ય છે ! અહીં ચેકડેમ પરથી છલકાઈને ખડકો પર પડતું પાણી જે પ્રવાહ પેદા કરે છે, તે જોવા જેવો છે. ધસમસતું આ પાણી ખીણમાં ધોધરૂપે પડીને આગળ વહે છે. એ જબલપુર પાસેના ધુંઆધાર ધોધની યાદ અપાવી જાય છે. ચેકડેમ ઉપર ભરાયેલું સરોવર પણ ભવ્ય લાગે છે. થોડાં પગથિયાં ઉતરી ખીણ આગળ જવાય છે. ખીણની એક ધારે ભગવા કલરની એક નાની દેરી છે. બોર્ડમાં લખેલા ઈતિહાસ મૂજબ, હિમાલયની પુત્રી દેવી, રાક્ષસ પાછળ પડતાં, અહીં પૂર્ણાની ખીણમાં સંતાઈ ગઈ હતી. માબાપે તેને શોધીને શીવજી સાથે પરણાવી અને રાક્ષસને માયા છોડવા જણાવ્યું. આથી આ સ્થળ માયાદેવી કહેવાય છે.

ખીણની આજુબાજુ ખડકો પર થઈને ચેકડેમની સાવ નજીક જવાય છે. મંદિરની પાછળ એક ઢાળ ઉતરીને પણ ચેકડેમની નજીક જવાય છે. ચેકડેમ બિલકુલ નજીકથી જોતાં ખૂબ જ ભવ્ય લાગે છે. ખડકો પર અથડાતા અફળાતા પાણીનો જોરદાર અવાજ અને ખીણમાં ધોધરૂપે પડતા પાણીનું દ્રશ્ય અદભૂત છે. પાણીની નજીક જવાય પણ તેમાં પગ બોળાય કે ઉતરાય એવું નથી. જો ઉતરો તો ગયા જ સમજો. પાણીનો સખત પ્રવાહ અને ખીણમાં પડતું પાણી – તમને કોઈ જ બચાવવા ના આવી શકે. અહીં ખડકો પર બેસો, ફરો, ફોટા પાડો, બસ મજા કરો.

આ ધોધ જરૂર જોવા જેવો છે. વરસાદની ઋતુમાં અને પછી પણ નવેમ્બર સુધી ધોધમાં પાણી હોય છે. પછી ચેકડેમમાં પાણી ઓછું થઇ જાય કે ના હોય ત્યારે ધોધ જોવાની મજા ના આવે. મંદિર આગળની દુકાનમાં નાસ્તો મળે છે. ત્યાં બેઘડી બેસીને આરામ કરાય એવું છે. ક્યારે જાઓ છો માયાદેવી? ત્યાં જશો તો, મનમાં એક સરસ સ્થળ જોયાનો આનંદ થશે.

પાંડવ ગુફા: આ ગુફા પાંડવ ગામમાં આવેલી છે. મહલથી જામલા પાડા, ચનખલ અને લશ્કરીયા થઈને પાંડવગુફા અને ડોન જવાય છે. મહલથી લશ્કરીયા ૨૫ કી.મી. દૂર છે. ત્યાંથી ચીંચલી તરફ જવાનું. આ રસ્તે ૧૪ કી.મી. ગયા પછી પાંડવગુફાનો રસ્તો પડે છે. અહીં પાંડવગુફાનું બોર્ડ મારેલું છે. એ ફાંટામાં પાંડવગુફા ૭ કી.મી. દૂર છે. છેલ્લે દોઢેક કી.મી. તો ચાલતા પગદંડી પર ટ્રેકીંગ કરીને જવું પડે.

એવું કહેવાય છે કે પાંડવો તેમના વનવાસ દરમ્યાન અહીં રહ્યા હતા. ગુફામાં પાંચ જુદા જુદા ખંડ છે. એમાં એક રૂમ મોટો છે, તે ભીમ માટે હતો. ચોમાસામાં પૂરતું પાણી હોય ત્યારે,

ગુફાની ઉપરના ખડકો પરથી ગુફાની ધારે ધોધ પડે છે. આ દ્રશ્ય બહુ જ સરસ લાગે છે. આ ધોધમાં ઉતરવામાં જોખમ છે.



પાંડવ ગુફા



ડોન હીલ સ્ટેશન

ડોન હીલ સ્ટેશન: પાંડવગુફાના બોર્ડથી ચીંચલીવાળા રોડ પર ૫ કી.મી. ગયા પછી, ડોન જવાનો ફાંટો પડે છે. એ ફાંટે ૮ કી.મી. ગયા પછી ડોન આવે છે. ડોન એ ઉંચી ટેકરી પર આવેલી જગા છે. સરકાર એને સાપુતારાની જેમ વિકસાવવાનો પ્રયત્ન કરી રહી છે. રસ્તો ચડાણવાળો છે. પાંચેક કી.મી. સુધી રસ્તો સારો છે. આટલું ચડ્યા પછી, વિશાળ સપાટ મેદાન આવે છે. તેમાં ગડદ નામનું નાનું ગામ વસેલું છે. મેદાનમાં એક મંડપ બાંધેલો છે. અહીંથી આજુબાજુનું દ્રશ્ય બહુ જ સરસ લાગે છે. વાદળાં આપણી નજીકથી જ દોડતાં દેખાય છે. આ જગા એક હીલ સ્ટેશન જેવી લાગે છે. અહીંથી છેલ્લા ૩ કી.મી.નો રસ્તો કાચો અને સાંકડો છે.

ડોન સહ્યાદ્રી પર્વતમાળામાં છે. કહેવાય છે કે મહાભારતમાં આવતા ગુરુ દ્રોણના નામ પરથી આ ટેકરીનું નામ ડોન પડ્યું છે. તેની ઉંચાઇ ૧૦૦૦ મીટર છે. ગુજરાતનું આ સૌથી ઉંચું હીલ સ્ટેશન છે. સાપુતારા ૮૭૩ મીટર ઉંચાઈ સાથે બીજા નંબરે આવે. ટોચ પરનો લેન્ડસ્કેપ બહુ જ સીનીક છે. અહીંની શુદ્ધ હવા મનને ખુશ કરી દે છે. આજુબાજુ ઘણી ટેકરીઓ છે. એમાંની એકાદ ટેકરી પર ચડીને ટોચે બેસો, બહુ જ મજા આવશે. ગ્રીનરી તો એટલી સરસ છે કે વાત નહિ. અહીંના આદિવસીઓ જોડે વાતચીત કરવામાં પણ મજા આવે છે. અહીં કોઈ સ્થાનિકના ઘરે રહી શકાય. તેઓ બધી સગવડ સાચવે છે. અહીંનું સ્થાનિક અનાજ પણ ખાવા મળશે. અહીં નાગલી નામનું અનાજ પાકે છે, અહીંના લોકો તેના રોટલા બનાવીને ખાય છે. ધીરે ધીરે ટુરિસ્ટો અહીં આવતા થયા છે. મહારાષ્ટ્રની સરહદ અહીંથી ૩ કી.મી. દૂર છે.



દેવીનામલ કેમ્પ સાઈટ

દેવીનામલ કેમ્પસાઈટ: કુદરતના સાનિધ્યમાં જોડાવા માટે આ સરસ જગા છે. આહવાથી સાપુતારાના રસ્તે પાંચેક કી.મી. જેટલું ગયા પછી સાઈડમાં ૩ કી.મી. જતાં આ કેમ્પસાઈટ પર પહોંચાય છે. વચ્ચે એક ધોધ પણ આવે છે. જંગલોની વચ્ચે, ખાપરી નદીને કિનારે આવેલી આ જગા અતિ મનોહર છે. દેવીનામલનો અર્થ છે, 'ટેકરી પર આવેલું દેવીદેવતાઓનું સ્થાન'. અહીં ટેકરી પરની સપાટ જગામાં ભગવાન શીવ, ગણેશ, હનુમાન, કાળકા માતા અને રામલક્ષ્મણસીતાની મૂર્તિઓ છે, એક મોટા સાપનું પૂતળું પણ છે. અહીં રહેવા માટે રૂમો અને તંબૂઓ છે, રસોડું છે, અને એક મોટો કોમન હોલ છે. ઝાડ પર માંચડો બાંધેલો છે. અહીંથી આજુબાજુનાં દ્રશ્યો જોવાની મજા આવે છે. કેમ્પસાઈટની આસપાસ ટ્રેકીંગ અને પક્ષી નિરીક્ષણ થઇ શકે છે. અહીં અવારનવાર શૈક્ષણિક કેમ્પ પણ યોજાય છે.

અંજનીકુંડ, અંજનીગુફા અને અંજની પર્વત: પૌરાણિક કાળનું દંડકારણ્ય એટલે હાલનો ડાંગ વિસ્તાર. કહે છે કે હનુમાનજીનો જન્મ અંજની પર્વતની એક ગુફામાં થયો હતો. તે અંજની ગુફા તરીકે ઓળખાય છે. હનુમાનજી જયારે નાના હતા ત્યારે અંજનીકુંડમાં નહાવા આવતા હતા. આહવાથી સાપુતારાના રોડ પર, પાયારઘોડી અને લિંગા થઈને અંજનીકુંડ જવાય છે. આહવાથી ૨૬ કી.મી. પછી લિંગા ગામ આવે છે. અહીંથી ડાબી બાજુ વળીને ૬ કી.મી. જતાં અંજની કુંડ પહોંચાય છે. અંજનીકુંડ એ નાનું ગામ છે. અંજનીકુંડ સુધી ગાડી જઇ શકે એવો રોડ છે. અંજનીગુફા અહીંથી દોઢેક કિલોમીટર દુર છે. ત્યાં ચાલીને જઈ શકાય. અંજની પર્વત પર ટ્રેકીંગ કરીને ચડી શકાય છે. ટ્રેકીંગ જરા અઘરું છે. અંજની પર્વતની ઉંચાઇ ૨૩૦૦ ફૂટ જેટલી છે. અંજની માતાએ અંજની પર્વત પર તપ કર્યું હતું, આથી એમને અંજની ગુફામાં પુત્ર હનુમાનનો જન્મ થયો હતો. એવું પણ કહેવાય છે કે લક્ષ્મણને મૃત્યુથી બચાવવા માટે હનુમાનજી સંજીવની જડીબુટ્ટી સાથેનો હિમાલય પર્વત લઈને લંકા તરફ જતા હતા ત્યારે તે પર્વતનો થોડો ભાગ અહીં પડી ગયો હતો, તે અંજની પર્વત તરીકે ઓળખાય છે.



અંજનીકુંડ

હનુમાન બાલસ્વરૂપે ફક્ત અંજનીકુંડમાં જ જોવા મળે છે. અહીં એક નદીનું પાણી કુંડમાં આવે છે. દિવાળી અને હનુમાન જયંતિએ અહીં ઘણા લોકો આવે છે. અંજનીકુંડમાં બાજુમાં એક કૂવો છે, તેમાં લાકડાની સીડી બનાવેલી છે. સ્થાનિક છોકરાઓ તેમાં પાણી પીવા માટે નીચે ઉતરતા હોય છે. અહીંના આજુબાજુના જંગલને સીતાવન કહેવાય છે. તેમાં રામલક્ષ્મણસીતા અને હનુમાનની મૂર્તિ છે. અંજની કુંડની પાછળ ડોન હીલ છે.

૧૯. નવસારી અને વલસાડ જીલ્લો

ઉભરાટ: ફરવા અને દરિયાની મજા માણવા માટે આ બહુ સરસ બીચ છે. અહીં બહુ જ લોકો આવે છે. આ બીચ હંમેશા લોકોથી ભર્યો ભર્યો લાગે છે. કુટુંબ અને મિત્રો સાથે અહીં ફરવાની અને મોજાંમાં નહાવાની મજા આવે છે. કિનારે ખાણીપીણીની ઘણી દુકાનો છે, ઉંટ અને ઘોડેસવારી ઉપલબ્ધ છે. પશ્ચિમમાં સાંજના સૂર્યાસ્તનું દ્રશ્ય બહુ જ સરસ હોય છે. અહીં રહેવા માટે રીસોર્ટ અને ગેસ્ટ હાઉસ છે. પાર્કીંગની સગવડ સરસ છે. ચોખ્ખાઈ સારી છે. ઉભરાટ સુરતથી ૫૦ કી.મી. અને મરોલીથી ૧૮ કી.મી. દૂર છે.



ઉભરાટ બીચ

દાંડી: મહાત્મા ગાંધીજીએ ૧૯૩૦માં કરેલી દાંડી કૂચને લીધે દાંડી ગામ દુનિયાભરમાં પ્રખ્યાત થઇ ગયું છે. ગાંધીજીએ તેમના સત્યાગ્રહીઓ સાથે અમદાવાદના તેમના સાબરમતી આશ્રમથી દાંડી સુધી ચાલીને કૂચ કરી હતી, અને અહીંના દરિયાકિનારા આગળથી અંગ્રેજોના કાયદા વિરુદ્ધ ચપટી મીઠું ઉપાડ્યું હતું. ભારતની સ્વતંત્રતા ચળવળમાં આ ઘટના બહુ જ જાણીતી છે. દાંડીની આ જગા જોવા દુનિયાભરમાંથી પ્રવાસીઓ આવે છે, અને ગાંધીજીની હિંમત અને સત્યનિષ્ઠાને યાદ કરે છે. અહીં મીઠાનો ઢગલો અને ગાંધીજીનું સ્ટેચ્યુ મૂકેલાં છે. સુરતથી નવસારી ૩૮ કી.મી. અને ત્યાંથી દાંડી ૧૮ કી.મી. દૂર છે. દાંડીનો બીચ પણ જોવા જેવો છે.

વાંસદા નેશનલ પાર્ક: આ એક પ્રાણી અભ્યારણ્ય છે. પાર્કમાં પ્રાણીઓ મુક્ત રીતે વિચરે છે. અહીં ચિત્તો, હાયના, દીપડો, હરણ, જંગલી બિલાડી, વાંદરા, ખિસકોલી, સાપ એમ ઘણી જાતનાં પ્રાણીઓ રહે છે. ગીધ, સમડી, લક્કડખોદ જેવાં પક્ષીઓ અને કરોળિયા પણ ખરા. આખું જંગલ ઝાડપાનથી છવાયેલું છે. અંદર જાવ



દાંડી



વાંસદા નેશનલ પાર્ક

એમ જંગલો ગાઢ થતાં જાય છે. ઝાડોની ઉંચાઇ પણ સારી એવી છે. ઝાડને લીધે જંગલ લીલુછમ લાગે છે. અહીં સીસમ, ટીક, ખાખરો, ટીમરુ, વાંસ, શીમળો, બેહડા, ઉમરો, મહુડો જેવાં ઝાડ ઉગે છે.

પાર્કમાં નવતાડ અને કિલાડ એમ બે બાજુથી દાખલ થવાય છે. મોટા ભાગે કિલાડ બાજુનું પ્રવેશદ્વાર જ ઉપયોગમાં લેવાય છે. અંદર ચારેક કી.મી. જેટલું જવાય છે. તમે નસીબદર હો તો કોઈ પ્રાણી જોવા મળી જાય. અહીં થોડાક નિયમો પાળવાના હોય છે. વાહન સાથે પાર્કમાં અવાય છે, પણ વાહન ખુલ્લું ના હોવું જોઈએ. બાઈકને નથી આવવા દેતા. વાહન વચ્ચે ઉભું નહિ રાખવાનું. વાહનમાંથી ઉતરીને ચાલીને ફરવાનું નહિ. પાર્કમાં કેમ્પીંગ કરવાની છૂટ નથી. ઝાડ કાપવાની મનાઈ છે. પાર્ક બધા દિવસ સવારના ૮ થી સાંજના ૪ સુધી ખુલ્લો રહે છે. ચોમાસામાં જૂનના મધ્યથી ઓકટોબરના મધ્ય સુધી મુલાકાતીઓ માટે પાર્ક બંધ રહે

છે. પાર્ક જોવા માટે નવેમ્બરથી ફેબ્રુઆરી સારો સમય છે. એન્ટ્રી ફી ભરવાની હોય છે. ગાઈડ કરવો સારો. ફોટોગ્રાફી માટે આ સારી જગા છે. અહીં ઘણા પ્રોફેશનલ ફોટોગ્રાફર આવતા હોય છે.

આ નેશનલ પાર્ક વાંસદા-વઘઇ રોડને અડીને જ છે. બીલીમોરા-વઘઇ રેલ્વે પણ અહીંથી જ પસાર થાય છે. પાર્ક વાંસદાથી ૧૦ કી.મી. અને વઘઇથી ૩ કી.મી. દૂર છે. વાંસદામાં જમવાની સગવડ સારી છે.

તીથલ: ગુજરાતનો આ એક સરસ બીચ છે. બીચ સારો એવો લાંબો છે. દરિયાનાં મોજાંમાં નહાવાની મજા આવે એવું છે. અહીં લોકો ચાલવા માટે ખાસ આવે છે, ઘણા લોકો ફુટબોલ તથા બીચ ગોલ્ફ રમે છે, તો કોઈક વળી પતંગ ઉડાડે છે. બહુ સુંદર બીચ છે. અહીંની રેતી કાળાશપડતી છે. અહીં બહુ જ લોકો ફરવા માટે આવે છે. શનિ-રવિ અને રજાના દિવસોમાં ગિરદી વધુ હોય છે. બીચ આગળ ખાણીપીણીની ઘણી દુકાનો છે. ચોખ્ખાઈ ઠીક છે. બીચ આગળ પાર્કીંગની વ્યવસ્થા છે.




તીથલ બીચ

સ્વામીનારાયણ મંદિર

બીચ આગળ જ બંને સાઈડે એક એક મંદિર છે. એક સ્વામીનારાયણ મંદિર અને બીજું સાંઈબાબા મંદિર. સ્વામીનારાયણ મંદિરમાં જમવા માટે કેન્ટીન, રહેવા માટે રૂમો અને બાળકોને રમવા માટે સરસ ગ્રાઉન્ડ છે. સાંઇ મંદિરમાં પણ રહેવાજમવાની, બાળકોને રમવાની અને સત્સંગ હોલની સગવડ છે. સાંઇની આરસની મૂર્તિ એકદમ જીવંત લાગે છે. બાજુમાં શાંતિધામ મંદિર છે. બીચ આગળ હોટેલો પણ છે. અહીં ઘણું બાંધકામ થયેલું છે. અપંગ લોકો પણ બીચની મજા માણવા આવી શકે એ માટે વ્યવસ્થા કરવાનું ચાલુ છે. વલસાડથી તીથલ પશ્ચિમ તરફ ૭ કી.મી. દૂર છે.

પારનેરા ડુંગર: પારનેરા ડુંગર વલસાડથી ૭ કી.મી. દૂર દક્ષિણ દિશામાં અને અતુલ ગામથી ઉત્તર દિશામાં છે. ડુંગરની ઉંચાઇ આશરે ૩૦૦ મીટર જેટલી છે. ચડવા માટે પગથિયાં છે. વલસાડ બાજુથી આવો તો પારનેરા ગામથી ચડવાનું. અહીંથી વાહન ઉપર ના જાય, ૪૦૦ થી ૭૦૦ પગથિયાં ચડવાં પડે. અતુલ બાજુથી આવો તો વાહન અડધે ઉંચે સુધી જાય, પછી

માત્ર ૨૦૦-૩૦૦ પગથિયાં જ ચડવાનાં. અહીં નજીકમાં પાર નામની નદી વહે છે, એના પરથી આ ડુંગરનું નામ પારનેરા પડ્યું છે.



પારનેરા કિલ્લો



અંબિકા માતા મંદિર

ડુંગર પર કોઈ હિંદુ રાજાએ કિલ્લો બાંધેલો. ઉપર કિલ્લાના અવશેષો નજરે પડે છે. શિવાજી મોગલો સામેની લડાઈ દરમ્યાન અહીં રહેલા. કિલ્લાની બાંધણી એવી છે કે દુશ્મનો તેમાં ભાગ્યે જ પેસી શકે, અને કિલ્લામાં રહેલું લશ્કર દુશ્મનો સામે સહેલાઇથી લડી શકે. દુશ્મનોના ઘેરા વખતે શિવાજી બારીમાંથી સીધા તેમના ઘોડા પર કૂદીને ભાગ્યા હતા. ડુંગર પર ૩ તોપો દેખાય છે. અહીં એક વાવ છે. કહે છે કે વાવની નીચે શિવાજીના લશ્કરે ખજાનો દાટ્યો છે, જો કે હજુ સુધી કોઈ તે મેળવી શક્યું નથી. ડુંગર પર શીવ મંદિર, મહાકાળી માતા મંદિર અને અંબિકા માતા મંદિર તથા ચાંદ પીર બાવાની દરગાહ છે. નવરાત્રિની સાતમ-આઠમ વખતે અહીં મોટો મેળો ભરાય છે. એવું કહેવાય છે કે તે વખતે અહીં કાલિકા માતા ગુફામાંથી પ્રગટ થાય છે. વલસાડ અને આજુબાજુથી ઘણા લોકો મેળામાં આવે છે.

ડુંગર પર વાતાવરણ ખુશનુમા રહે છે. ટ્રેકર્સ માટે અને આધ્યાત્મિક બાબતો માટે આ આદર્શ સ્થાન છે. આ જગા સુરતથી ૧૦૦ કી.મી. દૂર છે. ડુંગર પર રહેવાની વ્યવસ્થા નથી, પણ મંદિરો આગળ ખાણીપીણી વેચનારા બેસે છે.

દેવકા બીચ, દમણ: દમણ અને દીવ એ કેન્દ્રશાસિત પ્રદેશ છે. દમણ લાંબા સમય સુધી પોર્ટુગીઝોના તાબામાં રહ્યું, એટલે અહીં પોર્ટુગીઝોના અવશેષો હજુ જોવા મળે છે. દમણ, વાપીથી પશ્ચિમમાં ૧૪ કી.મી. દૂર અરબી સમુદ્રને કિનારે આવેલું છે. અહીં દમણગંગા નદી અરબી સમુદ્રને મળે છે, આ નદી દમણની વચ્ચે થઇને વહે છે, આથી દમણ બે ભાગમાં વહેંચાઇ જાય છે, મોટી દમણ અને નાની દમણ. દરિયા કિનારે આવેલું હોવાથી, અહીં ઘણા બીચ છે, એમાં નાની દમણમાં આવેલો દેવકા બીચ વધુ જાણીતો છે. અહીં રેતી કાળી છે. બીચ થોડો ખડકાળ છે, નહાવું બહુ સલાહભર્યું નથી. બહુ જ લોકો આ બીચ પર ફરવા માટે આવે છે. ગિરદી પણ બહુ થાય છે, ગંદકી છે. જો કે સૂર્યાસ્ત જોવાની મજા આવે છે. બીચ પર માછલી વેચનારા હોય છે. દમણમાં દારૂ છૂટથી મળે છે. ખાસ તો લોકો પીવા માટે આવે

છે. લોકો દરિયા કિનારે બીયર પીતા પીતા સૂર્યાસ્ત જુએ છે. અહીં ખાણીપીણીની દુકાનો ખૂબ છે. બીચ પર ઉંટ અને ઘોડે સવારી થાય છે. બીચ આગળ ઘણી હોટેલો છે.

દમણમાં બીજો એક જાણીતો બીચ જામપોર બીચ છે. આ ઉપરાંત, અહીં બોમ જીસસ ચર્ચ, ફ્રીડમ મેમોરીયલ, લેડી ઓફ રોઝરી ચર્ચ, દીવાદાંડી, મોટી દમણનો કિલ્લો, પારગોલા ગાર્ડન વગેરે જોવા જેવી જગાઓ છે.

દૂધની: વાપીથી દક્ષિણમાં સીલવાસા થઈને મધુબન ડેમ અને દૂધની જવાય છે. વાપીથી સીલવાસા ૨૦ કી.મી. દૂર છે. સીલવાસા, કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીમાં આવેલું છે. સીલવાસાથી મધુબન ડેમ ૧૨ કી.મી. દૂર છે. આ ડેમ, મધુબન ગામ આગળ દમણગંગા નદી પર બાંધેલો છે, ડેમથી જે સરોવર ભરાય છે, એનું નામ મધુબન સરોવર છે. આ સરોવરને કિનારે ઉપરવાસમાં દૂધની ગામ છે. સીલવાસાથી દૂધની ૩૪ કી.મી. દૂર છે. દૂધની આગળ સરોવરમાં બોટીંગ અને વોટર સ્પોર્ટ્સની સગવડ છે. અહીં વોટર સ્કુટર અને સ્પીડ બોટની મજા માણવા મળે છે. આ જગા મીની કાશ્મીર જેવી લાગે છે. ઘણા લોકો અહીં સરોવરમાં વિહાર કરવા આવે છે. આથી અહીં રહેવા જમવાની ઘણી સગવડો ઉભી થઇ છે. અહીં ઘણી હોટેલો છે, ગવર્નમેન્ટ ગેસ્ટ હાઉસ પણ છે. મુંબઈથી ઘણા લોકો આ જગાએ આરામ ફરમાવવા પણ આવતા હોય છે. મુંબઈથી દૂધની આશરે ૧૮૦ કી.મી. દૂર છે. સીલવાસાથી પાંચ કી.મી.ના અંતરે સુંદર 'લેક ગાર્ડન' આવેલો છે. ઘણી ફિલ્મોના ગીતોનાં શુટીંગ અહીં થયેલાં છે. દૂધની જતાં વચ્ચે વૃંદાવન આવે છે ત્યાં કૃષ્ણ અને શીવનું મંદિર છે.

ફલધરા: ફલધરા એક પવિત્ર ભૂમિ છે. અહી જલારામ બાપાનું પ્રખ્યાત મંદિર આવેલું છે. મંદિર, સ્વર્ગવાહિની નદીમાંના એક બેટ પર છે, અને ત્યાં નાવમાં બેસીને જઇ શકાય છે. મંદિર બહુ વિશાળ છે અને જોવા જેવું છે. પાર નદી ફલધરાની નજીકથી પસાર થાય છે. ફલધરા, વલસાડથી ૨૩ કી.મી., અતુલથી ૨૦ કી.મી. અને ધરમપુરથી ૧૩ કી.મી. દૂર છે.

વિલ્સન હીલ: વિલ્સન હીલ એ ટેકરી પર આવેલી જગા છે. ધરમપુરથી વિલ્સન હીલ ૨૪ કી.મી. દૂર છે. આ રસ્તે જતાં, વચ્ચે બરૂમાળ, જોડિયા ધોધ અને શંકર ધોધ જવાના ફાંટા પડે છે. રસ્તો ચડાણવાળો છે. છેક



દૂધની



જલારામ મંદિર, ફલધરા

સુધી સરસ પાકો રોડ છે. રસ્તામાં એક ‘વેલી વ્યૂ’ પોઈન્ટ આવે છે. અહીં ૩ માળનો એક ટાવર બાંધ્યો છે. તેના પરથી બાજુની ખીણનો સુંદર નઝારો નજરે પડે છે. જોડે એક સરસ મંડપ પણ છે. વિલ્સન હીલ પર સપાટ મેદાન છે, આ મેદાનમાં જૂના જમાનાનું, પત્થરનું બનેલું ગેટ જેવું એક સરસ સ્મારક છે. વિલ્સન નામના અંગ્રેજે આ બાંધકામ કરાવ્યું હશે, એવું અનુમાન કરી શકાય. આઠેક પગથિયાં ચડી, ઉપર બેસી શકાય એવી સુંદર જગા છે. હીલના મેદાનમાં એક રેસ્ટોરન્ટ છે. આજુબાજુ ખીણ છે. આ ખીણમાં થોડે સુધી ઉતરી ખીણના નાકે જવાય એવુ છે. અહીં બેસીને આજુબાજુનાં દ્રશ્યો સરસ દેખાય છે. ફરવા માટે આ સરસ જગા છે. વિલ્સન હીલ જોવા આવો ત્યારે સાથે સાથે બરૂમાળ, જોડિયા અને શંકર ધોધ પણ જોઈ લેવાય.

બરૂમાળ: ધરમપુરની નજીક આવેલું બરૂમાળ એક ધાર્મિક અને પવિત્ર સ્થળ છે. ધરમપુરથી તે માત્ર ૭ કી.મી. દૂર છે. ધરમપુરથી વિલ્સન હીલના રસ્તે પાંચેક કી.મી. જેટલું ગયા પછી સાઈડમાં બરૂમાળનો રસ્તો પડે છે. બરૂમાળ ભાવભાવેશ્વરના શીવ મંદિર માટે પ્રખ્યાત છે. આ શીવ મંદિર એ તેરમું જ્યોતિર્લિંગ ગણાય છે. બરૂમાળ મંદિર સદગુરુધામ તરીકે પણ જાણીતું છે. મંદિર બહુ જ સુંદર અને વિશાળ છે. મંદિરનું પ્રવેશદ્વાર ખૂ જ ભવ્ય છે. બે બાજુ બે હાથી, વરમાળા લઇ ભક્તોનું સ્વાગત કરવા ઉભા હોય એવું સ્થાપત્ય છે. વિશાળ કોરીડોરમાં પસાર થયા પછી, વીસેક પગથિયાં ચડી, મંદિરના હોલમાં અવાય છે. ગર્ભગૃહમાં તેરમું જ્યોતિર્લિંગ બિરાજમાન છે. શીવલીંગ અષ્ટ ધાતુનું બનેલું છે અને ૬ ટન વજન ધરાવે છે. મહાદેવ ભગવાન ભાવભાવેશ્વર દરબાર ભરીને બેઠા હોય એવું લાગે છે. એમની આજુબાજુ ગણપતિ, રિદ્ધિસિદ્ધિ, રામસીતા, દ્વારકાધીશ, રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, મા કાલી, નવ ગ્રહ, સૂર્યનારાયણ, બદ્રીનાથ, જગન્નાથ, દત્તાત્રેય અને શંકરાચાર્યનાં નાનાં મંદિરો છે. મંદિરની પાછળ કૈલાસ પર્વત પર ૧૨ જ્યોતિર્લિંગની સ્થાપના કરેલી છે. મા વૈશ્નોદેવી અને દુર્ગામાતાની પણ મૂર્તિઓ છે. મંદિરમાં અભિષેક પૂજા કરવાની વ્યવસ્થા છે. મંદિરની પરસાળમાં વિવિધ વસ્તુઓ તથા ઔષધિઓની દુકાન છે. આ બધી ચીજો મંદિર સંકુલમાં જ તૈયાર થાય છે.





વિલ્સન હીલ   ભાવભાવેશ્વર મંદિર, બરૂમાળ

બરૂમાળનું આ સદગુરુધામ સ્વામી શ્રી વિદ્યાનંદ સરસ્વતીજી મહારાજે ૧૯૯૪માં સ્થાપ્યું છે. આ ધામની સ્થાપના સનાતન હિંદુ ધર્મના પ્રચાર અને આદિવાસી સમાજના સ્વાસ્થ્ય, શિક્ષણ અને સંસ્કાર સિંચનના હેતુથી થઇ છે. અહી પ્રાથમિક તથા માધ્યમિક શાળા, પીટીસી તથા બીએડ કોલેજ, કન્યા છાત્રાલય, મેડીકલ સેન્ટર, મોબાઈલ ડીસ્પેન્સરી વાન, આંખ નિદાન કેમ્પ જેવી સંસ્થાઓ ઉભી કરી છે, તથા અનાજ અને કપડાં વિતરણ, વ્યસન અને માંસાહાર મુક્તિ અભિયાન, હિંદુ સંસ્કૃતિ પ્રત્યે જાગૃતિ જેવી સેવાકીય પ્રવૃત્તિઓ ચાલે છે. સ્વામી વિદ્યાનંદજીએ સ્વામી શ્રી અખંડાનંદ સરસ્વતીજીને પોતાના ગુરુ માનેલા. મંદિરમાં બ્રહ્મલીન અખંડાનંદજી મહારાજની મૂર્તિ પણ છે.

મંદિરમાં રહેવાજમવાની વ્યવસ્થા છે. નાસ્તા માટે કેન્ટીન પણ છે. જમવાનું શુદ્ધ અને સાત્વિક હોય છે, જમવાની જગા ખૂબ જ ચોખ્ખી છે. રહેવાની રૂમો પણ ખૂબ જ સુઘડ અને સ્વચ્છ છે. ગાદલાં, પલંગો, સંડાસ, બાથરૂમ બધું જ સરસ છે. ક્યારેક અહીં અઠવાડિયું રહેવા આવવું જોઈએ, અને અહીંની સેવા પ્રવૃત્તિમાં જોડાવું જોઈએ, એવું લાગ્યા વગર નહિ રહે.

જોડિયા ધોધ: અહીં બે ધોધ જોડે જોડે હોવાથી એને જોડિયા ધોધ કહે છે. ચોમાસામાં આ ધોધનો માહોલ બહુ જ ભવ્ય લાગે છે. ત્યારે ઘણા લોકો આ ધોધ જોવા આવે છે. ધરમપુરથી વિલ્સન હીલ જવાના રસ્તે બાર કી.મી. દૂર આ ધોધ આવેલો છે. બિલપુડી ગામ આગળ મુખ્ય રસ્તેથી સાઈડમાં વળી જવાનું અને આ રસ્તે ૨ કી.મી. જવાનું, એટલે ધોધ આગળ પહોંચી જવાય. આ ૨ કી.મી.નો રસ્તો જરા સાંકડો છે, પણ ગાડી જઇ શકે. ધોધ આવતા પહેલાં ગાડી થોડે દૂર મૂકી દેવાની અને થોડુક ચાલી નાખવાનું. ધોધનું પાણી નીચે સપાટ ખડક પર પડી આગળ વહી જાય છે, એટલે અહીં ધોધમાં ઉભા રહી આરામથી નાહી શકાય છે. પાણી વધારે હોય તો પણ નહાવાનું શક્ય છે. અહીં ચારે તરફ સરસ લીલોતરી છવાયેલી છે. ધોધ જોવાની મજા આવે એવું છે. સહેલાણીઓ માટે આ સરસ આકર્ષક જગા છે. ચોમાસામાં પ્રકૃતિપ્રેમીઓ માટે કુદરતને માણવા માટે આ બહુ જ સુંદર સ્થળ છે. જોડિયા ધોધ જોવાનો લ્હાવો જિંદગીભર યાદ રહી જાય એવો છે.

આ ધોધને બિલપુડી ધોધ પણ કહે છે. ધોધની નજીક માવલી માતાનું મંદિર છે. એટલે એને માવલી ધોધ પણ કહે છે.

બહાર મુખ્ય રસ્તા પર આ ધોધનું ક્યાંય બોર્ડ મારેલું નથી. એટલે અહીંના સ્થાનિક લોકોને પૂછી પૂછીને આ સ્થળ શોધવું પડે છે. બહાર બોર્ડ લગાડવાનું તથા ખાવાપીવાની અને બીજી થોડી સગવડો ઉભી કરવામાં આવે તો આ ધોધ જોવા આવનારા પ્રવાસીઓની સંખ્યા વધી શકે. વલસાડથી આ ધોધ ૩૪ કી.મી. દૂર છે. આ ધોધ જોવા માટે જૂનથી નવેમ્બર સારો સમય છે.



જોડિયા ધોધ



શંકર ધોધ

શંકર ધોધ: આ ધોધ ખાસ જાણીતો નથી, પણ જોવા જેવો છે. કુદરતી સૌન્દર્યસભર જગાએ આવેલો આ ધોધ બહુ જ સુંદર લાગે છે. ધરમપુરથી શંકર ધોધ ૩૦ કી.મી. દૂર છે. ધરમપુરથી વિલ્સન હીલના રસ્તે, હીલ નજીક આવતાં બે ફાંટા પડે છે, ડાબો ફાંટો વિલ્સન હીલ તરફ અને જમણો ફાંટો શંકર ધોધ તરફ જાય છે. અહીંથી શંકર ધોધ ૬ કી.મી. દૂર છે. રસ્તામાં વાઘવડ ગામ આવે છે. વાઘવડમાં રંગ અવધૂતની કુટીર અને દત્ત મંદિર છે. વાઘવડ પછીનો એકાદ કી.મી.નો રસ્તો થોડો ખરાબ છે, પણ ગાડી જઇ શકે.

ધોધની નજીક પહોંચ્યા પછી, ગાડી મૂકી દેવાની, અને અડધો કી.મી. જેટલું ચાલવાનું. એટલે સાઈડમાંથી, ઉપરવાસમાંથી ધોધ નીચે પડતો દેખાશે. ધોધનું પાણી બે ધારાઓમાં આશરે વીસેક મીટર જેટલું નીચે પડે છે. આજુબાજુ ગીચ જંગલઝાડી છે. ધોધને બિલકુલ સામેથી જોવો હોય તો હજુ અડધો કી.મી. જેટલું ઢાળમાં ઉતરીને નીચવાસમાં ધોધની સામે આવવાનું. અહીંથી ધોધ બિલકુલ સામેથી દેખાય છે. ધોધનું આ દ્રશ્ય બહુ જ સુંદર લાગે છે. ધોધ આગળ જંગલ જ છે. કોઈ જ વ્યવસ્થા નથી. એટલે ધોધ જોઇને પાછા વળવાનું.

૨૦. સુરેન્દ્રનગર જીલ્લો

ચોટીલા ડુંગર: ચોટીલા ગામની બાજુમાં એક ડુંગર છે, તેના પર ચામુંડા માતાનું મંદિર આવેલું છે. આ મંદિર ઘણું જ પ્રખ્યાત છે. ચામુંડા માતા એ શક્તિનો એક અવતાર છે. ચામુંડા એ દુર્ગામાતાનું બીજું સ્વરૂપ છે. મા પાર્વતીએ ચંડી અને ચામુંડા માતાઓના સ્વરૂપે, ચંડ અને મુંડ નામના બે રાક્ષસોનો સંહાર કર્યો હતો. આથી ચામુંડા માતા ચંડીચામુંડા પણ કહેવાય છે. એમનું આ સ્થાનક છે. માતા સ્વયંભૂ છે.

૬૩૪ પગથિયાં ચડીને ડુંગર પરના મંદિરે પહોંચાય છે. સાંજે માંની આરતી થાય છે. માંનું વાહન સિંહ છે, મંદિરની સામે સિંહની મૂર્તિ છે. મંદિર આખું વર્ષ યાત્રીઓથી ઉભરાય છે, નવરાત્રિ વખતે તો અહીં ભારે ભીડ થાય છે. રોજેરોજ અહીં હજારો યાત્રાળુઓ દર્શને આવતા હોય છે. અહીં ભક્તો માતાજીનાં દર્શન કરી, પોતાની મનોકામના પૂરી કરવા માતાજીના આશીર્વાદ માંગે છે. ઉપર ચડવાના પ્રવેશ આગળ ઘણી દુકાનો લાગેલી છે, એમાં માતાજીની ચુંદડી, કંકુ, નાળીયેર, પૂજા સામગ્રી, પ્રસાદ, કેસેટો વગેરે મળે છે. ખાણીપીણીની પણ ઘણી દુકાનો છે. બાજુમાં પાર્કીંગ છે. મંદિરનું રીનોવેશન થયું છે, પગથિયાં સારાં બનાવાયાં છે, ઉપર ચડતાં ચડતાં તાપ ન લાગે એ માટે, પગથિયાં પર છેક સુધી છાપરું બન્યું છે, રેલીંગ પણ છે.



ચોટીલા ડુંગર

માંનું મંદિર નીચે પણ છે, જે લોકો પગથિયાં ના ચડી શકે, તેઓ અહીં દર્શન કરી શકે છે. ઉપર ચડાનારાએ પણ નીચે દર્શન કરવાં જોઈએ, તો જ યાત્રા પૂર્ણ થયેલી ગણાય છે. ચામુંડા માતા ઘણા હિંદુઓની કુળદેવી છે. મંદિરમાં ફોટા પડવાની મનાઈ છે. ડુંગર પર અને ચોટીલામાં યાત્રિકો માટે રહેવાજમવાની સારી સગવડ છે. ચોટીલા અમદાવાદ-રાજકોટના

મેઈન રોડ પર જ છે. ચોટીલા સુરેન્દ્રનગરથી ૬૧ કી.મી., લીમડીથી ૬૮ કી.મી. અને રાજકોટથી ૫૬ કી.મી. દૂર છે. ચોટીલા કવિ ઝવેરચંદ મેઘાણીનું જન્મસ્થળ છે.

તરણેતરનો મેળો અને ત્રિનેત્રેશ્વર મહાદેવ: સુરેન્દ્રનગર જીલ્લાના થાન (થાનગઢ) ગામથી ૧૦ કી.મી. દૂર ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. અહીં દર વર્ષે ભાદરવા સુદ ચોથ, પાંચમ અને છઠ્ઠ એમ ત્રણ દિવસ મેળો ભરાય છે. આ મેળો 'તરણેતરના મેળા' તરીકે ઓળખાય છે, અને તે ભારતમાં તથા વિદેશોમાં પણ જાણીતો છે. મંદિરમાં ત્રણ આંખોવાળા શંકર ભગવાન બિરાજે છે, એટલે તેમને ત્રિનેત્રેશ્વર કહેવાય છે. મંદિરની દિવાલો પર દેવદેવીઓનાં શિલ્પો કંડારેલાં છે. એવી કથા છે કે દ્રૌપદીનો સ્વયંવર અહીં યોજાયો હતો, અને પાંડવ અર્જુન મત્સ્યવેધ કરી, સ્વયંવરમાં જીત્યો હતો. મંદિર આગળ પાણીનો મોટો કુંડ છે, એમાં નહાવાનો મહિમા છે. મેળાના દિવસોમાં લાખો લોકો મહાદેવનાં દર્શન કરે છે.



તરણેતરનો મેળો

તરણેતરના મેળામાં લોકો રંગબેરંગી કપડાં પહેરીને ફૂલફટાક થઈને આવે છે, અને અર્જુનની જેમ, પોતાને પણ અહીં યોગ્ય જીવનસાથી મળી જાય એવી આશા રાખે છે. અહીં જાતજાતની દુકાનો હોય છે, એમાં બંગડીઓ, ગળાનો હાર, ઘરેણાં, બિંદી, કંકુ, કપડાં એમ ઘણી વસ્તુઓ વેચાતી હોય છે. અહીં શણગારેલી છત્રી અને ગાડાં જોવા મળે છે. ચગડોળ હોય છે. લોકો ખરીદી કરે છે, ગરબા ગાય છે, ગીતો લલકારે છે, નાચે છે, ખેલ કરે છે અને આનંદ માણે છે. કેટલાયે વિદેશી સ્ત્રીપુરુષો પણ આ મેળામાં ઘુમતાં જોવા મળે છે. તેઓને ભારતની ભાતીગળ સંસ્કૃતિ જોવાની અને જાણવાની મજા આવે છે. લોકો ફોટા પડે છે, છાપાંઓમાં પણ તરણેતરના મેળાની વાતો અને વિગતો છપાય છે. આમ આ મેળો એ એક અનોખો પ્રસંગ છે. એક વાર આ મેળો જરૂર માણવા જેવો છે. ત્રિનેત્રેશ્વર મંદિરની બાજુમાં નદી વહે છે. મેળાની જગામાં શ્રી ખાખરીયા હનુમાન મંદિર છે. ચોટીલાથી થાન ૨૨ કી.મી. દૂર છે.



ત્રિનેત્રેશ્વર મહાદેવ

ઝરિયા મહાદેવ: ઝરિયા મહાદેવ, ચોટીલાથી થાનગઢના રસ્તે આશરે ૧૪ કી.મી. દૂર આવેલું છે. અહીં નીચે એક નાનકડી પત્થરની ગુફામાં શંકર ભગવાન બિરાજે છે. રેલીંગ આગળ ઉભા રહીને દર્શન થાય છે. થોડાં પગથિયાં ઉતરીને ગુફા આગળ જવાય છે. બાજુમાં એક પીપળો છે. પીપળાના થડ પરથી અને ગુફાની છત પરથી બારે માસ પાણી ઝમીને આવે છે અને તેનો લીંગ પર અભિષેક થાય છે. એથી એને ઝરિયા મહાદેવ કહે છે. આ પાણી શુદ્ધ મીનરલ વોટર જેવું છે. અહીં લાઈટની વ્યવસ્થા નથી. તેથી દર્શન કરવામાં પૂરતું અજવાળું નથી મળતું. મંદિર નજીક જંગલઝાડી ખૂબ જ છે. ગૌશાળા અને બેચાર દુકાનો છે. અહીં શીવજીનાં દર્શન કરીને મનને અપાર શાંતિ મળે છે. અહીં બેઘડી બેસવાનું મન થાય એવું છે.

ભીમોરા: ચોટીલા પાંચાળ પંથક કહેવાય છે. પાંચાળ નરેશની પુત્રી દ્રૌપદીનું બીજું નામ પાંચાલી હતું. આથી દ્રૌપદીનું પિયર ચોટીલા પંથક હોવાની પણ દંતકથા છે. ચોટીલા સાથે વિવિધ લોકકથાઓ જોડાયેલી છે. એક કથા એવી છે કે પાંડવો જયારે ગુપ્તવેશે પરિભ્રમણ કરતા હતા ત્યારે તેઓએ ચોટીલા પાસેના ભીમોરા ગામમાં વસવાટ કર્યો હતો. આ જગાએ પાંડવોની માતા કુંતા જ્યાં રસોઈ બનાવતાં હતાં તે રસોડું અત્યારે પણ જોવા મળે છે. તેવી જ રીતે ભીમ જે પત્થરની રીક્ષામાં ફરતો હતો, તે ભીમરીક્ષા પણ હાલ અહીં મોજૂદ છે. વળી, માતા કુંતા છાશ વલોવતાં હતાં ત્યારે છાશ ભરેલી માટીની ગોળીની નીચે રાખવા ભીમને એક કાંકરી લાવવા કહ્યું હતું. ત્યારે પડછંદ કાયા અને વિરાટ બાહુબળ ધરાવતા ભીમ કાંકરીને બદલે એક વિશાળ શીલા ઉપાડી લાવ્યા હતા. પત્થરની આ શીલા પર ભીમનાં પાંચ આંગળાંની છાપ પડી ગઈ હતી. આ છાપવાળો પત્થર પણ હાલ ભીમોરામાં જોવા મળે છે. આ કથાઓ ભલે સત્ય હોય કે ના હોય, પણ આવી





ઝરિયા મહાદેવ

વાતો જાણવા અનેક શાળાના વિદ્યાર્થીઓ ભીમોરા આવતા હોય છે. આમ, ભીમોરા એક જોવા જેવું સ્થળ બની ગયું છે. ભીમોરા, ચોટીલાથી જસદણના રસ્તે આશરે ૧૩ કી.મી. દૂર આવેલું છે.



ભીમની રીક્ષા, ભીમોરા

રાજરાજેશ્વર ધામ, જાખણ: અમદાવાદથી રાજકોટના રસ્તે, લીમડી આવવાના ૮ કી.મી. બાકી રહે ત્યારે રોડની ડાબી બાજુ જાખણ ગામમાં રાજરાજેશ્વર ધામ નામનું મંદિર આવે છે. અમદાવાદથી આ મંદિરનું અંતર આશરે ૧૦૦ કી.મી. છે. ૨૦૦૭માં બનેલું આ મંદિર બહુ જ ભવ્ય છે. અહીં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં મંદિરો છે. આ ત્રણે દેવોનું મંદિર એકસાથે હોય એવું આ એક જ સ્થળ છે. મંદિરમાં દર્શન કરીને મન આનંદ અનુભવે છે. ઘણા લોકો અહીં દર્શને આવે છે. મુખ્ય મંદિરની પાછળ સર્વધર્મ મંદિર છે.



રાજરાજેશ્વર ધામ, જાખણ

મલાવ અને કાયાવરણના રાજર્ષિ મુનિના માર્ગદર્શન હેઠળ આ મંદિર ચાલે છે. મંદિર ઉપરાંત, અહીં યોગ વિદ્યાલય, યોગને લગતો પ્રદર્શન હોલ, સ્કુલ, હોસ્પિટલ અને લાયબ્રેરી છે, એક રેસીડેન્શીયલ સ્કુલ બની રહી છે. અહીં દેશની બધી નદીઓનાં પાણી લાવીને બનાવેલું એક સરોવર છે. વિશાળ ખુલ્લું કંપાઉન્ડ અને બાગબગીચા ધરાવતું નૈસર્ગિક વાતાવરણ છે. અહીં જમવા અને રહેવાની વ્યવસ્થા છે. દર્શને આવનાર દરેકને ફ્રી જમવાનું મળે છે.

રાજમહલ પેલેસ, વઢવાણ: વઢવાણનો આ મહેલ રાજા બાલસિંહજીએ ૧૯મી સદીમાં બંધાવેલો છે. હાલ તે હેરીટેજ હોટેલમાં ફેરવાઈ ગયો છે. મહેલનો દરબારહોલ જોવા જેવો છે, હોલની છત સરસ રીતે ચીતરેલી છે. દિવાલો ફૂલ સાઈઝનાં પોર્ટ્રેઈટથી શોભે છે. રોયલ સિંહાસન છે. થાંભલાઓવાળી મોટી પરસાળમાં આરસનાં પૂતળાં પ્રેક્ષકોનું તરત જ ધ્યાન ખેંચે છે. મહેલના વિશાળ ગ્રાઉન્ડમાં ટેનીસ કોર્ટ, તળાવ, ફુવારા, કર્મચારીઓનાં રહેઠાણો, ક્રિકેટ પીચ વગેરે છે. તળાવમાં કમળો છે. એકબાજુ જૂની વિન્ટેજ કારોનો સંગ્રહ અને ઓટોમોબાઈલનાં પુસ્તકોની લાયબ્રેરી છે. હોટેલમાં સગવડ સારી છે. ૧૨ રૂમો છે, ગાર્ડન રેસ્ટોરન્ટ છે, જમવામાં ગુજરાતી ડીશ મળે છે. આ ઉપરાંત, સ્વીમીંગ પૂલ, બિલીયર્ડ રૂમ, લોન્ડ્રી રૂમ, બ્યુટી પાર્લર, લોકર, પોસ્ટલ સેવા, મની એક્સચેઈન્જ, રેન્ટલ કાર, આજુબાજુ ફરવા માટેની સગવડ અને ડોક્ટરને બોલાવવાની સગવડ છે. લગ્નમાટે હોલ મળે છે. હોટેલનો માહોલ બહુ જ સરસ છે. અહીં દોરદમામ સાહ્યબીમાં રહ્યાનો અનુભવ થાય છે. વઢવાણ વીરમગામથી ૬૫ કી.મી. દૂર છે.



રાજમહલ પેલેસ, વઢવાણ

૨૧. રળિયામણું રાજકોટ

જ્યુબિલી ગાર્ડન: આ જૂનો બ્રિટીશ જમાનાનો ગાર્ડન છે. શહેરની મધ્યમાં આવેલો છે. પહેલાં આ ગાર્ડન બહુ સરસ હતો, આજે જાળવણીનો અભાવ લાગે છે. અહીંનું કુદરતી સૌન્દર્ય સરસ છે. અંદર રસ્તાઓ અને ઝાડ છે. શિયાળામાં ફૂલોને લીધે બગીચો સુંદર લાગે છે. ગાર્ડનમાં પબ્લીક લાયબ્રેરી અને ઓડીટોરીયમ છે. બગીચામાં બેસવા અને ચાલવાની સરસ સગવડ છે. લોકો અહીં ચાલવા અને આરામ ફરમાવવા આવે છે. આ ગાર્ડન નાના અને મોટા સહુને ગમે એવો છે. આ વિસ્તારની ચીકી અને ચેવડો પ્રખ્યાત છે.



જ્યુબિલી ગાર્ડન

વોટસન મ્યુઝીયમ: આ મ્યુઝીયમ જ્યુબિલી ગાર્ડન પાસે વિક્ટોરિયા મેમોરીયલ બિલ્ડીંગમાં આવેલું છે. ઈ.સ. ૧૮૮૧થી ૧૮૮૯ દરમ્યાન કાઠીયાવાડના બ્રિટીશ પોલીટીકલ એજન્ટ કર્નલ વોટસનના માનમાં આ મ્યુઝીયમનું નામ રખાયું છે. વોટસન ઈતિહાસના અભ્યાસુ હતા, તેમને રાજકોટને લગતી માહિતી ભેગી કરવાનો શોખ હતો. તેમણે એકઠી કરેલી ઘણી વસ્તુઓ આ મ્યુઝીયમમાં છે. મ્યુઝીયમ ૧૮૯૩માં પબ્લીક માટે ખુલ્લું મૂકાયેલું. અહીં પ્રવેશદ્વાર આગળ બે ય સાઈડે રાખેલાં સિંહનાં સ્ટેચ્યુ તરત જ ધ્યાન ખેંચે છે. મોહેનજોદેડો અને હડપ્પા સંસ્કૃતિના અવશેષો, ૧૩મી સદીનાં કોતરકામ, સ્ટેચ્યુ, પહેરવેશ, ગ્રામ્ય લોકોનાં ઘર, સિક્કા, શિલ્પો, લખાણો, સંગીતનાં સાધનો, ખડકો, શસ્ત્રો, ચિત્રો, જાજમ, ખુરશી, ઘરેણાં એમ ઘણી ચીજો પ્રદર્શનમાં મૂકેલી છે. લાયબ્રેરી પણ છે. આ બધામાંથી સૌરાષ્ટ્રનો ઈતિહાસ જાણવા મળે છે. ઈતિહાસ શોખીનોને આ બધું જરૂર ગમશે. અહીં ડેસ્ક પરથી મ્યુઝીયમનાં પ્રકાશનો વેચાતાં મળે છે. મ્યુઝીયમનો વહીવટ ગુજરાત સરકારને હસ્તક છે. દર વર્ષે અહીં જાન્યુઆરીમાં ભારતીય શિલ્પ સમૃદ્ધિ સપ્તાહ ઉજવાય



વોટસન મ્યુઝીયમ

છે. મ્યુઝીયમ જોવાનો સમય સવારે ૯ થી ૧ અને બપોર પછી ૩ થી ૬ સુધીનો છે. મ્યુઝીયમ રવિવાર, જાહેર રજાઓ તથા મહિનાના બીજા-ચોથા શનિવારે બંધ રહે છે. રાજકોટમાં આ જોવા જેવું સ્થળ છે. વિદેશીઓ પણ આ મ્યુઝીયમ જોવા આવે છે. કબા ગાંધીનો ડેલો અને મોહનદાસ ગાંધી હાઈસ્કુલ અહીંથી નજીક જ છે.

કબા ગાંધીનો ડેલો: મહાત્મા ગાંધીજીના પિતા કરમચંદ ગાંધી કબા ગાંધી તરીકે ઓળખાતા હતા. તેઓ જયારે રાજકોટના રાજાના દિવાન તરીકે કામ કરતા હતા ત્યારે અહીં રહેતા હતા, એટલે તેમના નામ પરથી આ ડેલો કબા ગાંધીનો ડેલો કહેવાય છે. ડેલો એટલે રહેઠાણ. ગાંધીજી નાનપણમાં જયારે રાજકોટમાં ભણતા હતા ત્યારે પિતાની સાથે અહીં ૧૮૮૧ થી ૧૮૮૭ સુધી રહ્યા હતા. આ ડેલો એ સૌરાષ્ટ્રના ઘરની ઢબનું ઘર છે.

ગાંધીજી અહીં રહ્યા હોવાને લીધે આ જગાનું ઐતિહાસિક મહત્વ ઘણું છે. આ એક રાષ્ટ્રીય સ્મારક છે. આ જગા તમને એ જમાનાના ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવે છે. ગાંધીજીની ઘણી સ્મૃતિઓ અહી સંકળાયેલી છે. ડેલાનું રીનોવેશન કરાયેલું છે. આ જગા અત્યારે ગાંધી સ્મૃતિ નામના મ્યુઝીયમમાં ફેરવાઈ ગઈ છે. ગાંધીજીની જિંદગીના ઘણા પ્રસંગોના ફોટા અહીં ટાંગેલા છે. તેમની ઘણી વસ્તુઓ અહીં પ્રદર્શનમાં મૂકેલી છે. અત્યારે અહીં છોકરીઓ માટે સીવણ અને ભરતકામના વર્ગો પણ ચાલે છે. આ ડેલો શહેરની મધ્યમાં ઘીકાંટા રોડ પર આવેલો છે.



કબા ગાંધીનો ડેલો

મોહનદાસ ગાંધી હાઈ સ્કુલ: આ એ જ સ્કુલ છે, જ્યાં મહાત્મા ગાંધીજી ઈ.સ.૧૮૮૭ સુધી ભણ્યા હતા. ત્યારે તે રાજકોટ હાઈ સ્કુલ તરીકે ઓળખાતી હતી. ૧૯૦૭થી તેનું નામ બદલીને આલ્ફ્રેડ હાઈ સ્કુલ થયું. ૧૯૫૭માં ભારત સ્વતંત્ર થયું ત્યારે તેનું નામ ગાંધીજીની યાદમાં મોહનદાસ ગાંધી હાઈ સ્કુલ કરવામાં આવ્યું. આમ, આ ખૂબ જ જૂની સ્કુલ છે, અને તેનું ઐતિહાસિક મહત્વ છે. આ સ્કુલ જોઈએ ત્યારે એક રોમાંચ થાય છે કે ગાંધીજી જેવા મહાન સ્વાતંત્ર્ય વીર આ સ્કુલમાં ભણ્યા હતા ! ગાંધીજીની યાદગીરીરૂપે આ સ્કુલ જોવી જોઈએ. સ્કુલનું બાંધકામ યુરોપિયન મકાન જેવું છે. સ્કુલના ક્લાસરૂમ હજુ એવા ને એવા જ રહેવા દીધા છે. વચ્ચેના મુખ્ય હોલમાં દિવાલ પર ગાંધીજીનું ખાસ પસંદ ભજન "વૈષ્ણવ જન તો તેને રે કહીએ..." લખેલું છે.



મોહનદાસ ગાંધી હાઈસ્કુલ

રેસ કોર્સ ગ્રાઉન્ડ : શહેરની વચ્ચે આવેલુ આ ગ્રાઉન્ડ રાજકોટનું મહત્વનું ટુરિસ્ટ આકર્ષણ છે. અહીં ઇન્ડોર સ્ટેડીયમ, ક્રિકેટ, ફુટબોલ, વોલીબોલ અને હોકીનાં મેદાનો છે, બાળકો માટે બાલ ભવન, ટ્રાફિક પાર્ક અને ફન વર્લ્ડ વગેરે છે તથા સ્વીમીંગ પૂલ અને જીમ છે. અહીં બગીચો અને ચાલવા માટેની ટ્રેલ છે. રાતના રોશની થાય છે. ગ્રાઉન્ડમાં બધે બેસવાની

વ્યવસ્થા છે, એટલે વૃધ્ધો તથા જુવાનિયા બધાને આરામ ફરમાવવાની મજા આવે છે. લોકો પરિવાર સહીત અહીં ફરવા આવે છે.



રેસ કોર્સ ગ્રાઉન્ડ

કોમ્યુનીટી સાયન્સ સેન્ટર અને પ્લેનેટોરીયમ: રેસ કોર્સ વિસ્તારમાં આવેલું આ સેન્ટર ૧૯૯૨માં શરુ થયું હતું. અહીં બાળકોને શૈક્ષણિક કાર્યક્રમો, વર્કશોપ અને સેમિનારો દ્વારા વિજ્ઞાન અને ગણિત શીખવાની તક મળે છે. અહીં આર્યભટ્ટ સાયન્સ મ્યુઝીયમ છે. તેમાં વિજ્ઞાનના સિદ્ધાંતો સમજાવતાં મોડેલ રાખેલાં છે. અહીં ઇલેક્ટ્રોનીક્સ, ગણિત, ભૌતિક, રસાયણ અને જીવશાસ્ત્રને લગતી પ્રયોગશાળાઓ છે. છોકરાઓ જાતે પ્રયોગો કરી શકે છે. પ્લેનેટોરીયમમાં અવકાશ, સૂર્યમાળા અને બ્રહ્માંડને લગતી માહિતી મળે છે. અહીં ગ્રહોની ગતિ અને તેની અસરોને લગતા તથા અન્ય દ્રશ્ય શ્રાવ્ય શો યોજાય છે. સેન્ટરમાં પુસ્તકો અને વિજ્ઞાન સામયિકોને સમાવતી લાયબ્રેરી છે, ઓડીટોરીયમ છે, ઓપન એર સભાગૃહ છે, પ્રદર્શન ખંડ છે, અવકાશદર્શન માટેનો ટાવર છે, અને મોડેલ્સ બનાવવા માટે વર્કશોપ છે. સેન્ટરનો સમય સવારના ૧૦ થી સાંજના ૪ સુધીનો છે, સોમવારે બંધ રહે છે.

રાષ્ટ્રીય શાળા: ઐતિહાસિક મહત્વ ધરાવતી આ શાળા યાજ્ઞિક રોડ આગળ આવેલી છે. આ સ્કુલનું જૂનું મકાન છે. આ શાળાના એક રૂમમાં ગાંધીજી એક વાર ઉપવાસ પર બેઠા હતા. તેમની યાદમાં અત્યારે આ રૂમમાં ગાંધીજીને લગતી ચીજો મૂકેલી છે. તે જમાનામાં આ શાળાના બે ઉદ્દેશ્ય હતા, એક ગાંધીજીના વિચારો પર આધારિત શિક્ષણ આપવું અને બીજું દેશની સ્વતંત્રતા માટે સત્યાગ્રહની ચળવળ ચલાવવી.

શાળામાં એક મધ્યસ્થ હોલ છે. પ્રાર્થના કે મીટીંગ માટે આ હોલ ભાડે લઇ શકાય છે. ચોગાનમાં પણ કોઈ ફંક્શન ગોઠવી શકાય છે. આજે આ શાળામાં બાલ મંદિર, સંગીત, ભારતનાટ્યમ, પટોળાં તાલીમ, તેલની ઘાણીનું શિક્ષણ અને એવા બધા સાંસ્કૃતિક વર્ગો ચાલે છે. લાયબ્રેરી અને ખાદી મંદિર પણ છે.

રામકૃષ્ણ આશ્રમ અને જગત મંદિર: યાજ્ઞિક રોડ પર આવેલો આ આશ્રમ એક આધ્યાત્મિક કેન્દ્ર છે. તેની સ્થાપના ૧૯૨૭માં થઇ હતી. રામકૃષ્ણ પરમહંસ એ સ્વામી વિવેકાનંદના ગુરુ હતા. તેઓ માનતા કે જગતના બધા ધર્મો સરખા છે. તેમની આ વાત અહીં શીખવાડાય છે. આ આશ્રમમાં જગત મંદિર ૧૯૭૯ થી શરુ થયું હતું. તેનું ખરું નામ જાગનાથ મંદિર છે. તે લાલ પત્થરનું બનેલું છે. તેમાં ગ્રેનાઈટ અને પત્થરના ૬૫ થાંભલા છે. ગર્ભગૃહમાં કમળના આસન પર બિરાજમાન રામકૃષ્ણ પરમહંસની સફેદ આરસની પ્રતિમા છે. ધ્યાન ધરવા અને મનની શાંતિ માટે આ આશ્રમ એક સરસ જગા છે. ધ્યાનમાં ડૂબી જાવ ત્યારે ભગવાનની સમીપ હો એવું લાગે. સાંજે આરતી થાય છે. રોજ ઘણા ભક્તો દર્શને આવે છે, અને આધ્યાત્મિક તાકાત અને મનની શાંતિ પ્રાપ્ત કરે છે. તહેવારો વખતે અહીં ખાસ્સી ભીડ થાય છે.

અહીં સારાં પુસ્તકોનો સંગ્રહ છે. આ આશ્રમ કન્યાકુમારી અને બેલુરના રામકૃષ્ણ મઠની પ્રતિકૃતિ જેવો છે. અહીં પત્થર પર કોતરેલાં શિલ્પો અને કેનવાસ પર દોરેલાં તૈલચિત્રો બહુ જ સુંદર લાગે છે. આશ્રમની આજુબાજુ સરસ બગીચો છે.



રામકૃષ્ણ આશ્રમ

રોટરી ડોલ્સ મ્યુઝીયમ: દેશવિદેશની ઢીંગલીઓનો અદભૂત સંગ્રહ આ મ્યુઝીયમમાં જોવા મળે છે. અહીં દુનિયાના ૧૦૦થી વધુ દેશોની ઢીંગલીઓનો સંગ્રહ કરેલો છે, અને તે બહુ સરસ રીતે શો કેસમાં ગોઠવીને મૂકેલી છે. આ ઢીંગલીઓ જોઇને દુનિયાના જુદા જુદા દેશોની સંસ્કૃતિ કેવી છે, તેનો ખ્યાલ આવે છે. પ્રેક્ષકોને અને ખાસ તો બાળકોને ઢીંગલીઓ જોવાની મજા આવે છે. ગાઈડ રાખેલા છે, તે દરેક ઢીંગલી વિષે સમજાવે છે. દરેક ઢીંગલીની સાથે તેના દેશનો ધ્વજ મૂકેલો છે અને સાથે તેની વિશિષ્ટતા લખેલી છે. મ્યુઝીયમની જાળવણી સારી છે. કાઉન્ટર પરથી સોવેનીયર અને કલરફૂલ પોસ્ટકાર્ડ મળે છે. ૨૦૦૫થી

શરુ થયેલું આ મ્યુઝીયમ શહેરની મધ્યમાં આવેલું છે. રોટરી ક્લબે આ મ્યુઝીયમ ઉભું કર્યું છે, તેમનું આ કાર્ય પ્રસંશાને પાત્ર છે. મ્યુઝીયમ દર સોમવારે બંધ હોય છે.




રોટરી ડોલ્સ મ્યુઝીયમ

આજી ડેમ ગાર્ડન: રાજકોટથી આઠેક કી.મી. દૂર આજી નદી પર આજી ડેમ બાંધેલો છે, અહીં ભરાયેલા સરોવરમાંથી રાજકોટ શહેરને પાણી પૂરું પાડવામાં આવે છે. ડેમના નીચવાસમાં કિનારે સુંદર બગીચો બનાવ્યો છે. અહીં સ્ટેપ ગાર્ડન, બાળકો માટે મનોરંજન પાર્ક, પ્રાણી સંગ્રહાલય, પક્ષી વિભાગ, માછલીઘર, મગર પાર્ક વગેરે ઉભા કરવામાં આવ્યા છે. બગીચામાં સુંદર ફૂલો, છોડ અને ઝાડ છે. ગાર્ડનની જોડે ખાણીપીણીની દુકાનો પણ છે. ઘણા લોકો અહીં ફરવા અને ચાલવા માટે આવે છે. એક દિવસની પીકનીક પણ મનાવી શકાય. શિયાળામાં અહીં ઘણા પક્ષીઓ ખોરાક અને આશ્રયની શોધમાં આવે છે. ચોમાસાની ઋતુમાં ડેમ ઓવરફ્લો થાય ત્યારે અહીં ખૂબ મજા આવે છે. રાજકોટમાં ફરવા માટે આ એક ઉત્તમ સ્થળ છે. આ ગાર્ડન રાજકોટ-ભાવનગર રોડ પર આવેલો છે. હાલ અહીંના ઝૂનાં પ્રાણીઓને પ્રદ્યુમન પ્રાણી સંગ્રહાલયમાં લઇ ગયા છે.

ઇસ્કોન મંદિર: રાજકોટનું ઇસ્કોન મંદિર શ્રી શ્રી રાધા નીલમાધવ ધામ તરીકે ઓળખાય છે. તે કાલાવાડ રોડ પર આવેલું છે. રાધાકૃષ્ણની મૂર્તિ ખૂબ જ પ્રભાવી છે. દર્શન કરીને મન આનંદ અનુભવે છે. આ એકદમ



આજી ડેમ ગાર્ડન



ઇસ્કોન મંદિર, રાજકોટ

શાંત સ્થળ છે, મંદિરમાં બેસવાનું અને પ્રભુનામ લેવાનું ગમે એવું છે. અહીં ખીચડી અને બીજો પ્રસાદ મળે છે.

લાલ પરી લેક: રાજકોટથી પાંચેક કી.મી. દૂર આવેલું છે. ચોમાસામાં વરસાદ પડે ત્યારે આ સરોવર બહુ સુંદર લાગે છે. સરોવર કુદરતના સાનિધ્યમાં આવેલું છે. લોકલ અને વિદેશી પક્ષીઓનું તે ઘર છે. પક્ષીનિરીક્ષણ માટે આ સરસ જગા છે. જો કે અહીં બાગ કે ખાણીપીણી કઈ નથી. પ્રદ્યુમન પ્રાણી સંગ્રહાલય આ લેકથી નજીક છે.

પ્રદ્યુમન પ્રાણી સંગ્રહાલય: રાજકોટમાં આ એક સરસ ટુરિસ્ટ જગા છે. અહીં ઘણી જાતનાં પ્રાણીઓ, પક્ષીઓ અને ઝાડ જોવા મળે છે. આજી ડેમ ગાર્ડનના ઝૂનાં પ્રાણીઓ અહીં લાવવામાં આવ્યાં છે. અહીં વાઘ, એશિયાઈ સિંહ, ચિત્તો, સાબર, ચિંકારા, મગર, કાળીયાર,

હરણ વગેરે પ્રાણીઓ છે. સફેદ વાઘ પણ છે. સિંહોનું બ્રીડીંગ પણ થાય છે. મગર વિભાગમાં મગરો છે. પાર્કમાં ચોખ્ખાઈ સરસ છે. આ એક સુંદર શાંત જગા છે. પાર્ક ખૂબ વિશાળ છે. અંદર ફરવા માટે સાઈકલ મળે છે, વૃદ્ધ લોકો માટે બેટરી ગાડી પણ છે. વિઝીટર્સને માર્ગદર્શન માટે, વચ્ચે વચ્ચે સાઇન બોર્ડ છે. પાર્કમાં પીવાનું પાણી, ટોઇલેટ, બેસવા માટે શેડ વગેરેની વ્યવસ્થા છે. ખાવાપીવાનું પણ મળે છે. આ પાર્ક લાલપરી અને રંડારડા સરોવરોની વચ્ચે આવેલો છે. પાર્ક જોવાનો સમય સવારના ૯ થી સાંજના ૭ સુધીનો છે. શુક્રવારે બંધ રહે છે.





પ્રદ્યુમન પ્રાણી સંગ્રહાલય   ઈશ્વરીયા મંદિર

ઈશ્વરીયા મંદિર: શીવજીનું આ મંદિર રાજકોટથી જામનગર જવાના રસ્તે, રાજકોટથી ૧૦ કી.મી.દૂર માધાપુર ગામ આગળ આવેલું છે. મુખ્ય રોડથી થોડું સાઈડમાં છે. મંદિર નાની ટેકરી પર છે, આજુબાજુ પણ ટેકરીઓ છે. અહીંનું શીવલીંગ સ્વયંભૂ છે. ઘણા લોકો અહીં દર્શને અને ફરવા માટે આવે છે. મંદિરની પાછળ વિશાળ બગીચો છે. ત્યાં છોકરાંને રમવાની મજા આવે છે. ગાર્ડનમાં જ તળાવ છે, તેમાં બોટીંગ થઇ શકે છે. ગાર્ડનમાં પ્રવેશ ફી છે. મંદિરનું સુંદર અને શાંત વાતાવરણ અને લીલોતરીભર્યો બગીચો મનને પ્રફુલ્લિત બનાવી દે છે. મંદિરની બાજુમાં હોટેલ છે, ત્યાં ગુજરાતી જમવાનું મળે છે. રવિવારે અહીં બહુ જ લોકો આવે છે. શ્રાવણ માસમાં વધુ ગિરદી હોય છે. અહીં દર વર્ષે મેળો ભરાય છે. આ એક સરસ ટુરિસ્ટ કેન્દ્ર છે.

૨૨. રાજકોટ-મોરબી જીલ્લો

ઘેલા સોમનાથ: ઘેલા સોમનાથનું મંદિર બહુ જ સરસ છે. અહીં કોઈ ગામ વસેલું નથી. ફક્ત આ શંકર ભગવાનનું મંદિર અને અહીં આવતા પ્રવાસીઓ માટે ખાણીપીણીની થોડી દુકાનો – એટલું જ છે. દર્શન માટે મંદિર હંમેશાં ખુલ્લું હોય છે. સાંજની આરતી વખતે ઘણા ભાવિકો અહીં આવે છે, મન પ્રસન્ન થઇ જાય છે. મંદિરના ઓટલે બેસી સમૂહમાં વાતોચીતો કરવામાં બહુ આનંદ આવે છે. મંદિરના સંકુલમાં રહેવા માટે થોડી રૂમો બાંધેલી છે. આ રૂમો બહુ જ સરસ અને બધી જ સગવડવાળી છે.

કહે છે કે આ ઘેલા સોમનાથનું શીવલીંગ એ જ મૂળ સોમનાથ મહાદેવનું જ્યોતિર્લીંગ છે. ભક્તો એટલા જ ભક્તિભાવથી ઘેલા સોમનાથમાં શ્રદ્ધા ધરાવે છે. વિક્રમ સંવત ૧૫૪૭ની આસપાસ અમદાવાદનો સુલતાન જાફર મહમદ સોમનાથ પર ચડી આવ્યો. ઘેલા નામના વાણિયાએ શીવલીંગને આ જગા સુધી પહોંચાડ્યું અને છેવટે પોતાના જાનની આહુતિ આપી. તેથી આ શીવલીંગ ઘેલા સોમનાથ તરીકે ઓળખાયું. અહી જે નદી વહે છે, એનું નામ ઘેલો નદી છે.



ઘેલા સોમનાથ

ઘેલા સોમનાથ મહાદેવની સામે ટેકરી પર મીનળદેવીની સમાધિ છે. ૧૪૩ પગથિયાં ચડવાનાં છે. મીનળદેવી જૂનાગઢના રાજા રા'મહિપાળની પુત્રી હતી. તેણે શીવલીંગને સોમનાથથી ઘેલા સોમનાથ સુધી પાલખીમાં લઇ જવાનું સાહસ કર્યું હતું. સુલતાનની પુત્રી હુરલ, મીનળદેવીની ભક્તિસાધના જોઇને ખૂબ જ પ્રભાવિત થઇ હતી. તેણે પણ મીનળદેવીને સાથ આપ્યો. મીનળદેવીની સમાધિની બાજુમાં હુરલની કબર છે. ઘેલા સોમનાથ રાજકોટથી ૮૦ કી.મી. અને જસદણથી ૨૧ કી.મી. દૂર છે.

હિંગોળગઢનો કિલ્લો: હિંગોળગઢ ગામ, જસદણથી વિંછીયાના મુખ્ય હાઈવે પર આવેલું છે. હિંગોળગઢનું મુખ્ય આકર્ષણ અહીંનો કિલ્લો છે. તે, હાઈવેની બાજુમાં, ઉંચી ટેકરી પર આવેલો છે. વાહન નીચે પાર્ક કરી, ટીકીટ લઈને, પંદરેક મિનીટ જેટલું ચડીને કિલ્લા આગળ પહોંચાય છે.



હિંગોળગઢનો કિલ્લો

વીકા ખાચર નામના રાજવીએ આ કિલ્લો ઈ.સ. ૧૬૬૦માં બંધાવ્યો હતો. તેમના દિકરા આલા ખાચર અને પછીના વારસદારો પણ અહીં રહ્યા હતા. વીકા ખાચરની અગિયારમી પેઢીના સત્યજીત ખાચર હાલ જસદણમાં તેમના પેલેસમાં રહે છે અને દર રવિવારે હિંગોળગઢમાં હિંગળાજ માતાના દર્શને આવે છે.

હિંગોળગઢના કિલ્લામાં જૂના જમાનાની ઘણી ચીજો સાચવીને રાખેલી છે. પિત્તળ અને કાંસાનાં મોટાં વાસણો, પેટીપટારાઓ, કલાકારીગરીવાળી ચીજો, ખુરસી, પલંગો, રસોઈ માટેના મોટા ચૂલાઓ, ઘંટી, ચિત્રો – એમ ઘણી જોવા જેવી વસ્તુઓ છે. આગળ બગીચામાં બતકાં, મરઘાં, પક્ષીઓ વિગેરે છે. કિલ્લાનું બાંધકામ જૂનુંપુરાણું છે. હિંગોળગઢમાં પ્રકૃતિ શિક્ષણ અભ્યારણ્ય આવેલું છે. અહીં જંગલમાં મુક્ત રીતે વિહરતાં પ્રાણીઓ અને પક્ષીઓ જોવા મળે છે. ભીમકુઈ અને ગીર વાઈલ્ડ લાઈફ પણ જોવા જેવાં છે. ઘેલા સોમનાથથી કળાસર અને લીલાપર થઈને હિંગોળગઢ જવાય છે. આ અંતર ૨૫ કી.મી. છે. લીલાપરમાં વિશ્વંભરી માતાનું મંદિર જોવા જેવું છે. ઘેલા સોમનાથથી કળાસર બાજુ વળી, ગામડાંઓમાં થઈને પણ હિંગોળગઢ જવાય છે. આ અંતર આશરે ૨૦ કી.મી. જેટલું થાય છે. જસદણથી હિંગોળગઢ ૧૯ કી.મી. દૂર છે.

બિલેશ્વર મહાદેવ: હિંગોળગઢથી ૨ કી.મી. દૂર બિલેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. બિલી અને અન્ય વૃક્ષોની વચ્ચે ઉભેલું આ મંદિર બહુ જ સરસ લાગે છે. જંગલની વચ્ચે વસેલા મહાદેવનાં દર્શન કરી મન પ્રસન્ન થઇ જાય છે.

ઓર્ચાર્ડ પેલેસ, ગોંડલ: એક જમાનામાં ગોંડલ એ રાજાનું રાજ્ય હતું. ગોંડલમાં ઓર્ચાર્ડ પેલેસ, નવલખા પેલેસ અને રીવરસાઈડ પેલેસ જોવા જેવા છે. ઓર્ચાર્ડ પેલેસ બહારથી લાલ રંગનો અને કમાનોવાળો છે. મહેલની આગળ બગીચામાં સુંદર શિલ્પ ધરાવતી અનેક મૂર્તિઓ છે. બે માળનો આ મહેલ ૧૨૦ વર્ષ જૂનો છે. રાજા ભગવતસિંહે એમના જમાનામાં આ મહેલને ખૂબ જ સજાવેલો. અત્યારે પણ આ સજાવટ જોવા મળે છે. મહેલમાં દિવાનખંડ, ખુરસીઓ, સોફા, શિકાર કરેલ પ્રાણીઓનાં ડોકાં, અરીસા, ઝુમ્મરો, ગાદીતકિયાવાળી બેઠકો, ભોજનરૂમ, બાથરૂમ, ભવ્ય ગેલેરી – આ બધું જોવામાં આનંદ આવે છે. ગેલેરીમાં સરસ રાચરચીલું ગોઠવેલું છે. બધું જ ફોટોજીનિક છે. ‘હમ દિલ દે ચૂકે હૈ સનમ’ અને ‘પ્રેમ રતન ધન પાયો’ના અમુક અંશોનું શુટીંગ અહીં થયેલું. અત્યારે આ મહેલ એક હોટેલમાં ફેરવાઈ ગયો છે. સાત રૂમો ભાડે અપાય છે. જમવાનું શાહી પરિવારમાંથી આવે છે. ભગવતસિંહજીની વારસદાર, આ મહેલની પાછળના ભાગમાં જ રહે છે.



ઓર્ચાર્ડ પેલેસ, ગોંડલ

રાજા ભગવતસિંહ બહુ જ વિદ્વાન રાજવી હતા. તે આર્કિટેક્ટ, એન્જીનીયરીંગ, ડોક્ટર, વકીલ એમ બધા જ ક્ષેત્રોનું જ્ઞાન ધરાવતા હતા. તેમના રાજ્યમાં દરેક કુટુંબનાં બાળકો માટે ભણવાનું ફરજીયાત હતું. આજે પણ ભારતની બધી અગ્રગણ્ય કોલેજોમાં ભગવતસિંહની બે સીટો અનામત છે. રાજા શિસ્તના બહુ જ આગ્રહી હતા. ઓર્ચાર્ડ પેલેસ એક વાર જરૂર જોવા જેવો છે.

મહેલની એક બાજુએ રાજાએ એકઠી કરેલી જૂના જમાનાની કારોનું મ્યુઝીયમ છે. તેના પ્રવેશ આગળ ‘વિન્ટેજ કાર કલેક્શન’ એવું બોર્ડ મારેલું છે. દરેક કાર વ્યવસ્થિત મૂકેલી છે. દરેક કારનું નામ અને તે કઈ સાલમાં બનેલી છે, તે લખેલું છે. ૧૯૦૬ના વર્ષમાં બનેલી કાર પણ અહીં છે. આ કારો આજની કારો કરતાં ઘણી રીતે જુદી છે, કોઈ કારમાં લાઈટની

રચના જુદી હોય તો કોઈમાં સસ્પેન્શન સ્પ્રીંગો જુદી જાતની હોય. ભવિષ્યમાં સોએક વર્ષ પછી જયારે નવી જાતની કારો જન્મશે ત્યારે આપણી હાલની કારો પણ મ્યુઝીયમમાં મૂકી, આપણી ભાવિ પેઢીઓ તેને જોશે, એવી કલ્પના કરી શકાય.

મહેલની બીજી બાજુ રેલ્વેનું એક નાનકડું પ્લેટફોર્મ બનાવેલું છે અને પાટા પર રેલ્વેનો એક ડબ્બો પડેલો છે. કહે છે કે એ જમાનામાં રાજા આ ડબ્બામાં બેસી બીજાં સ્થળોએ જતા. રેલ્વેનું એન્જીન અહીં લાવી, આ ડબ્બાને ખેંચી જઇ, મુખ્ય ટ્રેન સાથે જોડી દેવાની વ્યવસ્થા હતી. ડબ્બાની અંદરની સગવડ બહુ જ સરસ છે. સોફા, સુવા માટેની ગાદી, બાથરૂમ, પ્રસાધનો – એમ બધી સગવડ ડબ્બામાં છે. ગોંડલ, રાજકોટથી ૫૧ કી.મી. અને જસદણથી ૫૮ કી.મી. દૂર છે.

નવલખા મહેલ, ગોંડલ: ભગવતસિંહનો આ પેલેસ એ જમાનામાં નવ લાખ રૂપિયામાં તૈયાર થયો હતો. એટલે એનું નામ નવલખા પેલેસ પડી ગયું. મુખ્ય મહેલ ત્રણ માળનો છે. રાજા ભગવતસિંહ બહુ જ વિદ્યાપ્રેમી હતા. તેમણે ઉભી કરેલી લાયબ્રેરી અહીં મોજૂદ છે. તેમણે વસાવેલાં દેશવિદેશનાં સેંકડો પુસ્તકો આ લાયબ્રેરીમાં છે. તેમણે સૌ પ્રથમ વાર ગુજરાતી વિશ્વકોષ તૈયાર કરાવેલો. તેની મૂળ નકલ આ લાયબ્રેરીમાં છે. હાલ ગુજરાતી સાહિત્ય પરિષદે આધુનિક ગુજરાતી વિશ્વકોષ તૈયાર કર્યો છે, તે જોવાવાંચવા જેવો છે. ભગવતસિંહનાં પત્ની નંદકુંવરબા પણ પતિની પ્રવૃત્તિઓમાં એટલો જ રસ લેતાં.

મહેલમાં ત્રીજે માળે દરબાર હોલ છે. રાજા અહીં સભા ભરીને બેસતા. હોલમાં દિવાલો પર ચિત્તા વગેરેનાં ડોકાં લગાવેલાં છે. આર રાજકુમાર ફિલ્મનું શુટીંગ અહીં થયેલું. આ મહેલમાં ઘડિયાળોનું કલેક્શન પણ છે.

મુખ્ય મહેલની બાજુના મકાનમાં ઢીંગલીઘર છે. અહીં દેશવિદેશની સેંકડો ઢીંગલીઓનો સંગ્રહ છે. નાનાં બાળકોને અહીં મજા પડી જાય એવું છે. જો કે આના કરતાં યે વધુ સારી ઢીંગલીઓ આજે બધે મળે છે, અને સામાન્ય માણસો પણ તે ખરીદી શકે છે.

એની બાજુનાં બે મકાનોમાં જાતજાતની ઘોડાગાડીઓનો સંગ્રહ છે. રાજાએ ઉપયોગમાં લીધેલી સોએક જેટલી ઘોડાગાડીઓ અહીં પ્રદર્શનમાં મૂકેલી છે. જોઇને નવાઈ લાગે. તેની બાજુના મકાનમાં રાજાની રોજિંદી વસ્તુઓનો સંગ્રહ છે. સવારના નાસ્તાનું ટેબલ, રાઈટીંગ ટેબલ, મોટા ફોટાઓ, રાજાનો સ્ટાફ સાથેનો ફોટો, મોટી તુલા, સર્ટીફીકેટો, રસોઈનાં વાસણો વગેરે છે. રાજાના પિતા સંગ્રામસિંહને તુલામાં સોનાથી તોલાતા. બા મોંઘીબા બહુ જ મરજાદી હતાં. તેઓ પોતાનું જમવાનું જાતે જ રાંધતાં.



નવલખા મહેલ, ગોંડલ

બીજા એક મકાનમાં ઉપરના માળે તાંબાપિત્તળનાં વાસણોનો સંગ્રહ છે. તેની બાજુના મકાનમાં ક્રોકરી, પક્ષીઓને લગતી ચોપડીઓ, ઈંડાં, રમકડાંની સેંકડો કારો, ટ્રોફીઓ વગેરે ચીજો મૂકેલી છે.

આ બધાં મકાનોની વચ્ચેના ભાગમાં આનંદમયી માતાનું મંદિર છે. હાલના વારસદાર રાજા આ મંદિરની મુલાકાતે અવારનવાર આવે છે. તે વખતે મહેલનો બધો સ્ટાફ ખડેપગે હાજર હોય છે. રાજાની હાજરીમાં શિસ્તપૂર્વક કેવી રીતે વર્તવું, એની ટ્રેનીંગ સ્ટાફને આપવામાં આવે છે.

નવલખા મહેલના બધા વિભાગો જોવાની ટીકીટ પ્રમાણમાં મોંઘી છે. આમ છતાં, ગોંડલના બધા મહેલો સરસ છે. ગોંડલનો ત્રીજો જાણીતો પેલેસ રીવર સાઈડ પેલેસ છે. પેલેસનો બહારનો દેખાવ બહુ જ સરસ છે. ફિલ્મ 'પ્રેમ રતન ધન પાયો'માં આ પેલેસ જોવા મળે છે.

સ્વામીનારાયણ મંદિર, ગોંડલ: મંદિર બહુ જ ભવ્ય છે. આગળ વિશાળ બગીચો છે. રહેવા જમવાની સરસ સગવડ છે. બાજુમાં ગોંડલી નદી વહે છે. મંદિરમાં અક્ષર દેરી છે. મંદિરમાં એટલા બધા લોકો આવે છે કે જાણે અહીં રોજ તહેવાર હોય એવું લાગે.

જલારામ મંદિર, વીરપુર: વીરપુરનું જલારામ મંદિર, સંત જલારામ બાપાને લીધે દેશવિદેશમાં જાણીતું છે. જલારામ બાપા ૧૭૯૯માં વીરપુરમાં જન્મ્યા હતા, અને ૧૮૮૧માં તેમનો દેહવિલય થયો હતો. તેઓ ધાર્મિક વૃત્તિના હતા. તેમણે, તેમના ગુરુના આશીર્વાદથી, વીરપુરમાં સાધુ સંતો અને ગરીબોને ખવડાવવા માટે



સ્વામીનારાયણ મંદિર, ગોંડલ



જલારામ મંદિર, વીરપુર

સદાવ્રત ખોલ્યું હતું, અને જીવનના અંત સુધી આ કાર્ય ચાલુ રાખ્યું હતું. તેઓ માંદા માણસો માટે ભગવાનને પ્રાર્થના કરતા, અને માંદા સજા થઇ જતા. તેઓ વીરપુરમાં જ્યાં રહેતા હતા, ત્યાં અત્યારે જલારામ મંદિર છે. અહીં જલારામ બાપાની પ્રતિમા છે. રોજ હજારો ભક્તો દર્શને આવે છે. જલારામ બાપા જેમની પૂજા કરતા હતા તે રામ-લક્ષ્મણ-સીતા અને હનુમાનની મૂર્તિઓ છે. મૂર્તિઓ આગળ તેમની સમાધિ છે. ભગવાને બાપાને આપેલી ઝોળી અને લાકડી તથા તેમનો મૃત્યુ પહેલાં લેવાયેલો ફોટો પણ છે. મંદિરમાં તાંબાના ત્રણ મોટા ઘડા છે, જેમાં ગંગા, જમના અને સરસ્વતી નદીઓનાં પાણી છે કહે છે કે ઘડામાંથી ગમે તેટલું પાણી વાપરો તો પણ તેમાંનું પાણી ખૂટતું નથી, અને આ પાણી પીવાથી કોઈ રોગ થતા નથી. ઘઉં દળવા માટે અહીં બે મોટાં વ્હીલ છે, આ વ્હીલ ધ્રાંગધ્રાના રાજાએ બાપાને ભેટ

આપેલાં. અહીં અત્યારે પણ સદાવ્રત ચાલે છે. દર્શને આવનાર દરેકને સવારસાંજ જમવાનું અને ચા અપાય છે. ગરીબ હોય કે તવંગર બધાએ એક લાઈનમાં જ જમવા બેસવાનું હોય છે. જમવામાં સવારે ગાંઠિયા, બુંદી અને શાક તથા સાંજે ખીચડી, કઢી અને ઘી હોય છે. જમવાનું પતરાળામાં હોય છે. અહીં કોઈ દાન કે ભેટ સ્વીકારવામાં આવતાં નથી.

બાપાના ભક્તો આજે પણ તેમને ભગવાન માને છે, અને ભક્તો ખરા દિલથી તેમની પ્રાર્થના કરે તો બાપા તેમની ઈચ્છા પૂર્ણ કરે છે. વીરપુર ગામના લોકો, બાપા હજુ તેમની જોડે હાજર હોય એવો અનુભવ કરે છે. બાપાની જન્મતિથિ, કારતક સુદ સાતમ, જલારામ જયંતિ તરીકે ઉજવાય છે. હજારો ભક્તો ત્યારે વીરપુર આવે છે, અને દર્શન કરીને ગાંઠિયા, બુંદી અને ખીચડીનો પ્રસાદ લે છે. દેશમાં અને વિદેશમાં જ્યાં જલારામ મંદિરો છે, ત્યાં બધે આ તહેવાર ઉજવાય છે. વીરપુર ગોંડલથી ૧૯ કી.મી. દૂર આવેલું છે.

શૈલ બૌદ્ધ ગુફાઓ, ખંભાલીડા: ગોંડલથી ૨૪ કી.મી. દૂર ખંભાલીડા ગામમાં શૈલ બૌદ્ધ ગુફાઓ છે. સાતવડાની ડુંગરમાળાની ગોદમાં આવેલી આ બૌદ્ધ ગુફાઓની શોધ પુરાતત્વ વિભાગના શ્રી પી. પી. પંડ્યાએ કરેલ છે. આ ગુફાઓ ત્રીજી અને ચોથી સદીમાં કોતરાયેલી છે. ગોંડલથી વીરપુર અને કાગવડ થઈને ખંભાલીડા જવાય છે. ગુફાઓ આગળ રોડની બાજુમાં બોર્ડ મારેલું છે, 'ખંભાલીડા, શૈલ બૌદ્ધ ગુફાઓ'. અહીંથી થોડાં આડાંઅવળાં પગથિયાં ઉતરવાનાં છે. પગથિયાં આગળ એક બોર્ડમાં ગુફાની વિગતો લખી છે. પગથિયાં ઉતરીને ગુફાઓ આગળ પહોંચાય છે. ચારેક જેટલી ગુફાઓ છે. ગુફાના પ્રવેશદ્વાર પર એક બાજુ બોધિસત્વ પદ્મપાણિ અવલોકિતેશ્વર અને બીજી બાજુ વજ્રપાણિ અવલોકિતેશ્વરનાં પૂરા કદનાં શિલ્પો કંડારેલાં છે. ગુફાઓમાં કોતરણી ઘણી જ સરસ છે. તે અજંતા-ઈલોરા જેવી દેખાય છે. ભારતમાં આ પ્રતિમાઓ કલાની દ્રષ્ટિએ અનન્ય છે. ગુજરાતમાં પ્રાચીન શિલ્પો ધરાવતી માત્ર આ એક જ ગુફા છે. અહીં હજુ વધુ ખોદકામ કરવા જેવું ખરું. નજીકમાં બુદ્ધને લગતું કંઇક બાંધકામ થઇ રહ્યું છે. ગુફાઓ જોવા જેવી છે.

ખોડલધામ, કાગવડ: કાગવડમાં પટેલ સમાજનું પ્રખ્યાત ખોડલધામ મંદિર આવેલું છે. વીરપુરથી કાગવડ ૪ કી.મી. દૂર છે. મંદિર બહુ વિશાળ જગામાં છે. અહીં ખોડીયાર માની ભવ્ય મૂર્તિ છે, તે ઉપરાંત, અંબેમા, બહુચરમા, વેરાઈમા, મહાકાળીમા, અન્નપૂર્ણામા, ગૌત્રલમા, રાંદલમા, બુટભવાનીમા, બ્રહ્માણીમા, મોમાઈમા,



શૈલ બૌદ્ધ ગુફાઓ, ખંભાલીડા



ખોડલધામ, કાગવડ

ચામુંડામા, ગેલમા અને શિહોરીમાની મૂર્તિઓ છે. અન્ય મંદિરો પણ છે. ભક્તિ દ્વારા એકતાની શક્તિનું સર્જન કરવાના શુભ આશયથી આ મંદિરનું નિર્માણ થયું છે. મંદિર જરૂર જોવા જેવું છે.

રણજીત વિલાસ પેલેસ, વાંકાનેર: વિશાળ જગામાં પથરાયેલો આ મહેલ રાજા અમરસિંહે ઈ.સ. ૧૯૦૭માં બંધાવ્યો હતો. સ્થાપત્ય અને કલાન દ્રષ્ટિએ આ મહેલ બેનમૂન છે. મહેલ એક ટેકરી પર આવેલો છે. મહેલનો દિવાનખંડ ખૂબ ભવ્ય છે, મહેલમાં વિશાળ કમાનો અને ઝરુખાઓ છે. અહીં રાજવીઓની ચીજો જેવી કે તલવાર, ભાલા, ઢાલ, બખ્તરો, ખુરસીઓ, અરીસા વગેરે પ્રદર્શનમાં મૂકેલ છે. મહેલમાં મસાલા ભરીને સાચવેલાં પ્રાણીઓનાં શરીરો છે. દિવાલો પર રાજાઓનાં પોર્ટ્રેઈટ ચિત્રો છે. મહેલ બનાવવામાં દુનિયાની ઉત્કૃષ્ટ ચીજોનો ઉપયોગ થયેલો છે. ફર્નીચર માટે બર્માનું લાકડું અને બેલ્જીયમના કાચ વાપર્યા છે.

મહેલનો ઘુમ્મટ મુગલ શૈલીનો છે. ટોચ પર સુંદર વોચટાવર છે. બહાર બગીચા, ફુવારા, વાડી અને વાવ છે. મહેલની જોડે કાઠિયાવાડી ઘોડાનો તબેલો છે.



રણજીતવિલાસ પેલેસ, વાંકાનેર

હાલ રાજાના વારસદારો આ મહેલની દેખભાળ કરે છે. મહેલ આજે એક હોટેલમાં ફેરવાઈ ગયો છે. ભારતનાં પ્રાચીન સ્મારકોમાં આ મહેલ આગવું સ્થાન ધરાવે છે. ટુરિસ્ટો માટે આ મહેલ અગત્યનું આકર્ષણ છે. ફિલ્મ 'મટરૂકી બીજલીકા મંડોલા'નાં કેટલાંક દ્રશ્યોનું શુટીંગ આ મહેલમાં થયેલું. રાજકોટથી વાંકાનેર ૬૧ કી.મી. દૂર છે.

દરબારગઢ, મોરબી: મોરબી સૌરાષ્ટ્રનું એક સુંદર શહેર ગણાય છે. ટાઈલ્સ, ઘડિયાળ અને ચિનાઈ માટીનાં વાસણો એ અહીંના મુખ્ય ઉદ્યોગો છે. દરબારગઢ રોયલ પેલેસ એ અહીંના રાજવીનું રહેઠાણ હતું. સ્થાપત્યનો એ ઉત્તમ નમૂનો છે. મોરબીમાં આ એક જોવા જેવું સ્થળ છે. અત્યારે આ મહેલ હોટેલમાં ફેરવાઈ ગયો છે. મહેલથી સીધો રસ્તો ગ્રીન ચોક અને નહેરુ ગેટ સુધી જાય છે. આ બધું જ બાંધકામ સુંદર અને વ્યવસ્થિત છે. નેહરુ ગેટનો ઘડિયાળવાળો ટાવર બહુ જ આકર્ષક છે.



દરબારગઢ, મોરબી

ઝૂલતો પૂલ: મોરબીનું આ સૌથી અગત્યનું આકર્ષણ છે. મચ્છુ નદી પર સામસામે મજબૂત થાંભલા ઉભા કરી દોરડાં વડે ઝૂલતો પૂલ બનાવ્યો છે. આ પૂલ પર ચાલતા જઇ શકાય છે. ચાલીએ ત્યારે પૂલ ખૂબ હાલે છે, પણ એમાં મજા આવે છે. પૂલનો એક છેડો દરબારગઢ આગળથી શરુ થાય છે. સામે છેડે મહાપ્રભુજીની બેઠક અને એન્જીનીયરીંગ કોલેજ આવેલાં છે. આ બંને જગાઓ જોવા જેવી છે. કોલેજ એક મહેલના મકાનમાં જ ચાલે છે. આ પૂલ ઋષિકેશના લક્ષ્મણ ઝુલાની નાની આવૃત્તિ જેવો છે.

મણીમંદિર: મોરબી સ્ટેટના જમાનાના આ મંદિર સંકુલમાં લક્ષ્મીનારાયણ, મહાકાળી, રામચંદ્રજી, રાધા-કૃષ્ણ અને શંકર ભગવાનનાં મંદિરો છે. એ ઉપરાંત, અહીં વહીવટી ઓફિસો પણ હતી, આજે અહીં રીનોવેશન ચાલે છે. આખા સંકુલનું સ્થાપત્ય બહુ જ સરસ છે. મંદિરની સામે બગીચો છે, સાંજના ટાઈમે બહુ જ લોકો બગીચામાં આવે છે. મણીમંદિરની બાજુમાં જ મચ્છુ નદી પરનો પૂલ છે. પૂલ પર રોડ અને રેલ્વે લાઈન બાજુબાજુમાં જ છે. ટ્રેન પસાર થતી હોય ત્યારનું દ્રશ્ય જોવા જેવું છે.

રફાળેશ્વર મહાદેવ: મોરબીની નજીક આવેલું આ પ્રખ્યાત શીવમંદિર છે. કહે છે કે આ સ્વયંભૂ લીંગ છે, રિપુ રાજાએ અહીં તેના પર મંદિર બંધાવેલું. આ મંદિરનું અવારનવાર રીનોવેશન થયું છે. શ્રાવણ મહિનામાં અહીં ત્રણ દિવસ મેળો ભરાય છે. તે વખતે અહીં ગુજરાત તથા બીજાં રાજ્યોમાંથી પણ હજારો ભક્તો આવે છે. મોરબીથી રફાળેશ્વર ૧૩ કી.મી. દૂર છે.



ઝૂલતો પૂલ, મોરબી



મણીમંદિર, મોરબી



રફાળેશ્વર મહાદેવ

રાજ સમઢીયાળા: આ ગામ રાજકોટથી ૨૦ કી.મી. દૂર આવેલું છે. આજે આ ગામ ગુજરાતનું એક આદર્શ ગામ છે. અહીં ૧૯૮૬ના અરસા સુધી પાણીની બહુ જ તંગી હતી. નોકરીધંધા પણ ન હતા. પણ પછી અહીંના લોકોએ ગામને સુધારવાનો નિર્ણય કર્યો. પાણી માટે ચેકડેમ બાંધ્યા. વરસાદી પાણીને જમીનમાં ઉતારવાના અને ટાંકામાં સંઘરવાના ઉપાયો કર્યા. વૃક્ષારોપણ કરી હજારો વૃક્ષો વાવ્યાં. ગામને સાફસુફ કરી, ગંદકી નહિ કરવાના નિયમો કર્યા. વ્યસનમુક્તિ, દારૂ નહિ પીવાનો, લોકો પ્રામાણિકપણે જીવે, ચોરી ન કરે, એકબીજાને મદદરૂપ થાય – આ બધા માટે સઘન પ્રયત્નો કર્યા. આજે આ ગામ એક નમૂનારૂપ ગામ બન્યું છે. આજે ગામના કૂવાઓ અને બોરવેલમાં પુષ્કળ પાણી છે. પડતર જમીનો પણ હવે ઉપયોગમાં લેવાવા માંડી છે. ખેડૂતો બારે માસ ખેતી કરીને કપાસ, અનાજ અને શાકભાજી ઉગાડે છે. સમૃદ્ધિ આવી છે, એટલું જ નહિ, લોકોનું માનસિક સ્તર પણ ઉંચું આવ્યું છે. અહીં ગુનો ભાગ્યે જ થાય છે, લોકો તેમનાં ઘર ખુલ્લાં મૂકીને બહાર જઇ શકે છે. એક વાર આ ગામની મુલાકાત લેવા જેવી છે. ટીવી પર આ ગામની મુલાકાતો આવી ગઈ છે. ભારતનું દરેક ગામ રાજસમઢીયાળાના માર્ગે ચાલે તો આ દેશનો ઉદ્ધાર થઇ જાય.

૨૩. ભાવનગર શહેર

વિક્ટોરીયા પાર્ક: ભાવનગર શહેરની વચ્ચે આવેલો આ પાર્ક કુદરતના ચાહકો માટે સ્વર્ગ સમાન છે. પાર્કમાં જંગલ ઉગાડ્યું છે, એમાં ઘણી જાતનાં ઝાડ છે. જંગલમાં શિયાળ, કાળીયાર, હરણ, નીલગાય, વરુ વગેરે પ્રાણીઓ રહે છે. અહીં જાતજાતનાં પક્ષીઓ પણ રહે છે. પાર્કમાં વચ્ચે તળાવ છે, તેના કિનારે બેસવાની અને તળાવનું અવલોકન કરવાની વ્યવસ્થા છે. પક્ષી નિરીક્ષણ માટે આ જગા સરસ છે. પાર્કમાં સુંદર બગીચો બનાવ્યો છે. પાર્કની બધી બાજુ દિવાલ કરેલી છે. સવારે અહીં ઘણા લોકો ચાલવા, દોડવા અને કસરત કરવા આવે છે. ચાલવા માટે સરસ રસ્તા છે. ઘણા લોકો પીકનીક મનાવવા આવે છે. પાર્કમાં નર્સરી છે, તેમાંથી છોડ ખરીદી શકાય છે. પાર્કનો સમય સવારે ૯ થી ૧૧ અને બપોર પછી ૫ થી ૭નો છે.

તખ્તેશ્વર મહાદેવ: ભાવનગરનું આ જૂનું ને જાણીતું મંદિર છે. ભાવનગરના મહારાજા તખ્તસિંહજીએ આ મંદિર ૧૮૯૩માં બંધાવેલું. તેમના નામ પરથી મંદિરનું નામ તખ્તેશ્વર મહાદેવ પડ્યું છે. તે એક ટેકરી પર આવેલું છે. સોએક જેટલાં સફેદ આરસનાં પગથિયાં ચડીને મંદિરે પહોંચાય છે. પગથિયાંની આજુબાજુ ઝાડ અને લીલોતરી છે. આખું મંદિર અને થાંભલાઓ સફેદ આરસના છે. ગર્ભગૃહમાં બિરાજમાન શીવજી ત્રણ નેત્રવાળા છે. ગર્ભગૃહની સન્મુખ પરસાળમાં નંદી છે. પરસાળમાં કુલ ૧૮ થાંભલા છે. પરસાળમાં બેસીને શીવજીનું ધ્યાન ધરી શકાય છે. ગર્ભગૃહની બહારની દિવાલો પર દેવીદેવતાઓનાં ચિત્રો છે.



તખ્તેશ્વર મહાદેવ

મંદિરના ટેકરી પરના લોકેશનને કારણે મંદિર બહુ જ સરસ લાગે છે, મંદિર પરથી આખું ભાવનગર શહેર અને ખંભાતના અખાતનો દરિયો પણ દેખાય છે. મંદિર આખા ગુજરાતમાં જાણીતું છે. હજારો લોકો ટેકરી ચડીને, શીવજીનાં દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

શિવરાત્રિ અને બીજા તહેવારોએ અહીં સખત ભીડ થાય છે. પગથિયાં ના ચડવાં હોય તો સ્કુટર કે ગાડી પણ ઉપર મંદિર સુધી જઇ શકે એવો રસ્તો છે.

નીલમબાગ પેલેસ: ભાવનગરના રાજવીઓનો આ જાણીતો મહેલ છે. તે ૧૮૪૯માં બનેલો છે. તેની ડીઝાઈન જર્મન આર્કિટેક્ટ સીમ્સે કરી હતી. પ્રવેશ પછી વિશાળ બગીચો અને લોન છે. મહેલમાં ઘણા થાંભલાઓ, કમાનો, ભવ્ય પરસાળો અને આરસની સીડીઓ છે. ભોજનગૃહમાં જર્મનીનાં ઝુમ્મરો લગાડેલાં છે. આ મહેલ અત્યારે હેરીટેજ હોટેલમાં ફેરવાઈ ગયો છે, અને સારી આગતાસ્વાગતા માટે જાણીતો છે.



નીલમબાગ પેલેસ

ગૌરીશંકર સરોવર: વિક્ટોરિયા પાર્કની નજીક આવેલું આ તળાવ, બોર તળાવ કે ભાવનગર તળાવ તરીકે પણ ઓળખાય છે. આ એક જાણીતું ટુરિસ્ટ આકર્ષણ છે. આ તળાવ ભાવનગરના મહારાજાએ પીવાના પાણીના સંગ્રહ માટે ૧૮૭૨માં બંધાવેલું. ભાવનગરના દિવાન ગૌરીશંકર ઓઝાના નામ પરથી આ તળાવનું નામ પડેલું છે. તળાવને કિનારે પીલ ગાર્ડન નામનો સુંદર બગીચો છે. અહીં બાલવાટિકા, સંગીત ફુવારા, પ્લેનેટોરીયમ, બોટ હાઉસ વગેરે છે, આ બધાને લીધે આ એક સરસ પીકનીક સ્થળ ગણાય છે. અહીં બોટીંગની સગવડ છે. તળાવ આગળથી સૂર્યાસ્ત સરસ દેખાય છે. પક્ષીનિરીક્ષણ માટે આ સરસ જગા છે. તળાવ ઝાડપાન અને જંગલોથી ઘેરાયેલું છે. જંગલમાં નર્સરી પણ છે. આ તળાવ આગળ ઘણા પ્રસંગો ઉજવાય છે.



ગૌરીશંકર સરોવર

ભાવ વિલાસ પેલેસ: આ મહેલ ગૌરીશંકર સરોવરની સામે આવેલો છે. મહેલ આગળથી તળાવનું દ્રશ્ય બહુ જ સરસ લાગે છે. પહેલાં અહીં રાજાનું ક્લબહાઉસ હતું. અત્યારે તે મહારાજા શીવભદ્રસિંહજી અને તેમનું કુટુંબ રહે છે. આ મહેલનો લોખંડનો ગેટ ડબ્લીન (આયરલેન્ડ)માં બનેલો. ભાવનગર સ્ટેટના રાજાના ઘણા પ્રસંગો આ મહેલમાં ઉજવાયેલા. અહીં મૃત જંગલી પ્રાણીઓનો સંગ્રહ છે. આ જગા ફોટોજીનિક છે.

બાર્ટન મ્યુઝીયમ અને ગાંધી સ્મૃતિ: બાર્ટન મ્યુઝીયમ,ક્રીસેન્ટ સર્કલ આગળ, ટાવર ક્લોકની નજીક આવેલું છે. તે ૧૮૮૫માં બનેલું છે. અહીં ખેતીનાં ઓજારો, મણકા, લાકડા પર કોતરકામ, ધાર્મિક શિલ્પો, શસ્ત્રો, વાજિંત્રો, કાપવાનાં સાધનો, સિક્કા, ટીકીટો, શિલ્પો, ગ્રામ્ય કલા, તાડપત્રો, માટીકામ, દરિયાઈ નમૂના, સૌરાષ્ટ્રની સંસ્કૃતિ વગેરેનો સંગ્રહ છે.

આ જ મકાનમાં પહેલા માળે ગાંધી સ્મૃતિ નામનું ઐતિહાસિક સ્મારક ૧૯૪૪માં ઉભું કર્યું છે. મહાત્મા ગાંધીજી ભાવનગરમાં ભણતા હતા તેની યાદમાં બનાવેલા આ સ્મારકમાં ગાંધીજીનાં ચિત્રો અને વસ્તુઓનો સંગ્રહ છે, અહીં મહાત્મા ગાંધીજીનાં પુસ્તકો અને તસ્વીરો ધરાવતી લાયબ્રેરી છે. તેમના બાળપણથી માંડીને મૃત્યુ સુધીની તસ્વીરો છે. એમાંથી ગાંધીજીનું સંઘર્ષભર્યું જીવન જાણવા મળે છે. ગાંધીજીના કેટલાક અલભ્ય ફોટો અહીં છે. અહીં ખાદી ગ્રામોદ્યોગ ભંડારનો કપડાંનો સ્ટોર પણ છે. આ સ્થળે ઘણા પ્રવાસીઓ આવે છે.

બાર્ટન લાયબ્રેરી: ૧૮૯૪માં બનેલુ બે માળનું આ મકાન, શહેરમાં ચાર રસ્તાના એક કોર્નર પર આવેલું છે. વચ્ચે ટાવર અને બે બાજુ વિંગ્સ ધરાવતી આ લાયબ્રેરી ગોથીક સ્થાપત્યનો નમૂનો છે. સ્થાપત્ય સરસ છે. સૌરાષ્ટ્રના બ્રિટીશ પ્રતિનિધિ કર્નલ બાર્ટનના નામ પરથી આ લાયબ્રેરીનું નામ પડ્યું છે. ગાંધીજી ભાવનગરમાં હતા ત્યારે અહીં અવારનવાર આવતા હતા. અહીં ગુજરાતી, ઈંગ્લીશ, હિન્દી અને સંસ્કૃત ભાષાનાં મળીને કુલ ૬૦૦૦૦થી વધુ પુસ્તકો

છે. અહીં લાયબ્રેરી ઉપરાંત, હસ્તપ્રતો, સિક્કાઓ, વાજિંત્રો, હથિયારો, કોતરકામ વગેરેનો પણ સંગ્રહ છે.



ગંગાજહા (ગંગાદેરી) મંદિર: આ મંદિર ગંગાદેવીને સમર્પિત છે. મહારાજા તખ્તસિંહજીએ, મહારાણી મજીરાજબાની યાદમાં તે ૧૮૯૩માં બંધાવેલું. જોહન ગ્રીફીથે તેની ડીઝાઈન કરી હતી. મંદિર સફેદ આરસનું છે. તેના પર એક વિશાળ છતરી છે. ભાવનગર શહેરમાં આ એક જોવાલાયક સ્થળ છે.

ગંગાજલિયા લેક: પહેલાં આ તળાવમાં પાણી ન હતું. લોકો અહીં કચરો નાખતા હતા. આજે રીનોવેશન કરીને અહીં સરસ તળાવ બનાવાયું છે. તળાવને એક કિનારે ગંગાદેરી છે. તેને કિનારે સરસ પગથી બનાવી જોગર્સ પાર્ક ઉભો કર્યો છે. આખી પગથી પર સરસ સંગીત પીરસતાં સ્પીકર ગોઠવ્યાં છે. તળાવને એક છેડે ગંગાદેરી છે.

લોક ગેટ: બ્રિટીશ જમાનામાં અહીં બંદરની નજીક દરિયામાં ગેટ બનાવાયા હતા. હજુ પણ આ ગેટ ચાલુ હાલતમાં છે. એને લીધે બંદર આગળ ભરાયેલું પાણી ઓટ વખતે પાછું નથી જતું રહેતું, અને પાણીનું લેવલ જળવાઈ રહે છે, આથી વહાણ તરતું રહી શકે છે. આ ગેટ જોવા માટે મંજૂરી લેવાની હોય છે. આ ગેટ જોઇને તે વખતની ઈજનેરી કુશળતાનો ખ્યાલ આવે છે.



ગંગાજહા મંદિર



લોક ગેટ

શામળદાસ કોલેજ: ભાવનગરની આ કોલેજ મહારાજા તખ્તસિંહજીએ ૧૮૮૪માં સ્થાપી હતી. તેમના દિવાન શામળદાસ મહેતાના નામ પરથી આ કોલેજનું નામ પાડ્યું હતું. મહાત્મા ગાંધીજી આ કોલેજમાં ભણ્યા હતા, એ દ્રષ્ટિએ એનું ઐતિહાસિક મહત્વ ઘણું છે.



શામળદાસ કોલેજ

દરબારગઢ: ભાવનગરનું આ આકર્ષક સ્થળ છે. શરૂઆતમાં આ ભાવનગરના રાજવીઓનું રહેઠાણ હતું. દર વર્ષે અહીં ઘણા ટુરિસ્ટો આવે છે.

૨૫. ભાવનગર-બોટાદ જીલ્લો

કાળીયાર નેશનલ પાર્ક, વેળાવદર: વેળાવદરનો કાળીયાર અને હરણાંના વસવાટવાળો નેશનલ પાર્ક ગુજરાત અને દેશભરમાં જાણીતો છે. અહીં ખાસ પ્રકારનું ઘાસ થાય છે, અને એમાંથી કાળીયારને ભોજન મળી રહે છે. અમદાવાદથી આ પાર્ક ૧૫૫ કી.મી. અને ભાવનગરથી ૫૬ કી.મી. દૂર આવેલો છે. અમદાવાદથી ભાવનગરના રોડ પર બાવળા, બગોદરા, ફેદરા, પીપળી, ધોલેરા અને અધેલાઇ થઇ વેળાવદર જવાય છે. અધેલાઇથી તે ૧૦ કી.મી. દૂર છે. અધેલાઇથી જ રોડની બંને બાજુ પાર્કનો વિસ્તાર શરુ થઇ ગયો હોય એવું લાગે છે. ક્યાંક દોડતાં અને કૂદતાં હરણાં દેખા દે છે.

પાર્કના પ્રવેશ આગળ બોર્ડ મારેલું છે, “કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર. (Blackbuck National Park).” ટીકીટ લેવાની હોય છે. ગાડી અંદર લઇ જવાની છૂટ છે. ગાઈડ બહાર ઉભા હોય છે. ગાઈડ કરી લેવો સારો. પાર્કમાં રસ્તા બનાવેલા છે, પણ તે કાચા છે. રસ્તાની બંને બાજુ ઝાડ ઉગાડેલાં છે. ઝાડો પછીના ખુલ્લા વિસ્તારમાં કાળીયાર, હરણ, નીલગાય વગેરે પ્રાણીઓ મુક્તપણે હરેફરે છે. કાળીયારને સ્ક્રુના આંટા જેવાં લાંબાં શીંગડાં હોય છે. નરના શરીરનો ઉપરનો ભાગ કાળાશપડતો અને નીચે તરફનો ભાગ સફેદ હોય છે. માદા બદામી રંગની હોય છે, એને મોટે ભાગે શીંગડાં નથી હોતાં. તેઓ બહુ ઝડપે અને કૂદકા મારીને દોડે છે. ઘણી વાર હરણાંનું ટોળું રસ્તો ક્રોસ કરતુ દેખાય છે. તેઓ તેમની ઉંચાઇ કરતાં પણ ઉંચો કૂદકો લગાવતાં હોય છે, એ જોવાની મજા આવે છે.



કાળીયાર નેશનલ પાર્ક, વેળાવદર

આ પાર્કમાં કાળીયાર ઉપરાંત, હરણાં, નીલગાય, ઝરખ, વરુ, શિયાળ અને જંગલી બિલાડીઓ પણ છે. જો કે વાઘ, સિંહ જેવાં શિકારી પ્રાણીઓ અહીં નથી. કાળો કોશી, ચોટેલ, અને હેરિયર જેવાં પક્ષીઓ પણ જોવા મળે છે. અહીં ચોમાસામાં લગભગ ૨ ફૂટ

ઉંચું ઘાસ થાય છે, એટલે પ્રાણીઓને પૂરતો ખોરાક મળી રહે છે. ઉનાળામાં ઘાસ સુકાઈને પીળું પડી જાય છે, પણ સૂકું ઘાસે ય તેમના ખાવાના કામમાં આવે છે. હરણાં તો રાતે વાડ ઠેકીને આજુબાજુનાં કપાસનાં ખેતરોમાં પહોંચી જાય છે અને કપાસનાં પાંદડાં આરોગીને સવારે પાછાં આવી જાય છે.

પાર્કમાં અનેક ઠેકાણે પાણીની કુંડીઓ અને નાનાં તળાવો બનાવેલાં છે. ઉનાળામાં તેમાં નિયમિત રીતે પાણી ભરવામાં આવે છે કે જેથી પ્રાણીઓને પાણીની તકલીફ ના પડે. અહીં પાર્કમાં ૧૫ કી.મી. જેટલા કાચા રસ્તા બનાવેલા છે. દરિયો અહીંથી ૪૦ કી.મી. જેટલો દૂર છે, પણ દરિયાની એક ખાડી છેક અહીં સુધી લંબાયેલી છે. પ્રાણીઓ માટે ડોક્ટરની વ્યવસ્થા પણ કરેલી છે. કોઈ પ્રાણી માંદુ પડે તો ડોક્ટર તરત જ આવી જાય.

પાર્કમાં જૂના વખતનો એક મહેલ છે. હાલ તે અવાવરું હાલતમાં છે. પાર્કમાં એક મ્યુઝીયમ પણ છે. એમાં અહીં વસતાં પ્રાણીઓની વિગતો જાણવા મળે છે. પાર્ક સવારે ૮ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી ખુલ્લો રહે છે. આ પાર્ક ચોમાસાના ચાર મહિના, પ્રવાસીઓ માટે બંધ રહે છે.

અયોધ્યાપુરમ: બરવાળાથી ૨૦ કી.મી. પછી અયોધ્યાપુરમ નામે એક પ્રખ્યાત જૈન મંદિર છે. આ મંદિર ખૂબ જ ભવ્ય અને આકર્ષક છે. બહારથી તે બહુ જ જાજરમાન દેખાય છે. અહીં આદિનાથ ઋષભદેવ ભગવાનની ભવ્ય મૂર્તિનાં દર્શન કરીને મન પ્રફુલ્લિત થઇ જાય છે. આદિનાથ દાદા એટલે જૈનોના પહેલા તીર્થંકર. મહાવીર સ્વામી એ ચોવીસમા તીર્થંકર. જૈનોના પ્રખ્યાત તીર્થ સમેતશિખરજીમાં પણ પાર્શ્વનાથ પ્રભુ બિરાજે છે. અયોધ્યાપુરમમાં રહેવાજમવાની સગવડ છે. જૈનોનાં બધાં તીર્થોમાં જમવાની વ્યવસ્થા હોય જ છે. દર્શને આવનારાઓને તકલીફ ના પડે તેની સારી કાળજી લેવાય છે. તમે આ રસ્તે નીકળો તો અયોધ્યાપુરમ થોભીને આ મંદિર જરૂર જોજો.

વલભીપુર : વલભીપુર એ પ્રખ્યાત જૈન તીર્થ છે. અહીં પદ્માસનમાં બેઠેલા શ્રી આદિશ્વર ભગવાનની આરસની મૂર્તિ છે. અહીંથી પસાર થતા જૈન યાત્રીઓને રાત્રિનિવાસ કરવો હોય તો અહીં વ્યવસ્થા છે. વલભીપુરમાં સિદ્ધેશ્વર શીવ મંદિર અને શીવલીંગ છે. આ શીવલીંગ ૭ ફૂટ ઉંચું અને ૯ ફૂટનો ઘેરાવો ધરાવે છે. અમદાવાદથી ભાવનગરના રસ્તે બગોદરા, ધંધુકા, બરવાળા અને અયોધ્યાપુરમ પછી વલભીપુર આવે છે. તે અમદાવાદથી ૧૬૦ કી.મી. દૂર છે. અયોધ્યાપુરમથી તે માત્ર ૮ કી.મી. દૂર છે. વલભીપુરથી ભાવનગર ૩૯ કી.મી. અને પાલીતાણા ૪૨ કી.મી. દૂર છે.

પાલીતાણા: પાલીતાણા એ ગુજરાતમાં જૈનોનું મુખ્ય તીર્થ છે. બહુ જ પવિત્ર યાત્રા ધામ છે. અહીંનાં જૈન મંદિરો શત્રુંજય ડુંગર પર આવેલાં છે. અહીં જૈન ઉપરાંત, બધા ધર્મના લોકો

દર્શને આવે છે. અમદાવાદથી બગોદરા, ધંધુકા, બરવાળા, વલભીપુર, શિહોર અને સોનગઢ થઈને પાલીતણા જવાય છે. રસ્તામાં પણ



અયોધ્યાપુરમ



શત્રુંજય પરનાં જૈન મંદિરો

ઘણાં જૈન મંદિરો આવે છે. સોનગઢથી આગળ જઈએ એટલે 'શત્રુંજય પ્રવેશદ્વાર' લખેલી મોટી કમાન આવે છે. અહીંથી પાલિતણા માત્ર ૨૮ કી.મી. દૂર છે. શત્રુંજય એટલે શત્રુ પર વિજય.

પાલિતણામાં વર્ષના કોઈ પણ સમયે લોકોની ભીડ દેખાય છે. તહેવારોમાં તો માનવ મહેરામણ ઉમટે છે. જૈનોના સંઘ તો અવારનવાર આવ્યા જ કરે છે. આટલા બધા લોકોને

રહેવા માટે અહીં ઘણી ધર્મશાળાઓ ઉભી થઇ છે. નામ ભલે 'ધર્મશાળા' હોય, પણ તેમાં હોટેલ જેવી બધી સગવડો હોય છે.

પાલિતણા શહેર એક નાના નગર જેવું લાગે. શહેરના રસ્તાઓ ખૂબ જ સારા અને પહોળા છે. રસ્તાઓ પર ચોખ્ખાઈ ખૂબ જ છે. પાલિતણા નગરના છેડેથી જ શેત્રુંજય ડુંગર શરુ થાય છે. આ જગાને તળેટી કહે છે. પાલિતણાની મોટા ભાગની ધર્મશાળાઓ તળેટીની નજીક જ આવેલી છે. શેત્રુંજય તીર્થની યાત્રાએ આવનારા લોકો, તળેટીથી ડુંગર ચડવાનું શરુ કરે છે. અહીં ડુંગર તરફ ભવ્ય પ્રવેશદ્વાર બનાવ્યું છે. પ્રવેશદ્વારમાં દાખલ થતામાં જ એક મોટું મંદિર છે. તેને બાબુ દેરાસર કહે છે. દેરાસરમાં આદિનાથ ભગવાનની મૂર્તિ છે. આ દેરાસર ખૂબ વિશાળ પરિસરમાં પથરાયેલું છે. જેને શેત્રુંજય ડુંગર ન ચડવો હોય કે શારીરિક તકલીફને કારણે ચડી શકાય તેમ ન હોય તે બાબુ દેરાસર સુધી તો આવે જ. એટલે અહીં તો મોટા મેળા જેવું લાગે. લોકો બાબુ દેરાસરમાં પૂજાપાઠ, અર્ચન કરતા હોય છે. જૈન ધર્મની દીક્ષા લેવાની વિધિ પણ અહીં થાય છે. અહીં મહારાજ સાહેબ(મ.સા.) તથા સાધ્વીઓનાં દર્શન કરવાની તક પણ આસાનીથી મળે.

બાબુ દેરાસરની બાજુમાં સમોવર્ષણ નામનું દેરાસર છે. તેનો દેખાવ ખૂબ જ ભવ્ય અને આકર્ષક છે. અજાયબીમાં ગણી શકાય એવી સરસ આ કલાકૃતિ છે. સમોવર્ષણની તસ્વીર એ પાલિતણાની ઓળખ છે. થોડી વાર સુધી જોયા જ કરવાનું મન થાય એવો એનો દેખાવ છે.

શેત્રુંજય પર ચડવાનો રસ્તો બાબુ દેરાસર અને સમોવર્ષણ દેરાસરની વચ્ચે થઈને પસાર થાય છે. રસ્તો પગથિયાંવાળો છે. પગથિયાં એટલાં સરસ અને પહોળાં બનાવ્યાં છે કે ચડવાનું સહેલું લાગે. વળી, દરેક પગથિયાની ઊંચાઈ પણ છ ઈંચથી વધારે નથી એટલે ચડવામાં થાક ઓછો લાગે. દર પચાસ પગથિયાંએ પગથિયાંનો નંબર લખેલો છે એટલે તમે કેટલાં પગથિયાં ચડ્યા, તેનો અંદાજ મળતો રહે. ડુંગરની ટોચ સુધી કુલ ૩૩૬૫ પગથિયાં છે. થોડા થોડા અંતરે પગથિયાંની બંને બાજુએ શીલાઓ પર ભગવાનને નમન કરતાં સૂત્રો લખેલાં નજરે પડે છે. ઘણા લોકો ચંપલ પહેર્યા વગર ડુંગર ચડવાની બાધા રાખતા હોય છે, એટલે ગરમીમાં પગે દઝાવાય નહિ તે માટે પગથિયાં પર બંને બાજુએ થોડા ભાગમાં સફેદ રંગ કરેલો છે. એક બાજુનો સફેદ પટ્ટો ચડનારાઓ માટે તથા બીજી બાજુનો પટ્ટો ઉતરનારાઓ માટે. થોડા થોડા અંતરે વિસામાઓ પણ આવે છે. વિસામા પર માટલાનું ઠંડું ચોખ્ખું પીવાનું પાણી મળી રહે છે. અહીં પાણી પીને બે ઘડી બેસવાથી નવું જોમ આવી જાય અને પછી યાત્રિકો આગળ પગથિયાં ચડવાનું શરુ કરે.

લગભગ છસો એકાવન પગથિયાં પછી થોડો સપાટ રસ્તો આવે છે. પછી વળી પાછાં પગથિયાં. લગભગ અઢારસો પગથિયાં પછી હિંગળાજ માતાનું મંદિર આવે છે. માતાને પગે

લાગી યાત્રિકો આગળ વધે છે. બધાને ઠેઠ ટોચ પર પહોંચી આદિનાથ દાદાને મન ભરીને નિરખવા છે. અને ભગવાનની કૃપા પ્રાપ્ત કરી જીંદગીમાં ધન્યતા અનુભવવી છે. એ ઉત્સાહમાં થાક વર્તાતો નથી. આમ છતાં, યાત્રિકો ચડતાં ચડતાં હાંફી જાય તો દર થોડાં પગથિયાંએ સહેજ ઉભા રહીને થાક ખાઈ લે છે. જાતે ન ચડી શકનારા માટે ડોળી મળી રહે છે. પણ ચઢાણવાળા રસ્તે આપણી જાતને બીજા મનુષ્યો દ્વારા ઉચકાવવી એ માનવતા વિરુદ્ધનું કૃત્ય લાગે છે. ડોળીમાં બેસીને યાત્રા કરવાથી ભગવાન પ્રસન્ન થતા હશે કે કેમ, એ તો ભગવાન જ જાણે !

શેત્રુંજયની ઉપરનાં મંદિરોનો માહોલ તો ખરેખર અદભૂત છે. અહીં કુલ કેટલાં મંદિરો હશે, તે કલ્પી શકો છો? લોકોના કહેવા પ્રમાણે, અહીં મંદિરોની સંખ્યા ૯૦૦ જેટલી છે ! દરેક મંદિરમાં દર્શનનો લ્હાવો લેવા જેવો છે. ભારતનું આ મોટામાં મોટું મંદિરોનું નગર છે.

આ મંદિરો અગિયારમી સદીથી ઓગણીસમી સદી સુધીના આઠસો વર્ષના ગાળામાં બંધાયાં છે. મંદિરો બાંધવામાં પથ્થર અને આરસનો ઉપયોગ થયેલો છે. મંદિરોની દિવાલો પરની દેવદેવીઓની વિવિધ મુદ્રાવાળી મૂર્તિઓ જોતાં એમ લાગે છે કે એ વખતના લોકો કેવા કલાપ્રેમી હશે ! આટલું બધું શિલ્પકામ કરવામાં કેટલો બધો સમય લાગ્યો હશે ! પણ નિપુણતા, પ્રભુભક્તિ અને શોખને લીધે આ બધું શક્ય છે. અને મંદિરો કેવાં ભવ્ય અને ઉત્તુંગ શિખરોવાળાં છે ! એક જુઓ અને એક ભૂલો, એવાં આ મંદિરો જોઈને મન આનંદ, ભક્તિ અને પ્રભુપ્રેમમાં તરબોળ થઇ જાય છે. અહીનાં મંદિરોમાં મુખ્ય મંદિર આદિનાથ દાદાનું છે. અહીં આદિનાથની ચાર દિશામાં ચાર મુખવાળી મૂર્તિ છે. આ મંદિરને દાદાની ટુક પણ કહે છે. આદિનાથ દાદાનાં દર્શન કરીને મન પાવન થઇ જાય છે. એક વાર તો અહીં દર્શન કરવા જજો જ.

શેત્રુંજયની ટોચ પરથી, પાલિતણાની બાજુમાં વહેતી શેત્રુંજી નદીનું દ્રશ્ય બહુ જ સુંદર લાગે છે. શેત્રુંજી પર બાંધેલા બંધને લીધે ઉપરવાસમાં ભરાયેલ સરોવર અહીંથી દેખાય છે. ટોચ પથી ચારે બાજુ નજર કરતાં એમ લાગે કે ભગવાને કેવી સરસ સૃષ્ટિ રચી છે ! ઘણે દૂર એક અન્ય ડુંગર પર બાંધેલાં મંદિરો પણ ઝાંખાં ઝાંખાં દેખાય છે. એ છે હસ્તગિરિ પરનું જૈન મંદિર.

તળેટીમાં ચાનાસ્તાની દુકાનો છે. તે એકદમ વ્યવસ્થિત રીતે લાઈનબંધ ઉભી કરેલી છે. ચોખ્ખાઈ તો ખૂબ જ. અહીં શેરડીનો રસ બારે માસ મળે છે. અહીં કાચું પપૈયું અને ચવાણું નાખેલી ખાસ પ્રકારની ભેળ મળે છે. બાજુમાં જ ભાતાગૃહ છે, એમાં ખાવાપીવા માટે બુંદી, સેવ અને ચા મળે છે, અને તે પણ જોઈએ તેટલાં. ખાધા પછી સાકર-વરિયાળીનું પાણી મળે છે. આ બધાથી ડુંગર ચડ્યાઉતર્યાનો થાક ઉતરી જાય છે.

તળેટીની નજીકના વિસ્તારમાં મણીભદ્ર દેરાસર, કાચનું દેરાસર તથા અન્ય જાણીતાં મંદિરો છે. મ.સા. તથા સાધ્વીઓના મુકામ માટે પણ વ્યવસ્થા છે. પાલીતાણાથી ભાવનગર ૪૧ કી.મી. દૂર છે.

હસ્તગિરિ તીર્થ : હસ્તગિરિ ડુંગર પાલિતણાથી ૧૭ કી.મી. દૂર આવેલો છે. ત્યાં જવા માટે શેત્રુંજી નદીના કિનારે કિનારે રસ્તો છે. હસ્તગિરિ ડુંગરની ટોચ પર છેક મંદિર સુધી ગાડી તેમ જ લક્ઝરી બસો જઈ શકે છે. વળાંકો તેમ જ ઢાળ પર જરા સાચવીને ડ્રાઈવિંગ કરવાનું. કુલ છ કિલોમીટરનું ચઢાણ છે. ઉપર ઋષભદેવ(આદિનાથ) ભગવાનનું ભવ્ય દેરાસર અને પરિસરમાં ૭૨ જિનાલય છે. આખું બાંધકામ સફેદ આરસનું છે. સવારના સૂર્યના કોમળ તડકામાં આ મંદિરોનાં શિખરો ખૂબ જ પ્રભાવશાળી લાગે છે. મંદિરની બહાર ચારે બાજુ વિશાળ ચોગાન અને તેમાં ઉભાં કરેલાં નાનાં મંદિરો અહીંના આકર્ષણમાં ઓર વધારો કરે છે. એમ થાય કે આ જગાએ બસ, બેસી જ રહીએ. મનને અપૂર્વ શાંતિ મળે છે અને ચારે બાજુનો નઝારો એટલો સરસ કે બસ જોયા જ કરો. દૂર દૂર શેત્રુંજયની ટોચ પણ દેખાય છે.

હવા મહલ, પાલીતાણા: ૧૯૩૦ના અરસામાં બનેલો આ મહેલ હાલ હેરીટેજ હોટેલમાં ફેરવાઈ ગયો છે. મહેલમાંથી શેત્રુંજય ડુંગરની ટેકરીઓ દેખાય છે.

બ્રહ્મા કુંડ, શિહોર: શિહોરમાં આવેલા બ્રહ્મા કુંડનું ધાર્મિક અને આધ્યાત્મિક મહત્વ ઘણું છે. કુંડમાં ઉતરવા માટે ચારે બાજુ પગથિયાં છે. કુંડને કિનારે ઘણાં મંદિરો છે. પત્થરોમાં સુંદર કોતરકામ છે. આ એક ઐતિહાસિક જગા છે. કહે છે કે સિદ્ધરાજ જયસિંહ અહીંથી પસાર થતો હતો ત્યારે આ કુંડના પાણીથી એને ચામડીનો રોગ મટી ગયો હતો. પછી તેણે આ કુંડનું રીનોવેશન કરાવ્યું. શ્રાવણી અમાસે અહીં મોટો મેળો ભરાય છે.

ખોડીયાર મંદિર, રાજપરા: ખોડીયાર માનું મંદિર, ભાવનગર-રાજકોટ રોડ પર, ભાવનગરથી ૧૪ કી.મી. દૂર રાજપરામાં આવેલું છે. આ મંદિર ભાવનગરના રાજાએ ૧૯૧૧માં બંધાવેલું. મંદિર તાતનીયાવાલી તળાવને કિનારે છે. કુદરતના સાનિધ્યમાં આવેલું આ મંદિર બહુ જ સરસ અને જોવાલાયક છે. માતાને લાપસીનો પ્રસાદ ધરાવાય છે. માતાની બાધા રાખનારની બાધા જરૂર ફળે છે. મહા સુદ આઠમ અને ચૈત્ર સુદ પાંચમે અહીં જથ્થાબંધ લાપસી રંધાય છે, અને ભક્તોને પ્રસાદમાં વહેંચાય છે. નવરાત્રિ વખતે ઘણા ભક્તો અહીં ઉમટી પડે છે. ચોખ્ખાઈ સારી છે. અહીં રસોડું છે, તથા રહેવા માટે રૂમો છે. મંદિર આગળનો રસ્તો સારો એવો પહોળો છે. મંદિર આગળ બહાર ચોકમાં પુષ્કળ દુકાનો લાગેલી છે. મંદિરનું ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ ઘણું છે. ભાવનગરના રાજવીઓની એ કુળદેવી છે. ખોડીયાર માતા એ ભક્તોનાં આદરણીય માતા છે. શિહોરથી આ મંદિર ૫ કી.મી. દૂર છે.



ખોડીયાર મંદિર, રાજપરા

ઘોઘા બીચ: આ બીચ ભાવનગરથી ૨૦ કી.મી. દૂર ખંભાતના અખાતને કિનારે છે. ઘણા લોકો અહીં કુટુંબ પરિવાર અને મિત્રો સાથે ફરવા આવે છે. અહીંની સોનેરી રેતી અને મોજાંનું સતત કર્ણપ્રિય સંગીત, સૂર્યોદય અને સૂર્યાસ્ત દર્શન આ જગાને અદભૂત સૌન્દર્ય બક્ષે છે. આ એક મનોહર પીકનીક સ્થળ છે. અહીં શાંતિ અને આનંદ મળે છે. ચાલવા માટે કિનારો બહુ જ સરસ છે. જો કે અહીં બીજી સગવડો નથી. ઘોઘામાં શીવ અને જૈન મંદિર છે. કાલીકા માતાનું મંદિર પણ છે. આપણે એક કહેવત જાણીએ છીએ, "લંકાની લાડી ને ઘોઘાનો વર", એ કદાચ એ અર્થમાં હશે કે ઘોઘાને લંકા સાથે કદાચ દરિયાઈ સંબંધ હોય. ઘોઘાથી દહેજની ફેરી સર્વીસનું કામ ચાલુ છે. એ પૂરું થયા પછી ભાવનગરથી સુરત અને મુંબઈનું અંતર બહુ જ ઘટી જશે.

નિષ્કલંક મહાદેવ, કોડીયાક : શીવજીનું આ મંદિર કોડીયાક ગામથી ત્રણેક કી.મી. દૂર દરિયાકિનારે પાણીમાં ખડક પર આવેલું છે. મંદિરની અંદર પાંચ શીવલીંગ છે. મદિર આગળ થાંભલો અને ઉપર ધજા છે. આ મંદિરમાં નિયમિત પૂજા થાય છે. ભરતી ના હોય ત્યારે લોકો કિનારેથી ચાલતા મંદિરે જઇ શકે છે. અહીં ખાસ આશ્ચર્યજનક વાત એ છે કે ભરતી આવે ત્યારે ખડકની આજુબાજુ પાણી ફરી વળે છે. ખડક અને શીવલીંગ પાણીમાં ડૂબી જાય છે, માત્ર થાંભલાનો ઉપરનો ભાગ અને ધજા દેખાય છે. ભરતીથી આ ધજા ક્યારેય પડી ગઈ નથી. ભરતી વખતે કિનારેથી મંદિર સુધી જવાય જ નહિ. દિવસમાં એક વાર ભરતી આવતી હોય છે.



નિષ્કલંક મહાદેવ, કોડીયાક

આ મંદિર મહાભારતના જમાનાનું છે. પાંડવો મહાભારતનું યુદ્ધ જીત્યા, પછી તેમનાં ભાઈભાંડુંઓને મારી નાખ્યાનું પ્રાયશ્ચિત કરવા શ્રી કૃષ્ણની સલાહ મૂજબ, અહીં આવ્યા, અને શીવજીનું ધ્યાન ધર્યું. શીવજી તેમના પર પ્રસન્ન થયા, અને દરેક ભાઈનું એક એમ પાંચ શીવલીંગ રૂપે અહીં પ્રગટ થયા. પાંડવોએ શીવલીંગની પૂજા કરી, અને અહીં મંદિર સ્થાપ્યું. પાંડવો પરનું કલંક અહીં ધોવાઈ ગયું, એટલે આ શીવજી નિષ્કલંક મહાદેવ તરીકે ઓળખાયા. આ મંદિર ભાદરવા માસની અમાસે સ્થપાયું, શ્રાવણની અમાસે અહીં મેળો ભરાય છે. લોકો અહીં દૂધ, દહીં અને શ્રીફળ ધરાવે છે.

નિષ્કલંક મહાદેવનું મંદિર એક વાર ખાસ જોવા જેવું છે, ત્યાંનું દ્રશ્ય કાયમનું સંભારણું બની જશે. કોડીયાક ગામની બાજુમાં માલેશ્રી નદી છે, એના પર કોડીયાક ડેમ બાંધેલો છે. કોડીયાક ભાવનગરથી ૨૪ કી.મી. દૂર છે.

અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ: તે ખંભાતના અખાતમાં દરિયા કિનારે આવેલું છે. જૂનાં નકામાં થઇ ગયેલાં વહાણોને તોડી તેમાંથી ઉપયોગી વસ્તુઓ જુદી કાઢવાનું કામ અહીં થાય છે. દુનિયાના ઘણાખરા દેશોનાં શીપ તોડાવા માટે અહીં આવે છે. અલંગમાં આવું યાર્ડ ઉભું કરવાનું કારણ એ કે અહીંનો દરિયાકિનારો અને ભરતીનું સ્વરૂપ આ પ્રકારના કામ માટે બહુ જ અનુકૂળ છે, વળી વહાણોની વસ્તુઓ અને ભંગાર ખરીદીને વાપરી શકે એવાં કારખાનાં આ વિસ્તારમાં છે. ભારતનો અને દુનિયાનો આ સૌથી મોટો ભંગારવાડો છે. અહીં મોટી ટેન્કરો, સામાનવાહક જહાજો અને યુદ્ધજહાજો પણ બ્રેકીંગ માટે આવતાં હોય છે. ભાવનગરથી અલંગ ૫૯ કી.મી. દૂર છે. ઘણા લોકો વહાણોમાંથી નીકળેલી વસ્તુઓ ખરીદવા માટે પણ અહીં આવતા હોય છે.



અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ

તળાજાની બૌદ્ધ ગુફાઓ: તળાજા ગામની બાજુના ડુંગર પર પુરાતન બૌદ્ધ ગુફાઓ હોવાની ઈતિહાસમાં નોંધ છે. એના પરથી, ભૂતકાળમાં તળાજા બૌદ્ધ ધર્મનું કેન્દ્ર હશે, એવું માનવામાં આવે છે. આ ગુફાઓ, બુદ્ધ ભગવાનની પૂજા અને બૌદ્ધ સાધુઓના નિવાસ માટે ગિરિકંદરામાં કોતરાયેલી છે. અહીં ૩૦ જેટલી ગુફાઓ છે. ગુફાઓમાં બોધિસત્વનાં સુંદર કોતરકામ છે. એક ગુફામાં એભલ મંડપ તરીકે ઓળખતો હોલ છે, એમાં ચાર થાંભલા છે. આ ગુફાઓ ૨૦૦૦ વર્ષ જેટલી જૂની મનાય છે. ડુંગર પર જૈન દેરાસર અને ખોડીયાર માતાનું મંદિર છે. જૈન દેરાસર ભગવાન સુમતિનાથને સમર્પિત છે, એમાં અખંડ દીવો બળે છે. તળાજા ભાવનગરથી ૪૩ કી.મી. દૂર છે.

ગોપનાથ મહાદેવ અને બીચ: આ શીવ મંદિર ખંભાતના અખાતમાં દરિયા કિનારે આવેલું છે. તે ભાવનગરથી ૭૪ કી.મી. અને તળાજાથી ૨૨ કી.મી. દૂર છે. મંદિરમાં થાંભલાઓ, ઘુમ્મટ, છત, ફ્લોર વગેરે પરની કોતરણી બહુ જ સરસ છે. આશરે ૪૦૦ વર્ષ પહેલાં નરસિંહ મહેતાએ અહીં પ્રભુ સાધના કરી હતી. અહીં દરિયા કિનારે સુંદર બીચ છે. હેરીટેજ હોટેલ પણ છે. હોટેલની રૂમોમાંથી દરિયો દેખાય છે. ઘણા લોકો અહીં ધાર્મિક હેતુથી તેમ જ બીચ પર ફરવા માટે આવે છે. પક્ષી નિરીક્ષણ માટે આ સરસ જગા છે.



ગોપનાથ મહાદેવ

બાપા સીતારામ આશ્રમ, બગદાણા: બગદાણાનો, બાપા સીતારામ આશ્રમ બહુ જ પ્રખ્યાત છે. બાપા સીતારામે અહીં વર્ષો સુધી ગરીબગુરબાઓની સેવા કરી છે. તેમનું નામ બજરંગદાસ હતું, પણ તેઓ બાપા સીતારામ તરીકે જાણીતા હતા. તેઓ એક સંત પુરુષ હતા અને ભગવાનમાં અપાર શ્રદ્ધા ધરાવતા હતા. તેઓ ૧૯૦૬માં જન્મ્યા હતા, ૧૯૧૪માં નાસિક કુંભમેળામાં ગયા હતા, ચિત્રકૂટ પર્વત પર સાધના કરી. પછી દેશભારમાં યાત્રા કરી, અને તેમના ગુરુની ઈચ્છા મૂજબ, તેમણે ગામડાઓમાં લોકસેવાનું કાર્ય કર્યું. પછી તેઓ બગદાણા આવ્યા. અહીં પણ મઢુલી બનાવી, જીવનપર્યંત લોકોનું જીવનધોરણ સુધારવાનું કામ કર્યું, અને લોકોને કુદરતી સ્ત્રોતોનો ઉપયોગ કરી સારી જિંદગી જીવતાં શીખવ્યું. ૧૯૭૭માં બગદાણામાં તેઓ તેમની મઢુલીમાં જ મરી ગયા. દર વર્ષે તેમની મૃત્યુ તિથિ ઉજવાય છે.



બાપા સીતારામ આશ્રમ, બગદાણા

તેમની મઢુલી આગળ આશ્રમ બનાવાયો છે. આશ્રમનું મકાન આરસનું બનેલુ છે. આશ્રમમાં બાપા સીતારામની મૂર્તિ છે. પ્રવેશ આગળ શીવ પાર્વતીની મૂર્તિઓ છે. આશ્રમમાં ભોજનશાળા છે, દરેક યાત્રીને ફ્રી જમવાનું મળે છે. ધર્મશાળા છે, ગૌશાળા છે, અને આકસ્મિક સંજોગોમાં ૧૦૮ સર્વીસ તરત જ ઉપલબ્ધ છે. બગદાણા, ભાવનગરથી ૭૯ કી.મી., તળાજાથી ૨૯ કી.મી. અને હસ્તગિરિ જૈન મંદિરથી ૧૪ કી.મી. દૂર છે.

સ્વામીનારાયણ મંદિર, ગઢડા: ગઢડાનું સ્વામીનારાયણ મંદિર ખૂબ જ જાણીતું છે. આ મંદિર સ્વામીનારાયણ ભગવાનની સીધી દેખરેખ હેઠળ બનેલું છે. મંદિર ટેકરી પર છે. આશરે સોએક પગથિયાં ચડવાનાં છે. મંદિરમાં મોટો સભાખંડ, ધર્મશાળા અને રસોડું છે. ઉપરથી આજુબાજુનું દ્રશ્ય અને નીચે વહેતી ઘેલો નદી બહુ જ સુંદર લાગે છે. અહીં દર્શને આવતા દરેક ભક્તોને માટે જમવાનું ફ્રી છે. મંદિરની બાજુમાં લોન અને બગીચો છે. ભાવનગરથી વલભીપુર થઈને ગઢડાનું અંતર આશરે ૧૨૦ કી.મી. છે. ગઢડાથી ઘેલા સોમનાથનું અંતર આશરે ૩૦ કી.મી. છે.

લોકભારતી, સણોસરા : સણોસરામાં લોકભારતી નામની ગ્રામ્ય યુનિવર્સીટી છે. આ સંસ્થાએ ગામડાના લોકોને સ્કુલ તેમ જ કોલેજનું શિક્ષણ આપીને ક્રાંતિ સર્જી છે. અહીં ખેતીનું શિક્ષણ, ખેતી કરીને પ્રત્યક્ષ રીતે આપવામાં આવે છે. સંશોધન પણ ઘણું થાય છે. બાળકોને રહેવા માટે હોસ્ટેલની વ્યવસ્થા બહુ જ સરસ છે. મોટા ભાગના શિક્ષકો અહીં કેમ્પસમાં જ રહે છે. ગામડાના લોકોનું જીવન સુધારવામાં આ સંસ્થાએ મોટો ફાળો આપ્યો છે. એક વાર અહીં જાતે આવીને આ સંસ્થા જોવા જેવી છે. સણોસરા, ભાવનગરથી ૫૪ કી.મી. દૂર છે.



સ્વામીનારાયણ મંદિર, ગઢડા

ત્રંબક ધોધ : ભાવનગરની આજુબાજુના વિસ્તારમાં આ ધોધ જાણીતો છે. અહીં નહાવાની અને નાનાં બાળકોને રમવાની મજા આવે એવું છે.

આ ધોધ, ભાવનગરથી દક્ષિણમાં મહુવા જવાના રસ્તે, ભાવનગરથી ૨૦ કી.મી. દૂર આવેલો છે. આ રસ્તે કોબાડી ગામ આગળથી ત્રંબક જવાનો ફાંટો પડે છે. વલભીપુરથી ભાવનગર ગયા વગર, સીધા શિહોર કે વરતેજથી પણ ત્રંબક જઇ શકાય છે.

આ ધોધ એક નાના ટેકરા પરથી, ત્રીસેક ફૂટની ઉંચાઇએથી પડે છે. આજુબાજુ લીલોતરી છવાયેલી છે. ધોધની બાજુમાં ઉભા રહી, ધોધનું સુંદર દ્રશ્ય માણી શકાય છે. ધોધમાં સહેલાઇથી નાહી શકાય છે. બાળકોને અહીં રમવાનું અને પાણી ઉડાડવાનું ગમે છે. રવિવારે કે રજાના દિવસે અહીં ઘણા લોકો આવે છે, અને પીકનીક મનાવે છે. કુદરતી સૌન્દર્યના ચાહકોને આ જગા બહુ જ પસંદ આવે એવી છે. ફોટોગ્રાફી માટે આ સરસ સ્થળ છે. અહીં મુલાકાત લેવા માટે ઓક્ટોબરથી માર્ચનો સમયગાળો બહુ જ અનુકુળ છે.

મલનાથ મહાદેવ: ત્ર્યંબક ધોધથી ૪ કી.મી. દૂર આવેલું મલનાથનું શીવ મંદિર જોવા જેવું છે. ત્રંબકથી સીધા મલનાથ જવું હોય તો ટેકરીઓમાં ચાલીને જવું પડે. અન્ય રસ્તે પણ મલનાથ જઇ શકાય છે. આ વિસ્તારમાં ઘણી પવનચક્કીઓ ગોઠવેલી છે. અહીં આજુબાજુ ટેકરીઓમાં ટ્રેકીંગ કરી શકાય છે. અહીંના નીરવ વાતાવરણમાં મનને શાંતિ મળે છે.



ત્રંબક ધોધ

પીરમ બેટ: આ નાનકડો ટાપુ ઘોઘા બંદરથી દસેક કી.મી. દૂર દરિયામાં આવેલો છે. આ ટાપુ પાંચેક કી.મી. લાંબો અને ૨ કી.મી. પહોળો છે. ટાપુ પર એક દીવાદાંડી છે. દીવાદાંડીની દેખભાળ કરનારા થોડા માણસો સિવાય અહીં કોઈ રહેતું નથી. માનવવસ્તી વગરના આ વેરાન ટાપુ નીરખવા ઘોઘાથી કે ઘોઘા પાસેના કુડા ગામથી બોટમાં બેસીને જઇ શકાય છે.

દીવાદાંડી સિવાય જોવા જેવું કઈ નથી, પણ ટાપુ પરની લીલોતરીમાં રખડવાની મજા આવે એવું છે. ખાવાનું અને પાણી લઈને જવું. પર્યાવરણ, પુરાતત્વ, ફોટોગ્રાફી અને ભૂગોળના શોખીનોને આ જગા ગમે એવી છે.

૨૪. અમરેલી જીલ્લો

ખોડીયાર ડેમ, ગળધરો અને ખોડીયાર માતા મંદિર: ધારી ગામથી આઠેક કી.મી. દૂર, શેત્રુંજી નદી પર, ૧૯૬૭માં ડેમ બાંધવામાં આવ્યો છે. બંધના નીચવાસમાં નદી કિનારે ખોડીયાર માતાનું સ્થાનક છે, તેથી આ ડેમ ખોડીયાર ડેમ તરીકે ઓળખાય છે. ડેમથી ભરાયેલા રીઝર્વોયરનાં પાણી સિંચાઈ માટે વપરાય છે. નહેરો કાઢેલી છે. ડેમની નજીક સફારી પાર્ક બનાવ્યો છે, એમાં એશિયાઈ સિંહો ક્યારેક જોવા મળી જાય. ડેમમાંથી અમરેલી શહેરને પીવાનું પાણી પૂરું પડાય છે.

ડેમનાં પાણી થોડે આગળ જઇ ધોધરૂપે નીચે પડે છે, અને પછી આગળ વહે છે. આ જગા ખોડીયાર માનો ગળધરો કહેવાય છે. બહુ જ સરસ જગા છે, જોવા જેવી છે. નજીકમાં જ માતાજીનું મંદિર છે. બહુ જ લોકો દર્શને આવે છે. રવિવારે અને મંગળવારે લોકો અહીં લાપસીની માનતા ધરવા પધારે છે. અમરેલીથી ધારી ૫૩ કી.મી. દૂર છે.



ખોડીયાર ડેમ અને ગળધરો

નાગનાથ મહાદેવ: અમરેલીમાં આવેલા આ શીવમંદિરનું ઐતિહાસિક મહત્વ ઘણું છે. ગુજરાત ઉપરાંત, બહારના લોકો પણ અહીં દર્શને આવે છે. શિવરાત્રિ અને નાગપંચમીના તહેવારો અહીં ખૂબ ધામધૂમથી ઉજવાય છે. આ મંદિર સત્તરમી સદીમાં અમરેલીના દીવાને બંધાવ્યું છે.



ખોડીયાર માતા મંદિર



નાગનાથ મહાદેવ, અમરેલી

ભુરખીયા હનુમાન, લાઠી: લાઠીથી બારેક કી.મી. દૂર આવેલા ભુરખીયા ગામમાં પ્રખ્યાત હનુમાન મંદિર આવેલું છે. અહીં નિયમિત રીતે પૂજાઆરતી થાય છે. ઘણા લોકો દર્શને આવે છે. કવિ કલાપી લાઠીના વતની હતા.



ભુરખીયા હનુમાન, લાઠી

પીપાવાવ પોર્ટ: અમરેલીથી ૯૦ કી.મી. દૂર અરબી સમુદ્રને કિનારે આવેલું છે. આ પોર્ટ ખાનગી ક્ષેત્રનું છે. બધી જ સગવડો સહીતનું આ એક આધુનિક બંદર છે.



પીપાવાવ પોર્ટ

૨૬. જૂનાગઢની ઝાંખી

જૂનાગઢનો અર્થ છે જૂનો કિલ્લો. જૂનાગઢનો ઉપરકોટનો કિલ્લો સૌ પ્રથમ સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યએ ઈ.સ. પૂર્વે ૩૧૯માં બંધાવ્યો હતો. ભક્ત સંત શ્રી નરસિંહ મહેતા જૂનાગઢમાં રહેતા હતા. જૂનાગઢ ઈ.સ. ૧૭૫૮થી ભારત સ્વતંત્ર થયું ત્યાં સુધી નવાબોનું રાજ્ય હતું. એ દરમ્યાન જૂનાગઢમાં ઘણાં સરસ બાંધકામ થયાં. એમાં મહાબતખાનનો મકબરો ખાસ આકર્ષક છે. જૂનાગઢ એક સરસ ટુરિસ્ટ કેન્દ્ર છે. અહીંની કેસર કેરી બહુ જ વખણાય છે. અમદાવાદથી જૂનાગઢ ૩૧૭ કી.મી. દૂર છે. આવો, અહીં જૂનાગઢ શહેરની મજા માણીએ.

ઉપરકોટનો કિલ્લો: આ કિલ્લો જૂનાગઢ શહેરમાં ઉંચી ટેકરી પર આવેલો છે. એવું મનાય છે કે આ કિલ્લો સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યએ આશરે ૨૩૦૦ વર્ષ પહેલાં બંધાવ્યો હતો. પછી વખતોવખત તેમાં સુધારાવધારા થયા છે. અહીંથી જૂનાગઢ શહેર અને ગીરનાર પર્વતનાં દ્રશ્યો બહુ જ સુંદર લાગે છે. કિલ્લામાં રાણકદેવીનો મહેલ હતો, તે સુલતાન મહમદ બેગડાએ મસ્જીદમાં ફેરવી નાખેલ છે. તેમાં ૧૫૦ થાંભલાઓ છે. મહેલમાંથી ભાગી છૂટવા માટેના ગુપ્ત રસ્તાઓ પણ છે. મસ્જીદની નજીક બૌદ્ધ ગુફાઓ છે તે આશરે ૨૦૦૦ વર્ષ પહેલાં ખડકમાંથી કોતરેલી છે, તેમાં થાંભલાવાળો એક મુખ્ય હોલ છે. કિલ્લાની દિવાલો કેટલીક જગાએ ૨૦ મીટર ઉંચી છે.



ઉપરકોટનો કિલ્લો

કિલ્લામાં ૫૧ મીટર ઉંડી બે વાવ છે, તે અડી-કડી વાવ તરીકે ઓળખાય છે. આ વાવો ૧૪મી સદીમાં ખડકોમાંથી જ કોતરેલી છે. બે બહેનો અડી-કડીના નામ પરથી એનાં નામ પડ્યાં છે. આ બંને છોકરીઓ નોકરાણીઓ હતી. કહે છે કે રાજાએ વાવ ખોદાવી પણ પાણી ના નીકળ્યું, ત્યારે જોશીએ કહ્યું કે બે જુવાન કન્યાઓનો ભોગ આપો, પછી પાણી આવશે, અડી-કડી બહેનોએ જાતે પોતાનો ભોગ આપ્યો અને વાવમાં પાણી આવ્યું. આ બે બહેનોની યાદમાં અહીં ઝાડ પર બંગડીઓ અને કપડાં લટકાવેલાં છે. કિલ્લામાં ૪૨ મીટર ઉંડો નવઘણ કૂવો છે, તે ૧૦૦૦ વર્ષ જૂનો છે. કૂવામાં ઉતરવા માટે તેની ફરતે પગથિયાં છે. વાવ અને કૂવો


આ બંને જગાઓ જોવા જેવી છે. એક ગુજરાતી કહેવત છે કે 'અડીકડી વાવ ને નવઘણ કૂવો, જેણે ના જોયો તે જીવતે મૂઓ.'

કિલ્લામાં પાણીનાં ટાંકાં અને અનાજ સંઘરવાના કોઠાર છે. મહેલની નજીક બે તોપો નીલમ અને માણેક છે, જે દીવથી અહીં લાવવામાં આવી છે. નીલમ ૧૫ ફૂટ લાંબી છે, અને ઈજીપ્તમાં બનેલી છે. કિલ્લામાં એક ધક્કાબારી છે, જે ગુનેગારોને ધક્કો મારીને ખીણમાં ફેંકી દેવાની સજા માટે વપરાતી હતી, હાલ તે પબ્લીકને જોવા માટે બંધ છે. કિલ્લામાં ચાલવાનું ઘણું થાય છે. કિલ્લાની નજીક ખાપરાકોળીયા અને બાબા પ્યારાની ગુફા છે. પ્રવાસીઓએ અને ઈતિહાસના શોખીનોએ આ કિલ્લો જોવા જેવો છે.

દામોદર કુંડ: જૂનાગઢમાં આવેલું આ એક જાણીતું પવિત્ર સ્થળ છે. આ કુંડ ગીરનાર પર્વતની તળેટીમાં આવેલો છે. જૂનાગઢથી તે આશરે ૪ કી.મી. દૂર છે. કુંડની બધી બાજુ ઘાટ બાંધેલો છે. કુંડનાં પાણી પાંચ ફૂટ ઉંડાં છે. ગુજરાતના જાણીતા સંત અને કવિ શ્રી નરસિંહ મહેતા દરરોજ આ કુંડમાં સ્નાન કરવા આવતા. તેમને લગતી એક કવિતા બહુ જાણીતી છે. 'ગિરિ તળેટી ને કુંડ દામોદર, ત્યાં મહેતાજી નહાવા જાય' અહીં કુંડ આગળ બેસીને એમણે ઘણાં પ્રભાતિયાં રચ્યાં હતાં. અહીં દર્શને આવતા લોકો કુંડમાં સ્નાન કરતા હોય છે ગીરનાર પર ચડવાનાં પગથિયાં આ કુંડ આગળથી શરુ થાય છે.



દામોદર કુંડ



ભવનાથ મહાદેવ મંદિર

કુંડ આગળ ભગવાન દામોદરજી અને રાધા રાણીનું મંદિર છે. દામોદર મંદિરની બાજુમાં નરસિંહ મંદિર પણ બન્યું છે. દામોદર કુંડની બાજુમાં રેવતી કુંડ છે. તેની જોડે મહાપ્રભુજીની બેઠક છે. રેવતી કુંડની નજીક મુચકુંદની ગુફા છે, તેમાં શ્રી કૃષ્ણ મંદિર છે. દામોદર કુંડ એ સરકાર દ્વારા આરક્ષિત સ્મારક છે. અહીં ટોઇલેટ વગેરેની સગવડ છે.

ભવનાથ મહાદેવ મંદિર: આ મંદિર ગીરનાર પર્વતની તળેટી આગળ ભવનાથ ગામમાં આવેલું છે. તેની બાજુમાં મૃગી કુંડ છે. કહે છે કે શીવ અને પાર્વતી જયારે ગીરનાર પરથી પસાર થઇ રહ્યાં હતાં, ત્યારે તેમનું એક વસ્ત્ર મૃગી કુંડમાં પડી ગયું, અને અહીં શીવજીનું સ્થાનક બન્યું. અહીં દર વર્ષે મહા મહિનામાં શિવરાત્રિ દરમ્યાન ભવનાથનો મેળો ભરાય છે. આ મેળો પાંચ

દિવસ સુધી ચાલે છે. લોકો મેળામાં નાચે છે, ગાય છે અને આનંદ માણે છે. મેળામાં ઘણી જાતની દુકાનો લાગે છે, એમાં મૂર્તિઓ, માળાઓ, રુદ્રાક્ષ, તાંબાપિત્તળનાં વાસણો વગેરે વેચાય છે. આ મેળાનું ખાસ આકર્ષણ નાગા બાવાઓ છે. તેઓ આ મેળામાં ખાસ જોડાય છે. તેઓ શિવરાત્રિના વરઘોડામાં જતા પહેલાં મૃગી કુંડમાં સ્નાન કરે છે, ઘણા બાવાઓ હાથી પર સવાર થઇને અને હાથમાં હિંદુ ધ્વજ લઈને ભગવાન શ્રી દત્તાત્રેયનું ધ્યાન ધરે છે. ઘણા નાચે છે, અને ઘણા અંગકસરત કરે છે. આખો વિસ્તાર સંગીત, શંખનાદ, તુંગી અને તુરી જેવાં વાદ્યોના અવાજથી ગુંજી ઉઠે છે. નાગા બાવાઓના હઠ યોગ અને બીજા પ્રયોગો જોઇને લોકો આશ્ચર્ય પામી જાય છે. એવી માન્યતા છે કે શિવરાત્રિએ શીવ ભગવાન જાતે અહીં પધારે છે. મેળામાં ગુજરાત ઉપરાંત, દેશ તથા વિદેશના ટુરિસ્ટો પણ આવે છે.

દશેરાથી પૂર્ણિમા સુધીના પાંચ દિવસ દરમ્યાન અહીં ગીરનારની લીલી પરિક્રમા નીકળે છે, એ પરિક્રમા ભવનાથ મંદિર પર ધજા ફરકાવીને શરુ થાય છે. પરિક્રમા ગીરનારની ફરતે ૩૬ કી.મી. જેટલું ફરીને પાછી ભવનાથ આવે છે.

અશોક શીલાલેખ: સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા ઘણી જગાએ શીલાલેખો કોતરાવ્યા છે. આવો જ એક શીલાલેખ ઈ.સ.૧૮૮૨માં જૂનાગઢમાં મળી આવ્યો છે. જૂનાગઢ શહેરથી ૨ કી.મી. દૂર, ગીરનાર જવાના રસ્તે આ શીલાલેખ છે. પાલી ભાષામાં લખાયેલો આ શીલાલેખ ઈ.સ. પૂર્વે ૨૬૩માં એટલે કે આશરે ૨૨૮૦ વર્ષ પહેલાં લખાયેલો હોવાનું જાણવા મળે છે. લખાણ એક મોટા ખડક પર છે. એમાં સમ્રાટ અશોકની વાર્તા અને ૧૫ ઉપદેશો કંડારેલા છે. ખડક એક મકાનમાં છે. ખડકની બાજુમાં બોર્ડ પર આ લેખનું અંગ્રેજી ભાષાંતર લખેલું છે. આ લખાણમાં ધર્મ, શાંતિ, ઉપદેશ, સહકાર અને સહનશીલતાની વાતો લખેલી છે. બુદ્ધનો સંદેશો પ્રજાને પહોંચાડવા ઉમદા જીવન કેવી રીતે જીવવું, તે એમાં બતાવ્યું છે. શીલાલેખ જોઇને આપણે આપણા દેશના ભવ્ય ભૂતકાળમાં સરી પડીએ છીએ. ઈતિહાસ શોખીનો માટે આ ખાસ અગત્યનું ઐતિહાસિક સ્થળ છે.



અશોક શીલાલેખ

નરસિંહ મહેતાનો ચોરો: જૂનાગઢમાં આ એક પવિત્ર જગા છે. પંદરમી સદીમાં પ્રખ્યાત સંત અને ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતા આ જગાએ લોકોને એકઠા કરીને ધાર્મિક વાતો અને

ભજનો કરતા. અહીં ગોપનાથનું એક નાનું મંદિર છે. એમાં દામોદરરાયજી અને નરસિંહ મહેતાની મૂર્તિઓ છે. નરસિંહ મહેતા કૃષ્ણભક્ત હતા, અહીં એમને શ્રીકૃષ્ણનાં દર્શન થયાં હતાં. તે વિદ્વાન, ચિંતક અને સમાજસુધારક હતા. તેમણે રચેલું ભજન 'વૈષ્ણવજન તો તેને રે કહીએ....'ગાંધીજીનું પ્રિય ભજન હતું. તેમનું એક પ્રભાતિયું 'જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા...'ગુજરાતમાં ઘેરેઘેર ગવાય છે. તેઓ નાગર જ્ઞાતિના હતા. તેઓ રોજ દામોદર કુંડમાં સ્નાન કરવા જતા. તેમણે જીવનનાં ઘણાં વર્ષો જૂનાગઢમાં ગાળ્યાં હતાં.



નરસિંહ મહેતાનો ચોરો

સક્કરબાગ ઝૂ: જૂનાગઢમાં આ પ્રાણી સંગ્રહાલય ૧૮૬૩માં શરુ થયું હતું. અહીં ગીરના સિંહ, વાઘ, રીંછ, ચિત્તો, હરણ, કાળીયાર, સફેદ વાઘ ઉપરાંત લગભગ બધી જાતનાં પ્રાણીઓ છે. અહીં એશિયાઈ સિંહોના ઉછેર માટેનું કેન્દ્ર છે. ઝૂમાં મોર, ગીધ વગેરે પક્ષીઓ તથા મગર અને સાપ જેવા સરિસૃપ જીવો પણ છે. આ સંગ્રહાલય શહેરની વચ્ચે વિશાળ જગામાં આવેલું છે. અહીં પ્રાણીઓની જાળવણી અને કાળજી સારી રીતે લેવાય છે. બાળકોને અહીં બહુ મજા આવે છે, તેમને ઘણું જાણવા મળે છે. અહીં બગીચામાં ગળ્યા પાણીનો કૂવો હતો, તેના પરથી આ બાગનું નામ સક્કરબાગ રખાયું, એવી માન્યતા છે. ઝૂમાં એક મ્યુઝીયમ પણ છે, એમાં ચિત્રો, હસ્તપ્રતો, પુરાતત્વની ચીજો વગેરે રાખેલું છે.

ઝૂના સંચાલકોએ ૨૦૦૩માં વેટરનરી હોસ્પીટલમાં નેચરલ હિસ્ટ્રી મ્યુઝીયમ શરુ કર્યું છે, એમાં સિંહ, ચિત્તો, હરણ, કાળીયાર સાબર વગેરેનાં હાડપિંજર રાખ્યાં છે. પક્ષીઓનાં ઈંડાં, ચાંચ અને પીંછાં પણ છે. પ્રાણીઓ અને પક્ષીઓ વિષે એમાં ઘણું શીખવા મળે છે.



સક્કરબાગ ઝૂ

સાયન્સ મ્યુઝીયમ: આ મ્યુઝીયમ ખાનગી માલિકીનું છે. લોકોમાં વિજ્ઞાન પ્રત્યે અભિરુચિ કેળવાય અને લોકો આધુનિક ટેકનોલોજીથી જ્ઞાત રહે એ આ મ્યુઝીયમનો હેતુ છે. અહીં પ્રકાશ, અવાજ, મેગ્નેટ, વિદ્યુત, વિજાણુંશાસ્ત્ર વગેરેને લગતા ૬૦ થી વધુ પ્રોજેક્ટ પ્રદર્શિત કરેલા છે. લોકો જાતે પ્રયોગો કરી શકે છે. અહીં 'Do not touch' નું બોર્ડ ક્યાંય મારેલું નથી. ગુજરાતની બધી સ્કુલના વિદ્યાર્થીઓ આ મ્યુઝીયમ જોવા જાય એવો આગ્રહ દરેક સ્કુલ પાસે રખાય છે. અહીં ૩ડી ફિલ્મ થીયેટર છે, એમાં દરિયામાં ડૂબકી, ગ્રાન્ડ કેન્યનની સફરે, અવકાશયાત્રા અને વાઈલ્ડ લાઈફ જેવી ફિલ્મો બતાવવામાં આવે છે. આ અનુભવ રોમાંચ અને સાહસથી ભરેલો લાગે છે. અહીં પ્લેનેટોરીયમ છે, જે સૂર્યમાળા, ધૂમકેતુ, ગેલેક્સી, બ્લેક હોલ અને અવકાશપ્રવાસે લઇ જાય છે. મ્યુઝીયમમાં એક નાનું માછલીઘર છે, ગાર્ડન રેસ્ટોરન્ટ પણ છે. એક વાર આ મ્યુઝીયમ જોવા જેવું છે.

વીલીંગટન ડેમ: જૂનાગઢથી આશરે ત્રણેક કી.મી. દૂર ગીરનારની બે ટેકરીઓ વચ્ચે અને દાતાર હીલની તળેટી આગળ કલવા નદી પર આ ડેમ બાંધેલો છે. આ ડેમ અંગ્રેજોના જમાનામાં બંધાયો છે, અને ગવર્નર લોર્ડ વીલીંગટનના નામ પરથી તેનું નામ વીલીંગટન ડેમ રખાયું છે. આ સ્થળ અનુપમ કુદરતી સૌન્દર્ય ધરાવે છે. ચોમાસાની ઋતુમાં જૂનાગઢના લોકો માટે આ એક અનેરું આકર્ષણ છે. ગીરનારની ટેકરીઓને વાદળાં અડકતાં હોય અને ટેકરીઓ પરથી નાના નાના ધોધ અને ઝરણાંરૂપે પાણી ડેમ તરફ આવતું હોય એ દ્રશ્ય બહુ જ સુંદર લાગે છે. ડેમ ઓવરફ્લો થતો હોય એ જોવાની બહુ મજા આવે છે. અહીં પક્ષીઓ ઘણાં જોવા મળે છે. ઠંડી હવાની લહેરો માણવા મળે છે. ડેમ તરફ જતા રસ્તે વૃક્ષો વાવીને સરસ લીલોતરી ઉભી કરી છે. ડેમની નજીકમાં ગાર્ડન અને પીકનીક પોઈન્ટ છે. બહુ જ લોકો અહીં ફરવા આવતા હોય છે. ડેમના પાણીમાંથી જૂનાગઢ શહેરને પીવાનું પાણી પૂરું પડાય છે.



સાયન્સ મ્યુઝીયમ

દરબાર હોલ મ્યુઝીયમ: જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલું આ મ્યુઝીયમ જૂનાગઢ મ્યુઝીયમ તરીકે જાણીતું છે. નવાબના મહેલમાં જ આ મ્યુઝીયમ ઉભું કર્યું છે. જૂનાગઢના નવાબની જીવનશૈલી અહીં જાણવાજોવા મળે છે. નવાબ જે ચીજો વાપરતા, તે બધી અહીં પ્રદર્શનમાં મૂકેલી છે. એમાં કપડાં, ઘરેણાં, ચાંદીની ચીજવસ્તુઓ, ક્રોકરી, ફુલદાનીઓ, મુરાનો ગ્લાસની ચીજો, કારપેટ, સિંહાસન, રજવાડી ખુરશીઓ, વેનેશ્યન ઝુમ્મરો, હાથીની અંબાડી, શસ્ત્રો, બંધૂકો, શિકાર કરેલાં પ્રાણીઓનાં મસ્તક, સિક્કાઓ વગેરે છે. આ ઉપરાંત, જાતજાતનાં ચિત્રો, પેઈન્ટીંગ, નવાબોનાં તૈલચિત્રો વગેરે પણ પ્રદર્શિત કરેલ છે. આ બધું આપણને નવાબના જમાનામાં લઇ જાય છે. મ્યુઝીયમમાં ગોઠવણી બહુ જ સરસ છે. મ્યુઝીયમ જોવાનો સમય ૯થી ૧૨ અને ૩થી ૬ છે. બુધવાર, બીજો ચોથો શનિવાર અને જાહેર રજાઓએ મ્યુઝીયમ બંધ રહે છે.

મહાબત ખાનનો મકબરો: જૂનાગઢમાં આવેલો આ મકબરો એક જમાનામાં જૂનાગઢના નવાબનું રહેઠાણ હતું. તે બહાદુદીનભાઈ હસનભાઈના મકબરા તરીકે પણ ઓળખાય છે. બહાદુદીન જૂનાગઢના નવાબ મહાબતખાન બીજાના દરબારમાં વજીર હતો. મહાબતખાને આ મકબરાનું બાંધકામ ૧૮૭૮માં શરુ કર્યું હતું, અને તેના વારસ બહાદુરખાને ૧૮૯૨માં પૂરું કર્યું હતું.

મકબરો જૂનાગઢના ભરચક વિસ્તારમાં આવેલો છે. તે ગોથીક અને ઇસ્લામીક સ્થાપત્યનું મિશ્રણ છે. મકબરાની અંદર અને બહારનાં કોતરકામ, કમાનો, ફ્રેંચ સ્ટાઈલની બારીઓ, થાંભલા અને ચાંદી કલરના દરવાજા બધું જ ભવ્ય છે. મકબરાની બાજુમાં મસ્જીદ છે, તેને ચાર મીનારત છે, દરેક મીનારતને ગોળ ફરતી સીડી છે, સીડી ચડીને મીનારતની ઉપર જવાય છે. બંને મકાનોને ઉપર ડુંગળી આકારના ઘુમ્મટ છે. મુલાકાતીઓ માટે મકબરાનો ગ્રાઉન્ડ ફ્લોર અને આખી મસ્જીદ જોવા માટે ખુલ્લાં છે. મકબરાની અંદરની કબર ફક્ત બહારથી

જ જોવાય છે. મકબરાનો બહારનો દેખાવ બહુ જ સરસ છે, અને પ્રવાસીઓનું મન મોહી લે છે. મકબરો આટલો સરસ હોવા છતાં બહુ જાણીતો નથી. એની પૂરતી કાળજી લેવાતી નથી.



દરબાર હોલ મ્યુઝીયમ



મહાબત ખાનનો મકબરો

મોતી બાગ: એને બોટાનીકલ ગાર્ડન પણ કહે છે. તે જૂનાગઢ એગ્રીકલ્ચર યુનીવર્સીટીના કેમ્પસમાં આવેલો છે. આ એક મોટો અને સુંદર બગીચો છે. ઘણા લોકો અહીં ફરવા આવે છે. જોગીંગ અને ચાલવા માટે આ સરસ જગા છે. અહીં ઘણી જાતનાં ઝાડપાન છે. બાગમાં પરી નામનું તળાવ છે.

દાતાર હીલ: જૂનાગઢની આ એક ફરવા જેવી જગા છે. તે ૮૫૭ મીટર ઉંચી છે. ઉપર ચડવા માટે પગથિયાં છે. ચડવામાં થોડું ટ્રેકીંગ પણ થઇ જાય છે. ટેકરી પર મંદિર અને દરગાહ બંને

છે, એટલે હિંદુ અને મુસ્લિમ બધા લોકો અહીં આવે છે. અહીં કુદરતી સૌન્દર્ય વિખરાયેલું પડ્યું છે. અહીંથી જૂનાગઢ શહેર અને ગીરનાર ડુંગરના વ્યૂ બહુ જ મસ્ત લાગે છે. ચોમાસામાં અહીંની મજા કોઈ ઓર જ છે. વાદળાં, લીલીછમ ખીણ, ભીનું ભીનું વાતાવરણ, ઉપર ખુલ્લું આકાશ-કુદરતને માણવા આનાથી વધુ શું જોઈએ?



દાતાર હીલ

ગાયત્રી અને વાઘેશ્વરી માતા મંદિરો: આ મંદિરો જૂનાગઢથી ગીરનાર તરફ જતાં રસ્તામાં આવે છે. ગીરનાર જતા લોકો અહીં અચૂક દર્શન કરીને આગળ જાય છે.

૨૭. જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લા

ગીરનાર પર્વત: ગીરનાર પર્વતને કોણ નહિ જાણતું હોય? ગુજરાતનો આ ઉંચામાં ઉંચો પર્વત છે. તે જૂનાગઢ શહેરથી પાંચેક કી.મી. દૂર આવેલો છે. હિંદુ અને જૈનોનું આ પવિત્ર સ્થળ છે. જૂનાગઢથી ગીરનાર તરફ જતાં રસ્તામાં વચ્ચે ગાયત્રી અને વાઘેશ્વરી માતા મંદિરો તથા અશોકનો શીલાલેખ આવે છે. પછી ગીરનારની તળેટીમાં દામોદર કુંડ, ભવનાથ મંદિર અને બીજાં તીર્થો છે. ગીરનાર પર્વત પર ચડવા માટે પગથિયાં બનાવેલાં છે. તળેટીથી શરુ કરી ટોચ સુધી કુલ ૯૯૯૯ પગથિયાં છે. આશરે ૫૦૦૦ પગથિયાં ચડ્યા પછી જૈન મંદિરો આવે છે. બીજાં ૧૨૦૦ પગથિયાં પછી એટલે કે પર્વતની લગભગ અડધી ઉંચાઇએ અંબાજી શીખર આવે છે, અહીં માં અંબાજીનું મંદિર છે. અહીં આરામ કરવા માટે સારી જગા છે. લોકો અહીં અંબા માના આશીર્વાદ લઇ આગળ વધે છે. અહીંથી આગળ ૫૦૦ પગથિયાં ઉતરવાનાં અને ૮૦૦ ચડવાનાં છે, ત્યાર પછી ૧૨૦૦ પગથિયાં ઉતરવાનાં અને પછી ૨૩૦૦ ચડવાનાં છે. છેલ્લે ગુરુ દત્તાત્રેયના મંદિરે પહોંચાય છે. અહીં જગા બહુ ઓછી છે. ઉપર ચડતાં ૪ થી ૬ કલાક લાગે છે. પર્વતનો ઢોળાવ જરા સીધો છે. સામાન્ય રીતે ગીરનાર ચડવાનું વહેલી સવારે ૫ વાગે શરુ કરવું જોઈએ. કે જેથી બપોરના તાપમાં બહુ ચડવું ના પડે. પાણી અને થોડો હળવો નાસ્તો સાથે રાખવો. ઉપર જગા ઓછી હોવાથી, બહુ રોકાયા વગર, ઉતરીને અંબામાના મંદિરે પાછા આવી જવું અને અહીં થોડો આરામ કરવો. સવારે ૫ વાગે નીકળો તો ૧૦ વાગે ઉપર પહોંચાય અને ૧૨ વાગે અંબાજી પાછા આવી જવાય. પગથિયાં ના ચડવાં હોય તો ડોળી પણ મળે છે.



ગીરનાર પર્વત

ગીરનાર પર્વત પર પાંચ મુખ્ય શિખરો છે. અંબાજી, ગોરખનાથ, ગુરુ દત્તાત્રેય, ઓઘડ અનસુયા અને કાલકા. એમાં ગોરખનાથ સૌથી ઉંચું છે. તેની ઉંચાઈ ૩૬૬૬ ફૂટ છે. તે દત્તાત્રેય મંદિરની બાજુનું જ શીખર છે. કાલકા જવાનું બહુ અઘરું છે. વ્યવસ્થિત પગથિયાં નથી. અંબા માતાનું મંદિર નવાં પરણેલાં વરવધૂઓમાં ખાસ જાણીતું છે. તેઓ સુખી

લગ્નજીવન માટે માના આશીર્વાદ માગવા અહીં આવતાં હોય છે. ગીરનારની યાત્રા માટે ઓક્ટોબર થી ફેબ્રુઆરી સારો સમય છે.

દર વર્ષે આસો મહિનામાં દશેરાથી પૂર્ણિમા સુધી અથવા તો કારતક સુદ ૧૧થી ગીરનારની લીલી પરિક્રમા યોજાય છે. એ પરિક્રમા ભવનાથ મંદિર પર ધજા ફરકાવીને શરુ થાય છે અને ગીરનારની ફરતે ૩૬ કી.મી. જેટલું ફરીને પાછી ભવનાથ આવે છે. એમાં સાધુબાવાઓ ખાસ ભાગ લે છે.

ગીરનાર પરનાં જૈન મંદિરો: અહીં લગભગ ૧૬ જેટલાં મંદિરો છે. આ મંદિરોની છેક સુધી રસ્તો બનાવેલો છે. જૈનોનું આ અતિ પવિત્ર સ્થળ છે. સૌથી મોટું મંદિર ૨૨મા તીર્થંકર ભગવાન નેમિનાથનું છે. તેમનું આ મોક્ષ સ્થળ છે. મંદિરો આરસ અને પત્થરનાં બનેલાં છે. જૈન સિવાયના લોકો પણ અહીં આવે છે.



ગીરનાર પરનાં જૈન મંદિરો



સાસણગીરના સિંહો

સાસણગીર: સાસણગીર વિસ્તારમાં આવેલું ‘ગીર જંગલ રાષ્ટ્રીય ઉદ્યાન અને પ્રાણી અભ્યારણ્ય’ આજે દુનિયાભરમાં પ્રખ્યાત છે. એશિયાઈ સિંહોનું આ વતન છે. આ ખૂબ જ રક્ષિત વિસ્તાર છે. અહીં જંગલમાં મુક્ત રીતે વિહરતા સિંહોને જોવા માટે દેશવિદેશથી દર વર્ષે લાખો ટુરિસ્ટો ઉમટી પડે છે. ખુલ્લી જીપમાં બેસી, જંગલમાં ફરતાં ફરતાં, સિંહને જોવા એ એક અદભૂત લ્હાવો છે. ઘણી વાર તો સિંહ-સિંહણ અને બચ્ચાં સહિતનો આખો પરિવાર જોવા મળી જાય છે. ક્યારેક સમૂહમાં ઘુમતા કે આરામ ફરમાવતા સિંહોનું ટોળું પણ નજરે પડી જાય છે. કોન્ક્રીટનાં જંગલોમાં વસતા માણસોને આવાં કુદરતી જંગલોમાં, સિંહો વચ્ચે ફરવાની કેવી મજા આવી જાય ! આ જંગલોમાં, આ ઉપરાંત, બીજાં ઘણી જાતનાં પ્રાણીઓ, પક્ષીઓ અને સાપની જાતના જીવો વસે છે. અહીંની ઝાડપાન અને વિવિધ છોડની વનસ્પતિ સૃષ્ટિ પણ ઘણી મોટી છે. આ બધું જોવા, માણવા એક વાર સાસણગીરની મુલાકાત અવશ્ય લેવી જોઈએ.

આ અભ્યારણ્ય, ત્રણ મોટાં શહેરો જૂનાગઢ, અમરેલી અને સોમનાથની લગભગ વચ્ચેના એરીયામાં વિસ્તરેલું છે. સાસણગીર જૂનાગઢથી દક્ષિણમાં ૬૪ કી.મી., અમરેલીથી

પશ્ચિમમાં ૬૦ કી.મી. અને સોમનાથથી પૂર્વમાં ૫૩ કી.મી. દૂર છે. સાસણગીરને રેલ્વે સ્ટેશન પણ છે. જૂનાગઢથી રેલ્વે મારફતે સાસણગીર અવાય છે. આ અભ્યારણ્ય ૧૯૬૪માં સ્થપાયેલું છે. જો કે આ જંગલ વિસ્તાર અને સિંહોને, જૂનાગઢના નવાબે છેક ૧૯૦૦ની સાલથી રક્ષિત જાહેર કરેલ છે. તેથી તો અહીં સિંહો બચ્યા છે.

અહીં દર પાંચ વર્ષે સિંહોની ગણતરી થાય છે. એપ્રિલ ૨૦૧૦ની ગણતરીમાં અહીં ૫૧૧ સિંહો માલુમ પડ્યા હતા. એપ્રિલ ૨૦૧૪ની ગણતરી હમણાં જ પૂરી થઇ. આ ૧૫મી વખતની ગણતરી છે. આ ગણતરીમાં ૪૨૩ સિંહો જોવા મળ્યા. આ સંખ્યામાં ગીર ઉપરાંત, તેમાં આવેલ દેવલીયા સફારી પાર્ક અને જૂનાગઢના સક્કરબાગ પ્રાણીસંગ્રહાલયના સિંહોનો પણ સમાવેશ થાય છે. વળી, અહીં તથા જૂનાગઢ ઝૂમાં 'સિંહ ઉછેર પ્રોગ્રામ' તો ચાલતો જ હોય છે. એમાં સિંહોની સંખ્યા વધારવાના પ્રયોગો ચાલે છે.

ગીરના જંગલમાં સાત મોટી નદીઓ વહે છે, હિરણ, શેત્રુંજી, દાતરડી, શિંગોડા, મછુન્દ્રી, ગોદાવરી અને રવાલ. ચાર નદીઓ હિરણ, શિંગોડા, મછુન્દ્રી અને રવાલ પર બંધ બાંધેલા છે, એટલે તે જળાશયોમાંથી પૂરતું પાણી મળી રહે છે. કમલેશ્વર જળાશય સૌથી મોટું છે અને તે ગીરની જીવનરેખા સમાન છે. આખા વિસ્તારમાં, ઉનાળામાં પ્રાણીઓને પાણી મળી રહે તે માટે, બધું મળીને ૩૦૦ જેટલાં પાણીકેન્દ્ર બનાવેલાં છે. આમ છતાં, વરસાદ ઓછો પડે કે દુકાળ પડે ત્યારે ઘણાં કેન્દ્ર પર પાણી હોતું નથી. અહીંની આ એક વિકટ સમસ્યા છે.

ગીરમાં ૫૦૦થી યે વધુ જાતનાં ઝાડ અને છોડ થાય છે. અહીં ટીકના ઝાડનાં જંગલો છે. આ ઉપરાંત, બોર, જાંબુ, બાબુલ, કરંજ, ઉમળો, આંબલી, વડ, ઢાક, કલમ, શરુ વગેરે વૃક્ષો થાય છે. મોટા ભાગનાં ઝાડ પહોળા પાનવાળાં છે એટલે છાંયડો મળી રહે છે અને ભેજ પણ સારા પ્રમાણમાં સચવાય છે. અહીં ઘણા લોકો વનસ્પતિને લગતું સંશોધન કરવા આવે છે. શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને જંગલની મજા માણવાની દ્રષ્ટિએ આ જંગલો બહુ જ ઉપયોગી છે. અહીંથી દર વર્ષે ઘાસ તથા બાળવા માટેનું લાકડું પુષ્કળ પ્રમાણમાં મળે છે.

વનસ્પતિની જેમ, આ જંગલ પ્રાણીઓની વિવિધતાથી ભરેલું છે. અહીં સિંહો તો ખરા જ. એ ઉપરાંત, ચિત્તો, હાયના, શિયાળ, સાબર, નીલગાય, ચિંકારા, સુવર, નોળિયો અને સસલા જેવાં પ્રાણીઓ પણ છે. પાણીવાળી જગામાં મગર અને કાચબા રહે છે. ઝાડીઓમાં સાપ પણ છે. એ સિવાય, ગીધ, સમડી, ઘુવડ, લક્કડખોદ જેવાં પક્ષીઓ પણ જોવા મળે છે.

ગીર નેશનલ પાર્ક અને અભ્યારણ્ય જોવા માટે અગાઉથી બુકીંગ કરાવ્યું હોય તો વધુ સારું. ઓનલાઈન બુકીંગ થાય છે. ત્રણ મહિના અગાઉથી બુકીંગ કરાવી શકાય છે. સામાન્ય રીતે છ સીટની જીપમાં ફરવાનું હોય છે. ફરવાનો સમય સવારના ૬ થી ૯, ૯ થી ૧૨ અને સાંજના ૩ થી ૬નો છે. ગીર નેશનલ પાર્ક પ્રવાસીઓ માટે ૧૬ જૂનથી ૧૪ ઓક્ટોબર સુધી બંધ રહે

છે. ટીકીટના દરની માહિતી ઈન્ટરનેટ પરથી મળી રહે છે. ચાલુ દિવસો કરતાં શનિ-રવિ અને તહેવારના દિવસોમાં ટીકીટના ભાવ વધુ હોય છે. જયારે જોવા જાવ ત્યારે ડ્રાઈવીંગ લાયસન્સ કે એવું કોઈ ઓળખપત્ર જોડે રાખવું સારું. જંગલમાં ફરવાના રસ્તાને 'ગીર જંગલ ટ્રેઈલ' કહે છે.

ગીર નેશનલ પાર્કના પ્રવેશ આગળ સ્વાગત કેન્દ્ર (Reception Centre) છે. અહીં વાહન, ગાઈડ, કેમેરાની ફી વગેરેની માહિતી મળી રહે છે. બુકીંગ કરાવ્યા વગર આવ્યા હો તો પણ કદાચ અહીંથી ચાલુ ટીકીટ મળી જાય ખરી. પ્રવેશ આગળ, રાત્રે રહેવા માટે ઘણી હોટેલો અને રીસોર્ટ છે.

ગીરનાં જંગલો અને સિંહ જોવા માટે એટલા બધા મુલાકાતીઓ આવે છે કે તેમને બધાને જંગલમાં ફેરવવાનું કામ બહુ અઘરું થઇ પડે છે. એટલે ગીરનું ભારણ ઓછું કરવા, આ અભ્યારણ્યમાં જ ગીરથી ૧૩ કી.મી. દૂર 'દેવલીયા સફારી પાર્ક' ઉભો કર્યો છે. અહીં પણ સ્વાગત કેન્દ્ર છે. ફરવાનો સમય આશરે ૮ થી ૧૧ અને સાંજના ૩ થી ૪ છે. આ નાના વિસ્તારમાં સિંહ તેમ જ ગીરનાં અન્ય પ્રાણીઓ, જંગલો, વૃક્ષો, પક્ષીઓ એમ બધું જ છે. આથી ઓછું ફરીને પણ બધું જ જોવા મળે છે. અહીં ટીકીટનો દર પણ ઓછો છે. દેવલીયા સફારી પાર્ક પ્રવાસીઓ માટે આખું વર્ષ ખુલ્લો હોય છે. ફક્ત દર બુધવારે તે બંધ રહે છે. આ પાર્કને 'Gir Interpretation Zone' પણ કહે છે. દેવલીયા જૂનાગઢથી ૪૬ કી.મી. દૂર છે. જૂનાગઢની પ્રખ્યાત કેસર કેરી ગીરની આજુબાજુના વિસ્તારમાં પાકે છે.

સોમનાથ મંદિર: સોમનાથ મહાદેવ મંદિર વેરાવળની નજીક પ્રભાસ પાટણમાં અરબી સમુદ્રને કિનારે આવેલું છે. શીવજીનાં બાર જ્યોતિર્લીંગમાંનું આ પહેલું જ્યોતિર્લીંગ છે. આ એક બહુ જ જાણીતું યાત્રા અને પ્રવાસનું સ્થળ છે. આ મંદિર અનેક વાર મુસ્લિમ આક્રમણોમાં નાશ પામ્યું છે, અને દર વખતે ફરી બન્યું છે. અફઘાનિસ્તાનના મહમદ ગીઝનીએ ૧૦૨૫ કરેલું આક્રમણ બહુ જાણીતું છે. તેણે સોમનાથ મંદિર તોડયું હતું અને અઢળક માલમત્તા લૂટીને લઇ ગયો હતો. છેલ્લે ભારત સ્વતંત્ર થયા પછી, સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથ મંદિરનું નવનિર્માણ કાર્ય આરંભ્યું, તેમના મૃત્યુ પછી કનૈયાલાલ માણેકલાલ મુન્શીએ એ કાર્ય પૂરું કર્યું, આજે આપણી પાસે એક સુંદર જગવિખ્યાત મંદિર ખડું છે. હાલનું બાંધકામ ચાલુક્ય સ્ટાઈલનું છે. દરિયાથી મંદિરના રક્ષણ માટે, દરિયા કિનારે ઉંચી દિવાલ ચણેલી છે. મંદિરનું સ્થાન એવું છે કે મંદિરથી દક્ષિણ દિશામાં દક્ષિણ ધ્રુવ પરના એન્ટાર્કટીકા ખંડ સુધી સીધી લીટી દોરીએ તો આ લીટી પર ક્યાંય જમીન નથી, ફક્ત સમુદ્ર છે. દરિયા આગળની દિવાલ પર, બાણસ્તંભ તરીકે ઓળખાતા એક સ્તંભ પર સંસ્કૃતમાં આવું લખાણ લખેલું છે.

જ્યોતિર્લીંગ એ એવી જગા છે જ્યાં શીવજી અનંત પ્રકાશ સ્વરૂપે પ્રગટ થયા હતા. સોમનાથનો અર્થ છે ચંદ્રના દેવતા. મંદિર સવારના ૬ થી રાતના ૯ સુધી ખુલ્લું રહે છે. રોજ

સવાર, બપોર અને સાંજ એમ ૩ વાર આરતી થાય છે. દેશભરમાંથી અહીં લોકો દર્શને આવે છે. સોમનાથ મંદિર આગળ ત્રણ નદીઓ સરસ્વતી, હિરણ અને કપિલાનો ત્રિવેણી સંગમ થાય છે. સંગમમાં લોકો સ્નાન કરતા હોય છે.



સોમનાથ મંદિર

ભાલકા તીર્થ: ભાલકા તીર્થમાં શ્રીકૃષ્ણ ભગવાનનો, પારધીના બાણથી દેહવિલય થયો હતો, અને તેઓ સ્વધામ પધાર્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણ અહીં પીપળાના ઝાડ નીચે બેસીને ધ્યાન ધરતા હતા, તે વખતે જારા નામના પારધીએ, શ્રીકૃષ્ણના પગને હરણ સમજીને દૂરથી તીર છોડ્યું હતું, અને તે શ્રીકૃષ્ણને પગ પર વાગ્યું હતું. ભગવાને પારધીને માફ કર્યો હતો, અને આશીર્વાદ આપ્યા હતા. ભગવાનની લીલા કાયમ અંકિત કરવા માટે અહીં સરસ મંદિર બનાવ્યું છે, જૂનું પીપળાનું ઝાડ પણ છે. ભાલકા તીર્થ સોમનાથથી વેરાવળના રસ્તે ૪ કી.મી. દૂર આવેલું છે.



ભાલકા તીર્થ

અહમદપુર-માંડવી: આ સ્થળ ઉના શહેરથી ૧૭ કી.મી. દૂર અરબી સમુદ્રને કિનારે આવેલું છે. અહીં ના બીચ બહુ જ જાણીતા છે. ઘોઘલા બીચ એમાંનો એક છે. હોટેલોવાળાના

બીચ પણ છે. અહીં ઘણી વોટર સ્પોર્ટ્સ વિકસી છે. દરિયાના પાણી પર દોડતું સ્કુટર, મોજાં પર સવાર સોફા સેઈલીગ, ડોલ્ફીન જોવાનું વગેરે રમતો લોકો માણે છે. દરિયા કિનારે પેરાસેઇલીંગ પણ થાય છે.

દીવ: દીવ એક નાનો ટાપુ છે, અને તે અહમદપુર-માંડવીની નજીક અરબી સમુદ્રમાં આવેલો છે. વચ્ચેના દરિયાની પહોળાઈ આશરે અડધા કી.મી. જેટલી જ છે. એના પર પુલ બાંધેલો છે, એટલે વાહનો આરામથી દીવ ટાપુ પર જઈ શકે છે. આશરે ૫૦૦ વર્ષ પહેલાં, યુરોપના પોર્ટુગલ દેશના લોકોએ અહીં આવીને દીવ, દમણ અને ગોવા પચાવી પાડેલાં અને ભારતને આઝાદી મળી ત્યાં સુધી એ એમના કબજામાં રહ્યાં. દીવ તો છેક ૧૯૬૧માં, ભારતે લડાઈ કરીને પાછુ મેળવ્યું.



નાગવા બીચ, દીવ



દીવનો કિલ્લો

પોર્ટુગલોના ગયા પછી અહીં સારો વિકાસ થયો છે. નવા સરસ રસ્તાઓ બન્યા છે. સરસ મજાનું બસસ્ટેન્ડ છે. ઘણા લોકો અહીં ઘર વસાવીને રહેવા લાગ્યા છે. ઘણી નવી હોટલો અને રિસોર્ટ ઉભા થયા છે. નાગવા બીચ એ દીવનો જૂનો અને જાણીતો બીચ છે. બીજા બીચો પણ વિકસાવાયા છે.

નાગવા બીચ પર ફરવા જવાની મજા આવે એવું છે. અહીં રોજ માનવ મહેરામણ ઉમટે છે. લોકો દરિયામાં નહાય છે, સ્વીમીંગ કરે છે, ઘણી વોટર સ્પોર્ટ્સ ચાલતી હોય છે, સર્વત્ર કૂદાકૂદ, મસ્તી અને કિલ્લોલનું વાતાવરણ દેખાય છે. દરિયાકિનારે ઢગલાબંધ દુકાનો લાગેલી છે. ચા, નાસ્તા, મીઠાઈ, રમકડાં- એમ બધી જાતની દુકાનોમાં, મીઠાઈ પર જામેલી માખીઓની જેમ લોકો ટોળે વળે છે.

નાગવા બીચ તરફ જતાં વચમાં નઇડા ગુફાઓ, ગંગેશ્વર મહાદેવ અને શેલ મ્યુઝીયમ આવે છે. નઈડા ગુફાઓમાં અંદર લાઈટીંગની સરસ વ્યવસ્થા છે. ગંગેશ્વર શીવ મંદિર ગંગેશ્વર બીચ આગળ આવેલું છે. એમાં પાંચ પાંડવોનાં પાંચ શીવલીંગ છે. ભરતી આવે ત્યારે દરિયાનું પાણી આ શીવલીંગો પર ફરી વળે છે. એ દ્રશ્ય જોવાનો બહુ આનંદ આવે છે. શેલ મ્યુઝીયમમાં છીપલાં, શંખ વગેરે દરિયાઇ ચીજો પ્રદર્શનમાં મૂકેલી છે.

દીવમાં દરિયા કિનારે એક જગાએ ઉંચી ટેકરી પર, આપણી યુદ્ધ સ્ટીમર INS ખુકરીનું મોટું મોડેલ મૂકેલું છે. તે જોવા જેવું છે. ૧૯૭૧ના પાકિસ્તાન સાથેના યુધ્ધ વખતે ખુકરી નામની આપણી સ્ટીમર, દીવના દરિયાકિનારાથી ૫૦ માઇલ દૂર દરિયામાં પાકિસ્તાની હુમલાનો ભોગ બની હતી અને ૧૭૬ ઓફિસર તથા જવાનો સહિત સ્ટીમરે જળસમાધિ લીધી હતી. તેની યાદમાં આ મેમોરીયલ ઉભુ કર્યું છે. ડૂબી ગયેલા ૧૭૬ જવાંમર્દોનાં નામ અહીં લખેલાં છે. આ મેમોરીયલ જોવા આવતા લોકો, બે ઘડી આપણા સૈનિકોનાં બલિદાનને યાદ કરી લે છે. મેમોરીયલની આજુબાજુ ફૂલ છોડ ઉગાડેલા છે. અહીંથી ત્રણ બાજુ દેખાતો દરિયો, બીચ તથા સૂર્યાસ્ત જોવાની મજા કોઈ ઓર જ છે! પગથિયાં ઉતરી દરિયાકિનારે બેસવાની સગવડ છે.

દીવના મુખ્ય બજારમાં ખાણીપીણી, દારૂના બાર, કપડાં વગેરેની અઢળક દુકાનો છે. મુખ્ય બજારને છેડે દરિયાકિનારે ટેકરી પર દીવ કિલ્લો આવેલો છે. જૂના જમાનાનું, પત્થરોનું બાંધકામ છે. કિલ્લા ફરતે દિવાલ છે, અંદર, દરિયામાંથી આવતા વહાણમાંથી સીધું કિલ્લામાં ઉતરાય એવી વ્યવસ્થા છે. કિલ્લા પર ઉચાઈવાળા ભાગમાં બૂરજ બાંધેલા છે. બૂરજ પર તોપો ગોઠવેલી છે. ભારેખમ તોપો અહીં સુધી કેવી રીતે લાવ્યા હશે, એ માટે કેટલી મહેનત પડી હશે, એ કલ્પનાનો વિષય છે. તોપોનાં નાળચાં દરિયા તરફ તાકેલાં છે. દુશ્મનનું વહાણ દેખાય તો તેને તોપ વડે ફૂંકી દેવાય તેવું પ્લાનીગ છે. બૂરજો પર ચડવા માટે પગથિયાં નથી પણ ઢળતા રસ્તા જ છે, એટલે તોપો અને સામાન ગાડા પર મૂકી, ગાડાને ધકેલીને ઉપર ચડાવતા હશે, એવું અનુમાન કરી શકાય. સૌથી વધુ ઉચાઇવાળા ભાગે દીવાદાંડી છે. કિલ્લાથી થોડે દૂર દરિયામાં, એક નાના ટાપુ પર, જેલ બનાવી છે. ત્યાં તો હોડીમાં બેસીને જ જઈ શકાય. કિલ્લો ખંડેર જેવી હાલતમાં છે.

દીવ કેન્દ્રશાસિત પ્રદેશ છે, એ ગુજરાતમાં ભળેલું નથી. ગુજરાતમાં દારૂબંધી છે, પણ દીવમાં નથી. એટલે દીવમાં દારૂ છૂટથી મળે છે. ઘણા લોકો 'પીવા' માટે દીવ જતા હોય છે, અને પાછા વળતાં દારૂની બોટલ ગુજરાતમાં લઇ આવાનો પ્રયત્ન પણ કરતા હોય છે. જોકે ગુજરાતમાં પ્રવેશ આગળ પોલીસ ચેકીંગ છે, તે દારુ અહીં લાવવા દેતા નથી.

ગરમ પાણીના કુંડ, તુલસીશ્યામ: તુલસીશ્યામ ગરમ પાણીના કુંડ માટે જાણીતું છે. ધારીથી તુલસીશ્યામ ૫૦ કી.મી. દૂર છે. ધારીથી તુલસીશ્યામ તરફના રસ્તે સાસણગીરના સિંહોનું અભયારણ્ય વિસ્તરેલું છે. આ રસ્તે ક્યાંક જંગલમાં વિહરતાં હરણાં પણ જોવા મળી જાય છે.

તુલસીશ્યામમાં બસસ્ટેન્ડ આગળ જ ગરમ પાણીના કુંડ છે. જમીનમાંથી ગરમ પાણી ઝરા રૂપે ફુટી કુંડમાં એકઠું થાય છે, પાણી સખત ગરમ છે. તેમાં નહાવું હોય તો છૂટ છે. પૂરુષ અને સ્ત્રી માટે કુંડમાં નહાવાની અલગ વ્યવસ્થા છે. કુંડની આજુબાજુ ગંદકી ખૂબ જ છે. જો અહીં ચોખ્ખાઈ કરી નાનો બગીચો બનાવ્યો હોય તો આ જગા કેટલી બધી દીપી ઉઠે!

જોવા આવનારની સંખ્યા પણ વધી જાય. પછી ટીકીટ રાખે તો પંચાયતને કમાણી પણ થાય. બસ સ્ટેન્ડ આગળ ઝાડપાન અને ગ્રીનરી ખૂબ છે.



ગરમ પાણીના કુંડ, તુલસીશ્યામ

કુંડની સામે શ્યામસુંદર ભગવાનનું મંદિર છે. કહે છે કે આ મંદિર ૧૦૦૦ વર્ષ જૂનું છે. દૂધાધારી બાપુએ આ મંદિરનો જીર્ણોધ્ધાર કરાવેલો. બાપુની સમાધિ પણ અહીં જ છે. અત્યારે આ મંદિર ઘણું સરસ અને નવું લાગે છે. શ્યામસુંદર ભગવાનનાં દર્શન કરી મન પ્રસન્નતા અનુભવે છે. પ્રાંગણમાં કાળ મેઘનાથ મહાદેવનું મંદિર છે.

શ્યામસુંદર મંદિરની સામેની ઉંચી ટેકરી પર રુક્ષ્મણીમાતાનું મંદિર છે. પગથિયાં ચડીને ઉપર જવાય છે. તુલસીશ્યામમાં તપોદક કુંડ અને ભીમચાસ નામની એક પુરાણી જગા છે. અહીંથી ચાહી નામની નદી નીકળે છે.

તુલસીશ્યામ હમણાં હમણાં 'વિરુધ્ધ પ્રકારના ગુરુત્વાકર્ષણ' માટે પણ જાણીતુ થયું છે. ધારીથી તુલસીશ્યામ આવતાં, તુલસીશ્યામ અડધો કી.મી. બાકી રહે ત્યારે રોડ પર સોએક મીટરની લંબાઈ જેટલા વિસ્તારમાં વિરુધ્ધ ગુરુત્વાકર્ષણની અસર માલુમ પડે છે. અહીં ચઢાણવાળો ઢાળ છે. સામાન્ય રીતે, બંધ એન્જીન અને ન્યુટ્રલમાં મૂકેલી ગાડી, એની જાતે ઢાળ પર ઉતરવા માંડે, જયારે અહી બંધ ગાડી એની જાતે ઢાળ ઉપર ચડવા માંડે છે. ગુરુત્વાકર્ષણનથી વિરુધ્ધ પ્રકારની આ ઘટના છે. આવું ક્યાંય બને નહિ, પણ અહીં બને છે. લોકોએ આવું અનુભવ્યુ છે. TV 9 ની ટીમે પણ અહીં જાતે આવીને આ પ્રયોગ જોયો છે અને એ ઘટનાને TV 9 પર વિડીઓ સ્વરૂપે બતાવેલી છે. ભલે ઢાળ બહુ ત્રાંસો નથી, પણ ઢાળ છે એનો ખ્યાલ તો આવી જ જાય. આ જગા એક વાર જોવા જેવી ખરી. પૃથ્વીના પેટાળમાં ઢાળના ઊંચા ભાગ તરફ વધુ ગુરુત્વાકર્ષણ ધરાવે એવા પદાર્થોની જમાવટ હશે એવું માની શકાય. તુલસીશ્યામથી ઉના ૩૦ કી.મી. દૂર છે.

સતાધાર મંદિર: સૌરાષ્ટ્ર એ સંતોની ભૂમિ છે. સતાધારમાં શ્રી આપા ગીગા નામે એક સંત થઇ ગયા. સતાધારમાં તેમનું મંદિર અને સમાધિ છે. આપા ગીગા આશરે ૧૮૦૦ની સાલમાં

સતાધાર આવ્યા, અને દુકાળ પીડિત ભૂખે મરતા લોકોને ખવડાવવાનું શરુ કર્યું, ભૂખ્યાને જમાડવાની આ પ્રથા અત્યારે પણ અહીં ચાલુ છે. તેમનામાં ઈશ્વરે બક્ષેલી દૈવી શક્તિ હતી. તેઓ સેવા કાર્યોમાં ક્યારેક ચમત્કારો કરી બતાવતા. તેઓ મૂંગા ઢોરોની પણ સેવા કરતા. દરેકને રોજેરોજ ખાવાનું મળી રહે એવા એમના પ્રયત્નો હતા. તેમણે અહીં ગૌશાળા શરુ કરી છે. તેઓ માનતા કે મનુષ્યો અને પ્રાણીઓની સેવા એ જ સાચો ધર્મ છે. અહીં ઘણા સાધુ મહાત્માઓ આવતા અને આ જગાના પવિત્ર અને શાંત વાતાવરણનો આનંદ લેતા.

સતાધાર એટલે સત્યનો આધાર. સત્યનો આધાર માનવ જીવનમાં ઘણી હકારાત્મકતા લાવે છે. સતાધાર એ આધ્યાત્મિક વાતાવરણ ધરાવતી જગા છે. અહીં તકલીફો લઈને આવતો માણસ હળવોફૂલ થઈને પાછો જાય છે, એવી આ જગા છે. આ જગાને આપા ગીગાના આશીર્વાદ છે. અનેક લોકો આજે અહીં એમની સમાધિનાં દર્શને આવે છે. સમાધિની સામે શંકર ભગવાનનું મંદિર છે. સતાધાર વિસાવદરથી ૭ કી.મી. દૂર છે.



સતાધાર મંદિર

કનકાઈ માતા મંદિર: અહીં જંગલની વચ્ચે કનકેશ્વરી માતાનું મંદિર છે, તે કનકાઈ માતા તરીકે વધુ જાણીતું છે. આ મંદિર શિંગોડા નદીને કિનારે, સાસણગીર અભયારણ્ય વિસ્તારમાં આવેલુ છે. ક્યારેક અહીં જંગલમાં વિહરતા સિંહ જોવા મળી જાય. ક્યારેક સિંહની ત્રાડ પણ સંભળાય. રાત્રે સિંહો મંદિરની આજુબાજુ પણ ફરતા હોય. રાતે અહીં મંદિરમાં રોકાવ, તો આવો રોમાંચક અનુભવ માણવા મળે. રાત્રે આ વિસ્તારમાં ફરવાની મનાઈ છે. મંદિર આગળ વાંદરાઓ છે. કનકાઈ માતા, ઘણા લોકોની કુળદેવી છે. બહુ જ લોકો અહીં દર્શને આવે છે. સાસણગીરથી તે ૪૦ કી.મી. દૂર છે. મંદિરની બાજુમાં ભુદરજીદાદાનું મંદિર છે. જૂનાગઢ, સતાધાર કે જામવાડાથી કનકાઈ જવાય છે.



કનકાઈ માતા મંદિર

કનકાઈ મંદિરથી ૧૪ કી.મી. દૂર બાણેજ નામનું સ્થળ આવેલું છે. એવી કથા છે કે પાંડવો જયારે વનમાં ફરતા હતા, ત્યારે એક વાર તેમને તરસ લાગી તો અર્જુને ધરતી પર બાણ મારી આ જગાએ પાણી કાઢ્યું હતું. અહીં મહાદેવનું મંદિર છે.

જમજીર ધોધ: જમજીરનો ધોધ ગુજરાતનો એક જાણીતો ધોધ છે. તે ગીર સોમનાથ જીલ્લામાં આવેલો છે. ચોમાસામાં પાણી ઘણું હોય ત્યારે આ ધોધની મુલાકાત લેવા જેવી છે.

આ ધોધ જામવાળા ગામ આગળ, શીંગોડા નદી પર આવેલો છે. અહીં શીંગોડા નદી જ ધોધરૂપે પડે છે. જામવાળામાં આવેલો હોવાથી, તે જામવાળા ધોધ તરીકે પણ ઓળખાય છે. અહીં નદીનું પાણી ખડકો પર વહીને ખીણમાં પડે છે, અને પછી આગળ વહે છે. ધોધ ખીણમાં જે જગાએ પડે છે, ત્યાં પાણી ઘણું ઉંડું છે. એમાં ઉતરી શકાય નહિ. પણ કિનારે ઉભા રહીને ધોધને સામેથી, સાવ નજીકથી જોઈ શકાય છે. ઘણા લોકો અહીં એકસાથે આવ્યા હોય ત્યારે મેળા જેવું વાતાવરણ લાગે છે. લોકો નદીના ઉપરવાસમાં અને આજુબાજુના ખુલ્લા વિસ્તારમાં બધે ફરે છે, અને આનંદ માણે છે.

જમજીરનો ધોધ જોવા જૂનાગઢ, તલાલા, કોડીનાર, સાસણ ગીર વગેરે સ્થળોએથી જઇ શકાય છે. ધોધ જૂનાગઢથી ૮૯ કી.મી., તલાલાથી ૫૦ કી.મી., કોડીનારથી ૩૭ કી.મી. અને સાસણ ગીરથી ૫૪ કી.મી. દૂર છે. જામવાળા એ જાણીતું ગામ છે. જામવાળા ત્રણ બાબતો માટે જાણીતું છે, દૂધના પેંડા, કેસર કેરી અને જમજીરનો ધોધ.



જમજીરનો ધોધ

ધોધ આગળ દુકાનો કે રહેવાની કોઈ સગવડ નથી. આ ધોધ જોવા માટે ઓગસ્ટથી ઓક્ટોબરનો સમય ઉત્તમ છે. કનકાઈ માતા મંદિર આ ધોધથી ૨૦ કી.મી. દૂર છે.

બીલખા: જૂનાગઢથી ૨૨ કી.મી. દૂર આવેલા બીલખા ગામમાં શેઠ સગાળશા ચેલૈયાની જગા, આનંદ આશ્રમ, રામનાથ મંદિર વગેરે જોવા જેવાં ધાર્મિક સ્થળો છે.

પાંચ પાંડવ ગુફા, વેરાવળ: આ ગુફાઓ વેરાવળ અને સોમનાથની નજીક લાલઘાટીમાં ટેકરી પર આવેલી છે. કહેવાય છે કે પાંડવોએ તેમના વનવાસ દરમ્યાન થોડો સમય અહીં પસાર કર્યો હતો. ગુફામાં પાંચ પાંડવોનું મંદિર બનાવ્યું છે. ભગવાન શ્રીરામ, દેવી દુર્ગા અને શીવ ભગવાનની મૂર્તિઓ પણ છે. અંદર હિંગળાજ માતાની ગુફા છે. મંદિર પરથી વેરાવળ શહેર અને દરિયાનો વ્યૂ સરસ લાગે છે. આ જગા કુદરતી સૌન્દર્ય અને શાંતિથી ભરપુર છે. દર વર્ષે હજારો લોકો અહીં દર્શને આવે છે.

પ્રાચી તીર્થ: આ એક પવિત્ર તીર્થ છે, કહે છે કે ‘સો વાર કાશી, એક વાર પ્રાચી’. ભગવાન શ્રીકૃષ્ણ પાંડવોને શોધવા અહીં આવ્યા હતા. તેમણે ઉદ્ધવને અહીં પ્રાચીમાં એક પીપળાના ઝાડ નીચે બેસીને શ્રીમદ ભાગવતગીતાનો બોધ આપ્યો હતો. એ પીપળાને પ્રાચી પીપળો કહે છે. આજે પણ લોકો આ પીપળાના ઝાડને પૂજે છે. લોકો અહીં પિતૃતર્પણ કરે છે. અહીં પાણીનો એક કુંડ છે. પ્રાચી સોમનાથથી ૨૪ કી.મી. દૂર છે.



પ્રાચી તીર્થ

૨૮. જામનગર શહેર

જામનગર શહેર શ્રી જામ રાવલે ૧૪૫૦માં સ્થાપ્યું હતું. ત્યારે તેનું નામ નવાનગર હતું. જામનગર શહેરના વિકાસમાં, જામસાહેબ શ્રીરણજીતસિંહજીનો મોટો ફાળો છે. તેમના પછી શ્રી દિગ્વિજયસિંહજીએ શહેરનો વધુ વિકાસ કર્યો. આજે જામનગરમાં ભારતીય લશ્કરના આર્મી, નેવી અને એર ફોર્સના મથકો છે. મોટી ખાવડીમાં રીલાયન્સની ઓઈલ રીફાઈનરી, દુનિયાની મોટી રીફાઈનરીઓમાંની એક છે. બેડી બંદરથી આયાતનિકાસનો મોટો વેપાર ચાલે છે. જામનગરની બાંધણી વખણાય છે. અહીં પિત્તળની ચીજો બનાવવાની ઘણી ફેક્ટરીઓ છે. અહીં આયુર્વેદ યુનીવર્સીટી છે. ક્રિકેટની પ્રખ્યાત રણજી ટ્રોફી જામનગરના મહારાજા રણજીતસિંહજીના નામ પરથી છે. રાજકોટથી જામનગર ૯૨ કી.મી. દૂર છે. આવો, જામનગર શહેરની રોનકને અહીં માણીએ.

દરબારગઢ: આ જામ સાહેબનું મૂળ રહેઠાણ હતું. ૧૪૫૦માં બન્યું, પછી વિસ્તરતું ગયું. બાંધકામ રાજપૂત અને યુરોપીયન શૈલીના મિશ્રણ જેવું છે. અર્ધવર્તુળાકાર સંકુલમાં ઘણાં મકાન છે, અર્ધવર્તુળાકારને લીધે આગળની ખુલ્લી જગામાં રાજા પ્રજાને સંબોધન કરતા. ૨૦૦૧ના ધરતીકંપમાં અહીં થોડું નુકશાન થયું છે.



દરબારગઢ

દરબારગાઢનો અમુક ભાગ તીલામેડી કહેવાતો. આ જગાએ નવા રાજાનો રાજ્યાભિષેક થતો. રાજાનું સિંહાસન, તલવાર, ભાલો અને અન્ય હથિયારો અહીં રહેતાં. અહીં પત્થર પર કોતરકામ, દિવાલ પર ચિત્રો, જાળીઓમાં કોતરણી, સુશોભિત અરીસાઓ, કલાત્મક થાંભલાઓ અને સ્થાપત્યો, ઝરૂખાઓ. કમાનો વગેરે હતું.

દરબારગઢની નજીક લાખોટા લેક અને લાખોટા પેલેસ, બાલા હનુમાન મંદિર અને આયુર્વેદ યુનીવર્સીટી છે.

લાખોટા તળાવ: જામનગરનું આ એક અનોખું આકર્ષણ છે. તે રણમલ તળાવ પણ કહેવાય છે. રીનોવેશન પછી તે ઓર સરસ બન્યું છે. લેકમાં વચ્ચે બનાવેલા ટાપુ પર લાખોટા કિલ્લો અને લાખોટા મ્યુઝીયમ છે. કિનારેથી ચાલતા અંદર જવા માટે બે રસ્તા છે. કિલ્લો ૧૮૩૯-૫૨ના અરસામાં જામ રણમલસિંહના વખતમાં બન્યો છે. તે લાખો કોરીના ખર્ચે બન્યો હોવાથી લાખોટા કિલ્લા તરીકે જાણીતો છે. કિલ્લામાં તોપો, તલવારો અને બીજી અનેક ચીજો છે. મ્યુઝીયમમાં પ્રાચીન શિલ્પો, પેઈન્ટીંગ ગેલેરી, ફોટોગ્રાફી ગેલેરી, હથિયારો, માટીનાં વાસણો, વગેરે રાખેલું છે.



લાખોટા તળાવ

તળાવને કિનારે બગીચો છે. સાંજ પડે અનેક લોકો અહીં ફરવા આવે છે, બાંકડાઓ પર બેસી જાતજાતની સામાજિક વાતો કરતા નજરે પડે છે. તેઓ અહીં માનસિક શાંતિ અનુભવે છે. બગીચામાં મહારાજા રણજીતસિંહનું સોનેરી રંગનું સ્ટેચ્યુ છે. તળાવની ફરતે ચાલવા માટે રસ્તો બનાવેલો છે. અહીં ઘણી દુકાનો લાગેલી છે. તળાવમાં બોટીંગની પણ સગવડ છે..રાત્રે તળાવ પર લાઈટો ઝગમગે છે. પણ ગંદકી યે ખૂબ છે. તળાવને ચોખ્ખું રાખવા માટે અહીં ઘણાં સૂત્રો લખેલાં છે. નજીકમાં કમલા નેહરુ પાર્ક છે.

લાખોટા તળાવમાં દેશપરદેશનાં પક્ષીઓ આવે છે. બર્ડ વોચીંગ માટે આ સરસ સ્થળ છે. અહીં પ્રકૃતિ શિક્ષણ કેન્દ્ર છે, એમાં પક્ષીઓ વિષે માહિતી મળે છે.

કોઠા બેસ્ટન: લાખોટા તળાવમાં કિલ્લાની નજીક આવેલું છે. અહીં તાંબાનાં વાસણો, શિલ્પો, સિક્કા અને લખાણોનો સંગ્રહ છે. વ્હેલનું હાડપિંજર પણ છે. એમાં એક ખાસ કૂવો છે એમાં જમીનમાં છિદ્ર પાડી હવા ફૂંકવાથી પાણી બહાર આવે છે. આ જગા જોવા જેવી છે.

બાલા હનુમાન સંકીર્તન મંદિર: આ મંદિર સંત શ્રી પ્રેમભિક્ષુજી મહારાજે બંધાવ્યું છે. અંદર રામ, લક્ષ્મણ, સીતા અને હનુમાનની મૂર્તિઓ છે. ૧૯૬૫થી અહીં અખંડ રામધુન 'શ્રીરામ, જય રામ, જય જય રામ' ચાલુ છે, ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ આ અખંડ રામધુનની નોંધ લેવાઈ છે. અહીં સવાર સાંજ આરતી થાય છે, સાંજની આરતીની લોકો ખાસ આતુરતાથી પ્રતીક્ષા કરતા હોય છે.



બાલા હનુમાન સંકીર્તન મંદિર

વીલીંગડન ક્રીસન્ટ: રણજીતસિંહે બંધાવ્યો હતો. તેના ભોંયતળિયા અને પહેલા માળે સુંદર કમાનોવાળું બાંધકામ છે. આગળ એક ઉંચા પ્લેટફોર્મ પર જામ સાહેબનું સ્ટેચ્યુ છે,

પ્રતાપ વિલાસ પેલેસ: આ પેલેસ રણજીતસિંહના જમાનામાં બંધાયેલો છે. અહીં યુરોપિયન સ્થાપત્ય અને ભારતીય કોતરણીનું મિશ્રણ છે. પેલેસ કલકત્તાના વિક્ટોરીયા મેમોરીયલની કોપી જેવો છે. થાંભલાઓ પર પક્ષીઓ, પ્રાણીઓ, ફૂલો અને પાંદડાંની કોતરણી બહુ જ સરસ છે.

સોલારીયમ: ૧૯૩૯માં જામ રણજીતસિંહે ઉભું કર્યું છે. તેમાં કાકડા, આંજણી, રક્તપિત વગેરે રોગોની સૂર્યકિરણો દ્વારા ટ્રીટમેન્ટ થાય છે. આવું સોલારીયમ દુનિયામાં બે જ જગાએ છે. એક અહીં અને બીજું ફ્રાન્સમાં છે. તે જમીન પર એક ટાવર ઉભો કરી તેના પર બનાવ્યું છે. સૂર્યનાં જુદાં જુદાં કિરણો તેમાં આવે તેવી વ્યવસ્થા છે, જેવાં કે અલ્ટ્રા વાયોલેટ, ઇન્ફ્રા રેડ વગેરે. સોલારીયમ, ટાવર પર ગોળ ફરે એવી વ્યવસ્થા છે. હવે આ બધી ટ્રીટમેન્ટ લેબોરેટરીમાં મળે છે, એટલે આ સોલારીયમ બંધ જેવી હાલતમાં છે, પણ એક ઐતિહાસિક મહત્વ ધરાવતું હોવાથી ઘણા લોકો તે જોવા આવે છે.



વીલીંગડન ક્રીસન્ટ

ભુજીયો કોઠો: પાંચ માળનો આ કોઠો ખંભાળિયા ગેટ આગળ લાખોટા તળાવને કિનારે આવેલો છે. બહારના હુમલા સામે રક્ષણ માટે તે બંધાયો હતો. પહેલા માળે બધી દિશામાં તોપો ગોઠવેલી છે. ઉપરના માળે પાણી સંઘરવા માટેનો ટાંકો છે. ૨૦૦૧ના ધરતીકંપ વખતે થોડો ભાગ તૂટી ગયો છે.

રણજીતસાગર ડેમ અને જામ રણજીતસિંહ પાર્ક: આ ડેમ જામનગરથી ૧૫ કી.મી. દૂર છે. અહીંથી જામનગરને પીવાનું પાણી પૂરું પડાય છે. ડેમ આગળ પાર્ક ઉભો કર્યો છે. એમાં બગીચો અને રંગીન ફુવારા છે, તથા લોન, ફૂલો, બાળકો માટે રાઈડો અને રમવાનું મેદાન છે. અહીં એર ફોર્સનું એક વિમાન મૂકેલું છે. પરિવાર સાથે પીકનીક મનાવવા માટે આ સરસ સ્થળ છે. ચોખ્ખાઈ સરસ છે. સોમવારે પાર્ક બંધ રહે છે. ડેમ ઓવરફ્લો થાય ત્યારનું ધોધ જેવું તેનું દ્રશ્ય બહુ જ સુંદર લાગે છે. લોકો એમાં નહાવા પડે છે, અને આનંદ માણે છે.

સ્વામીનારાયણ મંદિર: બાપ્સ સંસ્થાનું આ મંદિર બહુ જ વિશાળ જગામાં પથરાયેલું છે. શાંત સ્થળ છે. રહેવા જમવાની સરસ સુવિધા છે. આગળ બગીચો છે. સ્થાપત્ય બહુ જ સરસ છે. જામનગર શહેરની બહાર દ્વારકા જવાના રસ્તે તે આવેલું છે.



પ્રતાપ વિલાસ પેલેસ



સોલારીયમ



રણજીતસાગર ડેમ



સ્વામીનારાયણ મંદિર, જામનગર

૨૯. જામનગર અને દ્વારકા જીલ્લાઓ

દ્વારકા: દ્વારકા એ હિંદુઓનું પવિત્ર યાત્રા સ્થળ છે. દ્વારકા નગરી ગોમતી નદીના દરિયા સાથેના સંગમ આગળ વસેલી છે. દ્વારકાધીશ ભગવાનનું પ્રખ્યાત મંદિર ગોમતીજીના કિનારે છે. દ્વારકાધીશ મંદિરને જગત મંદિર પણ કહે છે. મંદિર પાંચ માળનું છે, શીખર પર સૂર્યચંદ્રની સંજ્ઞાવળી ધોળી ધજા ફરકે છે. મંદિરમાં ગર્ભગૃહ અને અંતરાલ છે, ગર્ભગૃહમાં ચાર ભુજાવળી દ્વારકાધીશની મૂર્તિ છે, જે વિષ્ણુનું ત્રિવિક્રમ સ્વરૂપ છે. મંદિરની પાછળ ગોમતી ઘાટ છે, અહીં પગથિયાં પરથી સીધું જ ગોમતી નદીમાં ઉતરાય છે. ઘાટ પર સરસ્વતી, લક્ષ્મી અને સમુદ્રદેવનાં નાનાં મંદિરો છે. જન્માષ્ટમી અહીંનો મહત્વનો તહેવાર છે.



દ્વારકાધીશ મંદિર

દ્વારકા ચાર ધામની યાત્રામાંનું એક છે. દ્વારકા નગરી, શ્રીકૃષ્ણએ મથુરામાં કંસનો વધ કર્યા પછી વસાવી હતી. આદિ શંકરાચાર્યએ વસાવેલી ચાર શારદાપીઠોમાંની એક દ્વારકા છે. દ્વારકાધીશ મંદિરની સામે, ગોમતી નદીના સામા કિનારે પંચતીર્થ છે, અહીં પાંચ નાના કૂવા છે. દરેક કૂવાના પાણીનો ટેસ્ટ જુદો આવે છે. દ્વારકાથી ૨ કી.મી. દૂર શ્રીકૃષ્ણની પટરાણી રુકમણી દેવીનું મંદિર છે. દ્વારકામાં દરિયા કિનારે દીવાદાંડી છે. દ્વારકાની નજીક એક વિન્ડ ફાર્મ ઉભું થયું છે. કહે છે કે દ્વારકા નગરી એક કરતાં વધુ વાર દરિયામાં ડૂબી ગઈ છે, અને દરેક વખતે નવી બની છે, અહીં દરિયામાં પુરાણી દ્વારકાનું સંશોધન ચાલુ છે. દ્વારકા જામનગરથી ૧૩૨ કી.મી. દૂર છે.

બેટ દ્વારકા: આ અરબી સમુદ્રમાં આવેલો એક ટાપુ છે. તે શંખોદ્ધાર બેટ પણ કહેવાય છે. દ્વારકાથી ઓખા બંદર આવીને, ઓખાથી બોટમાં બેસીને બેટ દ્વારકા જવાય છે. દ્વારકાથી ઓખા બંદર ૩૦ કી.મી. અને ઓખાથી બેટ દ્વારકા ૩ કી.મી દૂર છે. ઓખાથી બોટમાં અડધો કલાકમાં બેટ દ્વારકા પહોંચી જવાય છે.




બેટ દ્વારકા, શંખોદ્ધાર

કૃષ્ણનું મૂળ રહેઠાણ બેટ દ્વારકા હતું. કૃષ્ણના મિત્ર સુદામા ચોખાની પોટલી લઈને તેમને મળવા આ જગાએ આવેલા. બેટ દ્વારકાનું દ્વારકાધીશ મંદિર આચાર્ય શ્રીમહાપ્રભુજીએ બંધાવ્યું છે. અહીં મહાપ્રભુજીની બેઠક છે. આ ઉપરાંત, કેશવરાયજી, શીવ, વિષ્ણુ, હનુમાનદંડી, દેવકી, રાધા, રુકમણી, સત્યભામા, જાંબવતી તથા બીજાં મંદિરો પણ છે. અહીં સીદી બાવા પીર દરગાહ અને ગુરુદ્વારા પણ છે. અહીં એક દુન્ની પોઈન્ટ છે, જે ઇકો ટુરીઝમ તરીકે વિકસાવાયું છે.

ગોપી તળાવ: ગોપી તળાવ, દ્વારકાથી ૨૦ કી.મી. દૂર છે. શ્રીકૃષ્ણ મથુરાથી દ્વારકા આવી ગયા, પછી ગોપીઓ તેમનો વિરહ સહન ન થતાં, અહીં ગોપી તળાવ આગળ આવી અને અહીં શ્રીકૃષ્ણ સાથે પૂનમની રાતે રાસ રમી હતી. પછી ગોપીઓએ પોતાની જાત અહીંની ધરતીને સમર્પિત કરી દીધી. આથી આ ધરતી પીળા રંગની થઇ ગઈ. આજે પણ ગોપી તળાવની માટી પીળી અને લીસી છે, અને તે ગોપી ચંદન તરીકે મળી આવે છે. અહીંથી નાગેશ્વર ૪ કી.મી. દૂર છે.

નાગેશ્વર જ્યોતિર્લીંગ: શીવજીનાં ૧૨ જ્યોતિર્લીંગોમાંનું એક છે. મંદિરનું હમણાં જ રીનોવેશન થયું છે. મંદિરમાં દર્શન કરવા માટેનો હોલ બહુ વિશાળ છે. હોલમાં ૮ થાંભલા છે. શીવલીંગ ગર્ભગૃહમાં ઉંડે છે.



ગોપી તળાવ



નાગેશ્વર જ્યોતિર્લીંગ

જ્યોતિર્લીંગ સામે બેઘડી બેસવાથી મનને અપાર શાંતિ મળે છે. લીંગની સામે નંદી નથી, પણ જોડે જ નંદીકેશ્વરનું એક જુદું જ મંદિર છે. મુખ્ય મંદિરમાં બીજાં નાનાં મંદિરો છે. ચોખ્ખાઈ સારી છે. પાર્કીંગની સગવડ સારી છે. મંદિરની જોડે કંપાઉંડમાં શીવજીનું ૨૪ મીટર ઉંચું સ્ટેચ્યુ છે. અહીં શીવ બેઠેલી મુદ્રામાં છે. મંદિરને વિશાળ બગીચો અને તળાવ છે. કહે છે કે આ શીવલીંગની પ્રાર્થના કરનારાને ઝેરની અસર થતી નથી.

મંદિરની આજુબાજુ ઘણો બધો ખુલ્લો વિસ્તાર છે. પહેલાં અહીં દારુકાવન નામનું જંગલ હતું. આ મંદિરના રીનોવેશનમાં સ્વ. ગુલશનકુમારે સારો સહકાર આપ્યો છે. નાગેશ્વર મહાદેવ, દ્વારકાથી ૧૭ કી.મી. દૂર આવેલું છે. દ્વારકાથી બેટ દ્વારકા, ગોપીતળાવ અને નાગેશ્વર થઈને જવાનું અનુકુળ રહે છે.

નાગેશ્વર જ્યોતિર્લીંગનું ચોક્કસ સ્થાન થોડું વિવાદાસ્પદ છે. ગુજરાત ઉપરાંત, બીજાં બે સ્થળો - મહારાષ્ટ્રમાં ઔંધ નાગનાથ મંદિર અને ઉત્તરાખંડમાં જાગેશ્વર મહાદેવનું મંદિર – આ બંને સ્થળો નાગેશ્વર જ્યોતિર્લીંગ કહેવાય છે.

હર્ષદ માતા (હરસિદ્ધિ માતા) મંદિર: હર્ષદ માતાનું મંદિર, દ્વારકાથી પોરબંદર જવાના રસ્તે આશરે ૬૫ કી.મી. દૂર મિયાની ગામ આગળ કોયલા ડુંગર પર આવેલું છે. તે હરસિદ્ધિ માતા તરીકે પણ ઓળખાય છે. મંદિર ઉંચે ટેકરી પર દરિયા કિનારે છે. આશરે ૩૦૦ પગથિયાં ચડવાનાં છે. મંદિરનું સ્થાન બહુ જ સરસ છે. ટેકરી પરથી દરિયાનો અને નીચેનો વ્યૂ બહુ જ સરસ લાગે છે. મંદિરમાં સવારસાંજ એમ બે વખત આરતી થાય છે. લોકો અહીં હરસિદ્ધિ માતાના આશીર્વાદ પ્રાપ્ત કરે છે. અહીં ધર્મશાળા છે, ત્યાં જાતે રસોઈ બનાવી શકાય છે. મંદિર આગળ લસ્સી મળે છે, તે પીવાની મજા આવે છે. તળેટી આગળ દરિયાકિનારે બીજું મંદિર છે. આ મંદિરો શેઠ જગડુશાએ બંધાવેલાં. પોરબંદર અહીંથી ૫0 કી.મી. દૂર છે.



હર્ષદ માતા મંદિર

દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન, નરારા: દરિયાઈ જીવો જોવા માટે નરારાનો રાષ્ટ્રીય ઉદ્યાન (Marine National Park) બહુ જ સરસ જગા છે. નરારા, જામનગરથી આશરે ૪૦ કી.મી. દૂર કચ્છના અખાતના દરિયા કિનારે આવેલું છે. જામનગરથી મોટી ખાવડી થઈને નરારા જવાય છે. નરારાના પ્રવેશ આગળ બોર્ડ મારેલું છે, ‘દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન, નરારા નેચરલ એજ્યુકેશન કેમ્પ સાઈટ’. થોડું આગળ ગયા પછી ઓફિસ છે. દરિયાઈ સૃષ્ટિ જોવા માટે અહીંથી ગાઈડ મળી રહે છે.



દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન, નરારા

અહીં દરિયામાં રોજ બે વાર ભરતી આવે છે. ભરતીનો ટાઈમ રોજ જુદો જુદો હોય. ભરતી આવે ત્યારે દરિયાનું પાણી આશરે ચારેક કી.મી. જેટલું ધસી આવે. પછી ઓટ આવે ત્યારે આ પાણી પાછું જતું રહે. તળિયું ખુલ્લું દેખાય, માત્ર થોડું જ પાણી રહે. ભરતી વખતે ખેંચાઈ આવેલા દરિયાઈ જીવો આ છીછરા પાણીમાં રહી જાય. આ છીછરું પાણી એ જ નેશનલ પાર્ક. ઓટ વખતના આ છીછરા પાણીમાં, આરામથી પ કી.મી. જેટલું દરિયામાં જઇ શકાય. આ છીછરા પાણીમાં ચાલવા માટે મજબૂત સ્પોર્ટ્સ શુઝ પહેરવા પડે. સાદા ચંપલ તો થોડી વારમાં તૂટી જાય. ખુલ્લા પગે તો ચલાય જ નહિ. દરિયાના પત્થરો પગને છોલી કાઢે. રેતી અને પત્થરોમાં ચાલવું અઘરું છે.

ગાઈડ બધું સમજાવતો હોય છે. ક્યાંક દરિયાઈ પ્રાણી નજરે ચડી જાય ત્યારે તે હાથમાં લઇને બતાવે છે. આપણને હાથમાં જોવા પણ આપે છે. અહીં કરચલો, દરિયાઈ ઘોડો, ઓકટોપસ, કકુમ્બર વગેરે જીવો જોવા મળી જાય છે. અસલી જીવસૃષ્ટિ જોઇને ઘણો આનંદ થાય છે. દરિયામાં આટલે અંદર ગયા પછી ચારે બાજુ નજર કરો તો મધદરિયે ઉભા હોઈએ એવું લાગે. ચાલીને દરિયો માણવાની મજા કોઈ ઓર જ છે. પાછા વળતી વખતે ધ્યાન ના રાખ્યું હોય તો, જ્યાંથી ગયા હોઈએ તેના કરતાં જુદી જગાએ કિનારે પહોંચાય, ખોવાઈ જવાય, રસ્તો બતાવનારું કોઈ ના મળે.


મોટી ખાવડીમાં રીલાયન્સની રીફાઈનરી આવેલી છે, દુનિયાની મોટી રીફાઈનરીઓમાંની તે એક છે.

ખીજડીયા પક્ષી અભ્યારણ્ય: પક્ષી નિરીક્ષણ માટે આ એક ઉત્તમ જગા છે. જામનગરથી રાજકોટના રસ્તે પાંચેક કી.મી. ગયા પછી, ડાબી બાજુ ૭ કી.મી જાવ એટલે ખીજડીયા આવે. અહીં Khijadia Bird Sanctuary નું બોર્ડ મારેલું છે. અભ્યારણ્ય જોવા માટે ટીકીટ લેવાની હોય છે, ગાઈડ પણ મળે છે. અંદર ગાડીઓ જઇ શકે એવા કાચા રસ્તા છે.

અભ્યારણ્ય બે ભાગમાં વહેંચાયેલું છે. રસ્તાની ડાબી બાજુના ભાગ-1 માં દરિયાનું ખારું પાણી અને જમણી બાજુ મીઠું પાણી જોવા મળે છે. અહીં ઠેર ઠેર નાનાં તળાવ બનાવેલાં છે કે જેથી પક્ષીઓને પૂરતું પાણી મળી રહે. વરસાદ ઓછો પડે એ વર્ષે પાણી ઓછું હોય છે, અને પક્ષીઓ પણ ઓછાં હોય છે. જો પક્ષીઓ મોટી સંખ્યામાં હોય તો જોવાની ઓર મજા આવે. તળાવોને કિનારે પક્ષીઓને નીરખવા માટે બેઠકો પણ બનાવેલી છે. અહીં ખારા પાણીનાં અને મીઠા પાણીનાં બંને જાતનાં પક્ષી જોવા મળે છે. ૩૦૦ જેટલી જાતનાં પક્ષીઓ અહીં આવે છે. એમાં મુખ્ય ગજપાઉં, મોટો ગડેરો, દરિયાઈ ધોમડી, ભુલામણી ઢોંગીલી, ટીટોડી, કાળો કોશી, સારસ વગેરે ગણાવી શકાય. ક્યાંક વોચ ટાવર પણ ઉભા કરેલા છે, તેના પરથી દૂર દૂર સુધીનું દ્રશ્ય દેખાય છે. પક્ષીઓ અહીં પોતાની કુદરતી છટામાં જોવા મળે છે. ઓફિસ આગળ પક્ષીઓનું એક સંગ્રહાલય પણ બનાવેલું છે

ભાગ-1 દરિયા તરફનો હોવાથી ત્યાં મેન્ગ્રોવનાં ઝાડ પુષ્કળ છે. આ ઝાડ સામાન્ય ઝાડ કરતાં ચાર ગણો ઓક્સીજન આપે છે. દુકાળના વખતમાં પ્રાણીઓ મેન્ગ્રોવનાં પાન ખાઈને જીવી શકે છે.

ખીજડીયાની નજીક બાલાચડી સૈનિક સ્કુલ આવેલી છે. આ એક જૂની અને જાણીતી સ્કુલ છે.



ખીજડીયા પક્ષી અભ્યારણ્ય

સસોઈ ડેમ: જામનગરથી ૨૫ કી.મી. દૂર સસોઈ નદી પર બાંધેલો છે. તેનું પાણી સિંચાઈ માટે વપરાય છે. ચોમાસામાં ડેમ જયારે ઓવરફ્લો થાય છે ત્યારે ડેમ પરથી છલકાતું સફેદ દૂધ જેવું પાણી મનોહર દ્રશ્ય સર્જે છે, અને સહેલાણીઓનું તે આકર્ષણ કેન્દ્ર બની રહે છે. ડેમના પાણીના વિશાળ શાવરમાં નહાવાનો લાભ લેવાનું સહેલાણીઓ ક્યારે ય ચૂકતા નથી. રજાના દિવસોમાં અહીં માનવમહેરામણ ઉમટી પડે છે.



સસોઈ ડેમ

મરીન નેશનલ પાર્ક, પીરોટન ટાપુ: આ ટાપુ જામનગરના બેડી બંદરથી ૨૨ કી.મી. દૂર અરબી સમુદ્રના દરિયામાં આવેલો છે. આજુબાજુ બીજા ટાપુઓ પણ છે, પણ પીરોટન સૌથી વધુ જાણીતો છે. આ ટાપુ તથા અહીંની પરવાળાંની હારમાળાને મરીન નેશનલ પાર્ક તરીકે જાહેર કરવામાં આવ્યા છે. અહીં સહેલાણીઓ આવતા હોય છે, તેઓએ અહીં આવવા માટે મંજૂરી લેવાની હોય છે. બેડી બંદરથી બોટ ભાડે કરીને આવવાનું હોય છે, ટાપુની આજુબાજુનો દરિયો છીછરો છે. એટલે ભરતી હોય ત્યારે જ બોટ અહીં આવી શકે છે. ઓટ વખતે પાણી ઉતરી જાય ત્યારે દરિયાઈ જીવસૃષ્ટિનું અહીં અદભૂત દર્શન થાય છે. લોકો આ મરીન પાર્ક જોવા જ આવે છે. તેઓ સવારે આવીને સાંજ સુધીમાં પાછા જતા રહે છે.

અહીં બીચ છે, મેન્ગ્રોવના પુષ્કળ ઝાડ છે, પવિત્ર સંત ખ્વાજા ખીજેરની દરગાહ છે, અને ૨૫ મીટર ઉંચી દીવાદાંડી છે. દીવાદાંડીના લાઈટ માટે સૂર્યશક્તિ અને ડીઝલ પાવરની વ્યવસ્થા છે. અહીં જંગલના રક્ષકો, દીવાદાંડીના કામદારો અને દરગાહના પૂજારીઓ સિવાય બીજી કોઈ વસ્તી નથી. પણ અહીંની શાંતિ, દરિયાનાં ભરતીઓટ, જીવસૃષ્ટિ, ચાલવાનું – આ બધું ગમી જાય એવું છે.

ઘુમલી: ઘુમલી, જામનગર જીલ્લામાં બરડા ડુંગરની તળેટીમાં આવેલું એક ઐતિહાસિક સ્થળ છે. જામનગરથી તે ૮૮ કી.મી. દૂર છે. ઘુમલી ગુજરાતની એક પુરાતત્વ સાઈટ છે. અહીં ઘણા પુરાણા અવશેષો ઈતિહાસની સાક્ષીરૂપે ખડા છે. એમાં નવલખા મંદિર, ઘુમલી ગણેશ મંદિર, આશાપુરા માતા મંદિર, વિંધ્યાવાસીની મંદિર, સોનકંસારી મંદિર, વીકઈ અને જેઠા વાવ, ઐતિહાસિક દરવાજાઓ વગેરે મુખ્ય છે. નવલખા સૂર્યમંદિર મંદિર જેઠવા રાજાઓએ ૧૨મી સદીમાં બંધાવેલું. ગુજરાતનું આ જૂનામાં જૂનું સૂર્યમંદિર છે, અત્યારે તે

ખંડેર છે. તેમાં ગર્ભગૃહ, પ્રદક્ષિણા માર્ગ, સભામંડપ અને શૃંગાર ચોકી છે. સભામંડપમાં આઠ બાજુવાળા થાંભલા છે. મંદિર બે માળનું છે, તેના પ્લીન્થના ભાગ પર શિલ્પો કંડારેલાં છે, પાછળની દિવાલ પર બે મોટા લડતા હાથી છે. આ મંદિર નવ લાખ રૂપિયાના ખર્ચે બંધાયેલું, એટલે તે નવલાખા મંદિર કહેવાય છે. સ્થાપત્ય અને અંદરની રચનામાં તે મોઢેરાના સૂર્યમંદિરની તોલે આવે એવું છે. મંદિર જોવા જેવું છે. એની બાજુમાં વીકઈ અને જેઠા વાવો છે. આ વિસ્તારમાં જ ભાણ ગેટ અને રામપોલ ગેટ છે. નવલખા મંદિરની જોડે જ ઘુમલી ગણેશ મંદિર છે.



નવલખા મંદિર, ઘુમલી

સોનકંસારી મંદિર સતી સોનની યાદમાં બન્યું છે. તે આશાપુરા માતા મંદિર અને નવલખા મંદિરથી થોડે દૂર ટેકરી પર આવેલું છે. તેની આજુબાજુ ઘણા અવશેષો છે. નવરાત્રિ વખતે અહીં મેળો ભરાય છે. વિંધ્યાવાસીની મંદિર પણ એક ટેકરી પર છે.

ઘુમલીથી કિલેશ્વર મહાદેવ આશરે ૧૦ કી.મી. દૂર છે, અહીં કુંડમાં નહાવાની મજા આવે છે. કહે છે કે ઘુમલી શ્રાપને લીધે નાશ પામ્યું છે. ઘુમલી પોરબંદરથી ૫૪ કી.મી. દૂર, ભાણવડની નજીક આવેલું છે.

૩૦. પોરબંદર જીલ્લો

કીર્તિ મંદિર : પોરબંદરમાં મહાત્મા ગાંધીજીનું આ સ્મારક મંદિર છે. પોરબંદરમાં ગાંધીજી ૨ ઓક્ટોબર, ૧૮૬૯ના રોજ જે ઘરમાં જન્મ્યા હતા તે પુરાણા ઘરની આજુબાજુ જ આ કીર્તિમંદિર બનાવાયું છે. આ મંદિર બાંધવામાં પોરબંદરના મહારાજા શ્રીનટવરસિંહજી અને રાજરત્ન શ્રીનાનજી કાલિદાસ મહેતાનો મોટો ફાળો છે. પુરુષોત્તમ મિસ્ત્રીએ બાંધકામ કર્યું છે. કીર્તિ મંદિર ૧૯૪૦માં બનીને તૈયાર થયું, અને સરદાર વલ્લભભાઈ પટેલે તે પ્રજા માટે ખુલ્લું મૂક્યું હતું. મંદિરની ઉંચાઇ ૭૯ ફૂટ છે, જે ગાંધીજીની ૭૯ વર્ષની ઉમરનો નિર્દેશ કરે છે. ગાંધીજીને બધા ધર્મો પ્રત્યે આદર હતો, કીર્તિ મંદિરના સ્થાપત્યમાં એવા છ ધર્મો – હિંદુ, બૌદ્ધ, જૈન, પારસી, ચર્ચ અને મસ્જીદનું મિશ્રણ દેખાય છે. મંદિરની મધ્યમાં ગાંધીજી અને કસ્તૂરબાનાં ફૂલ સાઈઝનાં પેઈન્ટીંગ જોડે જોડે મૂકેલાં છે. તેમના પગ આગળ તેમના જીવનનાં સૂત્રો 'સત્ય' અને 'અહિંસા' લખેલાં છે. જમણી બાજુના બે રૂમોમાં અનુક્રમે મગનલાલ ગાંધી અને મહાદેવ દેસાઈનાં સ્મારકો છે. ડાબી બાજુની રૂમમાં પ્રદર્શન છે, ગાંધીજીના જૂના ફોટા છે. આ બધી રૂમોમાં ખાદી અને હસ્તકલાની વસ્તુઓ મૂકેલી છે. મંદિરમાં પુસ્તકોનું વેચાણ કેન્દ્ર અને કસ્તૂરબા મહિલા લાયબ્રેરી પણ છે. મંદિરમાં ગાંધીજી જે જગાએ જન્મેલા તે જગાએ સ્વસ્તિકનું ચિહ્ન દોરેલું છે. મંદિરમાં સાંજે ૫ વાગે ગાંધીજીનું પ્રિય ભજન 'વૈષ્ણવજન તો તેને રે કહીએ...' ગવાય છે. મુલાકાતીઓને અહીં ગાંધીયુગમાં પહોંચી ગયાનો અનુભવ થાય છે. કીર્તિ મંદિર એ અગત્યનું ટુરિસ્ટ આકર્ષણ છે. ભારતના અને વિદેશના કેટલા યે મહાનુભાવોએ આ સ્થળની મુલાકાત લીધેલી છે.





કીર્તિ મંદિર   સુદામા મંદિર

સુદામા મંદિર: ભગવાન શ્રીકૃષ્ણ અને સુદામા બ્રાહ્મણની મિત્રતાની યાદમાં પોરબંદરમાં આ મંદિર બનાવાયું છે. સુદામાનો જન્મ આ જગાએ થયો હતો. તે સુદામાપુરી પણ કહેવાય છે. સુદામા બ્રાહ્મણ શ્રીકૃષ્ણ ભગવાનના મિત્ર હતા. તેઓ ખૂબ ગરીબ હતા. તેમની પત્નીના

કહેવાથી, તેઓ શ્રીકૃષ્ણ પાસે મદદ માગવા દ્વારકા ગયા હતા. સાથે, શ્રીકૃષ્ણને ભેટ આપવા માટે પૌઆ (તાંદુલ)ની પોટલી લઈ ગયા હતા.

આ મંદિરમાં સુદામાની મૂર્તિ છે, તેની એક બાજુ શ્રીકૃષ્ણ અને બીજી બાજુ સુદામાની પત્ની સુશીલાજીની મૂર્તિ છે. શ્રીકૃષ્ણ સુદામાને આવકારતા હોય તથા તેમના પગ ધોતા હોય એવાં ચિત્રો છે. મંદિરને આરસના થાંભલા છે, મંદિર ત્રણ બાજુથી ખુલ્લું છે. હજારો લોકો આ મંદિર જોવા આવે છે. સાંજે સાત વાગે સંધ્યાઆરતી થાય છે. અહીં પ્રસાદ તરીકે પૌઆ અપાય છે. સવારસાંજ દર્શનાર્થીઓને જમવાની વ્યવસ્થા છે. મંદિર આગળ બગીચો છે, અને સુદામા જે કૂવામાંથી પાણી ખેંચતા હતા, તે કૂવો (સુદામા કુંડ) પણ છે. લોકો મંદિરની પરિક્રમા કરે છે. મંદિર શહેરની વચ્ચે છે. દેશમાં સુદામાનું આ એક જ મંદિર છે.

પોરબંદર બીચ: પોરબંદરના દરિયા કિનારે આવેલો આ બીચ બહુ જ સુંદર છે. અહીં બેસવા માટે બાંકડા અને ચાલવાની ટ્રેઈલ છે. દરિયામાં જોરદાર મોજાં આવે છે. ખાણીપીણીની દુકાનો માટે કિનારાથી સહેજ દૂર, ચોક્કસ જગા ફાળવી આપવામાં આવી છે, આથી દરિયા કિનારે ચોખ્ખાઈ સારી રહે છે. અહીં સૂર્યાસ્ત જોવાની મજા આવે છે. લોકો અહીં દરિયાકિનારે ચાલે છે, દોડે છે, દરિયામાં નહાય છે, રમે છે, ખાયપીવે છે અને મજા કરે છે. ઘણા લોકો ઉંટસવારી કરે છે અને સાઈકલ ચલાવે છે. અહીં પક્ષીઓ પણ જોવા મળે છે. આ જગા ચોપાટી અને મરીન ડ્રાઈવ તરીકે પણ ઓળખાય છે.

હુઝુર પેલેસ: આ પેલેસ પોરબંદરમાં મરીન ડ્રાઈવ બીચ આગળ આવેલો છે. રાણા નટવરસિંહજીએ ૨૦મી સદીની શરૂઆતમાં તે બંધાવ્યો હતો. અત્યારે તે તેમના વારસદારોના કબજામાં છે. પેલેસ ફક્ત બહારથી જ જોવા મળે છે. મહેલ યુરોપીયન શૈલીનો, ઢળતા છાપરાવાળો છે. મહેલમાં લોબીઓ, મોટી બારીઓ, થાંભલાઓવાળી અર્ધગોળાકાર પોર્ચ, શણગારેલો ગેટ વગેરે જોવાલાયક છે. ગુલાબી રંગથી શણગારેલ વિશાળ ભોજનરૂમ, કલાત્મક ટેબલખુરશીઓ, રાજારાણીનો સંગીતરૂમ – આ બધુ જ ભવ્ય છે. ઝુમ્મરો તરત જ ધ્યાન ખેંચે છે. મહેલની આગળ બગીચા અને ફુવારા છે. મહેલનો અગ્ર ભાગ દરિયા તરફ છે, મહેલમાંથી દરિયાનું દ્રશ્ય તથા દરિયા આગળથી મહેલ બહુ જ સરસ દેખાય છે.

જવાહરલાલ નેહરુ આકાશ ગૃહ(પ્લેનેટોરીયમ), પોરબંદર : તે તારા મંદિર પણ કહેવાય છે. જો કે અહીં કોઈ મંદિર નથી. અહીં થીયેટરમાં ગુંબજ જેવા મોટા પડદે ચંદ્ર, ગ્રહો, તારા વગેરે આકાશી પદાર્થોનું મૂવી દ્વારા દર્શન કરાવે છે. જાણે કે આકાશમાં વિહરતા હોય એવું લાગે. નાના અને મોટા બધાને મજા પડી જાય છે.

ભારત મંદિર: નેહરુ પ્લેનેટોરીયમની સામે આવેલું છે. ભારતીય સંસ્કૃતિ, સંતો અને ધર્મનાં ચિત્રો, સ્થાપત્યો વગેરે અહીં પ્રદર્શનમાં મૂકેલાં છે. થાંભલાઓ પર ભારતના સપૂતોનાં

કોતરેલાં શિલ્પો અને પિત્તળનાં પૂતળાં છે. અંદર જમીન પર ભારતનો મોટો નકશો દોરેલો છે. ભારતીય જીવન પ્રણાલીનું અહીં દર્શન થાય છે.



હુઝુર પેલેસ



ભારત મંદિર

શ્રીહરિ મંદિર: આ મંદિર પોરબંદરથી ૮ કી.મી. દૂર એરપોર્ટ આગળ આવેલું છે. અહીં સાંદિપની આશ્રમમાં આ મંદિર બનાવ્યું છે. મંદિરમાં વિશાળ ગર્ભગૃહ અને હોલ છે. ગર્ભગૃહમાં રાધા-કૃષ્ણ, સીતા-રામ, લક્ષ્મી-નારાયણ, શીવ, દુર્ગા તથા અન્ય મૂર્તિઓ છે. અહીં સમય પ્રમાણે મંગળા, રાજભોગ, શયન વગેરે દર્શન થાય છે. દર્શન કરીને મનને શાંતિ પ્રાપ્ત થાય છે. સાંજની આરતીના સમયે અનેક લોકો અહીં દર્શને આવે છે. મંદિરનું સ્થાપત્ય બહુ જ સરસ છે. દિવાલો પર સુંદર કોતરકામ અને ધાર્મિક પ્રસંગોનાં ચિત્રો છે. થાંભલાઓ


પર વિષ્ણુના દસ અવતારોનાં ચિત્રો છે, અને તેને લગતા શ્લોક લખેલા છે. મંદિર આગળ સરસ બગીચો છે. બગીચામાં ગાંધીબાપુ અને કસ્તૂરબાનું સ્ટેચ્યુ છે. મંદિરમાં વેદો અને ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કરાવાય છે. મંદિર જોઇને ગુરુકુળ અને આશ્રમમાં ભણવાનો પુરાણો યુગ યાદ આવી જાય છે. મંદિરમાં ચોખ્ખાઈ ખૂબ છે. શોપમાં પુસ્તકો, સોવેનીયર અને સીડીઓ મળે છે.



શ્રીહરિ મંદિર

દરબારગઢ: પોરબંદરનો આ મહેલ રાણા સરતાનજીએ બંધાવેલ. મહેલ ત્રણ માળનો છે. મુખ્ય ગેટ પત્થરનો, સુંદર કોતરકામવાળો છે, એને લાકડાનું મોટું બારણું છે. અંદરના મહેલને ચાર બાજુ ચાર દરવાજા છે. બીજા ત્રણ નાના ગેટ છે, જે બારી કહેવાય છે. મહેલમાં સિંહ, સંગીતકારો વગેરેનાં સુંદર કોતરકામ છે. અંદરના થાંભલાઓ પણ સુંદર છે.

સરતાનજી ચોરો, પોરબંદર: આ એક ત્રણ માળનો વિશાળ ઉનાળુ પેલેસ છે. રાણા સરતાનજીએ તે બંધાવેલો. ગાર્ડનની વચ્ચોવચ બંધાવેલા આ મંડપનું સ્થાન બહુ જ સરસ છે. થાંભલાઓ ઉપર સંગીતકારોનાં ચિત્રો, કોતરેલી કમાનો અને છેક ઉપર ઘુમ્મટ બહુ જ શોભે છે. રાણા સરતાનજી અહીં બેસીને વ્રજ ભાષામાં કવિતાઓ રચતા. ચોરો આજુબાજુ ફરીને બહારથી જોઈ શકાય છે.



સરતાનજી ચોરો

પોરબંદર બર્ડ સેન્કચ્યુરી: શહેરની વચ્ચે આવેલી છે. માનવ અને પક્ષીના સાથે નિવાસનું આ સરસ ઉદાહરણ છે. વિસ્તાર પ્રમાણમાં ઓછો છે. વચમાં તળાવ પણ છે. અહીં હંસ, બતક, સારસ, અઈબીસ વગેરે દેશીવિદેશી પક્ષીઓ આવે છે.

માધવપુર ઘેડ: પોરબંદરથી ૬૦ કી.મી. દૂર દરિયા કિનારે આવેલું છે. આ જગાએ શ્રીકૃષ્ણ અને રુકમણીના લગ્ન થયા હતા. એની યાદમાં અહીં માધવરાયનું મંદિર છે. માધવરાય એ કૃષ્ણનું જ સ્વરૂપ છે. મૂળ મંદિર મુસ્લીમોના આક્રમણનો ભોગ બન્યું છે, છતાં એના થોડા અવશેષો હજુ ટકી રહ્યા છે. એની નજીકમાં નવું મંદિર બન્યું છે. અહીં રામનવમી વખતે, માર્ચ-એપ્રીલમાં મેળો ભરાય છે. તે વખતે શણગારેલા રથમાં શ્રીકૃષ્ણની મૂર્તિ મૂકી વરઘોડો કાઢવામાં આવે છે. માધવપુરમાં શ્રીમહાપ્રભુજીની બેઠક અને ઓશો આશ્રમ પણ છે. ઓશો આશ્રમમાં બુદ્ધ ખંડ, ગોકુલ, ગોવર્ધન વગેરે ઉભાં કર્યાં છે. માધવપુરના દરિયા કિનારે સરસ બીચ છે.



પોરબંદર બર્ડ સેન્કચ્યુરી



માધવપુર ઘેડ

૩૧. ભૂજની ભૂમિ પર

ભૂજ કચ્છ જીલ્લાનું મુખ્ય શહેર છે. અહીં પ્રમાણમાં વરસાદ ઘણો ઓછો પડે છે. ૨૦૦૧ના ધરતીકંપે અહીં ઘણો વિનાશ વેર્યો હતો. પણ પછી ભૂજ બેઠું થઇ ગયું છે. ઘણા નવા રસ્તા બન્યા છે, હમીરસર તળાવને રીપેર કરી તેમાં પાણી આવે તેની વ્યવસ્થા કરી છે, ઘણાં નવાં મકાનો બન્યાં છે. ભૂજમાં શીવજીનાં મંદિરો ઘણાં છે. ભૂજને એરપોર્ટ છે. લશ્કરી દ્રષ્ટિએ ભૂજનું મહત્વ ઘણું છે.

પ્રાગ મહેલ: ભૂજના રાજવીનો આ મહેલ ભૂજ શહેરની વચ્ચે આવેલો છે. રાવ પ્રાગમલજી બીજાના નામ પરથી આ મહેલનું નામ પ્રાગ મહેલ રખાયું છે. તેમણે મહેલનું બાંધકામ ૧૮૬૪માં શરુ કર્યું. કર્નલ હેનરી વિલ્કીન્સે ડીઝાઈન કરી. ૧૮૭૪માં પ્રાગમલજી મરી ગયા, પછી ખેંગારજીના વખતમાં ૧૮૭૯માં મહેલનું કામ પૂરું થયું. ઇટાલિક ગોથીક શૈલીનું બાંધકામ છે. મહેલના બાંધકામમાં ઇટાલીનો આરસ અને રાજસ્થાનના પત્થર વપરાયા છે. અહીં કામ કરતા કારીગરોને વેતન સોનાના સિક્કા સ્વરૂપે અપાતું હતું. મહેલ બાંધવામાં તે જમાનામાં કુલ ૩૧ લાખ રૂપિયા ખર્ચ થયો હતો.



પ્રાગ મહેલ

૨૦૦૧ના ધરતીકંપમાં મહેલને નુકશાન થયું છે. ઘણી ચીજો ચોરાઈ ગઈ છે, આમ છતાં, ટાવર અને ઘડિયાળનું રીપેરીંગ કરાયું છે, અને પબ્લીકને જોવા માટે ખુલ્લો મૂકાયો છે. મહેલમાં દાખલ થતામાં પહેલાં ભવ્ય દરબાર હોલ આવે છે. તેમાં પૂતળાં, પેઈન્ટીંગ, ઝુમ્મર, પુરાણી શૈલીનું ફર્નીચર અને થાંભલાઓ પરનું કોતરકામ અદભૂત છે. આગળ જતાં, રાજા જે વસ્તુઓ વાપરતા, તેનો સંગ્રહ છે. તેમાં હથિયારો, વાસણો, વાજિંત્રો, શિકાર કરેલાં પ્રાણીઓની ખાલ વગેરે છે. મહેલને ૫૪ ફૂટ ઉંચો ટાવર અને તેના પર ઘડિયાળ છે. આશરે ૬૦ પગથિયાં ચડીને ટાવરની ટોચે પહોંચાય છે, અહીંથી આખું ભૂજ શહેર દેખાય છે.

મહેલની પાછળ એક નાનું મંદિર છે. આ મહેલમાં 'હમ દિલ દે ચૂકે હૈ સનમ' અને 'લગાન' ફિલ્મના કેટલાક અંશો ફિલ્માવાયા છે. મહેલ આગળ ઘણી દુકાનો લાગી ગઈ છે. એમાં ખાસ શેરડીનો રસ પીવાની તમને મજા આવશે. પ્રાગ મહેલની બાજુમાં જ આયના મહલ છે.



આયના મહેલ

આયના મહેલ: આ મહેલ રાવ લખપતજીએ ૧૭૬૧માં બંધાવ્યો હતો. રામસીંગ માલમે બાંધકામ કર્યું હતું. બે માળના આ મહેલમાં ઘણી જગાએ અરીસાઓ લગાડેલા છે. એથી તો એને આયના મહેલ કહે છે. આયના લગાડવાથી એક તો મકાન સુશોભિત લાગે છે, અને બીજું આયના પરથી પ્રકાશ પરાવર્તિત થવાથી અજવાળું વધે છે. બેડરૂમમાં તો બધી દિવાલો અને છત પર અરીસાઓ છે. એને લીધે એક જ મીણબત્તી સળગાવો તો પણ રૂમમાં ફુલલાઈટ મળી રહે છે. આ રૂમ સારી રીતે સચવાયો છે. મહેલમાં ઘણી પુરાણી ચીજો રાખેલી છે. બેડરૂમ ઉપરાંત, સંગીત રૂમ, કલાના નમૂનાઓ, ચિત્રો, પાલખીઓ અને એવું બધું છે. અહીં એક ચંદ્ર ઘડિયાળ છે, એ હજુ પણ ચાલુ હાલતમાં છે. એક વજન કરવાનો કાંટો છે, રાજા તે વાપરતા હતા. ઘણાં વાજિંત્રો છે. બેડરૂમમાં જે પલંગ છે, તેના ચાર પાયા સોનાના છે. રાજાના બૂટ છે, રાજા એ પહેરીને જયારે ચાલતા, ત્યારે બૂટમાંથી પરફ્યુમ છંટાતુ. મહેલમાં હાથીના દંતુશૂળમાંથી બનાવેલ બારણાં છે. ધરતીકંપ વખતે કેટલુક તૂટી ગયું છે. આયના મહેલ જોવાનો ટાઈમ સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ છે. ગુરુવારે બંધ હોય છે. આ મહેલ જોવા જેવો છે. અરીસાઓ જોઇને આશ્ચર્ય પામી જશો.


સ્વામીનારાયણ મંદિર, ભૂજ : ભૂજમાં ધરતીકંપ દરમ્યાન સ્વામીનારાયણ મંદિરનો ઘણો ભાગ તૂટી જતાં, અહીં નવું મંદિર બાંધવામાં આવ્યું છે. મે, ૨૦૧૦માં નવા મંદિરનું ઉદઘાટન થયું છે. મંદિરમાં મુખ્ય મૂર્તિ નરનારાયણ ભગવાનની છે, તે ઉપરાંત, ઘનશ્યામ ભગવાન તથા રાધાકૃષ્ણની મૂર્તિઓ છે. ભગવાનની મૂર્તિનું સિંહાસન, મંદિરનો ઘુમ્મટ અને બારણાં સોનાથી મઢ્યાં છે. કોતરણીવાળા થાંભલાઓ અને છત સફેદ આરસની છે. આખા મંદિરમાં બધે જ

કલાત્મક કોતરણીઓ જોવા મળશે. મંદિરને એક મુખ્ય ઘુમ્મટ અને બીજા નાના ૨૫ ઘુમ્મટ છે. મંદિર દેખાવે બહુ જ સરસ લાગે છે. નવું મંદિર ૪ એકર જમીન પર બન્યું છે, બાંધવાનો ખર્ચ ૧૦૦ કરોડ રૂપિયા થયો છે. ભૂજ આવતા પ્રવાસીઓ અને ભક્તોનું આ ખાસ આકર્ષણ છે. મંદિરને ત્રણ પ્રવેશદ્વાર છે. પાર્કીંગની સરસ સુવિધા છે. રાતની રોશની મંદિરની સુંદરતામાં ઓર વધારો કરે છે.



સ્વામીનારાયણ મંદિર, ભુજ

હમીરસર તળાવ: ભૂજ શહેરની મધ્યમાં આવેલું છે. ભૂજ શહેર માટે આ અમૂલ્ય નજરાણું છે. તે શહેરને પાણી પૂરું પાડવા ઉપરાંત, શહેરની શોભામાં વધારો કરે છે. રાવ ખેંગારજીના સમયમાં આ તળાવ બંધાયું હતું. ૫૪૦ વર્ષ જૂના આ તળાવનું નામ ભૂજના સ્થાપક રાજા રાવ હમીરના નામ પરથી પડ્યું છે. ખેંગારજીએ આ તળાવમાં પાણી એકઠું કરવા માટે, આજુબાજુ નહેરો અને ટનેલો બાંધી છે. તળાવની વચ્ચે એક ટાપુ છે, એના પર સરસ બગીચો બન્યો છે, તે રાજેન્દ્ર પાર્ક તરીકે જાણીતો છે. તળાવને કિનારે સરસ ઝાડો ઉગાડ્યાં છે. કિનારે રસ્તાઓ તથા બેસવાની સુંદર વ્યવસ્થા છે. સંગીતનો કે અન્ય કોઈ જાહેર પ્રોગ્રામ કરવો હોય તો પ્રેક્ષકો બેસી શકે એવું ખુલ્લું ઓડીટોરીયમ છે. સાંજના સમયે તળાવને કિનારે પવનની સરસ ઠંડી લહેરો માણવા મળે છે. કિનારે લોકો ચાલવા નીકળે છે. રવિવારે તો લોકો અહીં બહુ જ મજા કરે છે. ફોટા પાડવા માટે આ સરસ જગા છે. ચોમાસામાં તળાવ ઓવરફ્લો થાય તો એની પૂજા કરવાની અને બધાને લાડુ જમાડવાની પ્રથા છે. છેલ્લે ૨૦૧૦માં ઓવરફ્લો થયું હતું. અહીં ઘણાં પક્ષીઓ આવે છે.



હમીરસર તળાવ

કચ્છ મ્યુઝીયમ: બે માળનું આ મ્યુઝીયમ, ભુજમાં હમીરસર તળાવની નજીક છે. તે મહારાજા ખેંગારજી ત્રીજાના સમયમાં ૧૮૮૫માં શરુ થયું હતું. ત્યારે એનું નામ ફર્ગ્યુસન મ્યુઝીયમ રખાયું હતું. એમાં કચ્છના લોકોની જીવનશૈલી દર્શાવતી ઘણી ચીજો પ્રદર્શનમાં મૂકેલી છે. ગ્રાઉન્ડ ફ્લોર પર જુદી જુદી જાતિના લોકોનાં ફૂલ સાઈઝનાં પૂતળાં, તેમની ઉત્પત્તિ તથા તેમની જીવવાની રીતભાત વગેરે મૂકેલું છે. વચલા રૂમમાં સાત દંતુશળવાળો સફેદ ઐરાવત હાથી મૂકેલો છે, તે ખાસ ધ્યાન ખેંચે છે. પહેલા માળે કાપડની ચીજો, સ્થાનિક લોકોએ હાથે વણેલું કાપડ તથા ચાંદીનું આર્ટ વર્ક વગેરે છે. મ્યુઝીયમમાં જૂના જમાનાનાં લખાણો તથા રાજાઓએ વાપરેલાં હથિયારો પણ છે. એ ઉપરાંત, સિક્કા, વાજિંત્રો, ભરતકામ, દરિયાઈ સફર માટેનાં સાધનો વગેરે પ્રદર્શિત કરેલું છે. જંગલી ગધેડો, મગર વગેરેનાં મોડેલ પણ છે. મ્યુઝીયમની બહાર બગીચામાં તોપો મૂકેલી છે. એમાં હૈદરી નામની તોપ ટીપુ સુલતાને બક્ષિસમાં આપેલી છે.

રામ ધૂન મંદિર અને રામકુંડ: હમીરસર તળાવને કિનારે રામ ધૂન મંદિર છે. અહીં અખંડ રામ ધૂન ચાલે છે. બાજુમાં જ રામ કુંડ છે. આ કુંડની દિવાલો પર રામાયણનાં પાત્રો અને પ્રસંગોનાં ચિત્રો કંડારેલાં છે.

હીલ ગાર્ડન: ભૂજથી માંડવી જવાના રસ્તે શહેરને છેડે, એક ઉંચી ટેકરી પર મોટો ગાર્ડન બનાવ્યો છે, તે હીલ ગાર્ડન કહેવાય છે. ગાર્ડનમાં એક નાનો ડુંગર બનાવી તેના પર શીવજીની મૂર્તિ બેસાડેલી છે. ગાર્ડનમાં ફૂલછોડ, છત્રી, બેઠકો, લોન વગેરે બનાવ્યું છે. બાળકો માટે લપસણી, હીંચકા, ચગડોળ એમ ઘણાં સાધનો છે. તેમને અહીં રમવાની મજા આવે છે. એક જગાએ ડાયનોસોરનું હાડપીંજર ગોઠવેલું છે. ટેકરી પરથી આજુબાજુનો વ્યૂ જોવાની મજા આવે છે. અહીં ખાણીપીણી અને શૃંગારની ચીજોની દુકાનો પણ છે. હીલ ગાર્ડનમાં નવરાત્રિના ગરબા યોજાતા હોય છે.



કચ્છ મ્યુઝીયમ



હીલ ગાર્ડન

શરદ બાગ પેલેસ: ભૂજના આ મહેલમાં ભૂજના છેલ્લા રાજા મદનસિંહજીનું રહેઠાણ હતું. મદનસિંહજી ૧૯૯૧માં લંડનમાં મૃત્યુ પામ્યા, પછી આ મહેલ મ્યુઝીયમમાં ફેરવાઈ ગયો છે. રાજાની કેટલીક જૂની ચીજો અહીં પ્રદર્શનમાં છે. પેલેસની આજુબાજુ ફૂલોનો સુંદર બગીચો છે. થોડા ઔષધિના છોડ પણ છે. આ બગીચો શરદ બાગ નર્સરી તરીકે જાણીતો છે. અહીં ઝાડોને લીધે પક્ષીઓ પણ આવે છે. મદનસિંહ અચ્છા ટેનીસ પ્લેયર હતા, તેઓ ઘણી ટ્રોફીઓ જીત્યા હતા. આ મહેલ આગળ તેમણે ટેનીસ લોન બનાવેલી, તે હજુ પણ જાળવી રખાઈ છે.

છત્તરડી, ભુજ: જૂના જમાનાનું સ્થાપત્ય ધરાવતી આ જગા હમીરસર તળાવની નજીક છે. અહીં ભુજમાં થઇ ગયેલા રાજાઓના મકબરા બાંધ્યા છે. લાલ પત્થરના બાંધકામવાળા આ

મકબરા છત્રી જેવા આકારના હોઈ, 'છત્તરડી' નામ પડ્યું છે. ૨૦૦૧ના ધરતીકંપમાં અહીં ઘણો વિનાશ થયો છે, પણ રીસ્ટોરેશન કરાઈ રહ્યું છે. આ બહુ જ સરસ સાઈટ છે. ઈતિહાસ અને પુરાતત્વના રસિયાઓ માટે આ સરસ જગા છે. કોતરકામ અદભૂત છે. ૧૭૭૦માં બંધાયેલો રાવ લાખાજીનો મકબરો સૌથી મોટો છે. છત્તરડીની આજુબાજુ બગીચો બનાવ્યો છે. અહીં નાનું તળાવ પણ છે. ટુરીસ્ટોને બેસીને આરામ કરવાની જગા છે. ફિલ્મ 'હમ દિલ દે ચૂકે હૈ સનમ'નું કેટલુક શુટીંગ અહીં થયું હતું.

ભુજીયો ડુંગર: ભૂજ શહેરની જોડે આવેલો આ ડુંગર ભુજીયા ડુંગર તરીકે ઓળખાય છે. અહીં ડુંગર પર, ભૂજના રાજાઓએ નગરના રક્ષણના હેતુથી કિલ્લો બાંધેલો છે. કિલ્લાનું બાંધકામ રાવ ગોડજીએ ૧૭૧૪ના અરસામાં શરુ કરેલું, અને તે તેમના પુત્ર દેશળજીએ પૂરું કરેલું. કિલ્લાના એક ભાગમાં ભુજંગ નાગ મંદિર છે. આ મંદિર પણ દેશળજીના વખતમાં જ બંધાયું છે. ડુંગર ઉપર ચડતાં, પહેલાં નાગ મંદિર અને પછી કિલ્લો આવે છે. ૩૦૦ પગથિયાં ચડવાનાં છે. નાગ મંદિર પબ્લીક માટે નાગપંચમીએ ખુલ્લું મૂકાય છે. નાગપંચમીએ અહીં સરઘસ નીકળે છે, એમાં નાગા બાવાઓ જોડાય છે, મેળો પણ ભરાય છે. કિલ્લો થોડો નાશ પામ્યો છે. બે ગેટમાંથી પસાર થયા પછી કિલ્લામાં જવાય છે. સ્વતંત્રતા પછી આ કિલ્લો, હથિયારો રાખવા માટે ભારતીય લશ્કરના કબજામાં હતો. પણ હવે લશ્કર માટે ભુજમાં જુદી જગા તૈયાર થઇ ગઈ છે. ડુંગર ઉપરથી ભૂજ શહેરનું દ્રશ્ય સુંદર લાગે છે.

ડુંગર પર, ૨૦૦૧ના ધરતીકંપમાં મૃત્યુ પામેલા લોકોની યાદમાં સ્મૃતિવન અને મ્યુઝીયમ બનાવ્યાં છે. ઘણાં ઝાડ વાવ્યાં છે. ઉપર વરસાદનું પાણી એકઠું કરવા માટે ડુંગરના ઢોળાવ પર પાળાઓ બાંધ્યા છે. આ બધું જોવાલાયક છે. ડુંગરની બાજુમાંથી અમદાવાદ તરફ જતો હાઈવે પસાર થાય છે. ડુંગરની તળેટીમાં એક જૈન ધર્મશાળા છે.

૩૨. કચ્છ જીલ્લો – ૧

કચ્છ, એ વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાતનો સૌથી મોટો જીલ્લો છે. ગુજરાત સરકાર અહીં દર વર્ષે કચ્છ રણોત્સવ ઉજવે છે. આ ઉત્સવનું આકર્ષણ ખાસ અનેરું છે. કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.

આશાપુરા માતા મંદિર, માતાનો મઢ: માતાનો મઢ નામના ગામમાં આશાપુરા માતાનું પ્રખ્યાત મંદિર આવેલું છે. કચ્છના જાડેજા રાજવીઓની એ કુળદેવી છે. તે, ભુજથી નારાયણ સરોવર જવાના રસ્તે, ભુજથી ૯૪ કી.મી. દૂર છે. આ મંદિર આજો અને અનાગોર નામના બે વાણીયાઓએ ૧૫મી સદીમાં બંધાવ્યું હતું. તેઓ બંને લાખા ફુલાણીના પિતાના દરબારમાં પ્રધાન હતા. ૧૮૨૩માં મંદિર ફરી બંધાયું. ૨૦૦૧ના ધરતીકંપમાં નુકશાન થતાં, તેનું રીનોવેશન કરાયું છે. મંદિરમાં મોટો ઘંટ છે, તે સીંધના ગુલામ શાહે ભેટ આપેલો છે.



આશાપુરા માતા મંદિર

માતાના હજારો ભક્તો ગુજરાત અને બીજાં રાજ્યોમાંથી ચૈત્રી નવરાત્રિ અને આસોની નવરાત્રિએ અહીં માતાના દર્શને આવે છે, એમાં ય આસો માસની નવરાત્રિનું મહત્વ વધુ છે. આ પ્રસંગે અનેક લોકો ચાલીને માતાના મઢ જાય છે. એ તરફ જતા બધા રસ્તાઓ પર ઠેર ઠેર રાહત કેમ્પ લાગી જાય છે. ચાલીને આવતા લોકોને અહીં મફત ચા, કોફી, ખાવાનું, દવા અને રાતના આરામ કરવાની સગવડ પૂરી પડાય છે. આખું વાતાવરણ ભક્તિમય બની જાય છે. આ માહોલ જરૂર જોવા જેવો છે. ભૂજ બસ સ્ટેન્ડથી માતાના મઢ જવા માટે ખાસ બસોની વ્યવસ્થા કરવામાં આવે છે. મંદિરની નજીક મોટો કેમ્પ ઉભો કરાય છે, જ્યાં યાત્રીઓ દૈનિક કર્મો પતાવી, મંદિરે દર્શન કરવા જઇ શકે છે. આસો સુદ આઠમે રાજવી કુટુંબની વ્યક્તિ દ્વારા ખાસ પૂજા થતી હોય છે. મા આશાપુરા ભક્તોની આશા હંમેશા પૂરી કરે છે. ગુજરાતનું આ એક અતિ પવિત્ર સ્થળ છે.

માતાના મઢમાં ચાચર માનું મંદિર પણ છે. માતાના મઢથી ત્રણેક કી.મી. ઉત્તરમાં જાગોરા ટેકરી પર એક નાની ગુફા છે, એમાં જાગોરા આશાપુરા માતા બિરાજે છે. માતાના મઢથી નારાયણ સરોવર ૬૦ કી.મી. દૂર છે. ભુજથી નારાયણ સરોવરની ટ્રીપમાં નીકળો ત્યારે માતાનો મઢ વચ્ચે આવે.

નારાયણ સરોવર: આ એક પવિત્ર યાત્રાધામ છે. કચ્છને છેવાડે આવેલું છે. ગામ નાનું જ છે, પણ અહીંના નારાયણ સરોવરને લીધે ખૂબ જાણીતું છે. આ સરોવરમાં સ્નાન કરવાનો મહિમા છે. હિંદુ ધર્મમાં પાંચ પવિત્ર સરોવરોનો ઉલ્લેખ છે, (માન સરોવર, બિંદુ સરોવર, નારાયણ સરોવર, પંપા સરોવર અને પુષ્કર સરોવર) તેમાંનું આ એક છે. અહીં સરોવરને કિનારે નારાયણ (વિષ્ણુ) ભગવાનનું મંદિર છે, એ ઉપરાંત, જોડે જોડે જ બીજાં સાત મંદિરો છે. મંદિરો આગળથી થોડાં પગથિયાં ઉતરીને સરોવરમાં ઉતરાય છે. ગામમાં, રહેવા માટે ધર્મશાળાઓ છે. ભોજનની પણ સારી સગવડ છે. સરોવરના પાણીમાં ચોખ્ખાઈ કરવાની જરૂર છે. અહીં વર્ષમાં બે વાર, કારતક અને ચૈત્ર માસમાં મેળો ભરાય છે. અહીંથી નજીકમાં નારાયણ સરોવર ચિંકારા અભ્યારણ્ય છે.



નારાયણ સરોવર



મહાપ્રભુજી બેઠક

ગામને છેડે શ્રી મહાપ્રભુજી બેઠક આવેલી છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે આ બહુ જ પવિત્ર જગા છે. અહીં એક વન છે, તે શ્રીઓધવ ઉપવન કહેવાય છે. અહીં ઘણી જાતનાં ઔષધિય ઝાડો ઉગાડેલાં છે. નજીકમાં શ્રી વાલારામ સરોવર છે.

કોટેશ્વર મહાદેવ: કોટેશ્વર મહાદેવ, નારાયણ સરોવરથી બેએક કી.મી. દૂર 'કોરી ખાડી'ના દરિયા કિનારે ટેકરી પર આવેલું છે. આ મંદિર ભારતના પશ્ચિમ છેડાનું છેલ્લું સ્થળ છે. આ ખાડીના સામા કિનારે પાકિસ્તાન શરુ થઇ જાય છે, લોકો કહે છે કે રાત્રે એ બાજુ જે દીવા

દેખાય છે તે પાકિસ્તાનના કોઈ ગામના છે. ચીની મુસાફર હ્યુએન સંગે કોટેશ્વર વિષે નોંધ્યું છે કે દેશના પશ્ચિમ છેડે અને સિંધુ નદીની નજીક આવેલું આ સ્થળ છે. આપણી એક પૌરાણિક કથા મૂજબ, રાવણ શીવનું લીંગ લઈને જતો હતો, તે નીચે મૂકવાનું ન હતું, તો પણ તેનાથી તે લીંગ આ જગાએ પડી ગયું, એમાંથી એના જેવાં જ અનેક લીંગ બનતાં ગયાં, લીંગની સંખ્યા વધીને એક કોટી (કરોડ) થઇ ગઈ. રાવણ તેમાંથી સાચું લીંગ શોધી ના શક્યો, એટલે તે ગમે તે એક લીંગ લઈને ચાલતો થયો. સાચું લીંગ અહીં રહી ગયું, તે જગાએ આ કોટેશ્વર મંદિર બન્યું.



કોટેશ્વર મહાદેવ

અહીં શીવજી ઉપરાંત, હનુમાન અને ગણેશનાં મંદિરો છે. મદિરમાં મોટો હોલ અને મંડપ છે. ઉપરથી દરિયાનો વ્યૂ બહુ જ સરસ દેખાય છે. મંદિર આગળ દરિયા કિનારે રસ્તો છે, ત્યાં શરણેશ્વર મહાદેવ અને બીજાં મંદિરો છે, પાપ-પુણ્યનો થાંભલો છે, જેટ્ટી છે. આ જગાએ ફરવાની અને દરિયાઈ લહેરો માણવાની મજા આવે છે. અહીં થોડી દુકાનો લાગેલી છે. એક ઝાડના થડ પર કપાળની બિંદી લગાવવાની પ્રથા છે

પુઅરેશ્વર મંદિર, મંજલ: ભૂજથી લખપતના રસ્તે, ભૂજથી ૩૦ કી.મી. દૂર મંજલ ગામમાં, રોડની બાજુમાં જ પુંઅરેશ્વર મંદિર છે. મંજલના રાજા પુનવાર, સીંધના રાજાની કુંવરીને પરણ્યા હતા. કુંવરી શીવની ભક્ત હતી. તે પોતાની સાથે શીવની મૂર્તિ સાસરે લાવી હતી. અહીં મંજલમાં એક મંદિર બનાવીને એમાં એ મૂર્તિની સ્થાપના કરી હતી. આ મંદિર પુંઅરેશ્વર મંદિર કહેવાય છે. પત્થરનું આ મંદિર ૯મી સદીમાં બનેલું છે. કચ્છનાં મંદિરોમાં આ જૂનામાં જૂનું મંદિર મનાય છે. આ મંદિર ઉંચી પીઠ પર બાંધેલું છે, ઓછું સુશોભિત અને પ્રમાણમાં નાનું છે, થોડું તૂટી ગયું છે. પરંતુ એમાં ગર્ભગૃહ, મંડપ અને પ્રદક્ષિણાકક્ષ બધું છે.



પુઅરેશ્વર મંદિર, મંજલ

રાજા પુનવારે ૯મી સદીમાં મંજલમાં મહેલ બંધાવ્યો હતો. તે પુનવારનોગઢ (પધ્ધરગઢ)નો મહેલ કહેવાય છે. પુંઅરેશ્વર મંદિરથી થોડેક છેટે તેના અવશેષો છે. પધ્ધરગઢ આગળ વેદી મેદી નામનું બાંધકામ છે, તે બે માળનું છે, અને થાંભલા અને બીમનું બનેલું છે. પુનવાર જુલ્મી રાજા હતો. જખ બોતેરાએ ઘણા લોકોને તેના ત્રાસમાંથી છોડાવ્યા હતા.

કક્કડભીટ યક્ષ: મંજલથી લખપત તરફ જતાં, બે કી.મી. પછી કક્કડભીટ યક્ષ નામનું સ્થળ આવે છે. અહીં કક્કડભીટની ટેકરી પર જખ બોતેરા મંદિર અને યક્ષેશ્વર મહાદેવ આવેલાં છે. જખ બોતેરા મંદિરમાં ઘોડા પર સવાર એવા ૭૨ યક્ષ કે જખ યોદ્ધાઓની મૂર્તિઓની પૂજા કરવામાં આવે છે. આ યોદ્ધાઓ અંગે ઘણી દંતકથાઓ પ્રચલિત છે. એક કથા એવી છે કે આ યોદ્ધાઓ રોગ મટાડનાર હતા, તેઓ ઘોડા પર નીકળતા, અને લોકોને મદદ કરતા. લોકો તેમને ઈશ્વરના દૂત સમજતા. લોકોમાં તેઓ ખૂબ જ પ્રિય હતા. તેમની પ્રસિદ્ધિ ત્યાંના પુનવાર રાજાને ગમી નહિ. રાજાએ તે બધાને મારી નાખ્યા. તેમના બલિદાનની યાદગીરીમાં કક્કડભીટ ટેકરી પર તેમનું મંદિર બનાવાયું છે. સૌથી મોટા યક્ષના નામ કક્કડ હતું, તેના પરથી આ ટેકરીનું નામ કક્કડભીટ પડ્યું. એવું કહેવાય છે કે આ જખ લોકો ગોરા રંગના હતા, અને કદાચ ઈરાન કે ગ્રીસથી આવ્યા હતા. તેઓનું વહાણ તૂટી જતાં તેઓ અહીં કચ્છના કિનારે પહોંચ્યા હતા. તેઓ જે જગાએ ઉતર્યા તે બંદરનું નામ ‘જખ’ પરથી જખૌ પડ્યું. કક્કડભીટની તળેટીમાં દર વર્ષે ભાદરવા મહિનામાં મેળો ભરાય છે તે જખ બોતેરાનો મેળો કે મોટા જખનો મેળો કહેવાય છે. કચ્છના લોકો આ મેળો માણવા આવે છે. નાના યક્ષનું મંદિર ભૂજની નજીક માધાપરમાં આવેલું છે.



જખ બોત્તેરા મંદિર

સીયોટ ગુફાઓ (કાટેશ્વર): આ બુદ્ધ ગુફાઓ ઈસુની પહેલી સદીમાં બનેલી મનાય છે. ભુજથી લખપતના રસ્તે આશરે ૧૧૦ કી.મી. ગયા પછી, સાઈડમાં ૧૦ કી.મી.જતાં, સીયોટ ગામ આવે છે. ગામની નજીક ટેકરી પર આ ગુફાઓ છે. સાંકડે રસ્તે ગુફાઓ સુધી પહોંચાય છે. અહીંની દૂરી અને શાંતિ જોતાં લાગશે કે તમે બુદ્ધની નજીક પહોંચી ગયા છો. અહીં કુલ પાંચ ગુફાઓ છે. મુખ્ય ગુફાની ફરતે પ્રદક્ષિણા માર્ગ છે. કહેવાય છે કે પહેલી સદીમાં આ શીવમંદિર હતું, પણ પાછળથી બુધ્ધો તેનો ઉપયોગ કરવા લાગ્યા. બાકીની ગુફાઓ સાદી છે. ગુફાઓ આગળ એક પુરાણી વાવ છે. ગુફાની દિવાલો પર પ્રાણીઓનાં ચિત્રો અને લખાણો કોતરેલાં છે. ચીની મુસાફર હ્યુએન સંગ સાતમી સદીમાં અહીં આવ્યો હતો. કેટલું અદભૂત લાગે છે કે હ્યુએન સંગે જ્યાં પગ મૂક્યો હતો, ત્યાં આજે તમે પગ મૂકી રહ્યા છો ! એ જમાનામાં સિંધુ નદી અહીં અને લખપત વિસ્તારમાં વહેતી હતી.

લખપત: ભારતનું પાકિસ્તાન સાથેની સરહદનું આ છેલ્લું નગર છે. જો કે સરહદ અહીંથી ચાલીસેક કી.મી. દૂર છે. પણ લખપત પછી દરિયાની કોરી ક્રીક અને કચ્છનું રણ જ છે. એટલે લખપત પછી, સરહદ સુધી કોઈ ગામ નથી. ભૂજથી લખપત ૧૩૬ કી.મી. દૂર છે. લખપત એ કિલ્લેબંધ શહેર છે. શહેરની ફરતે ૭ કી.મી. લાંબી દિવાલ છે, અને તેમાં વચ્ચે વચ્ચે કોઠીઓ બાંધેલી છે. અહીંના રાજા રાવ લાખાના નામ પરથી આ ગામનું નામ પડ્યું છે. પહેલાં આ એક સારું બંદર હતું, સિંધુ નદીનું મુખ અહીં જ હતું. દરિયા પારના દેશો જોડે વેપારધંધો ઘણો ચાલતો. પણ ૧૮૧૯ના ધરતીકંપમાં સિંધુ નદી અહીંથી ખસી ગઈ, અને લખપત ઉજ્જડ બનતું ચાલ્યું.



લખપત પ્રવેશદ્વાર

કોટની દિવાલમાંની બે કોઠીઓ વચ્ચેથી ગામમાં દાખલ થવાય છે. ગામમાં તમે કોટની દિવાલ જોઈ શકો છો. BSFના જવાનો પશ્ચિમ બાજુ દિવાલ પર ચડીને સરહદનું ધ્યાન રાખતા જોવા મળે છે. લખપતમાં હિંદુ, શીખ અને મુસ્લિમ ધર્મનાં સ્થાપત્યો છે. અહીં હાટકેશ્વરનું શીવમંદિર છે, અને ગુરુદ્વારા છે. ગુરુ નાનક ૧૪મી સદીમાં મક્કા જવા નીકળ્યા ત્યારે થોડા દિવસ અહીં રોકાયા હતા. અહીં લંગરમાં બધાને ચા પીવા માટે આપે છે. અહીં પીર કમલશાહની દરગાહ અને પીર ઘોસ મોહમદનો મકબરો છે. ઘોસ મોહમદ હિંદુ અને મુસ્લિમ બધાના આદરપાત્ર સંત હતા. તેમનો આ મકબરો આશરે ૧૮૪૪માં બંધાયો હતો. તેના પરની કોતરણી સરસ છે. લખપતથી નારાયણ સરોવર ૩૫ કી.મી. દૂર છે. રેફ્યુજી ફિલ્મનું શુટીંગ અહીં લખપતમાં થયેલું.

રુદ્રમાતા ડેમ અને મંદિર : ભૂજથી ઉત્તર દિશામાં ખાવડા અને કાળો ડુંગર જવાના રસ્તે, ભૂજથી વીસેક કી.મી. દૂર ખારીપુર નદી પર બાંધેલો ડેમ રુદ્રમાતા ડેમ તરીકે જાણીતો છે. ભૂજથી એરપોર્ટ અને પાલારા થઇ રુદ્રમાતા ડેમ જવાય છે. આ ડેમ પથ્થરો અને માટીનો બનેલો છે. ડેમ પર ચાલીને કે ગાડીમાં સામી બાજુ જઈ શકાય છે. ડેમની નજીક ડેમની વિગતો દર્શાવતું બોર્ડ મૂકેલું છે. ડેમના પાણીથી આજુબાજુના સૂકા વિસ્તારમાં ખેતી કરવાનું શક્ય બન્યું છે. જો ડેમ આખો ભરેલો હોય તો અહીં મહાસાગર જેવો વિશાળ જલરાશિ લાગે. ડેમ પર ઉભા રહીને, આજુબાજુનું દ્રશ્ય જોવાની મઝા આવે છે. સૂર્યાસ્ત બહુ જ સરસ દેખાય છે. ડેમના નીચવાસનો વિસ્તાર વૃક્ષોથી ઘેરાયેલો દેખાય છે. આ વૃક્ષોના ઝુંડ વચ્ચે એક મંદિર દેખાય છે, એ છે રુદ્રમાતાનું મંદિર.



રુદ્રમાતા ડેમ



રુદ્રમાતા મંદિર

મંદિરના પ્રવેશદ્વાર આગળ ઘડામાંથી પાણી પીવડાવતી કન્યા, બે હાથ જોડી નમન કરતો ગોવાળ અને બે બાજુ મોઢાવાળા વાઘનાં સ્ટેચ્યુ મૂકેલાં છે, એ અહીંની સંસ્કૃતિના પ્રતિક સમાં લાગે છે. રુદ્રમાતાનાં દર્શન કરીને મન પ્રસન્ન થાય છે. અહીં ઝાડપાન એટલાં બધાં છે કે મંદિર ઝાડોની વચ્ચે છુપાયેલું હોય એવું લાગે. અહીંનું એકાંત, શાંતિ અને કુદરતી વાતાવરણ ખૂબ જ ગમે એવું છે. મંદિર આગળ પીકનીક મનાવવાની મજા આવે એવું છે.

મેકરણ દાદા મંદિર અને સમાધિ: રુદ્રમાતાથી થોડું આગળ ગયા પછી લોડઈ ગામ જવાનો ફાંટો પડે છે, એ રસ્તે ૧૬ કી.મી. જતાં ધ્રંગ ગામ આવે છે, અહીં મેકરણ દાદાનું મંદિર અને સમાધિ છે. તેઓ આ વિસ્તારના જાણીતા સંત હતા. દાદા ૧૬૬૬માં જન્મ્યા હતા. તેઓ તેમની જિંદગીમાં કચ્છના રણમાં ફરતા રહ્યા છે, અને લોકોને મદદ અને સેવા કરી છે. કચ્છના રણમાં લોકો ભૂલા પડી જવાના અને ખોવાઈ જવાના બનાવો બહુ બને છે. મેકરણદાદાના બે સાથીઓ લાલિયો ગધેડો અને મોતિયો કૂતરો હતા. દાદા ગધેડા પર ખોરાક અને પાણી લાદીને રણમાં નીકળતા, કૂતરો કચ્છના રણમાં ભૂલા પડી ગયેલાની દિશા બતાવતો. દાદા ભૂખ્યા તરસ્યા આવા લોકોને અને વણઝારાઓને ખાવાનું અને પાણી આપતા. પાછલાં વર્ષોમાં તેમણે ધ્રંગમાં મુકામ રાખ્યો હતો. તેમની સાથે તેમના પાંચ શિષ્યો પણ સેવાનું કામ કરતા. દાદા ગામલોકોને ઉપદેશ પણ આપતા. ધ્રંગનું મંદિર કચ્છના રાજાઓએ બંધાવેલ છે. રાવ દેશળજી પણ દાદાના ભક્ત હતા. દાદા કાપડી જાતિના હતા. કાપડી, મિસ્ત્રી, આહીર અને રબારી જાતિમાં તેમના ઘણા શિષ્યો છે. દાદાએ ઘણી કવિતાઓ પણ રચી છે.



મેકરણ દાદા મંદિર

તેમના સમાધિ મંદિરમાં તેમની સમાધિ ઉપરાંત, શીવ મંદિર, તેમના પાંચ ભક્તોની સમાધિઓ, લાલિયા અને મોતિયની સમાધિઓ અને એક જૂની વાવ છે. મંદિરમાં, તેમણે વાપરેલી ચીજો તથા તેઓ જે કોટ પહેરતા હતા તે કોટ સાચવી રાખેલાં છે. દાદાની યાદમાં મહાશીવરાત્રિ વખતે અહીં મોટો મેળો ભરાય છે, ગુજરાત અને રાજસ્થાનમાંથી ઘણા લોકો મેળામાં આવે છે. મેળામાં અખાડા કુસ્તી અને રેંકડા દોડ પણ યોજાય છે.

કચ્છ રણોત્સવ, ઘોરડો: રણોત્સવ એ દર વર્ષે કચ્છમાં ઘોરડો ખાતે ઉજવાતો ખાસ ઉત્સવ છે. એ સંગીત, નૃત્ય, કચ્છી કલા અને કચ્છના સફેદ રણના અદભૂત સૌન્દર્યનો ઉત્સવ છે. શિયાળાની અડધી રાતની ઠંડીમાં, સફેદ રણમાં ખુલ્લા આકાશ નીચે પૂનમના ચંદ્રનું દર્શન – સ્વર્ગની અનુભૂતિ કરાવે છે.

રુદ્રમાતાથી ખાવડા તરફ ૯ કી.મી. જેટલું ગયા પછી રોડ આગળ એક બોર્ડ મારેલું છે. ‘તમે ૨૩.૪ અંશ ઉત્તર અક્ષાંસ પરથી પસાર થઇ રહ્યા છો.’ એટલે કે અહીંથી કર્કવૃત પસાર થાય છે. આગળ જતાં, ભીરંડીયારા ગામ આગળથી હોડકા અને ઘોરડો જવાનો રસ્તો પડે છે. ઘોરડો અહીંથી ૨૦ કી.મી. દૂર છે. કચ્છના રણવિસ્તારમાં વસ્તી ઓછી, ઝાડપાન ખાસ નહિ અને દરિયાની ખારાશને લીધે જમીન પર ફેલાયેલી સફેદી – ઘોરડો આવી જગાએ આવેલું છે. અહીં રણમાં નવેમ્બરથી ફેબ્રુઅરી દરમ્યાન, ઘણા બધા તંબૂ ઉભા કરી આખી એક નગરીનું આયોજન કરવામાં આવે છે. તંબૂ બધી જ સગવડવાળા અને





કચ્છ રણોત્સવ, ધોરડો

આરામદાયક હોય છે. તંબૂમાં રહેવાનું બુકીંગ અગાઉથી કરાવવું પડે છે, ઓનલાઈન બુકીંગ પણ થાય છે. અહીં આવનારા માટે ખાવાપીવાની બધી સગવડ હોય છે. બાજરીના રોટલા, ઢોકળાં, ખાંડવી, ફાફડા, અથાણું વગેરે ગુજરાતી-કચ્છી વાનગીઓ ખાવાની મજા પડી જાય છે. રાતના, કલાકારો દ્વારા કચ્છી સંગીત, ગાન, વાજિંત્રો અને નાચનો પ્રોગ્રામ જોવાનો જલસો પડી જાય છે. નજર પહોંચે ત્યાં સુધી ફેલાયેલી સફેદી પર પડતું ચંદ્રનું અજવાળું એક અદભૂત માહોલ સર્જે છે. દિવસે બીજા પ્રોગ્રામો જેવા કે રણમાં ઉંટસવારી, એટીવી રાઈડ, પેરામોટરીંગ, યોગ, ધ્યાન, મોટી ચેસ, પપેટ શો વગેરેનું આયોજન થાય છે. આ ઉપરાંત, કચ્છી ભરતકામ, ગ્રામ્ય ઘરેણાં, બાંધણી, અને અન્ય કલાત્મક ચીજો જોવા મળે છે. અહીં ATM, શોપીંગ, રમવા માટે મેદાન, જીમ્નેશીયમ, કોન્ફરન્સ રૂમ વગેરે સગવડ પણ રખાય છે. અહીં રહેવાનો અનુભવ કોઈ ઓર જ છે. અહીં આવતા મુલાકાતીઓને ભારત-પાક બોર્ડરની વિઝીટે લઇ જાય છે.

કાળો ડુંગર: ભીરંડીયારા ગામથી સીધા આગળ જતાં ખાવડા ગામ આવે. ખાવડાનો મેસૂબ ખૂબ વખણાય છે. અહીંથી હવે કાળો ડુંગર ૨૦ કી.મી. દૂર છે. ખાવડાથી ૭ કી.મી ગયા પછી જમણી બાજુ વળી જવાનું. અહીં દત્ત મંદિરનું બોર્ડ મારેલું છે. જો સીધા જઈએ તો

કુંવરબેટ અને સીરક્રીક પરના ઇન્ડિયા બ્રીજ થઇ પાકિસ્તાનની સરહદે પહોંચી જવાય. દત્ત મંદિર બાજુ વળીને ધ્રોબાણ થઇ કાળો ડુંગર જવાય.

ડુંગરનું ચડાણ ધ્રોબાણ ગામ આગળથી જ શરુ થઇ જાય છે. ડુંગરની છેક ટોચ સુધી ગાડી જાય એવો રસ્તો છે. આજુબાજુનો પ્રદેશ વેરાન જ છે. ડુંગર ખડકાળ છે અને લગભગ કાળા રંગના ખડકોનો બનેલો છે. આજુબાજુ બધે થોડાંઘણાં કાંટાળાં નાનાં ઝાડ દેખાય છે. ડુંગરની ટોચે પહોંચવામાં થોડું બાકી રહે ત્યાં બાજુમાં 'પર્વતશિખર વનકેડી' લખેલું નજરે પડે છે. આ કેડી પાંચેક કી.મી. જેટલુ જંગલમાં જાય છે. જંગલમાં ભૂલા ના પડી જવાય એ માટે થોડા થોડા અંતરે કેડીની બંને બાજુના પથ્થરો પર સફેદ ચૂનો લગાવેલો છે. કેડી વાંકીચૂકી, ઉંચે ચડે છે અને નીચે ઉતરે છે. દૂર એક વિસામો પણ છે. આજુબાજુનાં દ્રશ્યો મનને હરી લે તેવાં છે. ડુંગરાઓની વચ્ચે આ રીતે ઘુમવાનો કેવો આનંદ આવે ! આ એક પ્રકારનું ટ્રેકીંગ જ કહેવાય.



વન્ય કેડી, કાળો ડુંગર

કાળો ડુંગર એ કચ્છનું ઉંચામાં ઉંચું શીખર છે. ડુંગરની ટોચે ગુરુ દત્તાત્રેય ભગવાનનું મંદિર છે. જીર્ણોદ્ધાર કરીને મંદિર નવું બનાવડાવેલું છે. બહુ જ સરસ જગા છે. અહીં દત્ત ભગવાનની પૂર્ણ સ્વરૂપની મૂર્તિ છે. અહીં દર્શન કરી, થોડાં પગથિયાં ચડી બિલકુલ ટોચ પર પહોંચાય છે. અહીંથી ડુંગરનો પાછળનો ભાગ દેખાય છે. તે એકદમ સીધા ઢાળવાળો છે. અહીંથી નીચે ઉતરાય એવું નથી. અહીં જો ભૂલથી પડી ગયા તો ગયા, સમજો કે મોત નિશ્ચિત છે. અહીંથી દૂર દૂર સીરક્રીક એટલે કે ખાડી દેખાય છે. દરિયાના ખારા પાણીથી જામેલો સફેદ ક્ષાર પણ દેખાય છે. પછી રણ છે, પણ તે ધૂંધળું દેખાય છે. ધારી ધારીને જુઓ તો ઇન્ડિયા બ્રીજ પણ નજરે પડે. એ દિશામાં પાકિસ્તાનની સરહદ, અહીંથી આશરે ૮૦ કી.મી. દૂર છે. અહીં તમને લશ્કરના સિપાહીઓ પણ જોવા મળે છે. મનમાં એમ થાય કે આપણી રક્ષા માટે આ લોકો અહીં ડુંગરોમાં કેવી કપરી જિંદગી વિતાવે છે !



કાળો ડુંગર

અહીં બપોરે બાર વાગે અને સાંજે છ વાગે એક શિયાળ ખાવા માટે નિયમિત આવે છે. અહીં ભોજનગૃહ છે, તેમાં બધા પ્રવાસીઓને પ્રેમથી જમાડે છે. જમ્યા પછી, જે ઈચ્છા હોય તે ભેટ નોંધાવવાની. ચોખ્ખાઈ સારી છે. રાત રહેવું હોય તો રૂમોની પણ સગવડ છે. સરકાર આ સ્થળને પર્યટન સ્થળ તરીકે વિકસાવી રહી છે.

અહીં ગામડાંઓમાં કચ્છી ઢબની નળાકાર અને માથે શંકુ આકારની ઝુંપડીઓ ઘણી જગાએ દેખાય છે. આવી ઝુપડીને ભૂંગા કહે છે. ઝુંપડીવાસીઓ, ઝુંપડીને બહારથી લીંપે છે, અને સરસ રંગરોગાન કરે છે. તેઓ ઝુંપડીમાં ઘરવખરી અને રસોડું બહુ જ સરસ રીતે ગોઠવે છે. ઝુંપડીનું પ્રવેશદ્વાર, છાપરું, આંગણામાં પાથરેલા ખાટલા, ખુલ્લી જગા - આ બધું બહુ જ મજેદાર લાગે છે. આવી જગાએ, કોઈ જાતના ટેન્શન વગર, કુદરતના ખોળે જીવવાનો કેવો આનંદ આવે ! પંદરેક વર્ષની, ચણીયાચોળી પહેરેલી છોકરીઓ માથે દેગડો અને કાખમાં ઘડો લઈને પાણી ભરવા જતી હોય એવું ભારતીય સંસ્કૃતિનું પ્રતિક સમું સુંદર દ્રશ્ય અહીં જોવા મળે છે. કાળો ડુંગર ભુજથી ૯૦ કી.મી. દૂર છે. કાળો ડુંગર આવતા પહેલાં એક જગાએ મેગ્નેટીક અસર જરા જુદી જાતની છે. અહીં ન્યુટ્રલમાં રાખેલી ગાડી, એન્જીન ચાલુ કર્યા વગર ઢાળ ચડી જાય છે, જો કે ઢાળ બહુ નથી. આ જગા રોડ પરના ઈલેક્ટ્રીકના થાંભલા નં. KHV/DHA/186/R 084 આગળ છે.

સફેદ રણ, ઇંડિયા બ્રીજ અને સર ક્રીક: ખાવડાથી, દત્ત મંદિર બાજુ વળ્યા વગર, સીધા જઈએ તો કચ્છનું સફેદ રણ, ઇંડિયા બ્રીજ, સર ક્રિક અને કુંવર બેટ પછી વીઘાકોટ અને ભારત-પાકની સરહદ આવે છે. ખાવડામાં પોલિસથાણું છે. અહીં ફોર્મ ભરો, ફોટો ઓળખપત્ર બતાવો અને ફી ભરો એટલે સફેદ રણમાં જવા દે છે. ખાવડાથી પંદરેક કી.મી. પછી સફેદ રણ શરુ થાય છે, અહીં BSFનું થાણું છે, જે તમારા કાગળો જોઇને જવા દે છે. અહીં રણમાં ખાડી મારફતે દરિયાનું પાણી આવી જતું હોવાથી જમીન પર ક્ષાર જામી જાય

છે. આથી જમીન પર બરફ જેવી સફેદી પથરાયેલી દેખાય છે. આને લીધે આ વિસ્તારને સફેદ રણ કહે છે. ખાવડાથી ઇન્ડિયા બ્રીજ, ૧૮ કી.મી. દૂર છે. BSFની મંજૂરીથી ઇંડિયા બ્રીજ સુધી આવવા દે છે. બ્રીજના ફોટા નથી પાડવા દેતા. બ્રીજની આજુબાજુ ફરવા દે છે, પણ બ્રીજ ક્રોસ નથી કરવા દેતા. બ્રીજ આગળ એક નાનું મંદિર છે, BSF વાળા તેનો વહીવટ કરે છે. બ્રીજ પછી નજીકમાં સર ક્રિક છે. તેમાં સ્થાનિક માછીમારોને મંજૂરી સાથે જવા દે છે. ભૂજથી ઇંડિયા બ્રીજ આશરે ૯૦ કી.મી. દૂર છે.



ઇંડિયા બ્રીજ

કુંવર બેટ, વીઘાકોટ અને બોર્ડર: ઇંડિયા બ્રીજ ક્રોસ કરીને પ્રવાસીઓએ આગળ જવું હોય તો, તેની મંજૂરી BSFના ભુજ હેડક્વાર્ટરથી લેવાની હોય છે, મંજૂરી આપવામાં એક દિવસ તો લાગે જ છે, અગાઉથી લેવી સારી. ઇંડિયા બ્રીજ પછીની ચોકીએ મોબાઈલ ફોન, કેમેરા વગેરે સુપ્રત કરી દેવાના હોય છે. ત્યાર બાદ, કુંવર બેટ વિસ્તાર અને પછી વીઘાકોટ તરફ રસ્તો આગળ વધે છે. આ બધે કોઈ ઝાડપાન નથી, પાણી નથી, બસ ખુલ્લી વેરાન જમીન છે. ઇંડિયા બ્રીજથી વીઘાકોટ આશરે ૯૦ કી.મી. દૂર છે. વીઘાકોટથી બોર્ડર આઉટ પોસ્ટ દેખાય છે. અહીં વોચ ટાવર છે, થોડેક છેટે સરહદ અને વાડ છે, ટાવર પરથી વાડ દેખાય છે. પાકિસ્તાને વાડ જેવું ખાસ કંઇ બનાવ્યું નથી. વચ્ચે ૧૦૦ મીટર પહોળી no man’s land છે, એમાં બરાબર વચ્ચે થોડા થોડા અંતરે માર્કર થાંભલાઓ છે. સામી બાજુ પાકિસ્તાનના વોચ ટાવર દેખાય છે. વાડની આ બાજુ ભારતના અને સામી બાજુ પાકિસ્તાનના જવાનો ચોકી કરતા હોય છે. આ જવાનોને આપસમાં કોઈ વેર નથી. તેઓ ઈદ અને દિવાળીએ મીઠાઈની આપલે પણ કરતા હોય છે. સામી બાજુએ કંજરકોટ કિલ્લાના અવશેષો બોર્ડરની નજીક છે. ભૂજથી વીઘાકોટ આશરે ૧૮૦ કી.મી. દૂર છે.

હાજી પીર દરગાહ: કચ્છના બન્ની વિસ્તારને સાવ પશ્ચિમ છેડે આ દરગાહ આવેલી છે. ભૂજથી તે લગભગ ૧૦૦ કી.મી. અને માતાના મઢથી ૫૨ કી.મી. દૂર છે. આ દરગાહ મુસ્લીમ

સંત હાજીપીરને સમર્પિત છે. લોકો તેમને વલી પીર કે ઝીંદા પીર તરીકે પણ ઓળખે છે. હાજીપીર ૧૨મી સદીમાં થઇ ગયા. તેઓ લશ્કરમાં એક સૈનિક હતા, પણ લશ્કરે અનેક નિર્દોષ લોકોને રંજાડયા, તે જોઇને તેઓ લશ્કર છોડીને ફકીર બની ગયા, અને કચ્છના નરા ગામમાં સ્થાયી થયા. તેમણે આ જગાને પોતાની કર્મભૂમિ બનાવી દીધી. અહીં તેમણે તળાવ ખોદીને આ જગાની પાણીની સમસ્યા હલ કરી દીધી. અહીં તેમણે જીવનપર્યંત લોકોની સેવા કરી. જીવદયાનાં કાર્યોમાં તેઓ હંમેશાં અગ્રેસર રહેતા. રણ વિસ્તારના પ્રવાસીઓને તેઓ હંમેશા મદદરૂપ રહેતા. લુટારુઓ પાસેથી ગાયોને છોડાવવા જતાં તેઓ શહીદ થયા. તેમના પરચાની અનેક કથાઓ પ્રચલિત છે. તેમની યાદમાં દર વર્ષે ચૈત્ર મહિનામાં અહીં મેળો ભરાય છે. એમાં દેશદેશાવરથી લોકો આવે છે. કહે છે કે અહીં શ્રદ્ધાથી માનતા માનવામાં આવે તો દરેકની માનતા પૂરી થાય છે. હાજીપીરના દર્શને આવતા લોકો માતાના મઢમાં પણ દર્શને જાય છે. ઘણા લોકો નજીક આવેલી કરોલ દરગાહે પણ જતા હોય છે. હાજી પીર દરગાહ પાકિસ્તાની સરહદથી નજીક છે.



હાજી પીર દરગાહ

કચ્છ ફોસીલ પાર્ક: આ ફોસીલ પાર્ક, ભૂજથી ૪૬ કી.મી. દૂર, ગોધીયાર અને હરીપર ગામોની નજીક આવેલો છે. નખત્રાણાથી તે ૨૧ કી.મી. દૂર છે. મોહનસિંહ સોઢા નામના એક લશ્કરી અફસરે રણ વિસ્તારમાં આ પાર્ક ઉભો કર્યો છે. તેમણે વર્ષો સુધી કચ્છના રણમાં બધે ફરીફરીને દરિયાઈ અશ્મિઓ ભેગાં કર્યાં છે, અને પોતે અહીં પ્રાઈવેટ પાર્ક સ્થાપ્યો છે. આ પાર્ક પબ્લીકને જોવા માટે ખુલ્લો છે. અહીં દરિયાઈ જીવોનાં અસ્થિઓ, હાડપીંજારો અને સંલગ્ન ચીજો જોવા મળે છે. કરોડો વર્ષ પહેલાંનાં જ્યુરાસિક અને ડાયનોસોર જેવાં પ્રાણીઓનાં અશ્મિઓ પણ અહીં છે. તમે અહીં ફોસીલને જાતે અડકીને જોઈ શકો છો. મી. સોઢા જાતે જ બધું ઉત્સાહથી સમજાવે છે. તેમણે દરિયાઈ ગાયની

નવી જાત શોધી છે, તેમના નામ પરથી એનું નામ ડોમીન્ગીયા સોઢા પાડ્યું છે. છેક પાર્ક સુધી પહોંચવાનો રસ્તો બહુ સારો નથી. આ પાર્ક વિષે લોકોને બહુ ખબર પણ નથી.

૩૩. કચ્છ જીલ્લો -૨

કચ્છ જીલ્લાની વાત આગળ વધારીએ.

ધોળાવીરા : આજથી આશરે ૫૬૦૦ વર્ષ પહેલાં લોકો કેવું જીવન જીવતા હતા, તેઓએ શું શું જાણકારી હાંસલ કરી હતી, એની થોડીઘણી વિગતો આજે નજરે જોવા મળી જાય તો કેવો અદભૂત રોમાંચ થાય ! ધોળાવીરા આવું એક નગર છે, જેની પ્રાચીન સિંધુ ખીણ સંસ્કૃતિ ઈ.સ. પૂર્વે ૨૬૪૦માં એટલે કે આશરે ૫૬૬૬ વર્ષ પહેલાં શરુ થઇ હતી, અને આશરે ઈ.સ. પૂર્વે ૧૫૪૦ સુધી ટકી રહી હતી. સમયના વહેણમાં તેમનું નગર દટાઈ ગયું. પણ ખોદકામ કરતાં આ બધું મળી આવ્યું છે. ધોળાવીરા, કચ્છના મોટા સફેદ રણની વચ્ચેના ખદીર બેટ પર આવેલું છે. બેટની બધી બાજુ દરિયો નહિ, પણ દરિયાની સફેદ ખારાશ ધરાવતું રણ છે. ગાંધીધામથી ભચાઉ, સામખીયાળી, ચિત્રોડ, રાપર, બાલાસર અને લોડરાની થઈને ધોળાવીરા જવાય છે. છેક સુધી પાકો રસ્તો છે. લોડરાની પછી સફેદ રણના ભાગ પર પૂલ બાંધેલો છે. ગાંધીધામથી ધોળાવીરાનું અંતર ૧૯૩ કી.મી. છે. ધોળાવીરાથી નજીકનું મોટું શહેર રાપર છે. રાપરથી ધોળાવીરાનું અંતર ૯૦ કી.મી. છે. ધોળાવીરા તથા આજુબાજુનાં ગામોમાં સાવ પાંખી વસ્તી છે. ભચાઉથી રાપર જવા ખરોઈ અને રામવાવનો રસ્તો પણ પસંદ કરી શકાય.



ધોળાવીરા

ધોળાવીરા વિષે ૧૯૬૭-૬૮માં જાણવા મળ્યું, પછી અહીં ૧૯૮૯થી ૨૦૦૪ સુધી ભારતીય પુરાતત્વ ખાતા દ્વારા ખોદકામ ચાલ્યું. એમાં પ્રાચીન સિંધુ ખીણ સંસ્કૃતિ (હડ્ડપન સંસ્કૃતિ)ના અવશેષો મળી આવ્યા. ધોળાવીરા આઠ હડ્ડપન સંસ્કૃતિમાંની એક છે, બીજી જાણીતી સંસ્કૃતિઓ હડપ્પા, મોહેન જોડેરો અને લોથલ છે. ઈજીપ્ત અને મેસોપોટેમીયાની સંસ્કૃતિ પણ એ જ અરસાની છે. ધોળાવીરા નગરનો વિસ્તાર આશરે ૧૨૦ એકર જેટલો છે. તેની

ઉત્તરે માનસર અને દક્ષિણે મનહર નામની નાની નદીઓ છે. જો કે તેમાં ચોમાસા પૂરતું જ થોડું પાણી હોય છે.

ધોળાવીરા સાઈટને કોટડા ટીંબા પણ કહે છે. અહીં ધાતુનાં સીલ, મણકા, પ્રાણીઓનાં હાડકાં, સોનું, ચાંદી, ઘરેણાં, માટી અને કાંસાનાં વાસણો, પત્થરની બેઠકો, ટેબલ વગેરે મળી આવ્યું છે. ધોળાવીરા નગર લંબચોરસ વિસ્તારમાં પથરાયેલું હતું. નગરને કિલ્લો, મધ્ય શહેર અને નીચલું શહેર એમ ત્રણ ભાગ હતા. નગરને સંરક્ષણ વ્યવસ્થા, દરવાજા, મકાનો, રસ્તાઓ, કૂવા અને વિશાળ ખુલ્લા ચોક હતા. બાંધકામ બધું પત્થરનું છે. અહીં પાણીનો સંગ્રહ કરવાની વ્યવસ્થા બહુ જ સરસ હતી. પાણી સંઘરવાના જળાશયો અને નહેરો બાંધેલી હતી. એ જમાનામાં પણ આજના જેવી વ્યવસ્થા કરવાનું જ્ઞાન એ લોકોમાં હતું ! ધોળાવીરાને દક્ષિણ ગુજરાત, સીંધ અને પંજાબ સાથે વેપાર ચાલતો હોવાના પૂરાવા મળ્યા છે. તાંબા, કાંસા, માટી, પત્થર વગેરે પરનાં ઘણાં લખાણો મળી આવ્યાં છે, આ લખાણો પત્થરના સીલ વડે કોતર્યાં કે ઉપસાવ્યાં હોય એવું લાગે છે. જો કે ભાષા હજુ ઉકેલી શકાઈ નથી. એક મોટું સાઇનબોર્ડ મળી આવ્યું છે, એના પર મોટા દસ અક્ષરોનું કોઈ લખાણ છે. આ લખાણ બહુ જાણીતું થયું છે. હજુ ઘણું ખોદકામ કરવાનું બાકી છે.

ખોદકામ સાઈટની નજીક એક મ્યુઝીયમ ઉભું કરાયું છે. એમાં અહીંથી મળી આવેલી ચીજો જેવી કે સીલ, બંગડીઓ, પત્થરનાં રમકડાં દરિયાઈ છીપલાંમાંથી બનાવેલા ગળાના હાર, બટન, હથિયારો વગેરે છે. મ્યુઝીયમ જોવા જેવું છે. સાઈટથી થોડેક દૂર ફોસીલ પાર્ક બનાવ્યો છે. અહીં લોકલ ગાઈડ મળે છે. તે આ બધું સરસ રીતે સમજાવી શકે છે. માહિતીપત્રક પણ મળે છે. સાઈટ આગળ ધોળાવીરા ટુરીઝમ રીસોર્ટ અને તોરણ ટુરિસ્ટ સંકુલ છે. રહેવાજમવાનું સારું છે. આ સંસ્કૃતિ કેટલી આગળ વધેલી હતી, તે ભણવાની ચોપડીઓમાં વાંચ્યું હશે, પણ નજરે જોવાની મજા તો કોઈ ઓર જ છે.

વ્રજવાણી મંદિર: બાલાસર આગળ પૂર્વ તરફ એક રસ્તો પડે છે, તે આનંદપર થઈને વ્રજવાણી જાય છે. બાલાસરથી વ્રજવાણી ૧૬ કી.મી. દૂર છે. અહીં એક સતી મંદિર છે, તે જોવા જેવું છે. અહીંના લોકો માટે આ એક પવિત્ર મંદિર છે. આ મંદિરમાં ગરબે ઘુમતી ૧૫૦ સ્ત્રીઓનાં ફૂલ સાઈઝનાં પૂતળાં મૂકેલાં છે. દરેક પૂતળાની પાછળ અને નીચે એ સતીબાઈનું નામ લખેલું છે. આ અંગેની કથા એવી છે કે સેંકડો વર્ષ પહેલાં અહીં એક વાર જન્માષ્ટમીની રાતે, આહીર સ્ત્રીઓ ઢોલીના ઢોલના નાદે ગરબે ઘુમતી હતી. સવાર પડી ગઈ, પણ તાનમાં મસ્ત એવા ઢોલી કે આહિરાણીઓને સમયનું કોઈ ભાન રહ્યું નહિ. સ્ત્રીઓને, જાણે કે ગોપીઓ કૃષ્ણની રાસલીલામાં જોડાઈ ગઈ હોય એવું લાગતું હતું. તે સ્ત્રીઓના પતિઓ ઘેર રાહ જોઇને અકળાયા, તેઓએ અહીં આવીને તેમની સ્ત્રીઓને ઘેર પાછા ફરવા જણાવ્યું, પણ રાસ અટક્યો નહિ. આથી ગુસ્સે ભરાયેલા એક આહિરે ઢોલીનું ગળું કાપી નાખ્યું. આ જોઇને તે બધી સ્ત્રીઓ ત્યાં સતી થઇ. આ સ્ત્રીઓની યાદમાં અહીં તેમનાં પૂતળાં મૂકી મંદિર

બનાવાયું છે. ઘણા લોકો આ મંદિર જોવા આવે છે. કંપાઉંડમાં દરેક સ્ત્રીના પત્થરના પાળિયા ઉભા કર્યા છે.

મંદિર આગળ એક ઝાડ પર રમકડાંનાં નાનાં ઘોડિયાં જોવા મળે છે. લોકો અહીં ઘોડિયું લટકાવી સંતાન પ્રાપ્તિની માનતા માને છે.





વ્રજવાણી મંદિર

રવેચી માતા મંદિર: રવેચી માતાનું મંદિર રાવ ગામમાં તળાવને કિનારે આવેલું છે. રાપરથી બાલાસરના રસ્તે તે, રાપરથી ૧૩ કી.મી. દૂર છે. કચ્છના વાગડ વિસ્તારના લોકોની તે દેવી છે. માતાની મૂર્તિની સામે નકલંક ઘોડાની મૂર્તિ છે. મંદિરમાં અખંડ જ્યોત જલે છે. બાજુમાં ગૌશાળા છે. અહીં દર્શને આવતા લોકોને દૂધ, દહીં અને રોટી જમાડવામાં આવે છે. પ્રવાસીઓને રહેવાની વ્યવસ્થા છે. દર ભાદરવા સુદ આઠમે અહીં મેળો ભરાય છે. આ દિવસે માતાને સરસ શણગાર આપવામાં આવે છે. મેળામાં હાથે ભરેલાં કપડાં,

ચાટલાવાળાં કપડાં, ભરતકામ, લેસ વગેરે વેચાય છે. આહિર, રબારી અને ચારણો સહીત ઘણા લોકો મેળામાં આવે છે. બીજું રવેચી ધામ, લોડરાની પાસે છે. રાપરથી તે ૪૦ કી.મી. દૂર છે.

કંથકોટનો કિલ્લો: ભચાઉથી રામવાવ થઈને રાપર જતાં વચ્ચે કંથકોટ ગામ આવે છે. ભચાઉથી તે ૩૩ કી.મી. દૂર છે. અહીં ટેકરી પર કિલ્લો છે. સીંધમાંથી આવેલ સૂર્યભક્ત કાઠીઓએ ૮મી સદીમાં કંથકોટ કબજે કર્યું, અને આ કિલ્લો બાંધ્યો. અત્યારે અહીં કિલ્લા ફરતેની દિવાલ જોવા મળે છે. કિલ્લામાં ૩ મંદિરોના અવશેષો છે, સૂર્ય મંદિર, કંથડનાથ અને મહાવીર જૈન મંદિર. સૂર્ય મંદિર ૧૦મી સદીની આસપાસ બંધાયું. એમાં સૂર્ય ભગવાનની મૂર્તિ તથા આજુબાજુ બીજા અવશેષો છે. મંદિરમાં પ્રવેશચોકી, ગર્ભગૃહ, સભામંડપ અને પ્રદક્ષિણામાર્ગ છે. અહીંની પ્રતિમા તથા કંડારેલાં શિલ્પો આ સૂર્યમંદિર હોવાનું સૂચવે છે. કંઠડનાથનું મંદિર ઉંચા પ્લેટફોર્મ પર છે. અંદર કંઠડનાથની આરસની પ્રતિમા છે. જૈન મંદિર ભદ્રેશ્વરના જગડુશાના સગાઓએ બાંધ્યું હોવાનું કહેવાય છે. કિલ્લામાં બે ઉંડા કૂવા અને એક વાવ છે.



કંથકોટનો કિલ્લો

રોહા કિલ્લો: ભૂજથી કોઠારા જવાના રસ્તે, ૫૪ કી.મી. પછી, રોહા ગામ આવે છે, અહીં ટેકરી પર રોહા કિલ્લો છે. કચ્છના રાવ ખેંગારજીના ભાઈ સાહેબજીએ રોહા ગામ સ્થાપ્યું હતું. તેમના વારસદાર ઠાકોર નોગાનજીએ રોહા કિલ્લો બાંધ્યો હતો. અહીં ૧૨૦ સુમરા રાજપૂત કુંવરીઓએ પોતાની જિંદગીનો ભોગ આપીને સમાધિ લીધી હતી, આથી આ જગા સુમરી રોહા તરીકે જાણીતી થઇ છે. સમાધિઓ કિલ્લામાં છે. રોહા ગામથી પગથિયાં ચડીને કિલ્લામાં જવાય છે. કિલ્લો પત્થરનો બનેલો છે, કોતરણી બહુ સુંદર છે. કિલ્લાના ઝરૂખા ઘણા સરસ છે. કિલ્લા પાસે કૃષ્ણ ભગવાનનું મંદિર છે. બે નાનાં તળાવો છે, ક્યાંક નીલગાય જોવા મળી જાય છે, થોડાક તૂટેલા અવશેષો પણ છે. કિલ્લા પરથી આજુબાજુનો વ્યૂ સરસ લાગે છે. કવિ કલાપીએ અહીંનું શાંત અને સુંદર વાતાવરણ તથા ટહુકતા મોર અને બીજાં પંખીઓ જોઇને અહીં સુમધુર કવિતાઓ રચી હતી. રોહા કિલ્લા

આગળ મોર તો અત્યારે પણ જોવા મળે છે. અહીં ફિલ્મ ‘લગાન’ના થોડાં અંશોનું શુટીંગ થયું હતું. રોહા અત્યારે કચ્છનું અગત્યનું ટુરિસ્ટ આકર્ષણ બની ગયું છે.



રોહા કિલ્લો

કોઠારા જૈન તીર્થ: આ જૈન તીર્થ ભૂજથી પશ્ચિમમાં ૮૦ કી.મી. દૂર નાયરો નદીને કિનારે આવેલું છે. અહીં સોળમા જૈન તીર્થંકર શ્રીશાંતિનાથ પ્રભુ પદ્માસન મુદ્રામાં બિરાજે છે. મૂર્તિની સ્થાપના આચાર્ય શ્રીરત્નસાગરસુરીજીએ ૧૯૧૮માં કરી હતી. મંદિર પરનું કોતરકામ અને સ્થાપત્ય અદભૂત છે. ચોક, કમાનોવાળો ગેટ અને થાંભલાઓ બહુ જ શોભે છે.

પીંગલેશ્વર બીચ: કોઠારાથી સત્તર કી.મી. દૂર દરિયા આગળ પીંગલેશ્વર ગામ છે. અહીં દરિયા કિનારે સોનેરી રેતીવાળો સુંદર બીચ છે, આ એક સરસ ટુરિસ્ટ કેન્દ્ર છે, જો કે લોકો ઓછા આવે છે. અહીં દરિયાનાં ઉછળતાં મોજાંમાં નહાવાની મજા આવે છે. અહીં પક્ષીઓ પણ ઘણાં આવે છે. નજીકમાં પીંગલેશ્વર મહાદેવ મંદિર છે. મંદિર બહુ જ સરસ છે. દરિયા કિનારાના વિસ્તારમાં ઘણી પવનચક્કીઓ ઉભી કરી છે, જે દરિયા પરથી નિરંતર આવતા પવનમાંથી વીજળી પેદા કરી આપે છે. એકાદ પવનચક્કીની પાસે જઇ તેના થાંભલાને અઢેલીને ઉભા રહો, ઉપર નજર કરી, ઘુમતી બ્લેડનું દ્રશ્ય જુઓ, અને સાવ નજીકથી પસાર થતા પાંખિયા વડે કપાતી હવાનો અવાજ સાંભળો, મજા આવી જશે.



કોઠારા જૈન તીર્થ



પીંગલેશ્વર મંદિર

વિજયવિલાસ પેલેસ, માંડવી: માંડવીનો આ મહેલ, કચ્છના મહારાજા શ્રીખેંગારજીએ તેમના પુત્ર અને યુવરાજ શ્રીવિજયરાજજી માટે બંધાવેલો, અને પુત્રના નામ પરથી જ મહેલનું નામ વિજયવિલાસ રાખ્યું હતું. મહેલ ૧૯૨૯માં બનીને તૈયાર થયો. મહેલ લાલ પત્થરનો બનેલો છે. બહારથી જોતાં મહેલ ખૂબ જ ભવ્ય લાગે છે. જાણે કે પથ્થરોમાંથી કંડારેલું ત્રણ માળનું મોટું ગચ્ચું જ જોઇ લો ! મહેલની પોર્ચ, રંગીન કાચવાળી બારીઓ, પત્થરમાં કોતરણીવાળી જાળીઓ, ધાબા પર ચારે બાજુ ઘુમ્મટવાળી છત્રીઓ, વચ્ચેનો ઘુમ્મટ – મહેલની શોભામાં વધારો કરે છે.



વિજયવિલાસ પેલેસ, માંડવી

મહેલની આગળ આરસના ફુવારા છે. મેદાનમાં મહારાજા ઓફ કચ્છ, મહારાજ ધીરજ મીરઝાનું સ્ટેચ્યુ મૂકેલું છે. આગળના ખુલ્લા મોટા વિસ્તારમાં ખૂબ જ ઝાડપાન ઉગાડેલાં છે. મહેલને ભોંયતળિયે બેઠકરૂમ, બેડરૂમ, લોબીઓ, વરંડા વગેરે છે. બેઠકરૂમમાંનું ફર્નીચર ઉચ્ચ કક્ષાનું છે. લોબીઓમાં રાજાઓ અને તેમના વંશજોના ફોટા મૂકેલા છે. રાજાઓએ કરેલ શીકાર, યુધ્ધ વગેરેના પણ નમૂના મૂકેલા છે. ભોંયતળિયે પાથરેલી જાજમ, ઝુમ્મરો, દીવાઓ, સોફા, બેડ બધું જ ભવ્ય લાગે છે.

પહેલે માળે રાજાનું રહેઠાણ છે. પણ એ રૂમો પબ્લીક માટે ખુલ્લા નથી. સીડી દ્વારા બીજા માળે ચડીએ પછી ધાબુ આવે છે. ધાબા પરથી આજુબાજુનાં દ્રશ્યો બહુ જ સરસ દેખાય છે. જંગલ, ઝાડપાન, દૂર દેખાતાં બીજાં મકાનો, એક બાજુ દૂર દેખાતો દરિયો, દરિયાકાંઠે ઉભી કરેલી પવનચક્કીઓ - આ બધું મનને હરી લે છે. માહોલ ઘણો જ સરસ છે. નાનાં છોકરાંને દોડાદોડી અને ધમાલ કરવાનું અહીં સારું ફાવે એવું છે. મોટાંઓને પણ અહીં દરિયા પરથી આવતી ઠંડા પવનની લહેરોમાં બે ઘડી આડા પડ્યા રહેવાનું કે પેલી છત્રીઓની વચ્ચેની જગામાં બેસવાનું મન થઇ જાય એવું છે. ફોટા પાડવા માટે આ બહુ જ સરસ જગા છે. ફિલ્મ 'દિલ દે ચૂકે હૈ સનમ'ના કેટલાક અંશોનું શૂટીંગ અહીં થયેલું. મહેલ પરથી દરિયા તરફ એક મુસ્લિમ ધાર્મિક સ્થળ દેખાય છે. માંડવી ગામથી મહેલ ચારેક કી.મી. દૂર છે. માંડવી, ભૂજથી ૪૯ કી.મી. દૂર છે.

માંડવી બીચ: માંડવીના દરિયાકિનારે બીચ ઘણો જ સરસ છે. પોચી, મુલાયમ રેતી અને પાણી પણ ઉંડુ નહિ, દરિયામાં ડર વગર ઉતરીને નાહી શકાય એવી સરસ આ જગા છે. મોજાં તો એવાં જબ્બર આવે કે પાણીમાં ઉભા હો તો મોજાંના ધક્કાથી ગબડી પડાય.

પણ મોજાંનો માર ખાવાની અને ગબડવાની પણ મઝા આવે. પાણીમાંથી બહાર નીકળવાનું જ મન ના થાય.



માંડવી બીચ

બહુ જ લોકો અહીં ફરવા માટે આવે છે. લોકો કિનારે ઉંટસવારી, ખાણીપીણી, ચગડોળ વગેરેની મજા માણે છે. અહીંથી દૂર દૂર વિજયવિલાસ મહેલ દેખાય છે.

દરિયા કિનારે લાઈનબંધ પવનચક્કીઓ લગાડેલી છે. દરિયાના પવનની લહેરોમાં આ ચક્કીઓ ફર્યા કરે છે. તેનાથી ઉત્પન્ન થતી વીજળી પાવરગ્રીડમાં પહોંચે છે. પવનથી આ વીજળી પેદા થતી હોવાથી, તે લગભગ મફતમાં મળે છે. ગુજરાત અને દેશને એટલો ફાયદો થાય છે. દરિયામાં ઉભા રહીને, ઘૂમતી પવનચક્કીઓનું દ્રશ્ય મનોહર લાગે છે. માંડવીમાં દરિયાકિનારે મોટું બંદર પણ છે. અહીંનું શીપ બીલ્ડીંગ યાર્ડ જાણીતું છે.

ક્રાંતિ તીર્થ, શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક: શ્યામજી કૃષ્ણ વર્મા ભારતની સ્વતંત્રતાના લડવૈયા હતા. તેઓ માંડવીમાં જન્મ્યા હતા. તેઓ તથા તેમનાં પત્ની ભારતની સ્વતંત્રતાની લડત લંડનમાં રહીને લડતા હતા. તેઓ લંડનમાં જે મકાનમાં રહેતા હતા, તેનું નામ ઇંડિયા હાઉસ રાખ્યું હતું. તેમની યાદમાં અહીં માંડવીમાં તેમનું સ્મારક બનાવ્યું છે. આ સ્મારકનું નામ ક્રાંતિ તીર્થ છે. ૨૦૧૦માં બનેલા આ સ્મારકનું મકાન બિલકુલ તેમના લંડનના ઇંડિયા હાઉસની નકલ જેવું છે. તેમની ઈચ્છા હતી કે તેમના મૃત્યુ પછી, તેમની રાખ સ્વતંત્ર ભારતમાં રાખવામાં આવે. તેમના અને તેમની પત્નીના દેહની રાખનો કુંભ, માંડવી લાવીને અહીં આ સ્મારકમાં રાખેલો છે. સ્મારક આગળ શ્યામજી અને તેમની પત્નીનાં સ્ટેચ્યુ છે. સ્મારકમાં અંદર શ્યામજીના ફોટા છે. બીજા સ્વાતંત્ર્ય વીરોના ફોટા પણ છે. અહીં ઓડીટોરીયમ છે, એમાં શ્યામજીએ કરેલાં કાર્યોનો વિડીયો બતાવે છે. અહીં હેન્ડીક્રાફ્ટ

ચીજોનું વેચાણકેન્દ્ર છે. સોવેનીયર મળે છે. રેસ્ટોરન્ટ પણ છે. સ્મારકની આજુબાજુ વિશાળ જગા છે, સુંદર બગીચો પણ બનાવ્યો છે. એક વાર જોવા જેવું સ્થળ છે.

અંબેધામ, ગોધરા, કચ્છ: કચ્છના ગોધરા ગામમાં પ્રખ્યાત અંબેધામ આવેલું છે. (પંચમહાલ જીલ્લામાં આવેલું ગોધરા એ અલગ છે.) ભૂજથી માંડવી જવાના રસ્તે, માંડવી આવતા પહેલાં કોડાય ચાર રસ્તાથી ગોધરા ગામ જવાનો રસ્તો પડે છે. અહીંથી ગોધરા ૧૬ કી.મી. દૂર છે. અહીં આરસનું બનાવેલું અંબામાતાનું ભવ્ય મંદિર છે. મંદિરનો ગેટ, ઓટલો, છત, થાંભલા - બધું જ આરસનું છે. મંદિરના ઓટલા પર વાઘની બે પિત્તળની મૂર્તિઓ ગોઠવેલી છે. તે તરત જ ધ્યાન ખેંચે છે. મંદિર જાણે હમણાં જ બન્યું હોય એટલું નવું લાગે છે. માતાજીનાં દર્શન કરી મન આનંદ પામે છે. અહીં પ્રવાસીઓ કરતાં ભક્તો વધુ આવતા હોય એવું લાગે છે. ભૂજથી કોડાય ચાર રસ્તા ૪૦ કી.મી. અને કોડાય ચાર રસ્તાથી માંડવી ૧૦ કી.મી. દૂર છે.

અંબેધામ મંદિરનું સંકુલ ઘણું વિશાળ છે. સંકુલમાં બીજાં ઘણાં મંદિરો છે. મુખ્ય મંદિરની પાછળ ભારતમાતાની ભવ્ય મોટી મૂર્તિ છે. મૂર્તિને વંદન કરવાનું મન થઇ જાય છે. મનમાં દેશદાઝ પ્રગટી આવે છે. બાજુમાં જ એક પ્રદર્શન રૂમ છે. તે જોવા જેવું છે. બીજા એક નાના કુંડમાં પાણી ભરેલું છે અને તેમાં મૂકેલો પથ્થર પાણી પર તરે છે. પાણી પર તરી શકે એવા પથ્થરનો આ નમૂનો છે. રામાયણની કથા મૂજબ, રામ ભગવાને આવા પથ્થર વાપરીને લંકા જવા માટેનો પૂલ, સમુદ્ર પર બનાવ્યો હતો.

એની બાજુમાં પ્રેરણાધામ છે. અહીં મહાવીર સ્વામીની મૂર્તિ અને વિવિધ પ્રસંગોને અનુરૂપ જંગલ તથા પ્રાણીઓ વિગેરેની પ્રતિકૃતિ અને મૂર્તિઓ છે. બે ઘડી ઉભા રહીને આ બધું જોવાનું ગમે એવું છે. તેની બાજુમાં એક વધુ પ્રદર્શન કક્ષ છે. અહીં આપણા ધાર્મિક ગ્રંથોમાં આવતા પ્રસંગોને પૂતળાં રૂપે રજૂ કર્યા છે. એ જોઈને આપણને આ પ્રસંગોની યાદ મનમાં તાજી થઇ જાય છે. જેમ કે એક પગે ઉભા રહીને તપ કરતા ધ્રુવ, હિરણ્યકશ્યપનો વધ કરતા નરસિંહ ભગવાન વગેરે.





અંબેધામ, ગોધરા, કચ્છ

એની બાજુમાં પથ્થર અને માટીનો ઉપયોગ કરીને મોટો કૈલાસ પર્વત બનાવ્યો છે. એની ટોચ પર શંકર ભગવાન બિરાજે છે. પર્વત બહુ જ સરસ અને જોવા જેવો છે. દૂરથી જ તે પ્રેક્ષકોનું ધ્યાન ખેંચે છે. પર્વતની અંદર ગુફામાં દાખલ થઇ, વાંકાચૂકા ચઢાણવાળા માર્ગે ફરી, છેક ટોચ પર બહાર નીકળાય છે. ગુફાના માર્ગમાં પણ ઘણા દેવદેવીઓની મૂર્તિઓ છે. ગુફાની રચના ખૂબ જ આકર્ષક અને અદભૂત છે. ટોચ પર શંકર ભગવાનની મૂર્તિનાં સાવ નજીકથી દર્શન થાય છે. ટોચ પરથી પગથિયાં ઉતરીને નીચે આવી જવાય છે.

આ બધાં મંદિરો આગળ બગીચા અને રસ્તાઓ પણ છે. તેમાં થઈને અન્નક્ષેત્રમાં જવાય છે. અન્નક્ષેત્રમાં અહીં આવતા પ્રવાસીઓને માટે જમવાની વ્યવસ્થા છે. જમવાનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી, જે ઈચ્છા હોય એટલી ભેટ નોંધાવી દેવાની. જમવાનું ખૂબ જ સારું અને વ્યવસ્થા પણ ઘણી સારી છે. રસોડામાં અને જમવાના હોલની ચોખ્ખાઈ ઉડીને આંખે વળગે એવી છે. આમ જુઓ તો આખો અંબેધામ વિસ્તાર ખૂબ જ ચોખ્ખો છે.

જમીને બગીચામાં કે મંદિરમાં કે ઓફિસ વિસ્તારમાં બેસવાનું કે થોડો આરામ ફરમાવવાનું ગમે એવું છે. આખું સ્થળ એવું સરસ છે કે અહીં બેસીને બધું જોયા કરવાનું મન થાય. અંબેધામમાં ત્રણેક કલાક તો સહેજે પસાર થઇ જાય. ખરેખર આ એક જોવાલાયક જગા છે.

શીવ મંદિર, કોડાય ચાર રસ્તા: કોડાય ચાર રસ્તા આગળ, એક સરસ શીવમંદિરછે. મંદિર કમળ આકારનું છે. મંદિરનો દેખાવ બહુ સુંદર છે. બાજુમાં એક મોટું સ્વામીનારાયણ મંદિર છે. મંદિર ઘણું વિશાળ છે.



૭૨ જીનાલય

૭૨ જીનાલય: કોડાય ચાર રસ્તાની નજીક, તલવાના ગામ પાસે, ૭૨-જીનાલય નામનું જૈનોનું એક પવિત્ર સ્થળ છે. જૈનોનું આ ધામ ઘણું જ મોટું છે અને ખૂબ પ્રખ્યાત છે. તેમાં એક મુખ્ય મંદિર તથા ચારે બાજુ બીજાં ૭૨ મંદિર આવેલાં છે. આ મંદિરોમાં મહાવીર સ્વામી તથા જૈન તીર્થંકરોની મૂર્તિઓ છે. બધાં જ મંદિરો આરસનાં છે. બહારથી બધાં મંદિરોનાં શીખરો દેખાય છે. આટલાં બધાં મંદિરો એક જ સ્થળે સળંગ બનાવવામાં કેટલો બધો સમય લાગ્યો હશે, કેટલા કારીગરો, કેટલો આરસપહાણ, કેટલા પથ્થરો, કેટલો સિમેન્ટ અને કેટલું બધું ધન વપરાયું હશે, એની કલ્પના કરી જુઓ ! મંદિરોની ડીઝાઈન કરનારા નિષ્ણાતો, બાંધકામ કરનારા અને વ્યવસ્થા તથા સંચાલન કરનારાઓની સૂઝસમજને દાદ દેવી ઘટે. જૈન સમાજે આવાં મંદિરો ઘણી જગાએ બાંધ્યાં છે.

આ મંદિરે ઘણી વિશાળ જગા રોકી છે. ૭૨ જિનાલય ઉપરાંત, બહારના ભાગમાં મોટું પ્રાંગણ, પાર્કીંગ, રહેવા માટેની સુવિધા, બાગબગીચા, ભાતાઘર - આ બધું મળીને આખું સંકુલ બહુ મોટું છે. ભાતાઘરમાં બધા દર્શનાર્થીઓને ચા અને નાસ્તો ફ્રી મળે છે. મંદિરની

ઓફિસેથી કુપન લઇ, ભાતાઘરમાં પહોંચી જવાનું. તેનો સમય **સવારે** ૯ થી ૧૧ અને બપોરે ૨-૩૦ થી ૪ છે.

વસઈ જૈન મંદિર, ભદ્રેશ્વર: અહીં જૈનોનું પ્રખ્યાત મંદિર આવેલું છે. મંદિર સફેદ આરસનું બનેલું છે. વચ્ચેનું મુખ્ય મંદિર બહુ જ સરસ છે, તેની ફરતે બીજાં ૪૨ મંદિરો છે. અહીં રહેવાજમવાની સારી વ્યવસ્થા છે. ભૂતકાળમાં જગડુશા શેઠે આ મંદિરનું રીનોવેશન કરાવેલ છે. ભદ્રેશ્વર તીર્થ, મુન્દ્રાથી ૨૩ કી.મી. અને ભૂજથી ૪૯ કી.મી. દૂર દરિયા કિનારે આવેલું છે.

ભદ્રેશ્વરમાં બારમી સદીમાં બનેલી દુદા નામની એક મસ્જીદ છે. કહે છે કે ભારતમાં બનેલી આ પહેલી મસ્જીદ છે.



જૈન મંદિર, ભદ્રેશ્વર

સ્વામીનારાયણ મંદિર અને ખેતરપાળદાદાનું મંદિર, બળદિયા: ભૂજથી આશરે ૧૮ કી.મી. દૂર આવેલા બળદિયા ગામમાં પ્રખ્યાત સ્વામીનારાયણ મંદિર આવેલું છે. ઘણા ભક્તો અહીં દર્શને આવે છે. ગામમાં ખેતરપાળદાદાનું શીવમંદિર પણ છે. શીવજીનાં દર્શન કરી મન પ્રસન્ન થઇ જાય છે. અહીં શીવ પાર્વતી, હનુમાન, ગણેશજી તથા અન્ય સ્ટેચ્યુ મૂકેલાં છે, એ જોવાનું ગમે એવું છે.



ખેતરપાળ દાદાનું મંદિર, બળદિયા

શીવ મંદિર, કેરા: કેરા ગામ, ભૂજથી મુન્દ્રા જવાના રસ્તે ૨૧ કી.મી. દૂર આવેલું છે. (બળદિયા પછી). અહીં કિલ્લો અને શીવ મંદિરના અવશેષો, મુસ્લિમ સંત ગુલામ અલીની દરગાહ અને સ્વામીનારાયણ મંદિર જોવા જેવાં છે. ૧૦મી સદીના બળવાન શાસક લાખો ફુલાણીની રાજધાની કેરામાં હતી. કિલ્લો અને શીવ મંદિર એણે બંધાવ્યાં હોવાનું કહેવાય છે. કેરા તે વખતે કપિલકોટ તરીકે ઓળખાતું હતું. લાલ અને પીળા પત્થરના બનેલા આ મંદિરનો ઘણો ભાગ ૧૮૧૯ના ધરતીકંપ વખતે તૂટી ગયો હતો. બાકી બચેલા મંદિરમાં, અંદર ગર્ભગૃહ અને સભામંડપ છે. દિવાલો પરની કોતરણી સરસ છે. મંદિરનાં શિલ્પો અને કોતરણીની, તે વખતે બંધાયેલા ખાજુરાહો મંદિર જોડે તુલના કરાય છે. ગુજરાતના પુરાતત્વ ખાતા દ્વારા આ મંદિર રક્ષિત છે. કિલ્લાના અવશેષો શીવ મંદિરની નજીક જ છે.

ટપકેશ્વરી માતા મંદિર: ભૂજ અને આજુબાજુના વિસ્તારમાં આ મંદિર બહુ જાણીતું છે. ભૂજથી તે આશરે આઠેક કી.મી. દૂર છે. ભૂજથી આ મંદિરે જતો રસ્તો મંદિર આગળ સમાપ્ત થઇ જાય છે. મંદિરની બાકીની ત્રણે બાજુએ ડુંગર છે, મંદિરની જોડે કુંડ છે. ડુંગરમાંથી ટીપે ટીપે ઝમતું પાણી આ કુંડમાં એકઠું થાય છે, એટલે આ મંદિરને ટપકેશ્વરી માતાનું મંદિર કહે છે. મંદિરના પ્રાંગણમાં વિશાળ ખુલ્લી જગા છે. અહીં કૂવો અને ચબૂતરો છે. મંદિરની બે ય બાજુ જૂનાં બાંધકામો છે, એમાં એક શીવ મંદિર પણ છે. બીજી રહેવા માટેની રૂમો હોય એવું લાગે છે, પણ બધું હાલ બિસ્માર હાલતમાં છે. મંદિરમાં માતાજીના તહેવારો ઉજવાતા હોય છે. મંદિરના વિસ્તારમાં ઝાડપાન ખૂબ જ છે. ચોમાસામાં બધે જ ગ્રીનરી છવાઈ જતી હોય છે.



શીવ મંદિર, કેરા

બાજુના ડુંગરો પર કુદરતી રીતે બનેલી ગુફાઓ છે. નીચેથી પણ આ ગુફાઓના અગ્ર ભાગ નજરે પડે છે. ઘણા લોકો ઢાળ ચડીને ગુફાઓ જોવા જતા હોય છે. આ ગુફાઓ એ અહીંનું અગત્યનું આકર્ષણ છે. અહીં આવવા માટે ભુજથી પોતાનું સ્કુટર, બાઈક કે ગાડી લઈને આવવાનું વધુ અનુકુળ રહે.

ટપકેશ્વરી મંદિરની નજીકમાં ધુના રાજા ડેમ છે. ડેમની પાછળ વિશાળ સરોવર ભરાયેલું છે. દ્રશ્ય બહુ જ સુંદર લાગે છે. ડેમમાંથી ઓવરફ્લો થયેલું પાણી ભૂજના હમીરસર સરોવરમાં પહોંચે છે.

જડેશ્વર મહાદેવ, સુરલભીટ: શંકર ભગવાનનું આ મંદિર ભૂજથી આશરે સાતેક કી.મી. દૂર ઉંચી ટેકરી પર આવેલું છે. ભૂજથી ભુજીયા ડુંગર જવાના રસ્તે આગળ જતાં સુરલભીટ પહોંચાય છે. અહીં ઉપર ચડવા માટે પગથિયાં છે. મંદિરનું સ્થાન બહુ જ સરસ છે. ઉપરથી આજુબાજુનો વ્યૂ બહુ સુંદર લાગે છે. તળેટીમાં શંકર ભગવાનનું મોટું પૂતળું છે. અહીં શીવરાત્રિએ મેળો ભરાય છે. પીકનીક મનાવવા માટે આ ઉત્તમ જગા છે.



જડેશ્વર મહાદેવ, સુરલભીટ્ટ



હીરાલક્ષ્મી પાર્ક, ભુજોડી

હીરાલક્ષ્મી પાર્ક, ભુજોડી: ભૂજથી અંજાર તરફના રસ્તે, દસેક કી.મી. દૂર, ભુજોડી ગામમાં હીરાલક્ષ્મી ક્રાફ્ટ પાર્ક આવેલો છે. ક્રાફ્ટ એટલે કળાઓ. કચ્છનાં ગામડાંઓમાં રહેતા કારીગરો જાતજાતની કળાઓના જાણકાર છે, એ કળાઓનું આ પાર્કમાં પ્રદર્શન કરેલું છે. આ કળાઓમાં કાપડ પર બીબાંથી છપાઈ, ભરતકામ, ઉનની શાલ અને જાજમ, મશરૂ, ધાતુનાં ઘરેણાં, માટીના વાસણો પર ચિત્રકામ, ચામડાની ચીજો, લાકડા પર કોતરકામ, તાંબાની ઘંટડી, ચપ્પાં, સૂડી વગેરેનો સમાવેશ થાય છે. અહીં નાની નાની ઘણી રૂમો બનાવી છે, અને દરેક કારીગરને એક એક રૂમ ફાળવવામાં આવી છે. પ્રવાસીઓ આ રૂમોમાં ફરી આ બધી ચીજો જોઈ શકે છે, અને ખરીદી શકે છે. પૈસાના અભાવે લુપ્ત થઇ રહેલી કચ્છી કારીગરીને ટકાવી રાખવા અને આ કારીગરી દુનિયા સમક્ષ મૂકવા આ પાર્ક ઉભો કર્યો છે. રૂમોની આજુબાજુ બગીચો બનાવ્યો છે, ચાલવા માટે સુંદર રસ્તા બનાવ્યા છે, જાણે કે કોઈ આદર્શ ગામડે પહોંચી ગયા હોઈએ, એવું લાગે. સુંદર સ્વાગત કક્ષ,

નાનુંસરખું એક તળાવ, તળાવ પર પૂલ, તળાવમાં બતકો, કાથીનો ખાટલો, ચબૂતરો, સસલાં, એક નાનું મંદિર, ખાણીપીણીની બેત્રણ દુકાનો – અહીં ફરવાની કેટલી બધી મજા આવે ! અહીં સ્વામી વિવેકાનંદનું સ્ટેચ્યુ અને ભારતની લોકસભાનું મોડેલ મકાન બનાવ્યું છે. ઘણા પ્રવાસીઓ અહીં આવે છે, અને આ બધું જોઇને છક થઇ જાય છે. લોકોએ અહીંની ચીજો ખરીદીને આ કારીગરોને પ્રોત્સાહન આપવું જોઈએ.



સૂરજબારી પૂલ

સૂરજબારી પૂલ: મોરબીથી માળિયા થઈને કચ્છમાં પ્રવેશતાં માળિયા પછી દરિયાઈ ખાડી આવે છે, તેના પર પૂલ બાંધેલો છે, આ પૂલ સૂરજબારી પૂલ કહેવાય છે. સૌરાષ્ટ્રમાંથી કચ્છમાં આ પૂલ પર થઈને જ દાખલ થવાય છે. એ દ્રષ્ટિએ આ પૂલ ખૂબ અગત્યનો છે. ખાડીની પોચી જમીનમાં આ પૂલ ખાસ ટેકનીકથી બાંધેલો છે. પૂલ પરથી પસાર થતી વખતે બંને બાજુ ખાડીનું દ્રશ્ય જોવા મળે છે. વળી, આ વિસ્તારમાં ઘણી પવનચક્કીઓ ઉભી કરાઈ છે. એ જોવામાં પણ આનંદ આવે છે. સાવ નજીકની કોઈ પવનચક્કીનાં ઘુમતાં પાંખિયાં જોઇને મન રોમાંચિત થઇ ઉઠે છે. દરિયાનું પાણી અહીં આવી જતું હોવાથી અહીં ઠેર ઠેર મીઠાના અગરો પણ જોવા મળે છે.



સૂરજબારી આગળ પવનચક્કીઓ

જેસલ તોરલની સમાધિ, અંજાર: આ સમાધિની જોડે જેસલ અને તોરલ નામનાં બે પાત્રોની પ્રેમકહાની જોડાયેલી છે. જેસલ એક ડાકુ હતો, તોરલે તેને સન્માર્ગે વાળ્યો હતો. તેઓના જીવન દરમ્યાન સમાજે તેમને પતિ-પત્ની તરીકે સ્વીકાર્યા નહોતા, એટલે મૃત્યુ પછી, તેઓની સમાધિઓ દર વર્ષે થોડી થોડી એકબીજાની નજીક આવી રહી છે, એવું લોકો કહે છે. જેસલ-તોરલને લાગતું એક ગુજરાતી ગીત, ‘પાપ તારું પરકાશ જાડેજા ધરમ તારો સંભાળ રે.......’ બહુ જાણીતું છે.



જેસલ-તોરલની સમાધિ

જોગણીનાર મંદિર, વીરા: અંજાર પાસે આવેલા વીરા ગામે જોગણી માતાનું મંદિર છે. તે જોગણીનાર તરીકે ઓળખાય છે. અહીં એક પાણીનો કુંડ છે. એમાં અખંડ જલધારા વહે છે. આ મંદિર આગળ એક ખાસ પ્રકારનું ઝાડ છે, તે જોઇને નવાઈ લાગે એવું છે.





જોગણીનાર મંદિર



લેખક વિષે બે બોલ

ડો. પ્રવીણ શાહ મહેલોલ, જી. પંચમહાલના વતની છે. તેઓએ ઈજનેરી ક્ષેત્રમાં ડોક્ટરેટની પદવી મેળવી છે, અને શિક્ષણને પોતાની કારકિર્દી બનાવી છે. તેઓએ પ્રોફેસર અને પ્રિન્સીપાલની ફરજો નિભાવી, વર્ષો સુધી શિક્ષણકાર્ય કર્યું છે. વિદ્યાર્થીઓના તેઓ પ્રિય શિક્ષક છે. અભ્યાસ ઉપરાંત, વિદ્યાર્થીઓની અંગત, ઘરેલું અને સામાજિક મૂંઝવણોમાં તેમણે તેઓને માર્ગદર્શન આપ્યું છે. તેઓ પ્રવાસ, ફોટોગ્રાફી અને લખવાનો શોખ ધરાવે છે. જોવાલાયક સ્થળોએ જાતે ફરીને તેની માહિતી લખવાનું તેમને ગમે છે. તેઓ, વિજ્ઞાન દર્શન, નવનીત સમર્પણ, અખંડ આનંદ અને મમતા જેવાં સામયિક તથા દૈનિક છાપાંઓમાં પ્રવાસ, વિજ્ઞાન અને વાર્તાઓ લખતા રહ્યા છે. વિજ્ઞાનને તેમણે લોકભોગ્ય બનાવ્યું છે. તેમનાં પ્રવાસવર્ણન વાંચનારને, પોતે જોડે જોડે ફરતો હોય એવું વાસ્તવિક લાગે. તેઓ નવાં નવાં સ્થળોની માહિતી શોધીને ફરતા રહે છે, અને લોકોને તેના વિષે જણાવતા રહે છે. ઘણા લોકો તેમની પાસેથી માહિતી મેળવીને ઘણું ફર્યા છે, અને તેમના ચાહક બની ગયા છે. તેમના સૌજન્યપૂર્વકના વ્યવહારથી અને વાંચકના હૃદયમાં સમાઈ જવાની ભાવનાથી, તેઓ લોકલાડીલા લેખક બન્યા છે. તમે તેમને મળો તો તેઓ તમને જરૂરી બધી જ માહિતી આપે અને તેઓ તમારા અંગત સ્નેહી બની જાય એવા માનવીય ગુણો તેઓ ધરાવે છે.